લોહાણા પ્રજાનો ઇતિહાસ

અને

અવલોકન

(અવિદિત ઘટનાઓની સમાલોચના સાથે)

લેખકઃ

નારાયણજી ગોકળદાસ ડોસાણી

૧૨૩, ગુલાલવાડીઃ મુંબઇ ૪.

પ્રકાશકઃ

દેવજીભાઇ ત્રિકમદાસ ઠક્કર

બી. એ. એલ.એલ.-બી.

હાઇકોર્ટ પ્લીડરઃ મુંબઇ ૨

સોલ એજન્ટસઃ

સેવાસમિતિ પુસ્તકાલય

૧૨૩, ગુલાલવાડીઃ મુંબઇ ૪.

કિમ્મત રૂપિયો દોઢ

લોહાણા પ્રજાનો ઇતિહાસ

અને

અવલોકન

(અપરિચિત ઘટનાઓની સમાલોચના સાથે)

લેખક:

નારાયણજી ગોકળદાસ ડોસાણી

૧૨૩, ગુલાલવાડી: મુંબઇ ૪.

પ્રકાશક:

દેવજીભાઇ ત્રિકમદાસ ઠક્કર

બી. એ. એલ.એલ.-બી.

હાઇકોર્ટ પ્લીડર: મુંબઇ ૨.

સોલ એજન્ટસ:

સેવાસમિતિ પુસ્તકાલય

૧૨૩, ગુલાલવાડી: મુંબઇ ૪.

કિમ્મત રૂપિયો દોઢ.

લોહાણાપ્રજાનો ઈતિહાસ

અને

અવલોકન

(અઘટિત ઘટનાઓની સમાલોચના સાથે)

—:०:—

લેખકઃ

નારાયણજી ગોકળદાસ ડોસાણી

કર્તાઃ } લોહાણા રત્નમાળા; સ્વર્ગમાં સેશન્સ વગેરે

૧૨૩, ગુલાલવાડી, મુંબઇ નં. ૪

પ્રકાશકઃ

દેવજીભાઇ ત્રીકમદાસ ઠક્કર

બી. એ. એલએલ. બી.

હાઇકોર્ટ પ્લીડર, મુંબઇ

સોલ એજન્ટસઃ—

સેવાસમિતિ પુસ્તકાલય

૧૨૩, ગુલાલવાડી, મુંબઇ નં. ૪.

સંવત ૧૯૮૨ — પ્રથમાવૃત્તિ — સન ૧૯૨૬

કિમ્મત રૂપિયો દોઢઃ

આ પુસ્તકનાં ૧ થી ૬૪ પાન વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસમાં તથા બાકીનું બધું
રાયપુર, અમદાવાદમાં આવેલા ખડાયતા મુદ્રણ કલા મંદિરમાં કેશવ હ. શેઠે છાપ્યું.

માઘ માસ ૧૯૮૨ | January 1926

નિવાપાંજલિ

મારા વ્હાલા સ્વર્ગસ્થ ભાઇ

માધવજી ગોકળદાસ

ઠોસાણી

ને

ગ્રંથ પ્રકાશક:

શ્રીયુત દેવજીભાઈ ત્રીકમદાસ ઠક્કર

બી. એ. એલએલ. બી.

હાઈકોર્ટ વકીલ, મુંબઈ

પ્રકાશકના બે બોલ:

જ્યારે લેખક અને પ્રકાશક બે ભિન્ન વ્યક્તિઓ હોય છે ત્યારે પ્રકાશકે પુસ્તક સાથે પોતાનું નામ કેવા સંયોગોમાં જોડાવા દીધું તે સંબંધી ખુલાસાના બે બોલ પ્રકાશક તરફથી આવવા જોઇએ.

આજે લગભગ કેટલાંક વર્ષો થયાં જ્ઞાતિની હીલચાલોમાં મેં વિરક્તતા ધારણ કરી છે. ત્રણેક વર્ષપર મારા એક મિત્રે "આપણે લોહાણા" "રઘુવંશી" કે "બાંવદા" એ વિષયપર શ્રીયુત રાઘવજીભાઇ પુરૂષોત્તમે એક ઇનામી નિબંધ સબંધની આપેલ જાહેરખબર-પર મારૂં લક્ષ ખેંચ્યું; પરંતુ જ્ઞાતિપ્રશ્નોની બાબતમાં મારી ઉદાસીનતાના કારણે મેં તે તરફ કાંઇ લક્ષ આપ્યુ નહિ; ત્યારબાદ ભાઈ લાલજી નાગજી ગણાત્રા મારાપર "લોહાણા હિતેચ્છુ"ના અંકો મોકલતા હતા, તેમાં શ્રીયુત હીરાલાલ હરજીવન ગણાત્રાએ ઉપરોક્ત વિષયપર લખેલ ઇનામી નિબંધમાંની પ્રસ્તાવના મારા વાંચવામાં આવી. લંડનની એમ. એસ. સી. ઇકોન, અને તે ઉપરાંત બી. એ. એલ.એલ. બી. અને બારીસ્ટરની ઉપાધિ ધરાવનાર અને સાક્ષરોમાં ખપતા વિદ્વાન જ્ઞાતિબંધુ તરફથી લખાએલ બૈભત્સિક અને તિરસ્કારણીય પ્રસ્તાવના અને કચ્છી લોહાણાઓ પ્રત્યે ઘોર અપમાન અને ધિક્કાર દર્શાવતો નિર્લજ્જ લેખ વાંચી મને ક્રોધ ચઢયો; અને આવા લેખ લખનાર સામે કાંઇ ઉગ્ર પગલાં ભરવા માટે મેં કચ્છી લોહાણા મહાજનને એક અરજ કરી. અને લગભગ બારી દશેક વર્ષની વિરક્તિનો ભંગ કર્યો. ક્રોધના આવેશમાં પ્રતિજ્ઞા પાળી ન શકાઇ અને જ્ઞાત્યાભિમાન અને આવેશ પ્રબળ થયાં.

આ ઇનામી નિબંધની બે સમીક્ષાઓ લખાઈ છે, અને તેમાંના એકમાં મેં મારો યથાશક્તિ ફાળો આપ્યો છે. ભાઇ નારાયણ વિસનજી ઠક્કુર પોતાની સમીક્ષાના પુસ્તકમાં જણાવે છે કે:—

"રા. ભાઈ લાલજી નાગજી ગણાત્રાએ રા. જયકૃષ્ણ વર્માના લખેલા એ ગાળિપ્રદાન પ્રસ્તાવિકને પોતાના પત્રમા તેના પ્રકાશન પૂર્વે પ્રકાશિત કરીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત લોહાણાજાતિને ભયંકર અપમાન પહોંચાડવાનો પ્રથમવાર જ પ્રયત્ન કર્યો છે એમ નથી; કારણ કે, બહુધા છેલ્લા ત્રણ કે ચાર વર્ષથી રા. લાલજી નાગજી ગણાત્રાએ કોઈ પણ પ્રકારના કારણ વિના કચ્છી લોહાણાઓપર નાના પ્રકારના આક્ષેપો કરવાના, કચ્છી લોહાણાઓને નિંદવાના, મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજનની અવગણના કરવાના, અને તેમ કરીને પોતાના પત્રના "લોહાણા હિતેચ્છુ" નામને બદલે "લોહાણા વૈરચ્છુ" નામની સાર્થકતા કરી બતાવવાના ધાનક વ્યવસાયને આરંભી દીધો છે અને તેનું પરિણામ એ થયું છે કે લોહાણા કોન્ફરન્સના જન્મદાતા—પિતા સ્વ. કાનજી ઓધવજી હિંડોચાની તેમજ કચ્છી લોહાણા કોન્ફરન્સના અન્યાન્ય

સ્વર્ગીય તથા વિદ્યમાન અગ્રેસરોની કચ્છી, હાલાઈ, ઘોઘારી તથા ગુજરાતી વિભાગોમાં પરસ્પર ઐક્ય, અનુકંપા, પ્રેમ, તથા સંપ આદિને સ્થાપવાની જે પ્રબળ ઇચ્છા હતી તે ઈચ્છાની સર્વથા નિષ્ફળતા થઈ જવાની અને તેને બદલે ભેદભાવ, તિરસ્કાર, વેર અને કુસંપ આદિનો જ્વાળામુખી ફાટવાની અણીપર આવી લાગ્યો છે. (સમીક્ષા પાનાં ૧૩૦–૧૩૧–૧૩૨)

ભાઇ નારાયણ ઠક્કુર પોતાની સમીક્ષામાં આગળ જતાં જણાવે છે કે :—

રા. ભાઇ લાલજી નાગજી ગણાત્રાએ પોતાના "લોહાણા હિતેચ્છુ" પત્રદ્વારા તેમજ કેટલીક અન્ય પ્રવૃતિઓદ્વારા કચ્છી લોહાણાઓને ધિક્કારપાત્ર રીતિથી હીણવાના અત્યાર સુધીમાં જે જે પ્રયત્નો કરેલા છે તે સર્વે પ્રયત્નોને આ પુસ્તકમાં જ પ્રકાશમાં લાવવાનો તથા તેમના સર્વ આક્ષેપોના સમર્પક ઉત્તરો આપવાનો—માત્ર એટલુંજ નહીં પણ જે કેટલાક સુશિક્ષિત, વિદ્વાન, બુદ્ધિશાળી તથા અનુભવી હાલાઈ લોહાણા અગ્રેસરોએ લોહાણા પરિષદોના પ્રસંગે પોતાનાં ભાષણોમાં ઉચ્ચારેલાં વચનોનો પોતે જ ભંગ કરીને મુંબઇના શ્રીકચ્છી લોહાણા મહાજન, તેમજ સમસ્ત કચ્છી લોહાણા જ્ઞાતિનો જે તિરસ્કારપાત્ર અનાદર કરવા માંડયો છે અને ઐક્ય સ્થાપનાની ભાવનાને સર્વથા તિલાંજલી-સમર્પી દીધી છેઃ એ રહસ્યને પણ પ્રકાશિત કરી દેવાનો અમારો મનોભાવ હતો; પરંતુ તે વિભાગ ૧૫૦ પાનાથી પણ મોટો થવાનો અને તેટલા વિભાગને છપાવતાં લગભગ દોઢ મહિના જેટલો સમય વીતી જવાનો સંભવ હોવાથી અમારે તે વિભાગને પ્રકાશિત કરવાનું કાર્ય અનિચ્છાપૂર્વક બે મહિનાને માટે મુલતવી રાખવું પડ્યું છે. (નારાયણ ઠક્કુરની સમીક્ષાઃ પાનું ૧૩૩–૧૩૪)

ભાઇ નારાયણ ઠક્કુરનાં આ વાક્યો જ્યારે મારા વાંચવામાં આવ્યાં: ત્યારે મને મારા ભોળા કચ્છી ભાઇઓને કેટલાક ખટપટી હાલાઈ, ઘોઘારી ભાઇઓએ લખતોલખત કેવી રીતે બનાવ્યા હતા, તેમાંના મારા અનુભવમાં આવેલા કેટલાક પ્રસંગો મને સ્ફુરી આવ્યા, અને તેની સાથે 'લોહાણા હિતેચ્છુ'ના કચ્છી લોહાણાઓને હલકા પાડવાના, તેમને અકારણ નિંદવાના અને કેટલાક એકપક્ષી લેખોનું પણ સ્મરણ થયું. તે ઉપરાંત "લોહાણાબંધુ"માં મારા કચ્છી લોહાણા સાક્ષરબંધુ આનંદજી મુલજી નથુનું "લોહાણા હિતેચ્છુ" પત્રે પ્રગટ કરવા ના પાડેલ એક ચર્ચાપત્ર પ્રગટ થયેલ હતું તે પણ મને યાદ આવ્યું, અને ચાતક પક્ષી જેમ વરસાદની રાહ જુએ તેમ મારા વિદ્વાન બંધુ નારાયણ ઠક્કુરના હાથે લખાયેલ સમીક્ષાના દ્વિતિય ભાગની મેં રાહ જોયા કરી, પરંતુ તેમાં મને સંપૂર્ણ નિરાશા મળી.

એ અરસામાં 'લોહાણા રત્નમાળા'ના કર્તા ભાઇ ડોસાણી, કે જેઓ એક સાચા સમાજ-સેવક સાથે લોહાણા સંસ્કૃતિના ચાહક જ્ઞાતિસેવક છેઃ તેમણે મારી પાસે રાજકોટવાળી અનિશ્ચિત ઘટના સંબંધે વાત કરી કે : "જ્ઞાતિમાં અનીતિને ઉત્તેજન આપનાર આવાં કામો ચાલુ રહે તો લોહાણાઓની પવિત્ર સંસ્કૃતિનો વિનાશ થઇ જાય. અને આ ઘૃણિત કામથી-જ્ઞાતિના વિભાગોમાં કુસંપનાં બીજ રોપાયાં છે તે અસહ્ય છેઃ આ બાબતમાં આવશ્યક સાધનો એકઠાં કરી મેં સમગ્ર જ્ઞાતિના ભલા માટે 'લોહાણા પ્રજાના ઇતિહાસ' સાથે "સમાલોચના" વિભાગ જોડી પુસ્તક લખીને તૈયાર કર્યું છે."

એ ભાઈએ લખેલ પુસ્તક સાદ્યંત વાંચ્યા બાદ મેં મારૂં નામ પ્રકાશક તરીકે આપેલ છે.

" મુંબઈમાં જે વેળાએ ઈ. સ. ૧૯૧૦માં પ્રથમ લોહાણા પરિષદનો સમારંભ થવાનો હતો તે સમયથી જ હાલાઈ લોહાણા ભાઈઓએ કચ્છી લોહાણાઓની અકારણ છેડતીઓ કરવાનો જે આરંભ કર્યો હતો: તેનો અદ્યાપિ અંત નથી આવ્યો અને ' લોહાણા હિતેચ્છુ'નો તો કચ્છી લોહાણાઓને ભીસવાનો આજકાલ એક નિત્યનો વ્યવસાય જ થઈ પડયો છે. " (રા. ઠક્કુરની સમીક્ષા: પાના ૧૩૨, ૧૩૩)

ભાઇ ઠક્કુરનાં આ વાક્યો શબ્દશ: ખરાં છે, અને પ્રથમ લોહાણા પરિષદના સમયથી હાલાઇ લોહાણાઓએ કચ્છી લોહાણાઓની જે અકારણ છેડતીઓ કરી છે: તેમાંના કેટલાક દુ:ખદ પ્રસંગો મારા પોતાના અનુભવમાં આવેલા છે, પરંતુ તે સર્વનો અત્રે ઉલ્લેખ કરી મારા કચ્છી અને હાલાઇ ભાઇઓના મન ઉંચાં કરવાં અને બળતામાં ઘી હોમવું એ મને વ્યાજબી નથી લાગતું.

ભાઇ ડોસાણીએ આ પુસ્તકમાં જે ઘૃણિત ઘટનાનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ અને સમીક્ષા કરી છે તે પ્રસંગ આવા દુ:ખદ પ્રસંગોની પરાકાષ્ટા હતી, અને તેવા એક પ્રસંગથી જ પણ આપણા હાલાઇ અને ધોધારી ભાઇઓ ધોડે લખે ધણું કરી જાણે અને વિચારે અને કચ્છી ભાઇઓની શાન્તવના અર્થે, પરસ્પર પુનરપિ ઐક્ય સાધવા માટે કોઇ કલ્યાણકારી માર્ગ ગ્રહણ કરે તો ભાઇ ડોસાણીના શ્રમની સંપૂર્ણ સાર્થકતા થાય.

રાજકોટવાળી ઘૃણિત ઘટનામાં રાજકોટ રાજ્યના એક વખતના મુખ્ય કારભારી હરજીવનદાસ ભવાનભાઇ કોટક અને પૂજ્યપાદ નથુરામ શર્માના શિષ્ય રાજકોટના પ્રતિષ્ઠિત વકીલ ગોવરધનભાઇ લાધાભાઇ પક્ષકાર થઇ સામેલ થયા તે માટે આપણો દરેકે દરેક લોહાણો બંધુ ખેદ પામ્યા વગર રહેશે નહિ.

આવી ઘૃણિત ઘટનાને આપણે આપણા લોહાણા ઇતિહાસમાં રહેવા દઇએ, અને આપણી જ્ઞાતિમાં, પરજ્ઞાતિની વિવાહીત સ્વામીથી ત્યજાયલી નહીં, પણ વિવાહીત પતિનું ઘર ભંગાવી હરણ કરી લાવેલી "પરકીયા સ્ત્રીથી ઉત્પન્ન થયેલ 'જારજ' બાળકોને લોહાણા જ્ઞાતિ જેવી ઉચ્ચ મનાતી જ્ઞાતિ પાવન કરે, અને પાશ્ચિમાત્ય દૃષ્ટિએ પણ ઘૃણિત અને નીતિભ્રષ્ટ મનાતી ઘટનાને ઇષ્ટ અને અભિનંદનીય ગણે, અને putative father (બાળકોનો જન્મદાતા) પિતા જ્ઞાતિના જે વિભાગનો હતો, તે વિભાગ આવાં જારજ બાળકોને જ્ઞાતિમાં ભળવા દેવા સખ્ત વિરોધ દર્શાવે અને જ્ઞાતિમાં 'બાંધુપ્રેમ–ઐકયતા અને સેવાના શુભ અંકુર સ્ફુરાયલા નિરંતર પ્રયત્નો કરવાનો ' દંભ કરનાર ' લોહાણા હિતેચ્છુ 'ના તંત્રી ભાઇ લાલજી નાગજી ગણાત્રા, પોતાને મુંબઇના કચ્છી લોહાણા મહાજન તરફથી આવાં ઘૃણિત કાર્યમાં પક્ષકાર ન થવા અને આવું અઘટિત કૃત્ય અટકાવવા પોતાની લાગવગનો ઉપયોગ કરવા ભલામણ કરનારા પત્ર તથા તાર મળ્યા છતાં તેવા વિરોધને–તે વિભાગના ઠરાવને–તેના પત્ર અને તારોને ઠોકરે મારી સુધારાની દૃષ્ટિએ—અરે, જ્ઞાતિ હિતેચ્છુકોની દૃષ્ટિએ પણ આ ઘૃણિત કાર્ય થવા દે એના કરતાં જ્ઞાતિને અધોગતિએ પહોંચાડનાર બીજું શું કાર્ય હોઇ શકે ?

ભાઇ ડોસાણીએ નિડરતાથી, તેમને લાલચો અને ધમકીઓ મળ્યા છતાં આવી ઘૃણિત ઘટનાને પ્રકાશમાં આણી છે તે માટે તેમને શતશઃ ધન્યવાદ ઘટે છે. અને આવા કાર્યમાં મેં મારૂં નામ જોડાવા દીધુ છે, તેમાં મેં મારી જ્ઞાતિની કંઇક અંશે સેવા બજાવી છે, એમ હું માનું છું.

અંતમાં મારે ભાઇ ડોસાણીના વિચારોથી આગળ વધીને જણાવવું જોઇએ કે જેવી રીતે આ ઘૃણિત ઘટના આપણી જ્ઞાતિના ઇતિહાસમાં ન રહે, એવાં પગલાં ભરવાની દરેકદરેક ગામના આપણા જ્ઞાતિ મહાજનોની જરૂરી ફરજ અને જવાબદારી છે, તેવી જ રીતે કચ્છી લોહાણા જ્ઞાતિને મોકળેથી બીભત્સિક ગાળો ભાંડનાર, અંગ્રેજી મૂળાક્ષરના પાંચ સાત અક્ષરોની ઉપાધિથી વિભૂષિત પંડિતમન્ય બારીસ્ટર જયકૃષ્ણ વર્મા અને તેમના સંબંધી રૂા. ૫૦૦) ના નજીવા ઇનામને માટે લોહાણાઓનો ઇતિહાસ લખવાના ઓઠા નીચે ચર્વિતચર્વણ કરનાર અને લોહાણા ઇતિહાસમાંથી **त्यजन्ति शूर्पवत दोषान गुणान गृह्णन्ति साधवः दोषान ग्राही गुणान त्यागी चालनिरिव दुर्जनाः ।।** અર્થાત્: સાધુપુરૂષો સુપડાની માફક ગુણોનું ગ્રહણ કરે છે, પણ દુર્જનો ચાળણીની માફક ફોતાંને રહેવા દે છે ને ગુણવાળી વસ્તુઓનો ત્યાગ કરે છે. તેવી રીતે લોહાણાઓની મહત્તા દર્શાવતા દરેક ગુણને બાજુએ મૂકી માત્ર તેમનાં છિદ્રોજ જાહેરમાં લાવવા માટે લોહાણાજ્ઞાતિના ઇતિહાસનાં પાનાં ફેરવનાર અને પોતાની જ્ઞાતિને પૈસે સોલિસીટરની પદવી મેળવનાર કૃતઘ્ની ભાઇ હીરાલાલ હરજીવન ગણાત્રા માટે પણ કચ્છીભાઇઓના શાન્તવનાર્થે દરેક ગામના લોહાણા જ્ઞાતિમહાજને કાંઇક કરી પોતાની કર્તવ્યપરાયણતા દર્શાવવી જ જોઇએ.

ભાઇ લાલજી નાગજી ગણાત્રાએ આ ઘૃણિત ઘટનાઓમાં જે અનિચ્છનીય ભાગ ભજવ્યો છે તે ભાઇ ડોસાણી મારફતે આ પુસ્તકમાં પ્રકાશમાં આવ્યું છે તેટલુંજ બસ છે, એથી વધુ મારે કંઇ કહેવાનું નથી. અંતમાં પરમેશ્વર પાસે :—

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात् ॥

આવી પ્રાર્થના કરી હું અત્રે વીરમું છું.

લી०
દેવજી ત્રીકમદાસ ઠક્કર
બી. એ. એલએલ. બી.
વકીલ, હાઇકોર્ટ: મુંબઈ.

ગ્રંથ લેખક:-



નારાયણજી ગોકળદાસ ડોસાણી.

તંત્રી: સમાજજીવન. વ્યવસ્થાપક: સેવાસમિતિ પુસ્તકાલય.

લેખક અને પ્રકાશક: } લોહાણા રત્નમાળા. સ્વર્ગમાં સેશન્સ.

ઉપોદ્ઘાત

ઈશ્વરી સંકેત સિવાય આ જગતમાંનું એક પાંદડું પણ હલી શકતું નથી, આ જગ-જાહેર ઉક્તિમાં અમને શ્રદ્ધા છે. કેટલીક વાર હાથ ધરેલા કાર્યને જલદીથી બહાર પાડવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ જ્યારે અવનવા સંજોગોમાં અણધાર્યો વિલંબ થાય છે ત્યારે તે અગમ્યની ઇચ્છા ઉકેલવાને અસમર્થ માનવીહૃદય દુઃખાય છે; પરંતુ તેમ વિલંબ એ મહાન વિભુના શુભ સંકેત સમાયેલા હોય છે: જીવનમાં આવા કેટલાય પ્રસંગો અનુભવ્યા પછી મારી ઉપરોક્ત શ્રદ્ધા વધુ દૃઢ થઈ છે.

સન ૧૯૨૪ના મે માસમાં 'લોહાણા રત્નમાળા'નો પૂર્વાર્દ્ધ ભાગ બહાર પડયા પછી મને અનેક જ્ઞાત્યાભિમાની ભાઇઓ તરફથી તેમાંનો ઐતિહાસિક વિભાગ જુદા પુસ્તક રૂપે છપાવીને વેચવાની સૂચના કરવામાં આવી. આજના પ્રગતિયુગમાં દરેક સંસ્કારી જાતિનાં ભાઇ બહેનોએ પોતાના પ્રાચીન ગૌરવાન્વિત ઇતિહાસથી જાણીતા થવાની ખાસ જરૂર છે એની કોઇથી ના પાડી શકાય તેમ નથી: ઇતિહાસને જુદા પુસ્તકરૂપે બહાર પાડવાથી તેની કિંમત ઓછી રહેતાં સર્વ સાધારણ ભાઇ બહેન પણ તે સહેલાઇથી ખરીદી શકે તેથી ભાઇઓની એ વ્યાજબી સૂચનાનો તુરતમાં જ અમલ કરવાનો મેં નિશ્ચય કર્યો પણ પ્રભુના સંકેત કંઇક જુદા જ હતા.

સન ૧૯૨૩ ના જુન માસમાં 'આપણે લોહાણા રઘુવંશી કે ઓંવદા' ? નામક ઇનામી નિબંધ બહાર પડયો. આ ઇનામી નિબંધના લખનાર તથા તેમાંની પ્રસ્તાવના લખનાર બન્ને ગુજરાતી વિદ્વાન ભાઇઓ છે. નિબંધ લખનારે ઇનામની લાલચે અને પ્રસ્તાવના લખનારે લખનાર તથા પ્રગટ કરનાર બન્ને તરફના પક્ષપાતથી લોહાણા જેવી પવિત્ર ક્ષત્રિય જાતિને બહુધાતક, ઇર્ષાળુ અને એવાંજ બીજાં હીનતાદર્શક વિશેષણોથી નવાજી. પ્રસ્તાવનાનું લખાણ કચ્છી ભાઇઓનું ભયંકર અપમાન કરનારું હોવાથી કચ્છી ભાઇઓનાં દીલ દુખાયાં અને આખીય લોહાણા આલમમાં ખળભળાટ મચી રહ્યો. આ પ્રકાર થયેલા નિંદાજનક ઇનામી નિબંધના બબ્બે પ્રતિવાદો લખાઇ બહાર પડયા.

નિંદાજનક ઇનામી નિબંધ બહાર પડયા પછી માત્ર અઢી ત્રણ માસના ટુંક અરસામાં જ એટલે સન ૧૯૨૩ ના સપ્ટેમ્બર માસની ૧૪મી તારીખે મુંબઇના શ્રી કચ્છી લો. મહાજનથી સદાને માટે બહિષ્કૃત થયેલા મરહુમ ઠા. કેશવજી દેવકરણના રેખાન ભાટિયાણી બાઇ કુંવરબાઇથી ઉત્પન્ન થયેલ બાળકોને, રાજકોટના લો. મહાજને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના તારને ઠોકરે મારી લોહાણા ઠરાવવાનું અઘટિત પગલું ભર્યું.

એક તો ત્રણ માસ પહેલાં બહાર પડેલા નિંદાજનક નિબંધથી કચ્છી ભાઇઓનાં દીલ દુખાયાં હતાં અને બીજી આ ઘટનાથી બળતામાં ઘી હોમવા જેવું થયું.

સન ૧૯૧૦ ની પ્રથમ પરિષદ વખતે કોઇ લોહાણા સ્વયંસેવકોએ 'હાલાઇ, મોચારી કરતાં કચ્છી ભાઇઓ સંસારિક કરજામાં ઉતરતા છે' એવો ભાંગડો વાટેલો તે સાથે 'હાલાઇ લોહાણા સંઘની સંમતિ નથી' એવું જાહેર કરવા હાલાઇ લોહાણાનું મહાજન એકત્ર થઇ ઠરાવ પસાર કર્યો અને કચ્છી લોક મહાજન ઉપર તેમના શાન્તવનાર્થે મોકલી આપ્યો અને રાજકોટ મહાજનનો આ અઘટિત ઠરાવ ભયંકર રીતે કચ્છીભાઇઓની લાગણી દુભવનારો હોવા છતાં હાલાઇ લોહાણાભાઇઓનું રુવાડુંય ફરક્યું નથી; એ જોઇ 'રાજકોટ મહાજનના આ અઘટિત આચરણમાં સર્વ હાલાઇ લો. ભાઇઓની ગર્ભિત સંમતિ હોય એ બનવાજોગ છે' એવું તરણું કચ્છીભાઇઓના હૃદયમાં લાગી આવ્યું. અને જરા ગંભીર સ્વરૂપ પકડ્યું. અરસપરસ અવિશ્વાસ અને અસંતોષની લાગણી છુપી રીતે વધતી જતી જણાઇ.

ત્રણે વિભાગની એકતા અત્યારે માત્ર કહેવાની જ એકતા હોય એમ ખેદ સાથે પડે જ્ઞાતિપ્રગતિનાં કેટલાંક કાર્યોથી જણાઇ આવે છે.

ડહોળાયલા આ વાતાવરણના અવલોકનને અંતે મને એવું જણાયું કે જાતિ ઇતિહાસના છપાતા જુદા પુસ્તક સાથે આ ઘૃણિત ઘટનાઓની સમાલોચના કરીને આપવા આવે અને સત્ય વસ્તુસ્થિતિથી જો આપણા ભાઇઓ જ્ઞાત થાય તો જરૂર અરસપરસ ગેરસમજુતીઓ ટાળવાને જ્ઞાતિપ્રિય પુરૂષો તરફથી પ્રયાસો થાય અને ત્રણે વિભાગો ભયમાં આવી પડેલ એકતા પુનઃ અતૂટ બને. લોહાણા જાતિના ત્રણે વિભાગોમાં સાખા મતભેદો દૂર થઇ પુનઃ એકદિલી સ્થપાય એ એકજ પવિત્ર હેતુએ આ ઇતિહાસ સા સમાલોચના વિભાગ પણ આપવો એવો મેં નિશ્ચય કર્યો.

કેટલીક વિવાદાસ્પદ બાબતોમાં ઉપરટપકેની માહીતીઓથી કામ નથી ચાલતું. ઘણુ વખત આવી બાબતોમાં ઉતાવળ કરવાથી લેખકને હાથે સત્યનો છળ થઇ જાય છે અ તેના પરિણામો તેના સદ્પ્રેરિત હેતુ કરતાં જુદીજ રીતે આવે તો તે ઉલટો પાપભાગ બને છે. એટલા માટે ધીરજથી આ અનિશ્ચિત ઘટનાઓના ઊંડાણમાં ઉતરી તેને લગત માહીતીઓ મેળવવાનો પ્રયત્ન મેં આરંભ્યો. આ વિષય હાથ ધર્યાને માત્ર થોડો જ સમ વ્યતિત થયો હશે કે તુરતજ મારાં પૂજ્ય માતુશ્રીની ગંભીર માંદગીના સમાચાર આવવાથી તે બધી પ્રવૃત્તિને પડતી મૂકીને દેશમાં જવાનું થયું. લગભગ ૬ માસ જેટલી મુદત એ જનનીની સેવામાં રહેવામાં ગઇ અને આખરે સંવત ૧૯૮૧ ના જેઠ સુદ ૫ સોમવારના દિ મારાં એ વ્હાલસોઇ જનની સ્વર્ગે સંચર્યાં. માતૃવિહોણા બની, ભાંગી પડેલા હૃદયે ! સં. ૧૯૮૧ ના અષાડ માસના અંતે પુનઃ મુંબઇ આવ્યો. ચાલુ રહેલી જાહેરખબર પરથી મને સદરહુ ભાટિયાણી બાઇ કુંવરબાઇના સોલીસીટરો તરફથી નોટીસ અષાડ માસ લગભગ મળી હતી અને તે નોટીસે કેટલીક દિશામાં મને વધુ સાવચેતીથી તપાસ કર વાનું શીખવ્યું.

મુંબઇ આવ્યા પછી સમાલોચનાને અંગે અધુરાં રહેલાં સાધનો મેળવવાનો પ્રયત્ન આરંભ્યો. અને આવા વિચિત્ર સંજોગોમાં પસાર થઇને મોડા મોડા પણ આ ગ્રંથ આપ અમારા ભાઇ બહેનોના કરકમળમાં મુકવા, હું એ પરમપિતા પરમાત્માની કૃપાએ ભાગ્યવાન થયો છું. એ માટે એ જગદીશ્વરનો આભાર માનું છું

સંસ્કારિતાનું મુખ્ય લક્ષણ સ્વમાન જે જાતિનો વારસો છે; ધર્મ, સંસ્કૃતિ અને સ્વમાન સાચવવા જે જાતિનાં પૂર્વજોએ હસતે મુખડે પ્રાણોના બલિદાન આપી આ સંસારમાં અગત્યનો ભાગ ભજવ્યો છે; તેવી પ્રાચીન વીર-ક્ષત્રિય લોહાણા જાતિનો ઇતિહાસ અતિ ઉજ્જવળ છે. જગતનો જોહો ઉદ્ધાર ક્ષત્રિયોએજ કર્યો છે. પડતીના પ્રબળ ઉછાળા અને પડતીના ભયંકર સંકટભર્યા સમય જોવું જોયા છેઃ તે ઇતિહાસપ્રસિદ્ધ લોહાણા પ્રજાની સંસ્કૃતિનો ઇતિહાસ બહાર પડે એ સ્વપ્નાં સેવવામાં મને અધિક આકર્ષણ દેખાતું હતું.

સ્વ. જેમ્સ ટોડ કહે છે કેઃ "કોઇ પણ પ્રજાનો ઇતિહાસ લખતા પહેલાં તે પ્રજામાં ઇતિહાસ વિષયક લોકમાન્યતાનું અવલોકન કરવું જોઇએ અને તે ઉપરાંત સપ્રમાણ ઇતિહાસ ચાલતી આવેલી દંતકથાઓમાંથી પણ તારવી શકાય છે."

સ્વ. જેમ્સ ટોડના કથન મુજબ પ્રજાનો ઇતિહાસ તેની લોકમાન્યતા અને દંતકથાઓમાંથી તારવી શકાય છે એ ખરૂં, પણ તે ઉપરાંત તે પ્રજામાં ચાલતા આવેલા સાંસારિક, વ્યવહારિક, ધાર્મિક રીતરિવાજો, તથા કુળપ્રથાઓનું અવલોકન પણ તેની ઇતિહાસવિષયક માન્યતા ને ચાલતી આવેલી દંતકથાઓને સચોટ પુરવાર કરવામાં અગત્યનું સાધન થઇ પડે છે. અને તે પ્રમાણે અહીં આપણી જ્ઞાતિમાં ચાલતા આવેલા રીતરિવાજો પણ આપણી 'રઘુવંશી' હોવાની જમાનાઓ થયા ચાલતી, જીવનપ્રેરિત માન્યતાને કેટલી પુષ્ટી આપે છે તે દર્શાવવાનો આ ઇતિહાસમાં કંઇક પ્રયાસ કર્યો છે, જે વાંચનારને ઉપયોગી થઇ પડયા વગર રહેશે નહિ એમ હું માનું છું. કોઇ પણ જ્ઞાતિના ઇતિહાસઆલેખન કાર્યમાં આ વસ્તુ બહુ અગત્યની છે એમ જણાયા શિવાય રહેશે નહિ!

જેના ભાગ્યમાં અપજશની કાળી ટીલી લખાયથી હતી એવા એક ચચ્ચને બાજુએ રાખીએ તો આપણા ઇતિહાસમાં સારસ્વત બ્રાહ્મણોએ પણ સ્વમાન રક્ષામાં અગત્યનોભાગ લીધો છે. તેની ઐતિહાસિક મહત્તા પણ અમાપ છે. સંસારની વ્યવસ્થા રચવાના એ શોખીન મહારાજો પણ આપણી સાથે રણક્ષેત્રમાં ઝુઝયા હતા. ઇતિહાસ એની સાક્ષી પૂરે છે. તેઓએ યજમાનવૃત્તિ કરી વિદ્યા સંપાદન - કરી; વિદ્યા, ધર્મ ને સંસ્કારને સજીવ રાખ્યા એની કદરથી ના પાડી શકાય તેમ નથી. આજે એ જાતિએ પણ પોતાની ભૂતપૂર્વ પ્રતિભા લગભગ ગુમાવી હોવા છતાં લોહાણા જાતિએ એ પ્રાચીન પુરોહિત-યજમાનનો સંબંધ આજાવધિ જાગરી રાખ્યો છે એમાં એની ઉદારતા છે, ટેક છે, મહત્તા છે, જૂની ખાનદાની છે.

બંગાળ, બિહાર, પંજાબ, સિંધ આદિ પ્રદેશોના મારા પર્યટનમાં ઇતિહાસઆલેખનની દ્રષ્ટિએ આપણા ભાઇઓના સ્વભાવ, ખાસીયતો અને બીજી કેટલીક બાબતોનું નિરીક્ષણ કરવા ઉપરાંત, જેટલાં સાધનો મળી શકયાં તે સર્વનો ઉપયોગ અહીં ઇતિહાસની આછી રૂપરેખા દોરવામાં મેં કર્યો છે. તે સાથે અગાઉ એવા થયેલા પ્રયાસોનો ટુંક સાર આપી તેનું બુદ્ધિપૂર્વક અવલોકન પણ કરવામાં આવ્યું છે. વાંચનાર ઇતિહાસની આ આછી રૂપરેખામાંથી પણ સમજી શકશે કે લોહાણાં જ્ઞાતિ નહિ પણ લોહાણા પ્રજા છે. અરોરા, બ્રહ્મક્ષત્રિય, ખત્રી વગેરે એ લોહાણા પ્રજાશરીરનાં અંગો છે. તેનો ભૂતકાળ ભવ્ય છે. હિંદુસ્થાનની અન્ય જાતિઓ કરતાં લોહાણા જાતિને બારેમાં બારે સંકટો સહન કરવાં પડયાં છે. સિકંદરથી આ સમૃદ્ધ પ્રજાના આંગણે જ વિધર્મીઓએ પહેલાં નિશાન તાક્યાં

હતાં અને એ ધર્માંધોની ક્રૂરતા—જુલમો સામે પણ અડગપણે ઊભા રહી લોહાણાઓએ પોતાનો ધર્મ અને સંસ્કૃતિ સાચવ્યાં હતાં. ને અતિ સંકટભરી સમયમાં એ ધર્મ તેમજ જાતનું સંરક્ષણ કરનાર ઇષ્ટદેવ શ્રી દરિયાલાલજીનાં પારણાં પણ લોહાણાના ઘરમાં જ ઝુલ્યાં હતાં: અને આજ અરસામાં ઇસ્લામી ચાતુરી અને હાકેમી જ્યારે હિંદુત્વની ઉજળી વળતાઓ ઓસારવા મથતી હતી ત્યારે આર્યાવર્ત્તપર થતા પરદેશી પ્રહારો હમેશાં પ્રથમ ઝીલનાર પ્રાંત પંજાબમાં આજે 'નાનકાના સાહિબ' ના નામથી ઓળખાતા સ્થાનમાં સીખ ધર્મના સ્થાપક પૂજ્ય ગુરુ નાનકદેવનો જન્મ પણ એજ સૂર્યવંશી પ્રજામાં થયો હતો, કે જેની શૂરી શ્રદ્ધામાંથી જન્મેલા ધર્મવિચારે આજે સીખો શૂરા સૈનિકો બની શાન્ત મનોબળથી જગતને આશ્ચર્યમાં ડુબાવી રહ્યા છે. સિંધમાં આપણા ભાઇઓનો મોટો ભાગ હજી એ પૂજ્યગુરુ નાનકદેવના જ અનુયાયીઓ છે.

મેમણ, સુમરાનાં સડી ગયેલાં અંગોને કાપી નાખીને આ શૌર્ય અને સ્વાભિમાની પ્રજા મોટા ભાગે સિંધ જન્મભૂમિનો ત્યાગ કરી ગઇ હતી.

લોહાણા પ્રજાની પડતીનો પાયો રોપનાર ચચ્ચ હતો. એ અભાગીયાના નસીબમાં છેલ્લે પણ જશ લેવાનું સરજાયલું નહોતું. લોહાણા ક્ષત્રિયોના ઇતિહાસમાં એ વિશ્વાસઘાતી ચચ્ચનું નામ કલંકિત રહ્યું છે.

કચ્છ અને કાઠીઆવાડમાં આવ્યા પછી પણ આ જાતિએ આદર્શની સિદ્ધિ માટે પ્રાણ પટકનારા સાધુઓ, સંન્યાસીઓ, ભગવદ્‌ભક્તોને જગત્‌ની જાગતી જ્યોત જેવી સાધ્વીઓને જન્મ આપ્યો છે.

આપણો સંબંધ અગાઉના ઉત્પત્તિની કથાઓ આલેખનારાઓએ જયચંદ સાથે બતાવ્યો છે, પણ એ જયચંદ સાથેના સંબંધ કરતાં આપણો સંબંધ સીખ ધર્મના સ્થાપક પૂજ્ય ગુરૂ નાનક તથા વીર સામંત અજાનબાહુ સાથે વિશેષ છે: 'શિષ્ય'નો અપભ્રંશ થયેલો શબ્દ 'સીખ' છે.

ત્રણ વર્ષના પ્રવાસે મેળવેલા અલ્પ સ્વલ્પ સાધનોએ એક મનુષ્યની પરિમિત શક્તિ જેટલું કરી શકે તેટલું કરી આપણી ગૌરવપૂર્ણ જ્ઞાતિના ઇતિહાસની ટુંકી રૂપરેખા મેં દોરી છે. જીવનના એ ધન્ય પ્રયાસમાં હું કેટલો સફળ થયો છું, એ વિચારવાનું કામ વાંચનાર ભાઇ બહેનોનું છે. હવે આપણે સમાલોચના વિભાગ તરફ નજર કરીએ.

કહેવાતા ઇનામી નિબંધની પ્રસ્તાવનામાં કચ્છી લોહાણાઓની અણછાજતી રીતે મશ્કરી કરી છે. અને નિબંધ લેખકે ઇતિહાસના ઓઠાં નીચે લોહાણાઓને હલકા ઠરાવવાનો જાણીબુજીને પ્રયાસ કર્યો હોય તેમ જણાય છે.

આ ઇનામિ નિબંધના જવાબરૂપે પહેલો પ્રતિવાદ 'લોહાણા બાંવદા નથી પણ રઘુવંશી છે' તે તથા બીજો પ્રતિવાદ 'બાંવદા એટલે રઘુવંશી' નામે બહાર પડયા: તેમાં પ્રથમના નિંદાજનક નિબંધની દલીલોનો સચોટ રદીઓ આપવામાં આવ્યો છે: એટલે અહીં સમાલોચના વિભાગમાં આ નિબંધોની ટુંક નોંધ જ લીધી છે; કારણ કે એ વિષયમાં વધુ કંઇ લખવું તે પિષ્ટપેષણ કરવા જેવું હોવાથી વાંચનારની શાંત મનોવૃત્તિને ડહોળી નાખવાના દોષભાગી બનવાનું મેં ઠીક માન્યું નથી.

આ પુનરોક્ત નિબંધલેખક ભાઇ હીરાલાલ હ. મજીઠીઆ, પ્રાસ્તાવિક વિવેચનકાર ભાઇ જયકૃષ્ણ વર્મા તથા પ્રતિવાદ લખનારાઓ ભાઇ જદુરાય ડી. ખંધડીયા, તથા ભાઇ નારાયણ વિસનજી ઠક્કર તથા 'લોહાણા હિતેચ્છુ'ના અધિપતિ ભાઇ લાલજી નાગજી મજીઠીઆ, એ બધાય મારા મિત્રો છે. મને કોઇ સાથે અંગત ઇર્ષા કે દ્વેષભાવ નથી પણ જ્ઞાતિહિતના પ્રશ્નમાં જ્યાં જ્યાં પ્રમાણિક મતભેદ રહ્યો છે તે દર્શાવવાનો નિખાલસ હૃદયે મેં આમાં પ્રયાસ કર્યો છે; તેમાં કોઇની લાગણી દુઃખાવવાનો કે તેને ઉતારી પાડવાનો અનિષ્ઠ હેતુ મારો નથી એ હું ખુલ્લા દીલે જાહેર કરી દઉં છું.

કોઇએ કહ્યું છે કે "દલીલોનો દલીલોથી જવાબ આપવાથી જગતમાં કોઇ વિષયનું સમર્થન થયું નથી' તેમ લોહાણા જાતિને ભાંડવા જેવા રેતીના પાયાપર ચણાવેલા મકાન જેવા નિરર્થક પ્રયાસના બચાવે જવાબોથી પણ જ્ઞાતિમાં સંપ અને એકતાની સાંકળ, મજબુત કરવાના મનોરથો ફળ્યા તો નથી, પણ આથી એક વાત સ્પષ્ટ જણાય કે લોહાણા જ્ઞાતિની વિચારશક્તિ મરી ગઇ નથી પણ જોઇએ તે કરતાં વધુ સતેજ બની છે.

બીજી ઘટના રાજકોટમાં બની તે ભારે ભયંકર અને દુઃખદ છે. જે વર્ણસંકર બાળકોને રાજકોટ મહાજન જુલાઇ ૧૯૨૩ માં પંક્તિ બહાર ઠરાવે છે તે રાજકોટનું મહાજન ફક્ત બે માસના અંતરે—સપ્ટેમ્બર ૧૯૨૩ માં પોતાના આગલા ઠરાવને અભરાઇએ ચડાવી એ વર્ણસંકર બાળકોને લોહાણા ઠરાવવાનું અઘટિત પગલું ભરે છે: આ ઘટનાએ લોહાણાઓના ત્રણે વિભાગોમાં ભારે બેદિલી અને અસંતોષ પ્રગટાવ્યો છે. એકતા તૂટી જવાની અણી ઉપર છે. તેનો સમજુતીથી નીકાલ આવે, પુનઃ સંપનું સ્થાપન થાય એ પવિત્ર હેતુએ જ્ઞાતિના ભલા માટે અહીં સમાલોચનામાં સત્ય વસ્તુસ્થિતિથી સર્વને વાકેફ કરવા મેં પ્રયત્ન કર્યો છે.

'લોહાણા હિતેચ્છુ' પત્રના બાહોશ તંત્રીએ, બાઇ કુંવરબાઇને મરહુમ ઠા. કેશવજી દેવકરણની વિધવા જણાવી લોહાણા જનતાને ઊંધે રસ્તે દોરવાનો પ્રયાસ કર્યો છેઃ તે કેટલું અસત્ય છે તે આ સમાલોચનામાં દાખલ કરેલ અવતરણો ઉપરાંત આ નીચે આપેલ મરહુમ ઠા. કેશવજી દેવકરણનું છેલ્લું વીલ તથા તે વીલનો પ્રોબેટ તથા ઠા. કેશવજી દેવકરણે કરાંચીનિવાસી શેઠ ભવાનજી નરસી ટોપીવાળાપર લખેલો પત્ર પોતે જ કહી દેછે. મારા એક સ્નેહી તરફથી મળેલ એ વીલ તથા પ્રોબેટની નકલ જેમની તેમ અહીં આપવામાં આવે છે.

IN THE HIGH COURT OF JUDICATURE AT BOMBAY
TESTAMENTARY AND INTESTATE JURISDICTION.

BE IT KNOWN this this day being the 12th day of August in the year of our Lord one thousand nine hundred and twenty one the last will and testament (a copy whereof is hereto annexed) of Keshavji Devkaran late a Merchant of Bombay Hindu Inhabitant **deceased a widower who died at Bombay on or about the sixteenth day of April 1921** is proved and registered before this Court and that the administration of the property and the credits of the said deceased, and in any way concerning his will is granted unto Cooverbai Umersey (in the will written Cooverbai daughter of Umersey Govind) the sole Executrix named in the said will to have effect throughout the province of Bombay she having undertaken to administer the same and to make a full and true Inventory of the said property and credits and exhibit the same in this Court within 6 months from the date hereof or within such further time as the Court may from time to time appoint and also to render to this Court a true account thereof within one year from the same date or within such further time as the Court may from time to time appoint.

Seal
W. J. Howard.
The 12th day of August 1921
Messrs Mulla & Mulla
Attorneys-at-Law.

By the Court
Sd. P. B. Malbari
Registrar.

(પ્રોબેટ) ઉપરના અંગ્રેજીનો અનુવાદ:

મુંબઇની ન્યાયની વરિષ્ઠ અદાલત
(વારસા-મીલ્કત અને વસિયતનામાની હકુમત)

આ ઉપરથી જાણ થાય કે આજે આપણા પ્રભુની સને ૧૯૨૧ના વર્ષની ઓગસ્ટની ૧૨મી તારીખે એક છેલ્લું વસિયતનામું (જેની એક નકલ આ સાથે જોડેલી છે) જે મરહુમ કેશવજી દેવકરણ, મુંબઇનો હિંદુ રહીશ, વેપારી અને વિધુર હતો અને જે ૧૯૨૧ના એપ્રિલ માસની ૧૬મી તારીખે અથવા તેની આસપાસ મુંબઇમાં ગુજરી ગયો હતો, તેનું વીલ પુરવાર કરવામાં આવ્યું છે,

અને આ અદાલતમાં નોંધાવવામાં આવ્યું છે: જેથી મરનાર ધણીની મીલ્કતનો વહીવટ તથા લેણા પ્રાબત તેમજ તેના વસિયતનામાને લગતી દરેક બાબતનો વહીવટ તે કુંવરબાઇ ઉમરસીને (જે વીલમાં ઉમરસી ગોવિંદની દીકરી કુંવરબાઇ તરીકે લખવામાં આવી છે અને સદર વીલમાં એકલી વસીયાતણ તરીકે નીમાયલી છે તેને) આપવામાં આવે છે. જેનો અમલ આખા મુંબઇ ઇલાકામાં થઈ શકશે. તેના બદલામાં તેણીએ એ વહીવટ કરવાનું તથા ઉપર જણાવેલી મીલ્કત તથા લેણાની સંપૂર્ણ યાદી આજની તારીખથી છ માસમાં અથવા જ્યારે જ્યારે આ કોર્ટ જેટલો જેટલો વખત આપે ત્યારે ત્યારે તે વખત દરમ્યાન બનાવી આ કોર્ટને બતાવવાનું તથા તેનો એક સાચો હિસાબ આ તારીખથી એક વરસ દરમ્યાન અથવા જ્યારે જ્યારે આ કોર્ટ જેટલો વખત આપે ત્યારે ત્યારે તેટલા વખત દરમ્યાન આ કોર્ટમાં આપવાનું તેણીએ માથે લીધું છે.

કોર્ટનું સીલ
(સહી) ડબલ્યુ જે. હાવર્ડ
તા. ૧૨મી ઑગસ્ટ ૧૯૨૧
મેસર્સ મુલ્લાં અને મુલ્લાં.
એટર્નીસ એટ-લૉ.

કોર્ટના હુકમથી
(સહી) પી. બી. મલબારી
રજીસ્ટ્રાર

(copy of the will)

I Keshavji Devkaran of Bombay Hindu Inhabitant hereby make my last Will and testament as follows :—

1. I hereby revoke all my former Wills and testamentary papers and declare this to be my last and only Will.

2. I appoint Cooverbai daughter of Umersey Govind to be the sole Executrix of my Will.

3. I intend giving to the said Cooverbai daughter of Umersey Govind in my life-time three immoveable properties situate respectivly at Broach Street De'Lisle Road and Frere Road by way of gift. If I die before executing the deed of gift in favour of the said Cooverbai in respect of the said properties then hereby bequeath the same to the said Cooverbai absolutely.

4. I have advanced a sum of Rs. 50,000 (fifty thousand) to one Govindji Cooberdas on a second Mortgage of his property at Bhindy Bazar, Parel Road. The mortgage has been taken in the name of Ratanchand Hirachand who is hereby a Inamdar. I am desirous of getting the mortgage transferred to the said Cooverbai. If however I die before the transfer is executed then I bequeath my interest in the said mortgage to the said Cooverbai.

5. I have given by way of gift to the said Bai Cooverbai in my life time ornaments and cash. The same belong to her absolutely. I have also in my life time made a gift to the said bai Cooverbai of my share right title and interest in several shops in bombay and elsewhere carried on by me alone or in partnership with others and I have caused the necessary entries to be made in the books of account of the respective firms. If there are any other shops or any other business belonging to me or wherein I am a partner which are not so transferred to the said Bai Cooverbai then I hereby bequeath all my rights title and interest in the same to the said Bai Cooverbai and she shall be the absolute owner of such my rights title and interest and shall be entitled to all the profits and to exercise all the powers which I could enjoy or exercise in my life time.

6. I bequeath to the said Bai Cooverbai my immoveable properties situate at Bhindi Bazar, Parel Road, being New Survey No. 1028 and Street Nos: 160-162-164-166 absolutely and shall be the full owner thereof after my death.

7. I bequeath to Lachbai widow of Narsey Pitamber my daughter by a pre-deceased wife the sum of Rs. 5000-(five thousand) to be paid to her 13 months after my death.

8. I bequeath to my sister Manibai widow of Liladhar Kachra the sum of Rs. 2000—(two thousand) to be paid to her 13 months after my death.

9. I bequeath to each of my sons by the said Cooverbai named Meghji, Karsondas and Gokaldas Rs. 5000-(five thousand) to be paid to him or applied for his benefit on the occasion of his marriage. I also bequeath to my daughter Godawribai by the said Cooverbai a sum of 5000-(five thousand) to be paid to her or applied for her benefit on the occasion of her marriage. If any of the said children die unmarried to amount bequeathed to him or her shall go to my other sons and daughter as the case may be in equal shares.

10. I bequeath the rest and residue of all my properties moveable and immoveable to the said Bai Cooverbai daughter of Umersey Govind and the same shall belong to her absolutely.

11. Some of the immoveable properties bequeathed by me to the said by Cooverbai are at present mortgaged. The said Bai Cooverbai shall take steps to redeem said mortgage out of the estate.

12. I hereby declare that the properties that I have bequeathed to the said Bai Cooverbai daughter of Umersey Govind shall belong to her absolutely and she shall have the full power to dispose of the same in her life time as well as by her -will.

Dated this 11th day of April 1921.

Signed & subscribed by the above named Keshavji Devkaran as his last will and testament in the presence of both of us who in his presence and at his request and in the presence of each other have hereunto subscribed our names as attesting witnesses. } i. e. Keshavji Devkaran.

Sd. Dhanjisha Hashangsha Nanavati
Solicitor, bombay.

i. e. Narandas Karsondas his attestation
i. e. Nagindas Hirachand

The above will was interpreted to the testator by me before he signed it.

Sd. D. H. Nanavati
11-4-21.

Certified to be a true copy
This 10th day of November 1921.
Sd.
for Registrar.

—(મૃત્યુપત્ર) ઉપરના અંગ્રેજીનો અનુવાદ—

હું કેશવજી દેવકરણ, તે મુંબઇનો હિંદુ રહીશ, મારૂં છેલ્લું મૃત્યુપત્ર અને વસિયતનામું નીચે પ્રમાણે આ ઉપરથી કરૂં છું.

૧. આ ઉપરથી હું મારાં પહેલાંના મૃત્યુપત્રો અને વસિયતનામાઓ વગેરેને લગતા કાગળો રદ કરૂં છું અને જાહેર કરૂં છું કે આ મારૂં છેલ્લું અને એકલું જ મૃત્યુપત્ર છે.

૨ હું મારા વસિયતનામાની એકલી વહીવટદાર તરીકે ઉમરસી ગોવિંદની દિકરી કુંવરબાઇને નીમું છું.

૩ હું જીવું છું ત્યાં સુધી હસ્તી ધરાવતી મારી ત્રણ સ્થાવર મીલ્કતો જે અનુક્રમે વારૂં સ્ટ્રીટ, ફોલાઇલ રોડ ને ફીયર રોડ પર આવેલી છે તે કુંવરબાઈ, ઉમરસી ગોવિંદની દીકરીને બક્ષીસ તરીકે આપવા ઇચ્છા રાખું છું, પણ તે મીલ્કતો માટેનું તે બક્ષીસનામું તે કુંવરબાઇને નામે લખી આપું તે પહેલાં જો હું ગુજરી જાઉં તો આ મૃત્યુપત્ર દ્વારા એ મીલ્કતો એ ઉપરોક્ત કુંવરબાઇને સ્વતંત્ર માલિક તરીકે આપી જાઉં છું.

૪ મેં ગોવિંદજી કુબેરદાસ નામના એક જણને તેની ભીંડી બજાર, પરેલરોડની મીલ્કતપર બીજા ગીરોખતપર રૂા. ૫૦૦૦૦) (પચાસ હજાર) ધીરેલા છે, તે ગીરવી રતનચંદ હીરાચંદ જે ઇના-મદાર છે તેના નામનું છે. એ ગીરવી ઉપરોક્ત કુંવરબાઇના નામે ચડાવવા માટે હું ઇચ્છા રાખું છું, પણ તેમ કરતા પહેલા જો હું ગુજરી જાઉં તો એ ગીરવીમાં રહેલો મારો હક હું ઉપરોક્ત કુંવરબાઇને સોપી જાઉં છું.

૫ મારી હયાતીમા મે ઉપરોકત કુંવરબાઇને બક્ષીસ તરીકે દાગીના તથા રોકડ આપેલાં છે તે માત્ર તેની એકલાની માલિકીના છે. ઉપરાંત મારી હયાતીમાં મુંબઇમાંની તેમજ બીજે ઠેકાણે ચાલતી દુકાનો જે હું એકલો અથવા ભાગીદારીમાં ચલાવતો હતો તેમાંના મારા હકક, હિસ્સા અને ભાગ પણ બક્ષીસ તરીકે મેં ઉપરોકત કુંવરબાઇને આપેલા છે અને તે માટેના જરૂરી હવાલા મેં સદરહુ પેઢીઓના સર્વ ચોપડામાં નંખાવેલા છે. આમ છતાં બીજી કોઇપણ દુકાન અથવા વેપાર જે મારા હોય અથવા જેમાં હું ભાગીદાર હોઉં, અને જેમાં આવા બાઈ કુંવરબાઇના નામના હવાલા ન ચડયા હોય તો તે સર્વ હકક, હિસ્સા વગેરે આ દ્વારા હું તે કુંવરબાઇને આપી જાઉં છું અને તે તે સર્વની એકલી માલિક બનશે અને નફા તથા સત્તા વગેરે જેવી રીતે હું જીવતો હોઉં ને ભોગવતો હોઉં તેવી રીતે તે ભોગવશે.

૬ ઉપરોકત બાઈ કુંવરબાઇને મારી બધી મીલ્કતો જે ભીંડી બજાર, પરેલરોડ (જેનો નવો સરવે નંબર ૧૦૨૮ સ્ટ્રીટ નં. ૧૬૦-૧૬૨-૧૬૪-૧૬૬ છે) માત્ર તેનેજ આપી જાઉં છું જે મારા મરણ પછી તેની સંપૂર્ણ માલિક બનશે.

૭ નરસી પીતામ્બરની વિધવા લાંચબાઈ તે મારી આગલી મરહૂમ પત્નીયાણીની પુત્રીને મારા મરણ પછી તેર મહિને રૂ. ૫૦૦૦) (પાંચ હજાર) રોકડા આપવા હુ કહી જાઉં છું.

૮ લીલાધર કચરાની વિધવા તે મારી બેન મણીબાઇને મારા મરણ પછી તેર મહિના પછી રૂ. ૨૦૦૦) રોકડા (બે હજાર) આપવા કહી જાઉં છું.

૯ ઉપરોક્ત કુંવરબાઈથી થયેલા મારા ત્રણ દીકરાઓ નામે મેઘજી, કરસનદાસ ને ગોકળદાસઃ એમાંના દરેકને તેમના લગ્નપર રોકડા રૂ. ૫૦૦૦) (પાંચહજાર) આપવા અથવા તેમને લાભ થાય તેવી રીતે મૂકવા કહી જાઉં છું. વળી ઉપરોકત કુંવરબાઈથી થએલી મારી દિકરી ગોદાવરીબાઈને તેના લગ્નપર રોકડા રૂ. ૫૦૦૦) (પાંચહજાર) આપવા અથવા તેને લાભ થાય તેવી રીતે મૂકવા કહી જાઉં છું. આ પ્રમાણે છોકરાઓમાંથી કોઇપણ પરણ્યા પહેલાં મરણ પામે તો તેનો ઉપર જણાવેલો હકક બાકીનાં છોકરાંઓમાં સરખે હિસ્સે વ્હેંચી દેવો.

૧૦. આ સિવાય મારી જે કંઈ સ્થાવર જંગમ મીલ્કત હોય તે ઉપરોક્ત બાઈ કુંવરબાઇને-ઉમરસી ગોવિંદની દીકરીને આપી જાઉં છું અને તે તેની એકલીનીજ માલિકીની ગણાશે.

૧૧. ઉપર પ્રમાણે ઉપરોક્ત બાઇ કુંવરબાઇને આપેલી સ્થાવર મીલ્કતોમાંથી કેટલીક અત્યારે ગીરો મુકાયલી છે. ઉપરોક્ત બાઈ કુંવરબાઇએ એ ગીરવીમાંથી મીલ્કતોને છોડવવા મીલ્કતોમાંથી બંદોબસ્ત કરી લેવો જોઇશે.

૧૨. આ ઉપરથી હું જાહેર કરૂં છું કે ઉપરોક્ત બાઈ કુંવરબાઇને જે મીલ્કતો મેં આપી છે તે માત્ર તેણીજ માલિકીની ગણાશે અને તેને તેની હયાતીમાં તેનો નીકાલ કરવા અથવા વીલ બનાવવા સંપૂર્ણ સત્તા રહેશે.

આજ તારીખ ૧૧મી એપ્રીલ ૧૯૨૧

આ ઉપર જણાવેલા કેશવજી દેવકરણે અમારા બન્નેની હાજરીમાં પોતાના છેલ્લા વીલ અને વસિયતનામા તરીકે સહી કરી દસ્કત કર્યા: તેની હાજરીમાં તેની વિનતિથી અમે બન્ને સાક્ષીઓએ સાક્ષી તરીકે અન્નેની પરસ્પર રૂબરૂ સહી કરી છે.	(સહી) કેશવજી દેવકરણ.

ધનજીશા હોરાંગશા નાણાવટી.
સોલિસીટરઃ મુંબઇ

(શાખ) નારણદાસ કરસનદાસ
નગીનદાસ હીરાચંદ

ઉપલું વીલ તેના કરનારને મારી રૂબરૂ તે સહી કરે તે પહેલાં તેને સમજાવવામાં આવ્યું છે.

(સહી) ડી. એચ. નાણાવટી
૧૧-૪-૨૧

આ નકલ તે સાચી નકલ છે તેની ખાત્રી આપવામાં આવે છે. તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૨૧

(સહી)
રજીસ્ટ્રારની વતી

વાંચનાર જોઇ શકશે કે પ્રોબેટમાં મરનાર ડા. કેશવજી દેવકરણ 'વિધુર' હતા તેવું જણાવેલું છે. તો 'વિધુર'ની 'વિધવા' ક્યાંથી હોય? ને 'વિધવા' હોય તો "વિધુર" કેમ કહેવાય? ખુદ ડા. કેશવજી દેવકરણના વીલમાં ધણીએ પોતે બાઈ કુંવરબાઇને ઉમરસી ગોવિંદની દીકરી જણાવેલી છે પણ કયાંય my wife 'મારી પત્ની' તરીકે ઓળખાવી નથી.

હવે કરાંચીવાળા શેઠ ભવાનજી નરશી ટોપીવાલાને મરહુમ ડા. કેશવજી દેવકરણે પોતાની હયાતી દરમ્યાન પોતે ન્યાતબહાર મૂકાયા પછી એક કાગળ લખેલો તે નીચે પ્રમાણેઃ

"ડમડાગલી માંડવી-પોષ્ટ
Bombay તા. ૧૮મી એપ્રિલ સન ૧૯૧૮

ડા. ભવાનજી નરશી ટોપીવાળા,
મુ૦ કરાચી

જત તમારો તા. ૧૫મીનો પત્ર મળ્યો છે, વાંચી બીના જાણી છે. તમારો વકીલ બહારગામ ગયેલ છે તે આવેથી કામ જલદીથી કરવા ઉતાવળ કરીશું. બીજું હમારે અહિંની હાલ સાથે વાંધો

પડેલો છે, તેથી હમારો વિચાર બહારગામની જ્ઞાતમાં જોડાઇ હમારા છોકરાઓનું સગપણ કરવાનો છે. એ બાબદમાં વધુ આપણે મળીશું ત્યારે મોંઢા મોંઢું વાત કરીશું તો પણ હું ટુંકમાં જણાવું છું કે મેં પુરકોમ એટલે ભાટિયાની કોમમાંથી સ્ત્રી લાવીને મારા ઘરમાં બેસાડી છે. તેના સંબંધમાં પોલીસ કોર્ટમાં કેસ પણ ચાલ્યો હતો તે બાદ એ સ્ત્રી મારા ઘરમાં રહી છે. અને લગભગ દસ બાર વર્ષ થયા છે, એ સ્ત્રી અગાઉ જ્ઞાતમાં તથા સગાવહાલાને ત્યાં મરણ તથા લગ્ન વગેરે પ્રસંગો ઉપર જમવા જતી પણ હતી, અગાઉ કોઈપણ વખતે જ્ઞાતે અટકાવ કર્યો નથી, પણ હમણા થોડા વખત અગાઉ જ્ઞાતમાં કોઈએ હમારી બાબદમાં અરજી કરી અને હમારો સવાલ ઉભો થયો. તેમાં જ્ઞાતે પૂછ્યું જે તમારી આ સ્ત્રાથી થયેલ છોકરાના મરણની ક્રિયા જ્ઞાતના ગોર ઘાનાઈ મારફતે તમોએ સાદ ફેરવ્યો તેથી તમો જ્ઞાતના ગુનેહગાર છો. હમોએ પોતાને બેગુનેહગાર જણાવ્યા અને જોઇતો ખુલાસો કર્યો. ત્યારે જ્ઞાતે એવું કહ્યુ જે "તમે જ્ઞાતને લખી આપો કે આ સ્ત્રીના પેટના છોકરા છોકરીને જ્ઞાતમાં પરણાવીશ નહિ, જો ન લખી આપો તો જ્ઞાત તમોને જ્ઞાતબહાર મૂકે છે" મેં લખી આપવા ના પાડી ને ખુલાસો કર્યો જે મેં કંઈ હમણાં કીધું નથી અને ભવિષ્યનું બંધન કરી આપું નહીં. આ વાંધાને લીધે જ્ઞાત સાથે વ્યવહાર નથી.

આ વાંધાને લીધે મારો વિચાર આ સ્ત્રીના પેટનાં છોકરાઓનું સગપણ બહારગામની જ્ઞાતમાં જોડાઇને કરવું છે. માટે તમો એવા માણસની તજવીજ કરશો કે જે આપણા જેવો ખાનદાની હોય અને જીકર કરે તેવો હોય તો જ સામો પડી શકે. એજ*

લી૦ કેશવજી દેવકરણની સઈ"

ઉપરના કાગળથી પણ એ વાત વધુ સ્પષ્ટ થઇ જાય છે કે ભાટિયાણી બાઇ કુંવરબાઇ મરહુમ ઠા. કેશવજી દેવકરણની વિધવા નથી પણ રખાત છે; છતાં 'લોહાણા હિતેચ્છુ' પત્રે તેને મરહુમ કેશવજી દેવકરણની 'વિધવા' જણાવી સમગ્ર લોહાણા જનતાને અંધારામાં રાખવાનો પ્રયાસ કર્યો છે અને લોહાણાનું હિત કરવાના મહામંત્ર નીચે એક વર્તમાનપત્રકારની પવિત્ર ફરજને વેગળે મૂકી છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના ઠરાવને અમાન્ય કરવાનું રાજકોટ મહાજનને કંઇ કારણ નહતું: વળી દીકરી દેનાર લોહાણો ધોરાજીનો રહીશ હોય ને હાલ રાજકોટમાં ન રહેતો હોય તો ધોરાજીને રાજકોટ સાથે કશો સંબંધ ન જ હોય. તો પછી રાજકોટ મહાજનને આ કામનો ભાર પોતાના ઉપર ઉપાડી લેવાનું પ્રયોજન નહોતું. વળી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને સ્થિતિનું સ્પષ્ટ સૂચન કરનારો વિગતસરનો કાગળ તથા એક તાર મોકલાવેલા તેના ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું નથી એટલે ઇરાદાપૂર્વક આ એક શ્રીમંત જાગીરદાર બાઇની તિજોરીમાં ચળકતા સિક્કાના આકર્ષણે રાજકોટ મહાજને કચ્છી લોહાણા મહાજનની અવગણના કરી જ્ઞાતિમાં કુસંપને આવાહન કર્યું છે એમ લોકો કહી રહ્યા છે.

---

*આજે મુંબઈમાં ગીરગાંવ બેકરોડ, પારસી ગલીમાં 'હેપીહાઉસ' નામે ઓળખાતું ઘર મૂળ ઠા. કેશવજી દેવકરણનું અને તે કરાચીવાળા શેઠ ભવાનજી નરશી ટોપીવાળાને વેચેલું. ત્યારથી શેઠ ભવાનજી નરશી ટોપીવાળા સાથે મરહુમ ઠા. કેશવજી દેવકરણ પરિચયમાં આવેલ અને પરિચય ગાઢ થયેલો. અને તે ઉપરથી પછી આવા પત્રવ્યવહાર ચાલેલા: આ પત્ર અમને ખુદ શેઠ ભવાનજી નરશી પાસેથી મળેલો હોવાથી અમે તેમનાં આભારી છીએ. લેખક.

કેટલાક નિયમો કે જે જ્ઞાતિના પ્રગતિમાર્ગમાં વિરોધ કરનારા હાલના યુગમાં જણાતા હોય તો તેને માટે લોકમત કેળવી તેમાં સુધારો કરાવવાની જરૂર છે; પણ સ્વચ્છંદીપણે તે નિયમોને તોડી જ્ઞાતિની છિન્નભિન્ન હાલત કરી દેવામાં ડહાપણ તો નથીજ. આથી તો જ્ઞાતિને અધોગતિના ખડક સાથે અથડાવવા જેવું થાય છે. જે ગામમાં લોહાણાઓની સંયુક્ત પરિષદનાં બંધારણો ઘડાયાં. જે ગામમા એક મહાજનના ઠરાવોને બીજા મહાજનોએ માન્ય રાખવાનો ઠરાવ પસાર કરવાની બાંગ પૂકારાઇ તે જ ગામના મહાજને કચ્છી લોહાણા મહાજનના ઠરાવ, કાગળ, તારને ઠોકરે મારી લોહાણા વિભાગમાં બેદિલી ફેલાવી કુસંપનાં બીજ રોપ્યાં એ પણ વિધિનાં વિધાન હશે!

રાજકોટ મહાજનનું આ કૃત્ય લોહાણાઓની પવિત્ર સંસ્કૃતિ ઉપર ઘા કરનારૂં છે. વ્યવહાર, ધર્મ કે જ્ઞાતિના સામાન્ય નિયમથી તે પ્રતિકુળ છે એ કહેવાની હવે જરૂર નથી. કોઇપણ જ્ઞાતિ પોતાના લોહીમાં ભેળસેળ થવા દેવાનું ઇચ્છે નહિ અને સંસ્કૃતિપર ઘા થતો લોહાણા ભાઈઓ સહન પણ કરી શકે નહિ એ દેખીતી વાત છે.

ભાટિયાણી બાઇ કુંવરબાઈ, જ્ઞાતિવ્યવહાર મુજબ મરહુમ ઠા. કેશવજી દેવકરણની પરણેતર કે પુનર્લગ્ન કરેલ કાયદેસરની પત્ની નહિ પણ રખાત છે. રાજકોટ મહાજનનું આ પગલું કેટલું અવાસ્તવિક તેમજ જ્ઞાતિમાં કલહનાં બીજ વાવનારૂં છે તે સિદ્ધ કરવાને આ પ્રશ્નનો સીધો સંબંધ હોવાથી જ્ઞાતિના ભલા માટે આ વાતની ખાત્રી કરી આપવા માટે જ આ પુસ્તકની સમાલોચનામાં મને મળેલા સાધનોનો મેં ઉપયોગ કર્યો છે. એમાં બાઈ કુંવર બાઇને ઉતારી પાડવાનો કે તેની બદનક્ષી કરવાનો બીલકુલ ઉદ્દેશ નથી એ હું સાફ સાફ શબ્દોમાં જાહેર કરી દઉં છું.

બાઇ કુંવરબાઇએ કાઠિયાવાડમાં જઇ પોતાના દીકરાનો સંબંધ બાંધવાના કાર્યમાં પોતાની સત્ય સ્થિતિનો સ્ફોટ ન કર્યો હોય તો તેમાં તે બાઇ દોષિત છે કે નહિ તે એક પ્રશ્ન છે; કારણકે તેની જગ્યાએ કોઇપણ બીજો હોય તો તે પણ ઇચ્છિત કાર્ય સાધવા માટે એમ જ કરે કે ન કરે એ પણ વિચારવા જોગ છે.

સ્થિતિ સ્પષ્ટ હોવા છતાં મુંબઇના ફાંટાબાજ શ્રીમંતો મારા જેવા લેખકોને પોતાના પૈસાના જોરે હેરાન કરવાને દબાવી દેવાને કેવા ઉંખઞ રસ્તાઓ લે છે તે પણ નીચેની બીનાથી વાંચનાર ભાઇ બહેનો જાણી શકશે.

અમે પ્રથમ જ જણાવ્યું છે કે અમે અણધાર્યા સંજોગોમાં મૂકાતાં આ પુસ્તકને બહાર પડતાં ઘણો વિલંબ થયો છેઃ હજી તો આ ઇતિહાસ તથા સમાલોચનાની જાહેર ખબર-પ્રગટ થતી હતી. તેમાંની બાબતો તો અમારા મગજમાં ભરેલી હતી. તે કાગળ ઉપર ચીતરાઇ નહોતી તે પહેલાં તો આ શ્રીમંત જાગીરદાર બનેલી બાઇ કુંવરબાઇએ, પોતાના સોલીસીટરો કે જે સોલીસીટરોની પેઢીમાં, "આપણે લોહાણા રઘુવંશી કે બાંવઢા?" નામક ઇનામી નિબંધના લેખક ભાઇ હીરાલાલ હરજીવન ગણાત્રા પણ ભાગીદાર છે, તે મોહીલે પારેખ અને ગણાત્રા.... સોલીસીટરો મારફત તા. ૧લી જુલાઇ સન ૧૯૨૫ના અમારી પાસેથી રૂ. ૧૦૦૦૦) ની નુકસાની તથા વગર શરતે માફી માગવાની માગણી કરનારી એક નોટિસ નીચે મુજબની મોકલીઃ

નોટિસની નકલ

"MOHILE PAREKH & GANATRA,
Solicitors.

36, Hummam Street,

Anandrao G. Mohile.
Jethalal P. Parekh.
Hiralal H. Ganatra.

BOMBAY 1st. July 1925.

PER REGD. POST.

Telephone No. 24827.

To,
No. G./127.

Narayan Goculdas Dosani Esqr.,
123, Gulalwadi,
Bombay. No. 4.

Sir,

Under instructions of our client Bai Cooverbai widow of Keshavji Devkaran we have to address you as under :—

Our client's attention has been drawn to an advertisement appearing in several magazines re the proposed publication of a book intituled "Lohana Prajano Itihas And Avalokan" i. e. History of the Lohana Nation and Review, in which advertisement several grossly defamatery statements have been made by you purposely to defame our client and to degrade her in the eyes of the public and injure our client's reputation, who is a respectable and well-to-do landlady with a large family. Our client apprehends that even more grossly defamatory statements are made in the said book.

Under the circumstances we are instructed to call upon and require you to pay to our client Rs. 10,000- as damages for defaming our client and to tender an unconditional apology to our client and also an undertaking to delete all defamatory references to our client from the said intended publication before publishing the same. We are also instruted to call upon and require you to produce for our inspection the printed portion of the said publication and the manuscript of the remaining portion forthwith. Please note that in default of your compliance with the above requisitions we have peremptory instructions to proceed against you at your entire risk as to all costs and consequences without any further intimation.

Yours truly,
Mohile Parekh & Ganatra
Solicitors, High Court."

ઉપરના અંગ્રેજીનો અનુવાદ

મેસર્સ મોહીલે, પારેખ અને ગણાત્રા.
સોલિસીટરો

આણંદરાવ જી. મોહીલે
જેઠાલાલ પી. પારેખ
હીરાલાલ એચ. ગણાત્રા

ટેલીફોન નં. ૨૪૮૨૭

૩૬, હમામ સ્ટ્રીટ
મુંબઈ, તા. ૧લી જુલાઈ ૧૯૨૫

રજીસ્ટર્ડ ટપાલથી

નં. જી. ૧૨૭
નારાયણ ગોકળદાસ ડોસાણી જોગ
૧૨૩, ગુલાલવાડી, મુંબઇ નં. ૪

સાહેબ,

અમારા કુળ બાઈ કુંવરબાઈ તે કેશવજી દેવકરણની વિધવા. તેમના કહેવાથી અમોને તમને નીચે પ્રમાણે લખવું પડે છે.

'લોહાણા પ્રજાનો ઇતિહાસ અને અવલોકન' એ નામનું એક પુસ્તક પ્રગટ કરવાનો તમે ઈરાદો રાખો છો. જેના સંબંધમાં કેટલાક સામયિક પત્રોમાં આવતી જાહેરખબર તરફ અમારા કુળનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે; જે જાહેરખબરમાં કેટલીક ભારે બદનામી કરનારી હકીકતો તમે રજુ કરેલી છે. અમારૂં કુળ, જે એક આબરૂદાર અને શ્રીમંત જાગીરદાર હોઈ બહોળું કુટુમ્બ ધરાવે છે તેની બદનામી થાય, જાહેરની નજરમાં ઉતરી પડે, અને તેની આબરૂને ધોકો પહોંચે એવા ઇરાદાથી તમારા તરફથી તે જણાવવામાં આવી છે. સદરહુ પુસ્તકમાં એથી વધુ બદનક્ષી ભરેલી બાબતો લખાયલી છે એવો અમારા કુળને ભય છે.

આ સંજોગોમાં અમને કહેવામાં આવ્યું છે કે અમારા કુળને બદનામ કરવા માટે તમારી પાસેથી રૂ. ૧૦૦૦૦) નુકસાનીના માંગવા અને તે ભરી દેવા માટે તમારા પર ફરજ પાડવી તથા બીનશરતી માફી માગવી તેમજ એવી ખાત્રી આપવી કે એ પ્રગટ થનારા પુસ્તકમાંથી અમારા કુળને ઉદ્દેશાયલા સર્વ બદનામી ભર્યા સંબોધનો તેને પ્રગટ થતાં પહેલાં કાઢી નાખવા. અમને બીજું પણ એ સુચવવામાં આવ્યું છે કે તમારી પાસેથી છપાઈ ગયેલા પાનાઓ તથા બાકીનો હાથનો લખેલો ભાગ અમારી તપાસ માટે અમને સોંપવા માટે તમારી પાસે માંગવો અને તેમ કરવા તમને ફરજ પાડવી. મહેરબાની કરી નોંધ લેજો-ઉપલી માગણીઓ પૂરી નહિ પાડો તો તમને બીજી ચેતવણી આપ્યા વગર તમારી વિરૂદ્ધ તમારે હિસાબે અને જોખમે પગલાં ભરવા માટે અમને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

સાચે સાચ તમારા જ
(સહી) મોહીલે પારેખ અને ગણાત્રા:
સોલિસીટર્સ—હાઇકોર્ટ"

હું અગાઉ ખુલ્લા શબ્દોમાં જાહેર કરી ગયો છું કે આ એક આબરૂદાર અને શ્રીમંત જાગીરદાર, બહોળું કુટુમ્બ ધરાવનાર બાઇ કુંવરબાઇની બદનામી કરવા, કે તેને જાહેરની નજરમાં ઉતારી પાડવાનો મારો મુદ્દલ હેતુ નથી. હું બાઇ કુંવરબાઇ કે તેના બાળકોને દીઠેય ઓળખતો નથી. તેઓના પ્રસંગમાં જીંદગીભરમાં આવ્યો નથી. તો પછી મારે ને તેઓની વચ્ચે અંગત દ્વેષભાવ કે દુશ્મનાઇની વાત તો હોયજ શી રીતે?

રાજકોટ મહાજનનું પગલું કચ્છી લોહાણા વિભાગનું ભયંકર અપમાન કરનારૂં અવાસ્તવિક તથા જ્ઞાતિમાં કુસંપ ઉભો કરનારૂં છે, એ સવાલ સાથે કુંવરબાઇ તે કેશવજી દેવકરણની પરણેતર કે પુનર્લગ્ન કરેલી પત્ની નથી પણ રખાત છે એ બાબત સીધો સંબંધ ધરાવે છે. અને લોહાણા વિભાગોમાં કુસંપના વાદળાંઓ વિખેરી નાંખવાના પવિત્ર ઉદ્દેશે આ સ્થિતિ સ્પષ્ટ કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી તેટલા માટે જ માત્ર આ એક જ પ્રશ્નને લગતાં સાધનોનો ઉપયોગ મેં અહીં પવિત્ર હેતુએ કર્યો છે.

ઉપર પ્રમાણે હકીકતો મને મળતાં આ નોટીસનો જવાબ આપવાની મને સલાહ મળી નહોતી અને તેથી તેનો જવાબ મેં આપ્યો નથી. છતાં પણ એ શ્રીમંત જાગીરદાર બાઇનો ઇરાદો પોતાના લક્ષ્મીના જોરે મને હેરાન કરવાનો હોય તો તેને પુગી વળવા હું તૈયાર છું અને આમાં લખેલી સત્ય બાબતોને પૂરવાર કરવાની મને તક મળશે.

લોહાણાઓના હિત કરવાનો મૂદ્રાલેખ છાતીએ રાખનાર ' લોહાણા હિતેચ્છુ ' પત્રે આ બીજી દુ:ખદ ઘટનામાં કેવો ભાગ ભજવી પોતાના મૂગ મંત્રનું સાર્થક કરી બતાવ્યું છે તે વાંચનાર ભાઇ બ્હેન સમાલોચનાના અવલોકનથી ખ્યાલ કરી શકશે.

આ ઉપરથી એ તો હવે ખુલ્લું દેખાઇ આવ્યું છે કે જ્ઞાતિના હિતને માટે જન્મેલા ' લોહાણા હિતેચ્છુ ' પત્રના સ્વામીએ શ્રી કચ્છી લો. મહાજન તરફથી તાર તથા કાગળ મળવા છતાં ઇરાદાપૂર્વક આ ભાટિયાણી બાઇને મરહુમ ઠા. કેશવજી દેવકરણની વિધવા જણાવી લોહાણા જનતાની આંખે પાટા બંધાવવાનું મહાન પાપ કર્યું છે. તે માટે ' લો. હિતેચ્છુ'ના અધિપતિ અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ જાહેર કરે, અને એકલા કચ્છી લો. વિભાગની જ નહિ પણ સમસ્ત લોહાણા આલમની બીનશરતી માફી માગે અને હવે પછી આવું નહિ કરવાની શુદ્ધ હૃદયથી ખાત્રી આપે: અગર જો પોતે દુરાગ્રહને વળગી જ રહે તો પછી 'લોહાણા હિતેચ્છુ' માટે લોહાણા ભાઇઓ ઘટતા પણ અસરકારક પગલાં લેવાનો તાબડતોબ વિચાર કરવા પ્રવૃત થાય એ સ્વાભાવિક છે,

આથી એક વાતની ખાસ અગત્ય જણાશે કે લોહાણા જેવી વિશાળ જ્ઞાતિમાં એક સારામાં સારા નીડર, નિષ્પક્ષપાતી સત્યચાહક અઠવાડિક પત્રની ખાસ આવશ્યકતા છે: અને તે માટે સાધનો અને સંજોગો અનુકુળ કરવા હું વિચારી રહ્યો છું. અમારા ભાઇ બહેનોની સાચા જીગરની સહાનુભુતિ હશે તો મને શ્રદ્ધા છે કે એ મનોરથો પાર પડેલા પણ પ્રભુ નજદીકના ભવિષ્યમાં બતાવશે.

'ઇતિહાસ અને અવલોકન' એ આ પુસ્તકનો અગત્યનો વિભાગ છે અને તે તૈયાર કરવામાં નીચે મુજબ ગ્રંથોની સહાય લીધી છે.

સારસ્વત સર્વસ્વ, ભારત કે પ્રાચીન રાજવંશ, હિન્દી રાજસ્થાન, ભારતનો પ્રાચીન ઇતિહાસ, રા. ઉદ્ધવજી કૃત લો. ઇતિહાસ, કચ્છનો ઇતિહાસ, સોરઠી તવારીખ, રાસમાળા, ભારત રાજ્ય મહા મંડળ, વ્યાસ શીવજી ભાગ્યચંદ કૃત સારસ્વતોપાખ્યાન અને ક્ષત્રિયોત્પતિ, રાજ તરંગિણિ. લાહોરના શિવદત્ત ભટ્ટનો હસ્તલિખિત ગ્રંથ, મનુસ્મૃતિ, મત્સ્ય પુરાણ, વિષ્ણુપુરાણ આદિ શાસ્ત્રીય ગ્રંથો, મહાભારત, રામાયણ અમરલાલ ચરિત્ર History of Sindh, Punjab Gazetteer, Tribes and Casts of Bombay, Civilization of Ancient India તથા ૧૯૦૧નો સેન્સસ રિપોર્ટ વગેરે ગ્રંથકર્તાઓનો હું આભાર માનું છું.

વાંચનાર ભાઇ બ્હેનો જોઇ શકશે કે આ ઇતિહાસ અને સમાલોચનાને લગતાં સાધનો મેળવવામાં મેં જરા કે જહેમતની જરાય પરવા કરી નથી. પ્રથમ એકલો ઇતિહાસ જુદા પુસ્તક રૂપે બહાર પાડવાનો ઇરાદો હતો, તેમાં સમાલોચના વિભાગ ઉમેરવાથી પુસ્તકનું કદ લગભગ ડબલ કરતાં પણ વધુ થઇ જવાથી કિંમતમાં સ્હેજ વધારો કરવો પડયો છે; પણ આ પુસ્તક તૈયાર કરવામાં જે શ્રમ ઉઠાવ્યો છે ને જે ખરચ થયાં છે તે તરફ નજર કરતાં આ કિંમત બહુ નજીવી ગણાશે. આમ છતાંય જે ભાઇ બ્હેનોએ અમારી પ્રથમની જાહેરાત ઉપરથી તે કિંમતના પૈસા મોકલી આપ્યા છે તેઓને તો તે જ કિંમતે આ પુસ્તક આપવાનો મેં નિશ્ચય કરેલ હોવાથી તેઓની ધીરજ અને મારાપરના વિશ્વાસનો મેવડો બદલો તેઓને મળી રહેલો ગણાશે.

સમાલોચનાના કાર્યમાં મારા સ્નેહી ભાઇ આણંદજી મૂળજી નથુ પાંધી, શેઠ ધારસિંહ હેમરાજ તથા શેઠ શિવદાસ ચાંપસિહ કારિયા તથા જે જે ભાઇઓએ સાધનો મેળવવામાં મારો સમય બચાવી, પોતાના સમયનો ભોગ આપી, મને સહાય કરી છે, તે માટે તેઓ સર્વનો હું મુક્ત કંઠે આભાર માનું છું.

ઉપરાંત મારા અનહદ પ્રવૃત્તિમાન સંજોગો નિહાળી મારા પરમ સ્નેહી ભાઇ દેવજી ત્રીકમદાસ કારિયા (બી. એ. એલએલ બી. હાઇકોર્ટ પ્લીડર) એ આ પુસ્તક પ્રકાશનનો બધો ભાર પોતાના ઉપર ઉપાડી લઇને મને સગવડતા કરી આપી છે, તે બદલ એ ભાઇનો આભાર તો મારાથી કદી ભુલાઇ શકાશે નહિ. આ પુસ્તક વગર કોઇ પણ લોહાણા ભાઇનું ઘર સુનું ન રહે એ જોવાના મારા અભિલાષ છે.

હવે એક અગત્યની વાત કરી લઉં, તે એકે જ્યારે ભાઇ નારાયણ ઠક્કુરકૃત 'આંવદા એટલે રઘુવંશી' નામે ઇનામી નિબંધનો પ્રતિવાદ બહાર પડયો ત્યારે તે નિબંધના અંતે લેખકે બળતા હૃદયે કંઇક જ્વાળાઓ બહાર કાઢી છે તે ઉપરથી અમે અમારી શંકાઓનું સમાધાન કરવા માટે એ પ્રતિવાદના પ્રકાશક શેઠ ધારસિંહભાઇ હેમરાજ કે જેઓ શ્રી કચ્છી લોહાણા મહાજનના પણ એક કાર્યકર્તા છે, તેમને મળ્યા. તેઓએ અમારા પ્રશ્નોના કરેલ ખુલાસાઓથી અમને તો સંતોષ થયો પણ બીજા હાલાઇ ઘોઘારી ભાઇઓના હૃદયમાં પણ કોઇ અવનવી માન્યતા દૃઢ ન થઇ જાય તે માટે એઓશ્રીએ પોતાના તરફનો ખુલાસો લખીને પણ મને આપ્યો જે પણ જ્ઞાતિના ભલા માટે અહીં આપવો ઉપયોગી થઇ પડશે. ને તે નીચે પ્રમાણે:

જ્ઞાતિમાં પડેલ મતભેદનો ખુલાસો:

"ભાઈશ્રી રાઘવજી પુરૂષોતમે ઇનામી નિબંધ બહાર પાડયા પછી લોહાણા જ્ઞાતિમાં કોળાહળ થયો અને તેનો જવાબ જરૂર આપવો જ જોઇએ. એવી ઈચ્છા કચ્છી ભાઇઓમાં પ્રબળતાથી પ્રસરી રહી. તે ઈચ્છાને માન આપી મારી શક્તિ અનુસાર સાધનો એકત્ર કરી ભાઈ નારાયણ વિસનજી ઠક્કુરને મેં આપ્યાં; અને તે ભાઇએ જવાબરૂપે લેખ લખી આપ્યા અને તેનો પ્રકાશ મે કરાવ્યો. પણ ત્યારપછી કેટલાક હાલાઇ ભાઈઓને મારા તથા ભાઇ ઠક્કુર તરફ અભાવ આવ્યો છે અને તેઓ એમ માને છે કે કચ્છીઓ અને હાલાઈઓ વચ્ચે ભવિષ્યમાં એકતા ન થાય અને પરસ્પર દ્વેષ રહ્યા કરે એવી અમારી ઉભયની ઇચ્છા છે. અને તેવા આંશયનું લખાણ અમો બન્ને જણાઓએ જાણી બુજીને અમારા પુસ્તકમાં દાખલ કરેલ છે, આવી માન્યતા ફેલાઈ છે. એમ જ્યારે 'લોહાણા રત્નમાળા' ના કર્તા ભાઇ નારાયણજી ગોકળદાસ ડોસાણીએ મને કહ્યું ત્યારે મને ભારે અજાયબી ઉપજી: કારણકે મારી આ જીન્દગીમાં એવું એક પણ કૃત્ય કરેલ નથી કે જેથી જ્ઞાતિમાં વેર વધે. અત્રે મારે જણાવવું જોઇએ કે જ્ઞાતિ શબ્દની મારી વ્યાખ્યા માત્ર કચ્છી પરત્વે જ નથી પરંતુ હું માત્ર લોહાણા બંધુઓ માટે લખું છું. હાલાઈ કે ગુજરાતી કે ઘોઘારી તમામ લોહાણા મારા બંધુઓ જ છે અને હાલાઈ એ એક વિભાગ ભલે છે પણ લોહાણા તો છે જ.

પણ જો સગો ભાઈ પણ હોય ને અનીતિને રસ્તે જતો હોય તો એના દોષ જાહેરમાં કહી નાખવામાં ગુન્હો કે અપરાધ નથી એવી મારી માન્યતા હોવાના કારણે હાલાઇ ભાઇઓએ કચ્છીઓને જે અન્યાય કરેલ છે તે માત્ર જાહેરમાં લાવી તેમની ભૂલો બતાવવી: એટલાજ હેતુથી કંઈક કઠોર શબ્દોનો પ્રયોગ ભાઈ ઠક્કુરે કરેલ છે એ વાત સાચી છે પણ તેથી એમ તો નથીજ ઠરતું કે ભાઈ ઠક્કુરની અને મારી મનોવૃત્તિ હમેશાં વેર વધારવાની અથવા તો હવે પછી કચ્છી અને હાલાઇઓ વચ્ચે સમાધાન ન થાય તો સારૂં એવી છે.

ઘણા માણસોનું માનવું એવું હોય છે કે કાણાને કાણો ન કહેવો પણ કંઈક યુક્તિવાળી ભાષા વાપરવી અને કડવાશની જગ્યાએ મીઠાશ હોય તો કહેલી વાત તરત સફળ થાય છે. એ વાત સાચી છે કે કેમ એ સવાલને બાજુપર મૂકી તેવું કહેનારાઓને મારો જવાબ એ છે કે: સાચું બોલવું તે સાથે પ્રિય બોલવું એ કાર્ય કેટલું કઠણ છે તેનો તોલ પણ કરવાની જરૂર છે. વળી કેવા માણસ સાથે કેમ વર્તન રાખવું એ પણ સમય ઉપર આધાર રાખે છે.

ભાઈ રાઘવજી પુરૂષોત્તમના સલાહકારો વિદ્વાનમાં પોતાને ખપાવે છે અને મોટા ધારાશાસ્ત્રી છે એટલુંજ નહિ પણ તે ઉભય વ્યક્તિઓ એક સોલિસીટર અને બીજા બારીસ્ટર છે. તેમણે કચ્છી મહાજનને પેટ ભરીને ગાળો ભાંડ્યા છતાં હાલાઈ ભાઇઓએ મી. હીરાલાલને એક જાહેરસભા એકત્ર કરી માનપત્ર પણ આપેલ; તે સભામાં તેમણે ઈનામી નિબંધ લખવામાં ભૂલ કરી છે એટલા શબ્દો પણ જો મુંબઈના હાલાઈ મહાજને ઉચ્ચાર્યા હતે તો પણ કચ્છીભાઇઓને થોડેક અંશે સમાધાન માની લેવાનું કારણ રહેત, પણ તેમ તો થયું ન હતું. તદુપરાંત કેશવજી દેવકરણની રાખેલીના છોકરાને રાજકોટના મહાજને એકવાર ન્યાતબહાર મૂકી તેનું થયલ સગપણ રદ કરાવેલ તેજ મહાજને ફરી તેજ સગપણ કાયમ કરી તેને પાવન કરેલ છે. આ વાત કંઈ ખુણામાં તો નથીજ બની; પણ જાહેર છાપાઓમાં ચર્ચાઈ છે. અને હજી સુધી હાલાઈ ભાઈઓ આવાં કાર્યોને ધિક્કારવાની કશી કોશેશ નહિ કરતાં મૌન રહ્યા છે તો તેપરથી શું એ સિદ્ધ નથી થતુ કે કચ્છીઓની મૈત્રિ માટે હાલાઇઓ બેદરકાર રહ્યા છે?

આટલા લંબાણ ઉત્તર આપ્યા પછી જે બંધુઓને અમારા લખાણથી માઠું લાગેલ હશે તેમના હૃદયનું સમાધાન થઈ જશે . . . છે.

ભાઈ ઠક્કુર અને હું પોતે હાલાઇ ભાઇઓને કચ્છીઓ વચ્ચે જે ફાટ પડી છે તે સકારણ છે છતાં સાંધવા ખુશી છીએ. ઘણાજ પ્રેમથી અમે અમારા હાલાઈ ભાઇઓ સાથે એકતા સાધવા તત્પર છીએ એટલુંજ નહિ પણ અમારા અન્ય કચ્છી બંધુઓને સમજાવવા-વિનવવા પણ તૈયાર છીએ.

વધારામાં જણાવવાનું કે જે લખાણ ('બાંવઠા એટલે રઘુવંશી' નામક નિબંધ) અમારા તરફથી બહાર પડેલ છે તે વૈમનસ્ય ટાળવા માટેજ હતું; નહિ કે વધારવા માટે; પણ મારા હાલાઈ ભાઇઓએ એ પણ ધ્યાન રાખવાનું છે કે મૈત્રિ એક તરફથી થાય નહિ. ઉભય પક્ષને તેની આકાંક્ષા હોવી જોઇએ.

લી૦ જ્ઞાતિસેવક

ધારસિંહ હેમરાજ"

શેઠ ધારસિંહભાઇના ઉપરોક્ત ખુલાસા ઉપર હું સર્વ હાલાઇ ધોધારી ભાઇઓનું ધ્યાન ખેંચું છું.

અમને જ્યારે ખબર પડી કે આ બાઇ 'લોહાણા હિતેચ્છુ'ના કહેવા મુજબ સ્વ. ઠા. કેશવજી દેવકરણની 'વિધવા' નથી પણ આમ બાબત છે ત્યારે સપ્ટેમ્બર સન ૧૯૨૪ ના સમાજજીવનના અંકમાંની 'અમારી નોંધ'માં નીચે મુજબ આ અઘટિત કાર્ય પરત્વે સર્વનું ધ્યાન ખેચ્યું હતું:

રાજકોટ લોહાણા મહાજનને નામે નિર્ણય

ગયા ૧૯૨૩ના સપ્ટેમ્બર માસની ૧૪ મી તારીખે રાજકોટ લોહાણા મહાજનના નામે, ભાટિયા જ્ઞાતિની કુંવરબાઇ નામની સ્ત્રીને, તેના લોહાણા ઉપપતિથી ઉત્પન્ન કરેલાં બાળકોને પાવન કરવામાં આવ્યાં. અને આથી કરીને કચ્છી લોહાણા સૃષ્ટિમાં ભારે ખળભળાટ થઇ રહ્યો છે. સદરહુ ભાટિયાણી બાઇ કુંવરબાઇ પોતાના વિવાહીત ભાટિયા પતિના મૃત્યુ પછી નહિ પણ તેની હયાતી હોવા છતાં કચ્છી લોહાણા ગૃહસ્થ શેઠ કેશવજી દેવકરણના ઘરમાં ઉપપત્ની તરિકે-રાખ તરિકે રહી હતી. અને તેનાથી આ સંતાનો ઉત્પન્ન થયાં હતાં. જ્ઞાતિના નિયમોથી વિરૂદ્ધ ઠા. કેશવજી દેવકરણનાં આ નિંદ્ય આચરણથી મુંબઇના કચ્છી મહાજને તેની સાથેનો વ્યવહાર બંધ કર્યો હતો. કાળ કોઇને મૂકતો નથી; ઠા. કેશવજી-દેવકરણનો દેહાન્ત થયો. અને પછીથી આ 'જારજ' પુત્રોને વસાવવાનો પ્રશ્ન કુંવરબાઇને મુંઝવણ ભરેલો થઇ પડયો હતો. મરનાર ઠા. કેશવજી દેવકરણે લગ્ન કે પુનર્લગ્ન હિંદુ કાયદા મુજબ કે જ્ઞાતિના નિયમ મુજબ આ બાઇ સાથે કરેલું નહોતું; અને તે કુંવરબાઇનો વિવાહીત ભાટિયો પતિ હયાત પણ હતો. આટલું છતાંય શેઠ કેશવજી દેવકરણના મૃત્યુ પછી તે કુંવરબાઇની ફરજ પોતાનાં બાળકોને પાવન કરી લોહાણા જ્ઞાતિમાં ભેળવી ... ઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને શરમે જણાવી હતી; તેમ તે બાબતે ન કર્યું ...

બુદ્ધિથી સમન્વય તેવી વાત છે કે, વિશાળ લોહાણા જ્ઞાતિના કચ્છી, ઘોઘારી ને હાલાઇ, એ ત્રણે વિભાગમાં કન્યાઓની અછત ન હોવાને લઈને એક વિભાગ વાળાને બીજા વિભાગમાંથી કન્યા શોધવા જવાની જરાય જરૂર પડતી નથી. ત્યારે કચ્છી લોહાણા ભાઇનાં બાળકો માટે હાલાઇઓમાં કન્યા શોધાય તો તે કાં તો તેના વિભાગમાં તેની આબરૂ ન હોય, કાં તો કાંઈક વાંધાવાળું હોય ને કાં તો કાંઈક બીજાં કારણો હોય. આવી હીરા જેવી વાત હોવા છતાં ધોરાજીના લોહાણાએ પોતાની કન્યા આ 'જારજ' પુત્રને આપી. ને સમસ્ત હાલાઈ લોહાણાઓને માટે સભ્ય જગત્‌માં નીચું જોવરાવવા જેવું કર્યું, એમ કહેવામાં અતિશયોક્તિ નથી, અને ઉપરથી રાજકોટના લોહાણા મહાજનને નામે આ બાળકોને જ્ઞાતિમાં લઈ લેવામાં આવ્યાં એટલે આ અનુચિત પગલાંપર આ કેસની મહોર મરાઈ.

રાજકોટ લોહાણા મહાજનની સભાના પ્રમુખ શ્રીયુત ગોરધનદાસ લાધાભાઈ વકીલ હતા અને તેઓએ એક વકીલ તરિકે આ કુંવરબાઇના સંતાનોનો કેસ હાથમાં લીધો હોય એમ તેમના તે સભામાંના વિવેચનથી સમજાઇ શકાય છે. આમ થવાનાં કારણોના ઉંડાણમાં ઉતરવાની અમને કંઈ જરૂર જણાતી નથી:

આવાં અન્ય જ્ઞાતિની શાખથી ઉત્પન્ન થયેલાં બાળકોને પાવન કરી શકાય કે નહિ? તેની શાસ્ત્રિય ચર્ચામાં ઉતરવા અમે ઇચ્છતા નથી. તેમ શાસ્ત્રપારંગત હોવાનો અમે દાવો પણ કરતા નથી. પણ એ સાદી બુદ્ધિથી પણ સમજાય કે તેને પાવન કરવા, ન કરવાનો અધિકાર શાસ્ત્રપારંગત ધર્મગુરૂઓની સંમતિ લઇને મુંબઇના કચ્છી લોહાણા મહાજનનો હતો રાજકોટના હાલાઇ લોહાણા મહાજનનો નહિ. સાંભળવા મુજબ રાજકોટના મહાજનના નામે આ નિર્ણયથી રાજકોટની લોહાણા જ્ઞાતિમા અસંતોષનાં બીજ રોપાયાં છે. અને જો તે વાત ખરી હોય તો રાજકોટની લોહાણા જ્ઞાતિની એ ફરજ છે કે મહાજનના નામે પોતાને મોભાદાર ગણાવતા એ ત્રણ આસામીઓના આ પગલાંને ખુલ્લાં પાડી ઠરાવ કરવો કે આ નિર્ણય રાજકોટના લોહાણા મહાજનને નામે અપાયલો તેમાં અમો સંમત નથી. અને એમાંજ જ્ઞાતિ મહાજનની પ્રતિષ્ઠા છે. સદરહુ ભાટિયાણી બાઇ કુંવરબાઇએ રૂા. ૧૦૦૦૦)ની રકમ ચોકસ આસામીઓના નામપર જ્ઞાતિ અર્થે આપવા રાખી હતી તે ચોકસ આસામીઓ કયા? તે ચોકસ આસામીઓને એવી સત્તા કોણે આપેલી હતી? પછીથી તે રકમ રાજકોટ લોહાણા જ્ઞાતિને મહાજન વાડી ઉપર મેડી ચહડાવવા આપી દીધી. આ બધું ભેદભર્યું જણાય છે. રાજકોટ લોહાણા મહાજનનાં આ કામથી મુંબઇના કચ્છી લોહાણા મહાજનના મોભાને ફટકો લાગ્યો છે. અને તેથી તેઓએ, કહેવાય છે કે આ ભાટિયાણી કુંવરબાઈ તરફથી દામ મળે તે કચ્છી લોહાણા બંધુઓને પૈસે ચાલતી વિદ્યાવર્ધક સંસ્થાઓએ નહિ સ્વીકારવાનો ઠરાવ કર્યો છે. અને એમ કરી પોતાનો મોભો અને સંસ્કૃતિનું અભિમાન બતાવી આપ્યું છે. રાજકોટ લોહાણા મહાજન આવી સ્ત્રીના પૈસાથી મહાજન વાડીની મેડી ચણાવી તેમ મહાલે તેના કરતાં કુદરતની રમ્યભૂમિનાં હરિયાળાં વૃક્ષ નીચે બેસી જમે તે વધુ શોભાભર્યું છે. સભ્ય જગત્‌માં હાલાઇ મહાજનનાં આ કામથી પ્રતિષ્ઠા ખોવાય છે. રાજકોટ લોહાણા મહાજનના આ નિર્ણય તરફ પોતાની પસંદગી નથી તેવા ઠરાવો દરેકે દરેક ગામના મહાજને પસાર કરી મુંબઈ શ્રી કચ્છી લોહાણા મહાજનને મોકલી આપવામાં જ હાલાઈ મહાજનોનું ગૌરવ છે. આશા છે, તેઓ આ સુચનાપર લક્ષ આપી આ ત્રણે વિભાગની એકતાને વધુ મજબુત કરશે."

અંતમાં આ ગ્રંથ વીર ક્ષત્રિય જાતિના વંશધર લોહાણા ભાઇઓની ભાવી જનતાને પોતાના પૂર્વકાળની પ્રતિભાથી જ્ઞાત કરી તેમનામાં અનન્ય જાત્યાભિમાન ઉત્પન્ન કરી જીવન સાફલ્ય કરવામાં અતિ ઉપયોગી નીવડે. અને એકાદ બે દુઃખદ ઘટનાઓથી જ્ઞાતિના વિભાગોમાં જે ભેદિલી ફેલાઇ છે, એકતા ભયમાં આવી પડેલી છે, તે પુનઃ સધાય અને પરસ્પરના મતભેદો દૂર થઇ 'શિવ, બ્રહ્મા અને વિષ્ણુ સમ એ હાલાઇ ઘોઘાઇ ને કચ્છી વિભાગો અંતરના ઉમળકાથી સ્નેહભાવે એકત્ર થઇ પરિષદ દ્વારાને પધરાવી જ્ઞાતિહિતનાં અનેક પ્રકારે ઉપયોગી કાર્યો કરવા કટિબદ્ધ થઇ જાય એ જોવાની મહેચ્છા સાથે વીરમું છું.

[illegible]

અનુક્રમણિકા.

લોહાણા પ્રજાનો ઇતિહાસ

અને

અવલોકન.

પ્રાચીનકાળમાં બીજી પ્રજાઓ જ્યારે જંગલીમાં જંગલી સ્થિતિ ભોગવતી હતી ત્યારે ભારતવર્ષ આચારવિચારમાં સર્વોપરી હતો. સંસારને સભ્યતાનો શિક્ષા આપતો હતો, સાહિત્યનો સાગર હતો, અનેક વિદ્યાઓનું સ્થાન હતો. અન્ય દેશના યાત્રુઓ [illegible], [illegible] અને વિદ્યાધ્યયન માટે આ ભારતવર્ષમાં આવતા. આજે [illegible]

ઉચ્ચ ભાવનાઓ અને દૃઢ અનુભવપર સ્થપાયલી આ પૂણ્યભૂમિ ભારતની સંસ્કૃતિ સર્વદેશીય હતી; એ તેમણે લખેલા વેદ, ઉપનિષદ, દર્શન, શ્રુતિ, સ્મૃતિ, રામાયણ, મહાભારત, પુરાણ, ધર્મશાસ્ત્રો આદિ ગ્રંથોથી સિદ્ધ થાય છે. આજે કાળના વહન સાથે અનેકવાર સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્રાન્તિઓ થવાથી તે જ ભારતવર્ષની પ્રાચીન કીર્ત્તિ અને વિદ્યા સાથે તેના સાચા ઇતિહાસનો પણ લોપ થયો છે. જો તેનો ઇતિહાસ આદિથી અંત સુધી સચવાયલો હોત તો દુનિયાને આજે નવું તત્વ પૂરૂં પાડી શકતે.

પ્રાચીનકાળથી જ ભારતવર્ષની પ્રજા પ્રવૃત્તિ માર્ગ કરતાં નિવૃત્તિ માર્ગને શ્રેષ્ઠ સમજતી હોવાથી તે મનુષ્યની સાંસારિક કથાઓ આલેખવા કરતાં ધાર્મિક કથાઓ લખવી વધુ પસંદ કરતી. એટલે કે આ માયારૂપી જૂઠાસંસારની ઐહિક ખટપટો—બનાવો ને પ્રપંચોની યાદગીરી જાળવનારાં ઐતિહાસિક સાધનો સંગ્રહી રાખવા તરફ બહુ જ થોડું લક્ષ આપતી હતી.

જુદા જુદા કારણોને લઇને મહારાજાશ્રી હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, અને ભગવાનશ્રી રામચંદ્રજીનો કીર્ત્તિ પ્રકાશ ઘનપટલને વેધીને આજ દિન સુધી ભારતમાં પ્રકાશી રહ્યો છે. મહાભારત કરતાંય રામાયણની વાત અધિક લોકવિખ્યાત છે. રામાયણે ભારતવર્ષના લોકો ઉપર ઉંડી અસર કરી છે. આ મહાકથાઓ ઇતિહાસરૂપે નહિ પણ તેમાંની સાદાઈ, અપૂર્વ આત્મત્યાગ, અડગ ટેક, ઉત્કૃષ્ટ કુટુમ્બભાવના, વ્યવહારિકતા અને નીતિની શિક્ષક હોવાથી તે બહુ અંશે ધાર્મિકભાવે જ જળવાઈ રહી છે.

જે જે સમયે જે જે ધ્યેયો તેના પ્રણેતાઓએ ભારતવર્ષના લોકો પાસે અંગીકાર કરાવ્યા તે તે ધ્યેયને ધર્મનું સ્વરૂપ આપીને જ કરાવ્યા છે. શ્રી કૃષ્ણે અર્જુનને યુદ્ધ કરવાનો ઉપદેશ ધર્માકારે આપ્યો હતો. ૫૦૦ વર્ષ પહેલાં ગુરૂ નાનક અને ગુરૂ ગોવિંદસિંહ ધર્મના બોધદ્વારા જ શીખ જાતિને ઉત્તમ યુદ્ધવિશારદ જાતિ બનાવી શકયા. રામદાસ સ્વામી શિવાજીને ધર્મોપદેશવડે જ હિંદુ સમ્રાટ બનાવી શકયા હતા.

ઇ. સ. ના ૪ થા સૈકામાં ચીની મુસાફર ફાહિયાન બૌદ્ધધર્મતત્વનું અધ્યયન કરવા આ દેશમાં આવેલો. તેણે લખેલા મુસાફરીના વર્ણનમાં તે સમયના પ્રતાપી રાજા ચંદ્રગુપ્ત બીજાનું નામ પણ નથી આપ્યું. એ વાત પણ ઉપર્યુક્ત માન્યતાને પુષ્ટી આપે છે કે આર્ય પ્રજા ધાર્મિક જીવનની શ્રેષ્ઠતા પ્રથમથી જ સ્વીકારતી હોવાથી આ સાંસારિક બનાવોની ઐતિહાસિક દષ્ટિએ બહુ અગત્યતા નહોતી માનતી.

આ રીતે ક્રમબદ્ધ ઇતિહાસ લખવાનો ચાલ ન હોવાને લઇને આજે નવી દુનિયા અને જૂની દુનિયાના બીજા ઘણા લાંબા કાળના ઇતિહાસો મળી આવે છે; ત્યારે આ પ્રાચીન આર્યાવર્ત્તનો સપ્રમાણ ઇતિહાસ ત્રણ હજાર વર્ષનો પણ મળવો દુર્લભ થઇ પડયો છે.

પુરાણોમાં પ્રાચીન રાજાઓની વંશાવળીઓ આપવામાં આવી છે; પણ તેમાં ઐતિહાસિક અંશ કરતાં ધાર્મિક ભાવ વધુ છે. રાજાઓનાં નામો મળે તો સમય ન મળે ને જો સમય મળે તો ક્રમ યથાસ્થિત મળતો નથી.

મહાભારતની પ્રસિદ્ધ લડાઈ થયા પછી ભારતના અંધકારયુગની ખરેખરી શરૂઆત થઈ. સામાજિક અવ્યવસ્થા, અસહિષ્ણુતાની આગ, માંહોમાંહે કાપાકાપી, થોડી સત્તાનો લોભ ને સ્વાર્થની ખાતર એક બીજાની જડ ઉખેડી નાખવાની અનિષ્ઠ વૃત્તિમાં ભારતનું વાતાવરણ કંગાળ બની રહ્યું હતું. આ અરસામાં એક ભયંકર ધાર્મિક વિપ્લવ શરૂ થયો. તે બૌદ્ધનો. તે પછી શક, શિથિયન, યવન્ આદિ વિધર્મીઓના હુમલાઓ શરૂ થયા. સમયના ફેરફાર અને દૈવગ તથી જૈનોએ વૈદિક ગ્રન્થોનો નાશ કીધો અને વૈદિકોએ જૈનોના ગ્રન્થોનો નાશ કર્યો. એક રાજકુળે બીજા રાજકુળના ઇતિહાસનો, અને બીજા રાજકુળે પ્રબળ થતાં તેણે પૂર્વના રાજકુળનો. આ અવ્યવસ્થાના અંધકારયુગમાં હજી્ય જાણે અધૂરૂં હોય તેમ વિધર્મી, અનાર્યો મુસલમાનોનાં ટોળાંઓના પ્રચંડ આક્રમણો હિન્દ ઉપર થયાં. તેઓએ ધર્માન્ધતાથી રહ્યા સહ્યા જે કંઇ ઉત્તમ ગ્રન્થો હતા તે અણમોલ હિંદના ખજાનાને અગ્નિને હવાલે કીધો. પરશુરામે તો ક્ષત્રિયોના દેહનો નાશ કર્યો હતો પણ મુસલમાનોએ તો ધર્મદ્વેષથી ભારતવર્ષના દેહ, બળ, વિદ્યા ને કીર્તિનો પણ નાશ કર્યો. અનેક ઐતિહાસિક ગ્રન્થો અગ્નિને હવાલે થયા.[1] આવા પરસ્પર લડાઈ ઝઘડાઓના અશાન્ત સમયમાં ક્રમબદ્ધ ઇતિહાસ રાખવાની શાન્તિ ન જ હોય એ પણ દેખીતું છે.

જ્યારે સમસ્ત ભારતવર્ષના ઇતિહાસની આ દશા છે ત્યારે ઉત્તમ વારસાથી સંસ્કૃત થયેલી લોહાણા જેવી સમૃદ્ધ–પ્રાચીન આર્ય ક્ષત્રિય જાતિનો ક્રમબદ્ધ–કારણકાર્ય શૃંખલાબદ્ધ ઇતિહાસ સચવાયલો ન જ રહે એ સ્વાભાવિક છે. એક પ્રજાનું જીવન તે પ્રજાનો ઇતિહાસ છે. ઇતિહાસ એક દર્શન શાસ્ત્ર છે; કે જે દૃષ્ટાન્તોથી આપણને શિક્ષણ આપે છે. મહાન પુરૂષોનો તે સંસર્ગ કરાવી દૂર્જનોનાં દુષ્કાર્યોનો તિરસ્કાર કરતાં શીખવે છે. તે ભવ્ય ભૂતકાળ ભાવીનો માર્ગ નિષ્કંટક કરી જીવનપ્રગતિનો પથ દર્શાવે છે. આટલું કાર્ય બજાવવા ઉપરાંત જાતિનો ઇતિહાસ આપણા પૂર્વજો સાથ પરિચય કરાવી જનતામાં ઉત્સાહ રેડી નવચેતન આણે છે. આવા જ કારણે આજે-પશ્ચિમમાં બાળકોને પ્રારંભથી જ ઇતિહાસનાં પુસ્તકો અને મહાપુરૂષોનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરાવવામાં આવે છે.

આ ધસમસતા યુગમાં કોળી, ભીલ આદિ શુદ્ર ગણાતી જાતિઓ પણ પોતાના ઇતિહાસનું સંશોધન કરાવવા મહા પ્રયાસ કરી રહી છે; ત્યારે આખી દુનિયાને જગાડનારા સૂર્યના સંતાનો, તેના જ માનીતા પૂજારીઓ, આપણે જો સંસારની સભ્ય પ્રજાઓની હરોળમાં ઉંચું મુખ રાખી ઉભા રહેવાની ઇચ્છા ધરાવતા હોઇએ તો હવે આ દિશામાં વધુવાર ઉદાસીનતા રાખવી આપણને મુદ્દલ પરવડી શકે તેવું નથી અને તે માટે સમગ્ર જ્ઞાતિ પરિષદ તરફથી વિદ્વાનોની એક ખાસ સંસ્થા સ્થાપન કરી તે દ્વારા ઐતિહાસિક શોધખોળ કરાવવાનો સમય હવે આવી લાગ્યો છે.

જ્યાં સુધી આવો પ્રયાસ પરિષદ તરફથી હાથ ધરવાનો શુભ અવસર ન મળે ત્યાં સુધી છુટાછવાયાં, વિખરાયલાં, વેરાયલાં થોડાં પણ ઉપલબ્ધ સાધનો, આપણી પ્રાન્સ-

[1] ઈ. સ. ૧૨૦૨ બખ્તીયાર ખીલજીના સેનાપતિ મહમ્મદ બીન સીમે ઉદાન્તાપુરીના વિહાર મંદિરમાંથી બ્રાહ્મણ તથા બૌદ્ધોના બનાવેલા અનેક અણમોલ ગ્રંથોને બાળી મૂક્યા. મહારાજ મહાપાલના શાસન સમયમાં ઉદાન્તાપુરી વિશ્વ વિદ્યાલયમાંના અમૂલ્ય ગ્રન્થભંડારનો નાશ કરવામાં આવ્યો. "હિંદુસ્થાન રીવ્યુ" માર્ચ ૧૯૦૬.

તાઓ, રીતરિવાજો વગેરેનું પૃથ્થકરણ કરી તે ઉપરથી તૈયાર કરેલો આ અમારો કિંચિત પ્રયાસ ફુલ નહિ તો ફુલની પાંખડીરૂપે પણ કંઇક ઉપયોગી થઈ પડે તો અમોએ લીધેલો આ શ્રમ સફળ થયો સમજાશે.

આપણી ઇતિહાસ વિષયક માન્યતા

સ્વ. જેમ્સ ટોડ કહે છે કેઃ કોઇપણ પ્રજાનો ઇતિહાસ લખતાં પહેલાં તે પ્રજામાં ઇતિહાસ વિષયક લોકમાન્યતાનું અવલોકન કરવું જોઇએ, અને તે ઉપરાંત સપ્રમાણ ઇતિહાસ ચાલતી આવેલી દંતકથાઓમાંથી પણ તારવી શકાય છે.

" અમે મહારાજા લવના વંશજો–શ્રીરામચંદ્રજીના વંશજો–રઘુવંશી–સૂર્યવંશી છીએ. "

આ ઉંડી શ્રદ્ધાપર લોહાણા કોમની ઉચ્ચ ભાવના જમાનાઓ થયા રચાઈ છે. આ ભાવના લોહાણા જ્ઞાતિનું જીવન પ્રેરી રહી છે, આ ભાવનાએ આપણા સ્ત્રીપુરૂષોના આદર્શો પ્રેરાયા છે. આ ભાવનાના પ્રબલ મૂળમાં આપણી ઐતિહાસિક મહત્તા છે. આ ભાવનાએ આપણા સંસ્કાર હજી પણ ઠીક સ્વરૂપમાં જાળવી રાખ્યા છે. યુગો આવ્યા અને ગયા, રાજ્યો સ્થપાયાં ને નષ્ટ થયાં છતાં આ ભાવના ભુંસાઇ નથી; પણ શ્વાસોચ્છ્વાસમાં અને અમારી નાડીઓના ધબકારામાં થડકી રહી છે. અમારી સમૃદ્ધિ અને અમારા ગૌરવનું એ મૂળ છે.

અલ્પ શ્રદ્ધામાં આનંદ માનતા કેટલાકો આ ભાવનાને હસી કહાડે છે પણ પરદેશી ધોરણો આ દેશને લગાડવાની ઉતાવળમાં આમ માનનાર વર્ગ આપણો ઇતિહાસ, આપણા સંયોગો અને આપણી પરિસ્થિતિએ પેદા કરેલાં કેટલાંક સત્યો વિસારી મૂકે છે.

જેમને મન શિવાજી સાધારણ લુંટારો અને વોટરલુના મેદાનમાં ગભરાટના પરસેવાથી રેબઝેબ થઇ જતો ડયુક ઓફ વેલિંગ્ટન શૌર્યની પ્રતિમા લાગે છે. આ પરદેશી નજર ઉપર બધો મદાર બાંધીને આપણી જાતિનો ઇતિહાસ ચીતરવો તે ભારેમાં ભારે ભૂલ છે. ખરી રીતે આ પરદેશી મુસાફરોએ હિન્દુઓન. મહાન પુરૂષોને વિષે ઉડતી બધી નિંદા ભેગી કરી છે.

આપણી આ ભાવનાના કાર્યકારણરૂપ અગત્યના પ્રશ્નોનો ઉકેલ કરવા માટે પ્રથમ આપણે હવે પ્રાચીન સમય તરફ નજર દોડાવીએ.

વ્યવહાર ધર્મ—વર્ણવ્યવસ્થા

મનુષ્ય જન્મ ધારણ કરે છે તે સમયે તે તદ્દન નૈસર્ગિક અવસ્થામાં હોય છે. તે સમયે તેને બીજા કશાનું ભાન હોતું નથી, શિવાય એક પયઃપાન. પયઃપાન દ્વારા તેને પોષણની પહેલી જરૂર હોય છે. બાદ ક્રમશઃ બાળક મોટું થતાં તેને બધી ઇન્દ્રિય શક્તિઓમાં પહેલાં સ્પર્શશક્તિ અથવા પકડવાની શક્તિનું ભાન આવે છે. પોતાની નજદીક જે કાંઇ હોય તે પકડવા તે પ્રયત્ન કરે છે. આ સમયે તે કાંઇ નહિ પકડી શકાય એવી વસ્તુ પાસે પડેલી હોય તો તે ન પકડે, કે બાળક ઘોડીઆં કરતું થાય અને સહેજ આઘે હોય તો પાસે જઇ ન લે એવી સંભાળની જરૂર હોય છે. અર્થાત્ તેને બીજી જરૂરી ચીજ સંરક્ષણની છે. ત્રીજું;

બાળક જેમ જેમ વધુ મોટું થાય તેમ તેમ તેને સમજશક્તિ પ્રાપ્ત થતી જાય છે. અને એ સમજશક્તિ યોગ્ય માર્ગે દોરવાય એ માટે તેને જ્ઞાનની જરૂર પડે છે. અર્થાત્ તેને કેળવણીની અથવા બીજા શબ્દમાં કહીએ તો સંવર્ધનની જરૂર હોય છે. વસ્તુતઃ મનુષ્યને પ્રથમો પ્રથમ જરૂર પોષણ, સંરક્ષણ અને સંવર્ધનની છે. આ તો માત્ર નૈસર્ગિક નિયમની એક કૃત્તિનું દ્દષ્ટાંત છે. નિસર્ગનો આવો જ નિયમ પ્રત્યેક ભિન્ન ભિન્ન કૃત્તિમાં માલુમ પડે છે. અનાદિક પકવવામાં પણ જલ સિંચનરૂપી પોષણ, તીડ કે પક્ષીગણો ખાઇ ન જાય માટે સંરક્ષણ કે વધુ પાક ઉપજે માટે ખાતરની પુરણીરૂપે સંવર્ધન વગેરેની જરૂરીઆતો હોય છે. આવો જ નૈસર્ગિક નિયમ મનુષ્યના આખા જીવન સાથે પણ ઓતપ્રોત રહેલો જણાય છે. મનુષ્યે જન્મ ધારણ કરી શક્તિને પ્રાપ્ત કરી વ્યવહારધર્મપંથે પ્રયાણ કરવાનું છે; તેમાં તેને પોષણ, સંરક્ષણ અને સંવર્ધનની ખાસ આવશ્યકતાઓ હોય છે. વ્યવહારધર્મ એટલે શું તે જ ખબર ન હોય, કાર્યાકાર્યનો ભેદ ન જાણતો હોય તો પછી યથાસ્થિત ધર્મપાલન કેવી રીતે કરી શકે? અને કાર્યાકાર્યનું જ્ઞાન હોવા છતાં પોતે અનેક બાહ્ય ઉપાધીઓના સકંજામાં ફસાય તો ધર્મનું પાલન કેવી રીતે થઇ શકે? વસ્તુતઃ મનુષ્યના જીવનને પોષણ, સંરક્ષણ અને સંવર્ધનની આવશ્યકતા છે. આ આવશ્યકતા માત્ર સિદ્ધાંતમાં જ નહિ પણ આચરણમાં પણ જણાઇ. માત્ર બુદ્ધિના ખેલનમાં નહિ પણ કર્મના માર્ગમાં પણ આવશ્યક માલુમ પડી. મનુષ્ય જે નિસર્ગભાવથી ઉદ્દભવ્યો છે તે નિસર્ગશક્તિને પણ પોષણ, સંરક્ષણ અને સંવર્ધનની જરૂર હોવી જોઇએ. અને પ્રાથમિક દશામાં બંધારણ વિના મનુષ્યજાતિએ થોડો કાળ નિર્ગમન કર્યો હશે ત્યારે તેણે કેવી જાતનાં પોષણ સંરક્ષણ અને સંવર્ધનની મનુષ્યને જરૂર છે તેનો અનુભવદ્વારા ખ્યાલ આવ્યો હશે. આ પરથી વ્યવહારધર્મના યથાસ્થિત પાલન માટે પોષણ, સંરક્ષણ અને સંવર્ધનના હેતુ-સાધનારા મનુષ્ય જાતિના લક્ષણોના વિભાગ પાડી જુદા જુદા લક્ષણોવાળા મનુષ્યોને એક વિભાગમાં જોડી, લક્ષણયુક્ત કર્મો નિર્માણ કરી આપી વ્યવહારધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું. જે પોષણ આપી શકે એટલે ધનધાન્ય ઉગાડી વેપાર–વાણિજ્ય કરી સમસ્ત વિશ્વને જરૂરી અનાદિક પૂરું પાડી પોષણ કરે તેનો એક વિભાગ, જે બળ અને શકિતની ખીલવટવડે અન્યનું સંરક્ષણ કરી શકે તેનો એક વિભાગ, જે જ્ઞાન સમુચ્ચય કરી અન્યને જ્ઞાન આપી, પ્રગતિપથે દોરી શકે અર્થાત સંવર્ધન કરી શકે તેનો એક વિભાગ, એમ મનુષ્યજાતિના ત્રણ વિભાગો નિર્માયા. અને જે મનુષ્યો આ ત્રણેમાંનું એકેય ન કરી શકે તેનો બીજા ત્રણને મદદરૂપ રહે એવો એક વિભાગ પાડવામાં આવ્યો. આ પ્રમાણે મનુષ્યજાતિના ચાર વિભાગ પાડવામાં આવ્યા. અને એ રીતે વ્યવહારધર્મપર એટલે પરસ્પર સહકાર, સહાય અને એક બીજા સાથે સંમિલન વડે સંઘટ્ટનના ઉદ્દેશને સાધવા સમાજની ચાર વિભાગમાં રચના થઈ. જેઓ પોષણનું કામ કરે તેને વૈશ્ય, જેઓ સંરક્ષણનું કાર્ય કરે તેને ક્ષત્રિય, જેઓ સંવર્ધનનું કાર્ય કરે તેને બ્રાહ્મણ અને ચોથા વિભાગને શૂદ્રઃ એવી ઉપમાઓ આપવામાં આવી. નીતિ અને જ્ઞાન સમુચ્ચયના પ્રમાણપર બધાય માટે પરસ્પર કરવાનાં કાર્યોનાં ધોરણો બાંધી આપવામાં આવ્યાં.

એટલે કે વર્ણાશ્રમ વ્યવસ્થા પ્રચલિત થતાં કુળધર્મ, જાતિધર્મ, આચારધર્મ, મર્યાદા પણ સુદ્રઢ રીતે સ્થાપિત થયાં. શ્રોત્ર–સ્માર્ત ધર્મ, નિત્યકર્મનું મૂળ નક્કી થયું. ભૃગુ અને મનુ એ નિયમોના પ્રવર્તક થયા–નિયમો ઘડયા.

પુરોહિત પદવી

સમય જતાં અનાર્યોથી રક્ષણ કરવા ખાતર શાસનકર્તાની જરૂર જણાઇ. તે ધર્મદંડધારી શાસનકર્તા તે ક્ષત્રિય. બ્રાહ્મણો રાજાઓ પાસે યજ્ઞ કર્મો કરાવતા તેથી બ્રાહ્મણોને પુરોહિતની પદવી પ્રાપ્ત થઇ. પુરોહિત એટલે યજમાનનો હિતૈષી. આ યજમાન પુરોહિતનો સંબંધ પ્રાચીન સમયથી હોવાનું શાસ્ત્રોથી જણાય છે. ઋગ્વેદ સંહિતામાં **अग्निमीळे पुरोहितम्** મંત્રથી પણ પુરોહિતની વિદ્યમાનતા દેખાય છે. ભાગવતના એકાદશ સ્કંધમાં યજ્ઞના પુરાણા ઇતિહાસનું વર્ણન છે. શાસ્ત્રોમાં સ્થળે સ્થળે સારસ્વતોને રાજપુરોહિત લખેલા છે. આથી ક્ષત્રિય રાજાઓ અને સારસ્વત બ્રાહ્મણોનો ગોર યજમાનનો સંબંધ ઘણો જ પ્રાચીન છે. અને ખાસ કરીને લક્ષમાં રાખવાનું છે કે 'આજે યુગો પસાર થયા, જીવન કલહના વિચિત્ર સંજોગોમાં અનેક સંકટો જોયાં, કચરાયા, ફેરફાર થયા છતાંય તે જ સારસ્વત બ્રાહ્મણો આપણા પુરોહિતો છે. આજે એ પવિત્ર અને પ્રાચીન જાતિની અધોગતિને માટે ગમે તે બોલાતું હોય, તેઓ વિદ્યાવિહીન થવાથી આજે યજમાનોને ભારરૂપે જણાતા હોય તથાપિ ઇતિહાસ એ સિદ્ધ કરે છે કે એ સારસ્વત બ્રાહ્મણો એ સંસ્કારી અગ્રજન્મા ઋષિઓનાં સંતાનો છે; અને લોહાણા એક પ્રાચીન પવિત્ર આર્ય ક્ષત્રિય રાજકર્તા જાતિ છે તે સિદ્ધ કરવાને માટે તો આ એક જ પ્રમાણ બસ છે. પ્રાચીન ઇતિહાસનું પરિજ્ઞાન વેદની શ્રુતિ અને અન્ય ધર્મશાસ્ત્રોના ઐતિહાસિક અંશથી જ થાય છે આ શિવાય અન્ય સાધનો નકામા છે. આ બાબતને કંઇક વધુ સ્પષ્ટતાથી જોવાની જરૂર છે.

સારસ્વત પ્રદેશ અને સારસ્વતો

સર્વ બ્રાહ્મણોનું મૂળ સારસ્વત છે. સરસ્વતી નદી ઉપરથી સારસ્વત નામ પડ્યું; અથવા તો સારસ્વત ઋષિઓના નિવાસસ્થાન ઉપરથી નદીનું નામ સરસ્વતી પડ્યું હોય એ વધુ વાસ્તવિક જણાય છે. સરસ્વતીના કિનારાનો પ્રદેશ બ્રહ્માવર્ત્ત કહેવાતો. આ ભૂમિની વિશેષ પવિત્રતાના કારણે આ દેવનદીને પવિત્ર ગણી ત્યાં ઋષિઓએ નિવાસ કર્યો હતો. ઋગ્વેદ પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથ ગણાય છે; તેમાં પણ તેના છઠ્ઠા મંડલમાં સરસ્વતી નદીના કિનારાને **सहदुर्गभूमि** દુશ્મનોના આક્રમણો સામે બચાવ કરનાર એક લોહના કિલ્લાની ઉપમા આપવામાં આવી છે. આજનો આખો પંચનદ–પંજાબ પ્રાન્ત તે પ્રાચીન સમયમાં બ્રહ્માવર્ત્ત–સારસ્વત પ્રદેશના નામથી ઓળખાતો હતો. સરસ્વતી નદીની ધારાનો પ્રબળ પ્રવાહ હિમાલયથી તે સમુદ્ર સુધી અનુપમ રીતે વહેતો હતો. કાળાન્તરે આ સરસ્વતી નદી જળવિહીન બની ગઈ પણ તે ક્યારે અદર્શ થઇ તેના સમયનું ચોક્કસ અનુમાન થઈ શકતું નથી. તો પણ શાસ્ત્રકારો ૫૦૦૦ વર્ષનો સમય બતાવે છે. આ જળહીન પ્રદેશનું નામ વિન્શન પડ્યું. તે વર્તમાનકાળે ઉદયપુર, મેવાડ તથા રાજપુતાનાની પશ્ચિમ તરફનો રણ પ્રદેશ છે.

આ સરસ્વતી નદીની હજી પણ હિંદુઓની ધાર્મિક ક્રિયાઓમાં સ્તુતિ કરવામાં આવે છે, અને તેના સ્થાનો આજે પણ પવિત્ર તીર્થસ્થળ લખાય છે. મનુસ્મૃતિમાં: 'દેવતાઓએ

બનાવેલ બ્રહ્માવર્ત્ત પ્રદેશમાં ઉત્પન્ન થયેલા અગ્રજન્મા બ્રાહ્મણો પાસથી આખી પૃથ્વીના તમામ મનુષ્યોને શિક્ષણ મળ્યું." એમ કહીને સરસ્વતી નદી તથા સારસ્વત દેશનો મહિમા વર્ણવ્યો છે. કોઈ પણ સ્મૃતિ કે પુરાણ એવું નહિ હોય કે જેમાં આ સરસ્વતી નદી તથા સારસ્વત પ્રદેશનો મહિમા ન દર્શાવ્યો હોય. આ પ્રદેશને શાસ્ત્રમાં દેવતાઓની પુરાકલ્પની યજ્ઞભૂમિ કહેલો છે.

આ ભારતવર્ષમાં અનેકવાર સામાજિક, ધાર્મિક, રાજકીય ક્રાન્તિઓ થઇ, સમય અને સંજોગોના સપાટાએ વર્ણાશ્રમ વ્યવસ્થાને નિર્જીવ બનાવી, એવા યુગો પસાર થયા છતાં પણ આજના સ્વાર્થી લેખાતા એ સારસ્વત બ્રાહ્મણોને વિદેશીય કે અનાર્યત્વનો જરા પણ સ્પર્શ થયો નથી એમ પશ્ચિમના પંડિતો પણ સ્વીકારે છે.

રેવરન્ડ મી. એમ. એ. શેરીંગ પોતાના Hindu Tribes and Casts as represented in Benares નામક ગ્રંથમાં લખે છે કેઃ—

Saraswat

"This is unquestionably a very ancient Brahamanical tribe which inhabits still the earliest seats of Hinduism a tract in the north-west of India beyond Delhi, once watered by the famous Saraswati river which figures so constantly in Hindu annals and mythology. The stream is now dried up but its site and extant can be traced. Its disappearance seems to have greatly excited the imagination of people in former times. Prayag or Allahabad is still spoken of by the natives generally as Triveni or the confluence not of two rivers, the Ganges and Jamuna which actually unite at that spot but of three, the Ganges, Jamuna and Saraswati."

"**સારસ્વત**: એ બ્રાહ્મણું પ્રજા નિઃશંસય એક ઘણી જ પ્રાચીન પ્રજા છે અને તે અદ્યાપિ પર્યંત હિંદુધર્મનાં પ્રાચીન સ્થાન ઉત્તર હિંદુસ્થાનમાં દિલ્હીની આસપાસનો પ્રદેશ, જ્યાં એકવાર સરસ્વતી નદી વહેતી હતી, જેનું નામ હિંદુ ધર્મગ્રંથોમાં વંચાય છે, તે પ્રદેશમાં રહે છે. આ નદી હમણાં સુકાઇ ગઇ છે પણ તેનો પટ અને લંબાઇ હમણાં પણ જોઇ શકાય છે. તે નદી અદર્શ થવાથી પ્રાચીન કાળના આર્યોની માન્યતા ઉપર ઘણી અસર થઈ હતી. પ્રયાગ યાને અલ્હાબાદને આજે પણ લોકો ત્રિવેણી સંગમ—ફક્ત ગંગા યમુનાનો સંગમ નહિ, જે અત્યારે વાસ્તવિક છે—ગંગા યમુના અને સરસ્વતીનો સંગમ કહે છે."

તે સિવાય ઓક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર એમ. એચ. વીલ્સન જેણે અનેક સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ કર્યો છે; તે પણ સારસ્વત બ્રાહ્મણો માટે આ પ્રમાણે કહે છેઃ—

The Saraswat Brahmans are met within many parts of India and are usually fair complexed tall and handsome men...

......They are said also to be espacially the Purohits or family priests of the Kshatriyas or military caste...............

"સારસ્વત બ્રાહ્મણો હિંદુસ્થાનના ઘણા ભાગોમાં જોવામાં આવે છે અને તેઓ બહુધા સુંદર ચહેરાના, ઉંચા અને દેખાવડા હોય છે. તેઓ મુખ્યત્વે ક્ષત્રિય અથવા લડાયક જાતિના પુરોહિત કહેવાય છે."

આ સારસ્વત બ્રાહ્મણોની ઉત્પત્તિના વિષયમાં કોઈ એક પ્રતિપક્ષીને જવાબ આપતાં કાયસ્થ સર્વસ્વના કર્તા જોધપુરનિવાસી પંડિત હેવચંદ્ર સૂર્યભાનુ પોતાના સદરહુ પુસ્તકના ૫૨૮ મે પાને લખે છે કેઃ—

"इसी प्रकार सारस्वत ब्राह्मणोंकी उत्पत्तिके विषय में अंड बंड मन घडत घडके लिखाहै, ध्यान रहेकि सारस्वत ब्राह्मणोंकी उत्पत्ति महाभारतके शल्य पर्वके बीच गदापर्वमें सारस्वतोपाख्यान प्रकरणमें लीखी है और यही सर्व वेद-भाष्यकर्त्ता श्री सायणाचार्यने ऋग्वेद भाष्य में लिखी है जो निर्णयसागर छापे में छापी सभाष्य ऋग्वेदकी पुस्तकमें देखो और सायणाचार्यने प्रचलित वैदिक संप्रदायको सारस्वत संप्रदाय माना है. सारस्वत संप्रदायका हेतु महाभारतके उक्त स्थलमें लिखा है कि भूतलपर वेद का प्रचार सारस्वतहीसे ब्राह्मणोंके पढके किया जबकि घोर अनावृष्टिमें वेदोंका लोप हो गयाथा, तात्पर्यकि वर्तमान सब ब्राह्मण सारस्वतका हि शिष्य है, सारस्वत ही इन सबका गुरु है. सारस्वतको नवमा ९ व्यास भी पुराणोंमें लिखा है. सारस्वतोंकी उत्पत्ति तथा महिमा आदि महाभारतमें बहुत लिखी है, उसके विरुद्ध घडंत घडने वाले ज्योतिषीका ग्रन्थ ब्राह्मणोंकी उत्पत्तिका मार्तंड है वा अन्धकारका पुंज. सच्ची उत्पत्ति छिपानेकी प्रयोजन न जाने इनोंने इह माना हो कि यदि सच्ची उत्पत्ति लिखेंगे तो हमे इनके चोटी कटे शिष्य बनना पडेगा. भेद खुल जावेगा.

મહાભારત ગદાપર્વમાં એક એવી કથા છે કે પ્રાચીન કાળમાં એક ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે બ્રાહ્મણો પણ અન્નને માટે ભારે ચિંતાતુર રહેવા લાગ્યા.—પેટ ભરવાના સાંસામાં વેદાભ્યાસનું વિસ્મરણ થવા જેવો સમય જોઇ એક સારસ્વત મહર્ષિએ પોતાના આશ્રમમાં સાઠ હજાર બ્રાહ્મણો એકત્ર કરી વિદ્યાદાન આપ્યું હતું અને એ રીતે એ પુણ્યાત્માએ વેદોનો ઉદ્ધાર કર્યો હતો.

ઉપરોક્ત અભિપ્રાયોથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે વેદ મંત્રોના દૃષ્ટા, સરસ્વતી-વિદ્યાના સાચા ઉપાસકો સારસ્વત બ્રાહ્મણો હતા. તેઓ રાજપુરોહિતો હતા; અને લોહાણા જાતિનો એ જ પ્રાચીન સંબંધ અત્યારે પણ ચાલુ રહેલો હોવાથી સારસ્વત બ્રાહ્મણોની પવિત્રતા, અને મહત્તા સિદ્ધ થવાની સાથે લોહાણાજ્ઞાતિ એ પ્રાચીન આર્ય ક્ષત્રિય જાતિ છે અને તે જાતિમાં પણ વિદેશીય કે અનાર્યત્વનું જરા પણ મિશ્રણ થયું નથી એ પણ વિના શકે પુરવાર કરવાને હજુ શું અધિક પ્રમાણોની આવશ્યકતા છે ભારી?

ગોત્ર–અવટંક (અટક)

લોહાણા એ પ્રાચીન આર્ય ક્ષત્રિય જાતિ છે, એ ઉપરોક્ત પુરોહિતો અને યજમાનોનો સંબંધ નિર્વિવાદપણે સિદ્ધ કરે છે. તે ઉપરાંત એ કથનના સમર્થનમાં હવે આપણે સારસ્વત બ્રાહ્મણ તથા લોહાણા–ક્ષત્રિય, આ બન્ને જાતિના ગોત્ર, તથા અવટંક–અટક સંબંધે વિચાર કરીએ. આર્યપ્રજા પ્રથમથી જ વંશ વિશુદ્ધિ માટે બહુ ચીવટ ધરાવતી આવી છે. વર્ણવ્યવસ્થાના યુગમાં અરસ્પરસ સાંસારિક સંબંધ બાંધતાં પહેલાં એક બીજાનું ગોત્ર પૂછવામાં આવતું હતું. હાલમાં અસંખ્ય જ્ઞાતિઓનો ઉદ્ભવ થતાં આ ગોત્રનું મહત્વ ઓછું થઇ ગયું છે. અથવા કહો કે મિશ્ર જાતિઓમાં ગોત્ર–શાખાનો પતો જ લાગવો મુશ્કેલ થઇ પડે એ સ્વાભાવિક છે. આવી જ્ઞાતિઓની અટક ગામ, ધંધો, રંગ અને કંઇક રમુજ ઉપરથી પણ પડેલી છે. અગાઉના સમયમાં ગોત્રનો ઉચ્ચાર ત્રણે દ્વિજ વર્ણોમાં શુભાશુભ પ્રસંગે ધાર્મિક ક્રિયાઓમાં કરવામાં આવતો અને અત્યારે પણ તે પ્રથા સદંતર નાબુદ થઇ ગઇ નથી. છતાંય બૌદ્ધમાનીઓએ ઉત્તમોત્તમ આર્ય ગ્રંથોનો નાશ કરેલો હોવાથી આ ગોત્ર સંબંધમાં ઘણો ગુંચવાડો આજે ઉભો થયો છે. પદ્મપુરાણમાં ક્ષેત્ર અને દેવના મહાત્મ્ય શિવાય ગોત્ર કે શાખાનો વિશેષ નિર્ણય થઇ શકતો નથી. અમરકોષમાં ગોત્રના અર્થ **संतति, जननम्, कुलज, अभिजन, अन्य, वंश, अन्ववाय:** અને **संतान:** એ પ્રમાણે આપ્યા છે. આ શબ્દો જોતાં જે જે નામથી વંશ ઓળખાતો હોય, જેની પરંપરામાં એ વંશ જન્મ પામ્યો અને ચાલતો આવ્યો હોય તે તે ગોત્ર ગણાય; એટલે કે વંશના મુખ્ય પુરૂષ ઉપરથી ગોત્ર ચાલતાં આવ્યાં છે. કાળાંતરે આ ગોત્રના નામોચ્ચરણમાં થોડો ફેરફાર થયો હોય એમ જણાય છે તો પણ બ્રાહ્મણ અને ક્ષત્રિયોના મૂળ પુરૂષો–વંશનાપ્રથમ પુરૂષોનાં નામોનું બહુ અંશે મળતાપણું આવે છે અને તેથી પણ એ ખુલ્લું સમજાય છે કે તેઓ એક જ કુળોત્પન્ન છે.

બૌધાયન: આશ્વાલાયનમાં આઠ ઋષિઓની કલ્પના કરવામાં આવી છે. આર્યોના આઠ કુળો માનવામાં આવ્યા છે; પરંતુ મહાભારતના શાન્તિપર્વમાં તેથી પણ આગળ જઇ અંગીરા, કશ્યપ, વશિષ્ઠ અને ભૃગુ એ ચાર ગોત્ર માત્ર સૂર્યવંશી આર્યોનો સમૂહ હિંદમાં આવ્યો ત્યારે હતાં એમ દર્શાવ્યું છે.

અહીં હાલ લોહાણા તથા પુરોહિત–સારસ્વત બ્રાહ્મણોના ગોત્ર આલેખવાં ઉપયોગી થઇ પડશે.

જ્ઞાતિના ગોત્ર તથા અવટંક (અટક)[1]

અ. સં:	ગોત્ર:	અવટંક:	અ. સં:	ગોત્ર:	અવટંક:
૧	અરૂણ.	આથા.	૭	ઇંદ્રસેન.	અનડકાડ.
૨	અગ્નિવર્ણ.	આઇયા.	૮	ઉત્કલ.	ચંદેભંભોર.
૩	અતિથિ.	આસરપોત્રા.	૯	ઋતુપર્ણ.	છતા, છાબડા.
૪	અંબરિષ.	આદોરા.	૧૦	કશ્યપ.	કૌતક–કોટક.
૫	અંશુમાન.	અનડ, અઢીઆ.	૧૧	કુશ.	કારીઆ.
૬	ઇક્ષ્વાકુ.	આદડકર, આસર.	૧૨	કકુસ્થ.	કાડ.

૧ આ અટકમાં અત્યારે સ્થાન, ધંધા, સ્વભાવ અને દાદા પરદાદા, રમુજ (મશ્કરી) ઉપરથી અનેક ઉપઅવટંકોનો પણ ઉમેરો થયો છે.

૧૩	કેવલ.	કોટેચા.
૧૪	કાપલાશ્વ.	કેસારઆ.
૧૫	કૂર્મ.	કકડ.
૧૬	કારૂષ્ય.	કાનાબાર.
૧૭	કૃતિ.	કતિરા.
૧૮	ખેમવાન.	ખખ્ખર, ખીઆ, ખોડા, ખીરસરા, ખાંટ.
૧૯	ગય.	ગંધા, ગીધા, ગાણાત્રા, ગઢીઆ.
૨૦	ચિત્રસેન.	ચંદે, ચંદન.
૨૧	જયસેન.	જોબનપોત્રા.
૨૨	દીર્ધબાહુ.	દૈયા.
૨૩	દિલીપ	દાવડા.
૨૪	દક્ષ.	દોડીઆ.
૨૫	દ્રુતિ.	ધણુ.
૨૬	ધૃષ્ટ.	ધબણુ.
૨૭	ધૃષ્ટ.	ધધુ.
૨૮	નરિષ્યંત.	નેનસોનૈયા, નેંધ.
૨૯	નંદીવર્ધન.	નરમ, નાસા.
૩૦	પુંડરિક.	પોપટ.
૩૧	પુરૂકુત્સ.	પાઅ.
૩૨	પુષ્ય.	પાંધિ.
૩૩	પુષ્કર.	પોંદા.
૩૪	પ્રતિક.	ચબારાણા, ચુગ.
૩૫	પ્રદિપક.	ચંડોરા, ચોરા.
૩૬	પ્રતિકાસ્વ.	ચંદેભમર.
૩૭	પુરંજય.	પલણુ.
૩૮	પુરંજન.	પંડિત.
૩૯	પૃથુ.	પંડિતપોત્રા.
૪૦	પૃષધ.	પજમગણાત્રા, દક્ષણુ ગણાત્રા.
૪૧	પ્રાસુ.	પાબારી.
૪૨	બ્રહદસ્વ.	બાટ, બારૂ, બરછા, બાવડીઆ.
૪૩	ભાનુમાન.	ભલા.
૪૪	ભાનુ.	ભગદે.
૪૫	ભાગીરથ.	ભિંદે.
’૬	ભદ્રાસ્વ.	ભજાણી.
	માંધાતા.	માણુકરામ, મશરૂ.
	મહાબૃનિ.	માણુકરાંવ, મંડા.

૪૯	મુચકુંદ.	માણુક, મૈડીઆ, મસલા
૫૦	મરૂદેવ.	મામોટીઆ, માખેચા.
૫૧	મરૂ.	મંગેઆ, મુરીઆ.
૫૨	મૂલક.	મહિધર, મંડા.
૫૩	યુવનાસ્વ.	યાદુવા.
૫૪	રોહિત.	રૂપારેલ,રાછ, રાએકા.
૫૫	રઘુ.	રવસિઆ, રતનધા-એરા, રાયમંગેઆ.
૫૬	રથીતર.	રા, કુંડલીઆ, રા, ગંગધર, રાચના.
૫૭	વિમલ.	સોનપાર.
૫૮	વસુ.	સોનાગેલા.
૫૯	વત્સ.	સોનેતા. સોનેજા.
૬૦	વિશ્વસદ.	સોનાગલ.
૬૧	વવસ્વત.	સોમયા.
૬૨	સગર.	સાએતા.
૬૩	સુરથ.	સોતા, છાબડીઆ.
૬૪	સુકેતુ.	શિવસુધાર.
૬૫	સહદેવ.	સોમશ્વર.
૬૬	સુચી.	સચદે.
૬૭	સુદેવ.	સોમપલણુ.
૬૮	સંધી.	સેજપાર.
૬૯	સર્વકામ.	સજા.
૭૦	સત્યશ્રવા.	સાનયા.
૭૧	સેનવંત.	સોતા.
૭૨	સુમતી.	સોઢા.
૭૩	સુદર્શન.	સ્વાર.
૭૪	હર્યશ્વ.	ટાટરીઆ. ટોલા.
૭૫	હરિશ્ચંદ્ર.	હિંડોચા.
૭૬	હરિત.	હુરમતિઆ.
૭૭	હૈહય.	ઠાકરા, ઠકરાળ.
૭૮	હિરણ્યનાભ.	ઠકરેચા.
૭૯	હેમચંદ્ર.	તજા, થારી, ઠકરાળ.
૮૦	સુશર્મા.	ચુચક.
૮૧	લવાક્ષ.	ચંદૈયા, ચંદેબાર.
૮૨	ક્ષેમવર્મા.	ચનાભટા.
૮૩	ક્ષેમક.	ચોલેરા.
*૮૪	ક્ષેમધન્વા.	ફૂલભંધુવા.

*વ્યાસ શીવજી ભાગ્યચંદ કૃત સારસ્વતોપાખ્યાનમાંથી ઉધ્ધૃત.

સારસ્વત બ્રાહ્મણોના ગોત્ર, અવટંક, વેદ, શાખા[1]

	ગોત્ર :	અવટંક :			વેદ :	શાખા :
૧	કાશ્યપ.	કનૈયા	કાનજી	કાકુઆ.	યજુર્વેદ.	માધ્યંદિની.
૨	શાંડિલ્ય.	સાએલા	સોનપાર	શુપર.	યજુર્વેદ.	હિરણ્યકેષી.
૩	નૈધ્રુવ.	બાજપાર	કરડ	હર્ષણુવાળા.	યજુર્વેદ.	આપસ્તંબી.
૪	વાસિષ્ટ.	બીજલ	વાસુદેવમંદરા	વારૂં.	યજુર્વેદ.	તૈત્તિરીય.
૫	કૌંડિન્ય.	કુક્કા	કતીરા	કીતા.	યજુર્વેદ.	માધ્યંદિતી.
૬	પારાશર.	પસા	પુરૂષોત્તમ	પુરૂખા.	યજુર્વેદ.	વાજસનેયી.
૭	લૌવાક્ષ.	ખિલણુ	જગુ	જાસ.	યજુર્વેદ.	બૌધાયની.
૮[2]	ગૌતમ.	અવીર	ઉદીચ્ય	એન.	યજુર્વેદ.	માધ્યંદિની.
૯	વામદેવ.	ગાવડિઆ	ચંગરા	ગુનખાસા.	યજુર્વેદ.	કાણ્વી.
૧૦	રહૂગણુ.	ભંભરા	ભટસાર	પ્રહ્મ.	યજુર્વેદ.	બહુવાયની.
૧૧	આતથ્ય.	ટિપરિઆ	ધંધજરીયા	કેશવંમ૦.	યજુર્વેદ.	સત્યાસારી.
૧૨	ભારદ્વાજ.	રાજસ્થ	રજજાણુ	રાવલીઆ.	યજુર્વેદ.	માધ્યંદિની.
૧૩	ગાર્ગ્ય.	પૂજારા	પદ્મકા	પીયરા.	યજુર્વેદ.	વાજસનેયી.
૧૪	કપિલ.	કાવડી	કુરચંદ	કરડા.	યજુર્વેદ.	કાણ્વી.
૧૫	હરીતસ.	મક્કડ	માખણુ	માંડણુ.	યજુર્વેદ.	આપસ્તંબી.
૧૬	કરાવ.	સોસભોજ	શિવ	દુલે.	યજુર્વેદ.	હિરણ્યકેષી.
૧૭	રથીતર.	વાસુદેવ.	વૃંદ	વિરીયા.	યજુર્વેદ.	તૈત્તિરીય.
૧૮	વિષ્ણુવર્ધન.	સનસ	સુવડીઆ	સુજાણુ.	યજુર્વેદ.	હિરણ્યકેષી.
૧૯	મુદ્ગલ.	માહેરા	રાડિયા	ફુંગરા.	યજુર્વેદ.	માધ્યંદિની.
૨૦	નિત્યુંદન.	ચકમંદરા	ચાબડ	ધરદેમંદરા.	યજુર્વેદ.	તૈત્તિરીય.
૨૧	જામદગ્ન્ય.	કટિરીઆ	ખીવરા	ખાખર.	યજુર્વેદ.	બૌધાયની.
૨૨	વત્સ.	લેરૂ	લાલોપૌત્રા	શછા.	યજુર્વેદ.	સત્યાસારી.
૨૩	વિશ્વામિત્ર.	વાગવિદાર	વ્યાસ	બાવનવીર.	યજુર્વેદ.	વાજસનેયી.
૨૪	કૌશિક.	પાંધિય	ભૂયરા	ધીકા.	યજુર્વેદ.	હિરણ્યકેષી.
૨૫	ધનંજય.	પ્રશ્નોરા	માણીક	હરીયા.	યજુર્વેદ.	સત્યાસારી.
૨૬	બાભ્રવ્ય.	ઘોલીય	નાગ	ધલધલીયા.	યજુર્વેદ.	આપસ્તંબી.
૨૭	અત્રિ.	બહુજાણુ	દયાવંત	રતેશ્વર.	યજુર્વેદ.	તૈત્તિરીય.
૨૮[3]	અગસ્ત.	ભલભદ	બોડા	બોધી.	યજુર્વેદ.	કાણ્વી.

૧ લોહાણાઓની માફક સારસ્વત મહારાજોમાં પણ કેટલીક અવટંકો ગામ ધંધો કે રમુજમાં પાછળથી પડેલી હોવાનું જણાય છે.

૨ ગૌતમ ને વત્સ ગોત્ર એક જ છે.

૩ વ્યાસ શીવજી ભાગચંદ કૃત સારસ્વતોપાખ્યાનમાંથી ઉદ્ધૃત.

લોહાણા તથા કચ્છ કાઠિયાવાડના સારસ્વત મહારાજોના ગોત્ર–વંશના મૂળ પુરૂષોના નામો કેટલેક અંશે મળતાં આવે છે અને એ પણ લોહાણા પ્રાચીન આર્ય ક્ષત્રિયો છે તેનું મજબુત રીતે સમર્થન કરે છે. હવે આપણે સૂર્યવંશી ક્ષત્રિયો છીએ એ ઉંડી ઐતિહાસિક માન્યતા સંબંધે વિચાર કરીએ.

સૂર્યવંશી ક્ષત્રિયો

ક્ષત્રિયોના ચંદ્રવંશી અને સૂર્યવંશી એમ બે કુળો હતાં. અગાઉ કહેવાઇ ગયું છે તેમ અગ્રજન્મા વિદ્વાન ઋષિઓએ ત્રિગુણાત્મક પ્રકૃતિ ઉપર વર્ણવ્યવસ્થાની રચના કરી. સત્વગુણી બ્રાહ્મણો જ્ઞાન અને ધર્મપ્રચારક બન્યા. રાજસ પ્રકૃતિના શાસનકર્ત્તા થયા. તે ક્ષત્રિયો સાથના બ્રાહ્મણોના નિકટ સંબંધથી સમય જતાં રાજ્યપુરોહિતોનાં કુળો પણ ધનવાન–સંપત્તિવાન બન્યાં. પછી કેટલાક સમયને અંતરે ક્ષત્રિયો અને બ્રાહ્મણો વચ્ચે કલહ સળગ્યો હતો. તેમાં મુખ્યત્વે પુરૂરવા ચંદ્રવંશી–હૈહયવંશી તથા તાલજંઘવંશી ક્ષત્રિયોએ પુરોહિતોપર જુલમ ગુજાર્યો હોય એમ કહેવાય છે. આથી જમદગ્ની ઋષિના પુત્ર **પરશુરામે** ત્રેતા દ્વાપરયુગની સંધિમાં યુદ્ધ કરી **ક્ષત્રિયોનો** સંહાર કરવા માંડ્યો. કહેવાય છે કે તેણે પાંચ તળાવો **કુરૂક્ષેત્રમાં** ક્ષત્રિયોના લોહીથી ભર્યા હતાં.જે **समन्त पंचक तीर्थ**ના નામથી આજ પણ પ્રસિદ્ધ છે.

આ સમયે રઘુકુળતિલક **સૂર્યવંશી** મહારાજ શ્રી **રામચંદ્રજી**એ **પરશુરામની** શક્તિને દબાવી દીધી; ત્યારથી પાછી સુખશાન્તિ સ્થપાઈ અને **સૂર્યવંશી** ક્ષત્રિયો પ્રબળ થયા.

મહારાજ રામચંદ્રજીના ધર્મશાસનથી રઘુકુળ ઉજિયાળું બન્યું. આ રઘુવંશી–સૂર્યવંશી હોવાની આપણી માન્યતા નીચેની પુરાણોક્ત વંશાવળી અને ઉપર આપેલ ગોત્ર–વંશના નામો ઉપરથી પણ સત્ય કરે છે.

શ્રી નારાયણ ભગવાનથી મહારાજ શ્રી રામચંદ્રજી પર્યંત પુરાણોકત વંશાવળી

શ્રી નારાયણ.	૧૦ ધુંધુમાર.	૨૪ હરિશ્ચંદ્ર.
બ્રહ્માજી.	૧૧ દઢાશ્વ.	૨૫ રોહિત.
મરીચી.	૧૨ હર્યશ્વ.	૨૬ હરિત.
કશ્યપ.	૧૩ નિકુંભ,	૨૭ ચમ્પ.
વિવસ્વત.	૧૪ બહર્ણાશ્વ.	૨૮ વિજય.
વિવસ્વત મનુ.	(બહુલાશ્વ).	૨૯ ભરૂક.
૧ ઇક્ષ્વાકુ.	૧૫ સેનજીત.	૩૦ વૃક.
૨ વિકુક્ષી–શશાદ.	૧૬ યુવનાશ્વ.	૩૧ બાહુક.
૩ પુરંજય.	૧૭ માન્ધાતા.	૩૨ સાગર.
૪ અતપૃથુ.	૧૮ પુરૂકુત્સ.	૩૩ કેશી.
૫ વિશ્વગંદિ.	૧૯ અરૂણ.	૩૪ અસમંજસ.
૬ આંદ્ર.	૨૦ ત્રિધન્વા.	૩૫ અંશુમાન.
૭ યવન.	૨૧ અત્રારૂણ.	૩૬ દિલીપ.
૮ શ્રાવસ્ત.	૨૨ સત્યવ્રત.	૩૭ ભગીરથ.
૯ બૃહદસ્વ.	૨૩ ત્રિશંકુ.	૩૮ શ્રતસેન.

૩૯ નાભાગ.
૪૦ અંબરિષ.
૪૧ સિન્ધુદીપ.
૪૨ અયુતાયુ.
૪૩ રૂતુપર્ણ.
૪૪ નલ.
૪૫ સીરૂ ચાહ–સર્વકામ.
૪૬ સુદાર.
૪૭ અશ્મક.
૪૮ મુલક.
૪૯ સત્યવ્રત.
૫૦ ચેદવીડ.
૫૧ વિશ્વસહ.
૫૨ ખટવાડ્ગ.
૫૩ દીર્ઘબાહુ.
૫૪ દિલીપ.
૫૫ રઘુ.
૫૬ અજ.
૫૭ દશરથ.
×૫૮ શ્રીરામચંદ્ર.

×હિંદીરાજસ્થાન-

ભગવાનશ્રી રામચંદ્રજી પછીથી મહારાજ લવથી સુમિત્ર અને કનકસેન[1] સુધીની વંશાવળી

૧ અતીત.
૨ નિસીદ.
૩ નલ કે નાભ.
૪ પુંડ્રિક.
૫ મેધધન્વા.
૬ બલ.
૭ સુલ
૮ વજ્રનાભ.
૯ સોજીત્સ.
૧૦ વિશીત્સવ.
૧૧ વિદ્રીત.
૧૨ હિરૂઆબ.
૧૩ પુષ્પક.
૧૪ સુદર્શન.
૧૫ ઉગ્રવર્ણ.
૧૬ સીગ્ર.
૧૭ મરૂ.
૧૮ પ્રીસીસુત.
૧૯ સેતસુન્દ.
૨૦ અમરસુંદ.
૨૧ અવસ્વન.
૨૨ વિશ્વાસવ.
૨૩ પ્રિસનજીત.
૨૪ તથયક.
૨૫ ગ્રેહીદબલ.
૨૬ ગ્રેહીતવીર.
૨૭ ઉરૂક્રિમ.
૨૮ વૃચાશ્દ્ધ
૨૯ પ્રિથીત.
૩૦ ભાનુ.
૩૧ સીદેવ.
૩૨ ગ્રેહીદીશ્વ.
૩૩ વાહુમન.
૩૪ પ્રિતિકુશ્વ.
૩૫ સુપ્રિતિક.
૩૬ મુરોદેવ.
૩૭ સોવીક્ષેમ.
૩૮ પુષ્કર.
૩૯ રૈખ.
૪૦ સુથ.
૪૧ ઉમીત્રજીત.
૪૨ ગ્રેહીતરાજ.
૪૩ વરીકેતુ.
૪૪ ક્રીતાંજય.
૪૫ રણવિજય,
૪૬ સંજય.
૪૭ સક્ય.
૪૮ સુદ્રીપ.
૪૯ સાંગળ.
૫૦ અસ્મન્જીત.
૫૧ રેનુક.
૫૨ સુરીત.
૫૩ સુમિત્ર.
૫૪ થી ૫૮નાં નામ નથી.
૫૯ મહારત.
૬૦ અંતરીત.
૬૧ અકીલેશ્વ.
[1]૬૨ કનકસેન.

૧ હિંદી રાજસ્થાન.

વાંચનાર જોઇ શકશે કે ગોત્રના જે નામ અપાએલા છે તે જ નામો આ વંશાવળીઓમાં કંઇક ફેરફાર હોવા છતાં ઘણા ખરા અંશે મળતાં આવે છેઃ અને સમય

૧ શ્રી રામચંદ્રજીના સુપુત્ર લવથી કનકસેનનું નામ ૬૧ મી પેઢીએ આવે છે,તે ઇ. સ. ૧૪૪માં લાહોર તજી દક્ષિણ માર્ગે મારવાડમાં જઇ પોતાનું રાજ્ય સ્થાપ્યાનું કહેવાય છે. અને આ સૂર્યવંશી કનકસેન મહારાજે સંવત ૨૦૦ માં વડનગર વસાવવાનો ઉલ્લેખ વ'નગરા નાગરોના ઇતિહાસમાં પણ મળે છે. (જુઓ 'ગુજરાતી' પત્રનો દિવાળી અંકઃ ૧૯૭૯) પુરાણોમાં રામચંદ્રજીના વંશમાં ૫૩ મી પેઢીએ સુમિત્રથી આગળ વંશ ચાલ્યો નથી એમ જણાવાય છે; અને ભાટ બારોટો તે વંશાવળીને આગળ લંબાવે છે. આજે પણ સિસોદીયા, રાણા વગેરે ક્ષત્રિયો પોતાને સૂર્યવંશી જણાવે છે. અને એમ હોયતો તે આપણા ભાઇઓ હોવાથી આપણે ખુશી થવા જેવું છે પુરાણોમાં આ વંશ પુરાનો જણાવાય છે. જ્યારે ભાટ બારોટ અને ચંદકૃત પૃથુરાજ રાસામાં લવનો વંશ જણાવે છે.

જતાં નામોમાં કંઇને કંઈ ફેરફાર થતો આવે તે સ્વાભાવિક છે. પરંતુ આથી પણ લોહાણા બેશક પ્રાચીન આર્ય સૂર્યવંશી–ક્ષત્રિય હોવાનું સિદ્ધ થાય છે.

ઉપર જણાવવા મુજબ ભગવાનશ્રી નારાયણથી રામચંદ્રજી પર્યંત અને તે પછીની વંશાવળી તથા આપણા ગોત્ર–વંશના મૂળ પુરૂષોના નામોના બહુઅંશે મળતાપણાથી સૂર્યવંશી ક્ષત્રિયો હોવાનું સિદ્ધ થાય છે. હવે આ માન્યતાને પુષ્ટી આપનાર આપણી હાલની કેટલીક કુળપ્રથાઓપર પણ કંઇક ઝાંખી નજર કરીએ.

રન્નાદેવી માતાનું સંસ્મરણ

જાતિની પ્રાચીન સંસ્કારિતા એમના કેટલાક રિતરિવાજો અને ધાર્મિક ક્રિયાઓ ઉપરથી પણ સિદ્ધ થાયછે. આપણી જ્ઞાતિમાં **માતા–રાંદલમાતા**–નું પૂજન ખાસ કરીને લગ્ન અને સીમંતોનયન સંસ્કાર વખતે પ્રથમ થાય છે. આ આપણો ચાલતો આવેલો કુળધર્મ છે. કંઇ હજારો વર્ષ વ્યતિત થયા છતાં આ કુળધર્મને લોહાણા જ્ઞાતિએ જાળવી રાખ્યો છે. એ વાત પણ આપણી જાતિને સૂર્યવંશી–ક્ષત્રિય સિદ્ધ કરે છે. શ્રીમદ્ ભાગવતમાં મહારાજશ્રી ઇક્ષ્વાકુ મનુનું વર્ણન છે. એ મહાપ્રતાપી પુરૂષ સૂર્યનો અવતાર મનાય છે. તે જ કુળના વંશજો તે સૂર્યવંશી ક્ષત્રિયો. આ મહારાજશ્રી સૂર્યદેવનાં પત્ની તે આદ્યશક્તિનો અવતાર રન્નાદેવી. વેદમાં પણ **માતૃમાન, પિતૃમાન** આદિ વાક્યોથી માતાનું સ્થાન પહેલું છે. આ ભગવાનશ્રી આદિત્ય દેવનાં પત્ની રન્નાદેવી આપણાં કુળદેવી છે અને એ આદ્યશક્તિ માતાનું પૂજન અદ્યાવધિ કરવામાં આપણો–સૂર્યવંશીનો કુળધર્મ સચવાયલો છે. તે પૂજનવિધિમાં પણ મહા ઉંડું રહસ્ય સમાયલ છે. આદ્યશક્તિ રન્નાદેવીએ પોતાના લગ્ન પ્રસંગે ભગવાનશ્રી સૂર્યદેવને જે વચન કહ્યાં હતાં તે ખરેખર સ્મરણીય છે અને તે આ રહ્યાં:

"પ્રાણનાથ, આપ મારો અંગીકાર કરીને મને પ્રણયદાનનું સુખ આપો. હું આપના સુખમાં વૃદ્ધિકર્ત્તા થઇ પડીશ. દેવગણમાં શ્રેષ્ઠ આપ જેવા પતિની મારા ભાગ્યોદયને લીધે મને પ્રાપ્તિ થઇ છે તેથી હું મારા જીવનની સફળતા માનું છું. હું આપની આજ્ઞાપરાયણ દાસી મન વચન અને કાયથી આપની ભક્તિમાં જ સદા સર્વદા વ્યાપ્ત રહીશ, આપના સુખદુઃખની સમભાગિની બનીશ. સકળ જગતને આપના પ્રકાશરૂપી પ્રસાદથી પોષનાર, હે સ્વામિન ! આપ જ મારા શિરચંદ્ર છો અને આપને હું વંદન કરવા યોગ્ય છું."

પતિસેવામાં પહેલેથી જ તલ્લીન પત્નીનો સ્વીકાર કરતાં આદિત્ય ભગવાનને કેટલો હર્ષ થયો હશે ? આ મહામાયા કુળદેવી રન્નાદેનું પૂજન ક્ષત્રિય તનુજાઓના અંતઃકરણમાં પણ સ્વર્ગીય પ્રેમની સ્ફુરણા ઉત્પન્ન કરાવવાના ઉત્તમોત્તમ આશયથી શરૂ થયેલું હોય એમ જણાય છે. અને તે ઉપરથી માનવાને કારણ મળે છે કે જાતિ અને સંસ્કારોની શુદ્ધિ સાચવવા આ કુળધર્મ પ્રણેતાઓએ કેટલી બધી કાળજી રાખી છે.

આ મહામાયા રન્નાદેવીના પૂજનમાં પ્રથમ માત્ર કન્યકાઓને જમાડવામાં આવતી અને હવે કન્યકાઓ સાથે સધવાઓને પણ નિમંત્રવામાં આવે છે. આજે આ કુળધર્મ પ્રચારનું ઊંડુ રહસ્ય સમજીને નહિ પણ પૂર્વજોની રીતિ છે એ રીતે રાંદલ માતાની પૂજનપ્રથા ચાલુ છે. પણ કન્યકાઓને જમવા નિમંત્રી તેમને આદ્યશક્તિ રન્નાદેવીની અપૂર્વ

પતિભક્તિથી પરિચિત કરી, એ કન્યકાઓ–ભવિષ્યની ગૃહરાણીઓ પણ એમના સદ્‌ગુણોને હૃદયમાં ધારણ કરી પોતાના સંસારને સ્વર્ગીય નંદનવન બનાવે એ મૂળ ઉમદા આશય છે. અને બીજી રીતે કુળદેવી આદ્યશક્તિ માતાનો મહદ્ સત્કાર અને બ્રહ્મચારિણી બાળાઓ–કન્યકાઓ તરફનો પૂજ્યભાવ દર્શાવે છે.

જે કન્યકાઓ તથા સધવાઓને નિમંત્રણ કરેલ હોય છે, તે જમવા આવે છે ત્યારે જે ઘરમાં માતાની પ્રતિષ્ઠા કરેલી હોય તે ગૃહની સૌભાગ્યવતી કુળવધુ–ગૃહિણી નિમંત્રેલ બ્હેનોના પગનું પાદપ્રક્ષાલન કરી ચરણામૃત લે છે. ત્યારપછી એમને જમાડવામાં આવે છે અને પછી જ પોતે જમે છે. આ પાદપ્રક્ષાલન વિધિમાં પણ આશય એ જણાય છે કે 'બ્હેનો અમારે ત્યાં આજે કુળદેવી પધાર્યા છે અને એ કુળદેવીના સ્વરૂપ જેવી તમે બ્હેનોને હું વંદન કરૂં છું. તમે પણ આપણી આદ્યશક્તિ એ માતાના પગલે ચાલી ઉત્તમ ગૃહિણી બની તમારા સંસારને સ્વર્ગ બનાવો અને વંશવૃદ્ધિ કરો, ને તમારા અંતરની આશિષો અમને પણ ફળો.'

આવાં ઉત્તમ ભાવવાળી પ્રથાના આદ્ય પ્રણેતાઓની ઉત્તમોત્તમ સંસ્કારિતા અને બુદ્ધિશક્તિ ઉપર વિચાર કરતાં આપણો ગર્વ ગળી જાય છે.

સમુદ્ર પૂજન–દરિયાલાલ

ભૂતકાળ એ ભવિષ્યનો માર્ગ નિષ્કંટક કરનાર જ્વલંત વારસો છે. ચરિત્રાધ્યયનથી–પૂર્વજોના અનુભવોથી ભાવી પ્રજા મુશ્કેલીઓના સમયમાં માર્ગ શોધી શકે છે. વિ. સં. ૧૪૫૪ માં જ્યારે સિંધનો સ્વામી થઈ પડેલો મરખશાહ નામનો ધર્માન્ધ મુસલમાન સત્તાધારી બળાત્કારે હિન્દુઓને વટલાવવાનો પ્રયાસ કરતો હતો; ત્યારે પ્રતાપી પૂર્વજ મહારાજા રામચંદ્રજી સીતાદેવીની શોધમાં જ્યારે રાવણની લંકા નગરીમાં જવાને દક્ષિણમાં સમુદ્ર તટે આવ્યા ત્યારે સમુદ્રપાર ઉતરવાને એઓશ્રીએ વરૂણદેવની ઉપાસના કરી હતી; તેનું જ અનુકરણ કરી આ સમયે આપણા ભાઈઓએ સિન્ધુ–દરિયા કિનારે જઈ આ દુઃખમાંથી બચાવવા અન્નજળ રહિત એકાગ્ર ચિત્તથી ઉગ્ર તપ આદર્યું હતું. ભગવાન વરૂણ દેવે સાચા હૃદયની પ્રાર્થના સાંભળી ઠક્કુર રતનરાયને ત્યાં નસરપુર ગામમાં જન્મ લઈ મદાંધ વિધર્મી સતાધારીને ઠેકાણે લાવી આપણી ઇજ્જત અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું હતું. આ મહાત્માની પ્રતાપી પૂર્વજ અમરલાલ યાને [1]દરિયાલાલનું પૂજન આજે ઇષ્ટદેવ તરિકે આપણે કરીએ છીએ અને શ્રાવણી કે એવા પર્વને દિવસે દરિયાપૂજન એ આપણામાં મહત્વનો ધર્મ ગણાય છે. એ પણ પ્રતાપી પૂર્વજ શ્રી રામચંદ્રજીની રીતિનું અનુકરણ નહિ તો બીજું શું છે?

અનન્ય ભક્તિભાવ

નાશિક પંચવટીનું તીર્થક્ષેત્ર, એ મહારાજ શ્રીરામચંદ્રજીનાં પુણ્યમય પગલાંથી બન્યું છે. પ્રતિજ્ઞાપાલનાર્થ રાજ્યપાટ તજીને પ્રથમ એ મહાપુરૂષે અહીં નિવાસ કર્યો હતો.

[1] ઇષ્ટદેવ શ્રી દરિયાલાલજીનો વિસ્તૃત વર્ણન માટે જુઓ લોહાણા રત્નમાળા ૭૨ મે પાને.

બાર વર્ષે આવતા સિંહસ્થના વર્ષમાં લાખો ભારતવાસી ભાઈબ્હેનો આપણા આ પ્રતાપી પૂર્વજની મહાકથાઓ ગાઈ પોતાના જીવનને ધન્ય કરવા અહીં ભેગાં મળે છે. અહીં વિશાળ ધર્મશાળાઓની[1] ભવ્ય ઈમારતો, સાધુ સંતોનાં સદાવતો, અન્નક્ષેત્રો તથા બ્રહ્મ-પુત્રોને માટે પાઠશાળાઓ ખોલવામાં મોટો હિસ્સો કોનો છે ? એ જ સૂર્યવંશીનાં સંતાનોનો–પ્રતાપી પૂર્વજના ગૌરવના અનન્ય ઉપાસક લોહાણા જ્ઞાતિના તનુજોનો.

રઘુવંશી બાળકોમાં 'અમે રઘુવંશી છીએ' એ માન્યતાનો પ્રબળ પ્રવાહ એમના જીવનમાં અવિચ્છિન્ન અખંડ અને અખુટ રહેલો છે તે શું આથી નથી સમજાતું ? લોહાણા જ્ઞાતિ શિવાય રામના જેવી ઉદારતા અન્ય જ્ઞાતિઓમાં જોઇ શકશો કે ? નહિજ.

રામનામનો ઉચ્ચાર

એ અમારા જીવનનો આનંદ, ઉત્સાહ અને સૌન્દર્ય છે. રસ્તે ચાલતાં પ્રથમ વાતચિતમાં, વ્યવહારમાં, પત્રાલેખનમાં પણ અમારી એ પુરાણી પ્રથા 'રામરામ'નો સૌથી પહેલાં ઉચ્ચાર કરવાની હજીય જળવાઈ રહી છે પૂર્વજ તરફનો અનન્ય પ્રેમ અને ભક્તિ શિવાય આમાં બીજું શું છે ? કાઠિયાવાડમાં આ રામરામનું સ્થાન કેટલેક સ્થળે જય-શ્રીકૃષ્ણે લીધું છે પણ તે સંજોગોને આભારી છેઃ સિન્ધ છોડીને કચ્છમાં આવ્યા ને કચ્છમાં પણ ઠેકાણું ન પડતાં [2]કાઠિયાવાડમાં આવ્યા ત્યારે સંસ્કૃતિ સર્જી ન શકયા પણ અન્યનું અનુકરણ કર્યું, તેનું એ કારણ છે; છતાંય જૂની ખાનદાની તદ્દન વિસરાઈ તો નથી જ.

રામની ટેક

પિતાના વચનપાલન ખાતર રાજ્યપાટનો ત્યાગ કરી ત્રણ લુગડાભર કિશોરવયમાં બનવાસ ગ્રહણ કરનાર એ મહાપુરૂષની અડગ ટેકનો નમુનો દુનિયાની અન્ય પ્રજાના ઇતિહા-સમાંથી કોઇએ હજી શોધી કાઢયો છે કે ? નહિ જ. અને એ અદ્ભુત ત્યાગવૃત્તિથી એમના તનુજો જ નહિ પણ ભારતની સમસ્ત પ્રજા એમને ભગવાન રૂપે ભજે છે.

ભુખે મરતા હોય છતાં અન્યની પાસે તો શું પણ સગા કુટુમ્બી પાસે પણ હાથ લાંબો કરી પોતાની અશિક્ત બતાવવા કરતાં મરી જવું બહેતર એવી ટેક તો હજી લોહા-ણાઓએ જ જાળવી છે !

ત્રણ દિવસના કડાકા હોવા છતાં પણ અન્યની ગુપ્ત કે પ્રસિદ્ધ મદદ નહિ સ્વીકારનારી અડગ ટેકી સ્ત્રીઓની દંતકથાઓ તો લોહાણાજ્ઞાતિમાંથી જ મળી શકે છે. આ શું એ મહારાજ રામચંદ્રજીની અડગ ટેકનો વારસો નથી કે ? અને એ શું એમ બતાવવા માટે પૂરતું નથી કે હજીયે લોહાણા જ્ઞાતિના તનુજો અને તનુજાઓના શ્વાસોચ્છ્વાસમાં—રગે-રગમાં એ પ્રતાપી પૂર્વજના વારસાઈ અંશના ધબકારા થઈ રહ્યા છે.

લોહાણા ભાઇઓના ગૃહમંદિરમાં પારણિયે પોઢેલા બાળકને પણ એ ગૃહદેવીઓ રામના-મનું પયપાન કરાવે છે. અને અંત સમયે પણ 'રામરામ કરો' એ ભાવનામય વાકયોથી જ દીલસોજી અને ધૈર્યની ધારણા દેવાય છે.

---

૧ આ ધર્મશાળાઓ ઇત્યાદિ માટેનું લીસ્ટ જુઓ આ પુસ્તકના ૬૩ મા પાને.
૨ વધુ માટે વાંચો 'આવશ્યક નોંધ' શિર્ષક નીચેની નોંધ લોહાણા રત્નમાળાનાં ૧૯૬ મે પાને.

જ્યાં જ્યાં લોહાણાઓના સમુહો હોય તે ગામડામાં ભગવાનશ્રી રામચંદ્રજીનું મંદિરપણ અવશ્ય હોય જ.

અસહ્ય દુઃખો સહ્યાં, આપત્તિઓ વેઠી, સમૃદ્ધિ લૂંટાઇ, રાજ્યસત્તાઓ ગઈ. છતાંય પોતાના પ્રતાપી પૂર્વજના સંસ્મરણ જાળવવાનો આદર્શ આટલે દરજ્જે દૃષ્ટિ સમીપ રાખનાર લોહાણા શિવાય અન્ય જ્ઞાતિ છે એવું કોઈ સાબીત કરી શકશે કે ? અમે દાવાથી કહીએ છીએ કે અન્ય કોઇ જ્ઞાતિ નથી. લોહાણા જ્ઞાતિનાં બાળકો એ રઘુવંશી છે એ માન્યતા નિર્વિવાદપણે આથી પણ સાચી ઠરે છે. અને એમ થતાં જ લોહાણા તનુજોના અંતરમાં અભિમાન ઉત્પન્ન કરે છે. એ માન્યતાએ જ અમારી જાતિની પવિત્રતા જાળવી છે, સંસ્કૃતિને સાચવી છે અને એ માન્યતાના મૂળમાં જ અમારૂં ગૌરવ છે, અમારા હૈયાના હુલ્લાસ છે. હવે આપણા પ્રચલિત ધાર્મિક રીતરિવાજો તરફ જોઇએ.

લગ્ન સંબંધ

આર્ય પ્રજાની શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક ઉન્નતિ થાય એ દૃષ્ટિએ સમાજશાસનના આદ્ય પ્રવર્તકોએ નિયમો ઘડયા હતા. ભગવાન મનુ એ નિયમો ઘડનારાઓમાં મુખ્ય છે.

द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम्

તથા

असपिण्डा च या मातुरसगोत्रा च या:पितुः ।
साप्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने ॥

મનુ अ. ૩, શ્લોક ૪-૫

"દ્વિજ જાતિએ સવર્ણમાં, માતાની ૭ પેઢીમાં ન હોય તથા પિતાના ગોત્રની ન હોય તેવી કન્યા સાથે વિવાહ કરવો જોઇએ."

આજે સમયના પરિવર્તન સાથે એ વર્ણવ્યવસ્થા રહી નથી; છતાંય લોહાણાજ્ઞાતિ જ એક એવી જાતિ છે કે જેમાં આ પ્રાચીન નિયમ અબાધિત સાંગોપાંગ જળવાઈ રહ્યો છે. માતાની ૭ પેઢી અને પિતાના કુળમાંની કન્યા સાથે લગ્નસંબંધ લોહાણા જ્ઞાતિમાં થતો નથી એ પણ લોહાણા પ્રાચીન આર્યજાતિ હોવાનું સમર્થન કરે છે.

વિવાહ પ્રકાર અને વિધિ

વિવાહના આઠ પ્રકાર મનુમહારાજે બતાવ્યા છે તે આ પ્રમાણે:

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥

મનુ अ-૩, શ્લોક ૨૧

[૧]બ્રાહ્મ, [૨]દૈવ, [૩]આર્ષ, [૪]પ્રાજાપત્ય, [૫]અસુર, [૬]ગાંધર્વ, [૭]રાક્ષસ અને [૮]અતિ અધમ પિશાચ. વિદ્વાન સદાચારી વરનો વસ્ત્રાભુષણાદિથી સત્કાર કરી તેને કન્યાનું દાન કરવું તે બ્રાહ્મ. યજ્ઞકાર્યમાં ઋત્વિજને અલંકાર પહેરાવી કન્યાદાન કરવું તે દૈવ. કંઇપણ નહિ લઇને વરકન્યા બન્નેની પ્રસન્નતાનુસાર લગ્ન કરવાં તે આર્ષ. વાણીથી સત્કાર કરી કન્યાનું દાન

કરવું તે પ્રાજાપત્ય. આ ઉપરના ચાર પ્રકારના વિવાહ દ્વિજવર્ણો માટે ઉત્તમ છે. કન્યાનું ધન લઇને વિવાહ કરવો તે અસુર વિવાહ. કામવશ થઇને સ્ત્રી પુરૂષ બની જવું તે ગાંધર્વ. બળાત્કારે કોઇની કન્યાને ઉપાડી જવી તે રાક્ષસ. એકાન્તમાં કેફી વસ્તુ આપીને નિશામાં બળાત્કાર કરવો તે પિશાચ વવાહ.

આ ૫ થી ૮ પ્રકારના વિવાહનો આર્ય પ્રજામાં દ્વિજ જાતિ માટે નિષેધ કરેલો છે.

આપણી જ્ઞાતિમાં કન્યાવિક્રય નહિ કરવાનો અને ઉતમ પ્રકારે વરપક્ષને સત્કારી કન્યાનું દાન કરવાનો પુરાણો રિવાજ મજબુત રીતે અત્યારે પણ પ્રવર્ત્તે છે; એટલું જ નહિ પણ કન્યાના ઘરનું પાણી સુદ્ધાં પણ લોહાણા જ્ઞાતિમાં પીવાની મનાઇ છે. એ બતાવી આપે છે કે લોહાણા જ્ઞાતિ એ પ્રાચીન પવિત્ર દ્વિજ જાતિ છે અને કાળના સપાટામાં સપડાતાં, દુઃખો સહતાં, વ્યાપારીઓ બન્યા છતાં પણ એ ક્ષત્રિયો લોહીની પવિત્રતા અને આર્યસંસ્કૃતિની મહત્તા સાચવવા હંમેશાં કાળજીવાન રહ્યા છે.

આર્ય પ્રજાની ઉત્તમ વિવાહની પૂર્ત્તિમાં લાજા હોય અને સપ્તપદીની ક્રિયાઓ મુખ્ય ગણાય છે. ગૃહસ્થાશ્રમની અંતિમ મજલ સુધી પહોંચવા માટે ધર્મપુર્વક પુરૂષાર્થ કરીને અન્ન, શારીરિક બળ, જ્ઞાન, સુખ, સંતાન, ઋતુ અનુકુળ વર્તાવ, મિત્રતા, એ સાત સાધનોની આવશ્યકતા દર્શાવનારો ઉત્તમ ભાવ સપ્તપદીમાં રહેલો છે.

શીલારોહણની ક્રિયા એ પથ્થરની માફક અડગપણે ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરવાની પ્રતિજ્ઞાસૂચક ચિન્હ છે. છેડાછેડી એ પ્રતિજ્ઞાપાલનનું વ્રત છે, ગાંઠ એ મેળાપનું ચિન્હ, પ્રેમ અને સહાનુભુતિ બોધક, મિત્રતાનું લક્ષણ છે. વરવધુપર પાણીનાં છાંટા તે ગૃહસ્થાશ્રમમાં બન્નેએ શાન્તિ અને સહનશીલતા ધારણ કરવાની સંજ્ઞા છે.

દરેક ગૃહસ્થે પોતાને આંગણે એક ગાય રાખવાની પ્રથા પહેલાં હતી: અને તેથી કન્યાની સાથે એમનાં માવિત્રો તરફથી ગાયનું પણ દાન આપવામાં આવતું હતું. આ પુરાણી આર્ય પ્રથામાં અત્યારે ફેરફાર થઇ ગયો છે એટલે ગાયને બદલે તેનું મૂલ આપવામાં આવે છે. છતાંય તે વિધિ અદ્યાપિ પર્યન્ત લોહાણા જ્ઞાતિમાં છે અને 'ગૌદાનનો સમય' એ એ જ છે. આ ઉત્તમ ભાવવાળી લગ્ન વિધિઓનું પ્રાચીન રહસ્ય આજે કદાચ પૂર્ણરીતે નહિ સમજાતું હોય તો પણ તે રિવાજ કે રૂઢી તરિકે પણ અદ્યાપિ પર્યન્ત ચાલુ રહેલ છે એ પણ લોહાણા એ પવિત્ર આર્ય પ્રજા છે અને તેમાં વિદેશીય કે અનાર્યત્વનો જરા પણ સ્પર્શ નથી થયો એ સપ્રમાણ સાબીત કરે છે.

યજ્ઞોપવિત

વિદ્યા પ્રતિનો પ્રેમ, બળપ્રાપ્તિ અને સદાચાર એ ત્રણે નિયમોનું યજ્ઞોપવિત સૂચન કરે છે.

પ્રાચીન જમાનામાં આર્ય પ્રજા વિદ્યા અને જ્ઞાનને જ મુખ્ય ધન સમજતી હતી. ધનનો વારસો આપ્યા પહેલાં તેઓ બાળકોને વિદ્યાનો વારસો આપતા હતા. બ્રહ્મચર્યવ્રત પાલનની તે પ્રતિજ્ઞા છે. ત્રણે દ્વિજવર્ણોનાં સંતાનોને ઉપનયન સાથે વેદારમ્ભ સંસ્કાર કરાવી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરૂને ઘેર મોકલવામાં આવતાં હતાં. બ્રહ્મચર્યપાલન વિના ગૃહસ્થાશ્રમ એટલે જગતના વ્યવહારક્ષેત્રમાં પગ મૂકવાનો પણ આર્ય સંતાનોને અધિકાર નહોતો. એકચક્રવર્તિ

રાજાનો છોકરો પણ એક ગરીબના છોકરાની સાથે એક સરખી સ્થિતિમાં ગુરૂને ઘેર રહેતો. નિરક્ષર દ્વિજને એ જમાનામાં શુદ્ર જેવો માનવામાં આવતો હતો. સંસ્કારો એ રિવાજ કે રૂઢીનું નામ નથી પણ માનસિક શુદ્ધિ તથા સ્થુળ–શરીર શુદ્ધિ માટે જે ક્રિયાઓ ઠીક પ્રકારે કરવામાં આવે તેને વિદ્વાન ઋષિઓએ સંસ્કારનું નામ આપ્યું હતું.

શ્રાવણ માસમાં વર્ષાઋતુનો અંત આવતો હોવાથી પ્રાચીન ઋષિમુનીઓ પર્ણ કુટીમાંથી બહાર નીકળી પ્રજા કલ્યાણાર્થે ભ્રમણ કરી ધર્મોપદેશ કરતા હતા, તે પહેલાં મોટા મોટા યજ્ઞ કરવામાં આવતા હતા. બ્રહ્મચારીઓ તે વખતે ઉપવિત બદલાવતા હતા. દરવર્ષે જનોઇ બદલાવવાનું કારણ એમણે ઉપનયન સંસ્કાર વખતે કરેલી પ્રતિજ્ઞાને વધારે ને વધારે દૃઢ બનાવી કર્તવ્ય માર્ગમાં મચ્યા રહેવાનું સ્મરણ કરાવવાનું છે. જનોઇને **ચેવત્રયી** કહે છે. એ જનોઇના ત્રણ તાંતણા બ્રહ્મ, પિતૃ ને દેવઋણનું ભાન કરાવે છે. **અ, ઉ, મ,** જીવ, બ્રહ્મ ને પ્રકૃતિ આદિ ઘણી ભાવનાઓ સૂચવે છે.

આર્યોની—દ્વિજજાતિની એ જમાનાજૂની પ્રથા લોહાણાજ્ઞાતિએ પ્રાણને ભોગે આજે પણ જાળવી રાખી છે. જો કે આજે નથી એ ગુરૂકુળો કે નથી થતા વેદારમ્ભ સંસ્કાર કે નથી તે સમાજવ્યવસ્થા; છતાં રૂઢી કે રિવાજ સમજીને પણ તે જનોઇને ધારણ કરી રાખી છે એ વાત પણ તેના દ્વિજ–ક્ષત્રિય જાતિ હોવાની માન્યતા વિના શકે સિદ્ધ કરે છે.

સૂતક

શ્રોત્ સ્માર્ત નિયમ પ્રવર્તકોએ આર્ય જાતિની માનસિક, અને શારીરિક શુદ્ધતા સાચવવા માટે ઘડેલા નિયમોમાં આ સૂતક સંબંધે પણ ચારે વર્ણ માટે નિયમો યોજ્યા છે. મનુ મહારાજ નીચે મુજબ જણાવે છે.

शुध्येद्विप्रो दशाहेन द्वादशाहेन भूमिपः ।
वैश्यः पञ्चदशाहेन शूद्रो मासेन शुध्यति ॥

मनु अ. ५ શ્લો ૮૩

સપિંડના મરણથી બ્રાહ્મણ દશ દિવસે, ક્ષત્રિય બાર દિવસે, વૈશ્ય પંદર દિવસે અને શુદ્ર એક મહિને શુદ્ધ થાય છે.

એજ પ્રમાણે **પારાશર** સ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, અને **વિષ્ણુ** પુરાણમાં **પણ** કહેલું છે.

આ સર્વ શાસ્ત્રકારો એ ફરમાવે છે કે મરણના સૂતકમાં **બ્રાહ્મણ** દશ દિવસે, **ક્ષત્રિય બાર દિવસે, વૈશ્ય** પંદર દિવસે અને **શૂદ્ર** એક માસે શુદ્ધ થાય છે.

ક્ષત્રિયોના માટે સૂતક ૧૨ દિવસનું લખેલ છે તે મુજબ લોહાણા જ્ઞાતિમાં ૧૨ દિવસનું સૂતક આજ સુધી પળાય છે. એ પણ **લોહાણા** શુદ્ધ ક્ષત્રિય જાતિ હોવાની સપ્રમાણ સાબીતી આપે છે.

શાસ્ત્રિય સાધનો, પુરોહિતોનો સંબંધ, આપણી માન્યતા, ધાર્મિક ક્રિયાઓ આદિના અવલોકનથી લોહાણા એ પ્રાચીન શુદ્ધ ક્ષત્રિય જાતિ છે એ બીના નિર્વિવાદ રીતે સિદ્ધ કરી આપે છે. હવે આ માન્યતાનું સમર્થન કરતી આપણે આપણી હાલની પ્રચલિત રસમોપર પણ કંઇક વિચાર કરીએ.

લગ્નપત્રિકા

બીજી સર્વ જ્ઞાતિઓમાં લગ્નપત્રિકા કન્યા તરફથી વરને મોકલવામાં આવે છે. તે પત્રિકાને વરવાળા વધાવી લઇ અંદર લખેલી તિથિએ લગ્ન કરવા જાય છે; પરંતુ લોહાણા એ ગાય અને બ્રાહ્મણોનું રક્ષણ કરનાર એક વખતે શાસનકર્તા ક્ષત્રિયો હતા, 'ગૌબ્રાહ્મણ પ્રતિપાળ' કહેવાતા, વરરાજાને અચાનક યુદ્ધે ચડવાનો પ્રસંગ પ્રાપ્ત થતો તેથી પોતાના પુરોહિત પાસે એ લગ્નપત્રિકા લખાવી તે પત્રિકા ને તલવારની અણીએ પરોવી વરરાજા સસરાને ઘેર જતો અને જો પ્રસંગ તેવો જ બનતો તો તુરત લગ્ન થતાં યુદ્ધે ચડી જતો. અદ્યાપિ પર્યન્ત લોહાણા જ્ઞાતિમાં વરપક્ષ તરફથી જ કન્યાપક્ષને લગ્નપત્રિકા મોકલાવવામાં આવે છે. એ પણ લોહાણાને લડાયક—ક્ષત્રિય જાતિ હોવાનું સાબીત કરે છે.

સ્ત્રી સૌભાગ્ય ખોંભી

ખીલજીવંશ અને લોદીવંશના બાદશાહો ગમે તે જાતના રજપુતનું ખાંડું પરણી જતું હોય તો તેને શીરજોરીથી પોતાના જનાનામાં બોલાવી કાપડું છાપતા હતા. એક વખતે મુલતાન નિવાસી ટોડરમલ નામના લોહાણાનું ખાંડું પરણીને આવતું હતું તેને બાદશાહના સ્વારોએ ઘેરી લીધું. આ બાબતની ટોડરમલને જાણ થતાં તરત જ યુક્તિ કરીને સ્ત્રીનો પોશાક પોતે ધારણ કરી પોતાની પત્નીની પાલખીમાં દાખલ થયો. પત્નીને પુરૂષનો પોશાક પહેરાવી મુલતાન મોકલાવી દીધી. પાલખી બાદશાહના જનાનામાં પહોંચી ને તેમાંથી બહાર આવી બાદશાહની છાતી ઉપર કટાર કાઢીને ટોડરમલ ચઢી બેઠો. જ્યારે બાદશાહે "હવે પછીથી કોઈ લોહાણા–ક્ષત્રિયનાં પરણી આવતાં ખાંડાંને હરકત ન કરવી." એવી કુરાનના સોગદ ખાઇને પ્રતિજ્ઞા લીધી ત્યારે તેને જીવતો છોડયો. આ સમયે બાદશાહે પ્રશંસાયુક્ત ઉદ્‌ગારો કાઢયા હતા કે "લોહાણી 'ક્ષમણુ' લેવી એ એક ગઢ લેવા જેવું છે." આમાં પણ લોહાણા પ્રજાની વીરતા અને અયોગ્ય અપમાન નહિ સહન કરવાની અડગ વૃત્તિનાં જ દર્શન થાય છે. હાલ આપણી જ્ઞાતિમાં લગ્ન વખતે વરરાજા ઘોડે ચઢે છે ત્યારે સ્ત્રીના સૌભાગ્યની 'ખોંભી' ઓઢે છે તે તે જ ટોડરમલે ઉપરોક્ત કારણસર પહેરેલા સ્ત્રીના પોશાકની નિશાની હોય એમ જણાય છે.

વળી હાલ જે સ્ત્રીની ખોંભી સાથે ઘાઘરો કરવામાં આવે છે તેની કોર ઉપર ગઢરૂપે પટ્ટો મૂકી કાંગરા મૂકવામાં આવે છે અને જ્યારે લગ્નવિધિ પૂર્ણ થાય છે ત્યારે સ્ત્રીઓ મંગળ ગીત ગાય છે કે "ટોડરમલ કેસરીઓ ગઢ અમે જીત્યાં." આ દંતકથા પ્રસિદ્ધ છે.

સાંગ.

ક્ષત્રિયોનું મુખ્ય કરીને સાંગ હથિયાર હતું અને તે હથિયાર ક્ષત્રિય બચ્ચો પોતાની પાસેથી દૂર કરતો નહિ. લગ્ન વખતે પણ તે હથિયાર તો પાસે જ રહેતું. આજે પરણતી વખતે વરકન્યા પાસે સાંબેલું રાખે છે તે એજ સાંગનું ચિન્હ અદ્યાપિ પર્યંત રહી ગયું હોય એમ માની શકાય છે અને એ પણ લોહાણા લડાયક પ્રજા હોવાનું સમર્થન કરે છે.

છઠ્ઠી

લોહાણા જ્ઞાતિમાં બાળકના જન્મને છઠ્ઠે દિવસે એક ક્રિયા કરવામાં આવે છે. તેને ' છઠ્ઠી ' કહેવાય છે. તેમાં પણ 'તલવાર' કે મોટી છરી કે કટારી રાખી તેનું પૂજન કરવાની પ્રથા છે. તે પણ એ જ બાબતનું સમર્થન કરે છે કે લોહાણા જ્ઞાતિનો ક્ષત્રિય સ્વભાવ હજીય કાયમ રહેલો છે.

દાદા જશરાજનું શોકચિન્હ

લગ્ન સમયે ગાયોને બચાવવાના ક્ષત્રિયધર્મને અનુસરી યુદ્ધમાં ચડી, પવિત્ર ફરજ બજાવતાં પ્રાણાર્પણ કરનાર દાદા જશરાજનું[1] શોકચિન્હ લોહાણા જ્ઞાતિમાં વરરાજા સફેદ કપડું લગ્ન સમયે બાંધીને ધારણ કરે છે, તેમની નામના સાચવવા પૂજા પણ કરે છે, ઘોડા ખુંદાવે છે, ચંદી આપે છે. આ ગૌરક્ષણની ક્ષત્રિયોની ફરજનું કાળાન્તરે પણ વિસ્મરણ ન થાય એવો ઉત્તમ ભાવ આમાં જણાય છે. તેથી પણ લોહાણા પ્રજા એ સમર્થ ક્ષત્રિય પ્રજા હોવાનું સિદ્ધ થાય છે.

શરણાંગતને સહાય

લોહાણા કોમની આ વૃત્તિ એમની જૂની ખાનદાની બતાવે છે. ઈ. સ. ના સાતમા સૈકામાં પણ–રાજકીય પતિતાવસ્થાના કટોકટીના પ્રસંગમાં પણ એ વીરતા અને ઉદારતાનાં જ દર્શન થાય છે.

શાહીવંશના છેલ્લા રાજા સાહસીરાયનો એક મહત્વાકાંક્ષી, ચાણાક્ય નીતિને અનુસરનારા ખટપટી બ્રાહ્મણ ચચ્ચે રાજ્યના લોભે દગાથી અંત આણ્યો; અને એ રાજ્યગાદી પચાવી. તેની સૌન્દર્યવતી રાણી સુહન્દી કે જેની વિલાસભાવના જ આ રાજ્યનો અંત આણવાને કારણભુત બની હતી તેની સાથે પુનર્લગ્ન કર્યું અને પછી પોતાની પ્રબળ સત્તા જમાવી. નાના રાજાઓને હરાવી પોતાનું વર્ચસ્વ કબુલ કરાવ્યું અને રાજ્યની હદ બાંધી છેક કાશ્મીર સુધી સત્તા જમાવી.

સિન્ધના બ્રાહ્મણાબાદમાં આ સમયે લોહાણાઓનું મુખ્ય રાજ્ય હતું. રાજા અગમસિંહ રાજ્ય કરતો હતો. ચચ્ચના આ વિશ્વાસઘાતી અને નિંદ્યકર્મને લોહાણાપ્રજા અંતરથી તિરસ્કારતી હતી અને ચચ્ચ પણ લોહાણાના બળથી જ્ઞાત હોઇ એક મહા સમર્થ અને લડાયક જાતિને છેડવાનું કરતો નહિ. અન્ય પ્રજાઓ ચચ્ચની ભાગ્યરેખા ચળકતી જોઇ તેના સામર્થ્ય આગળ નમી પડી હતી પણ લોહાણા તટસ્થ રહ્યા હતા. અને પોતાના મિત્રો–ચચ્ચના દુશ્મનોને સહાય કરવાને પણ તેઓ તૈયાર રહેતા.

સવિસ્તાનના રાજાના પત્રના જવાબમાં રાજા અગમસિંહે લખેલો નીચે મુજબનો પત્ર આ કથનની ખાત્રી આપે છે.

"I have always behaved towards you as a friend and well-wisher, and have, on no occasion; acted against you or

---

૧ વંચુમાટે વાંચો લોહાણા રત્નમાળા

quarrelled with you. I acknowledge the receipt of the letter which you sent to me by way of friendship. You honoured me therein by the assurance that, as long as our union and friendship lasts, no enemy will approach us. I am ready to do your behests, and to carry out completely every one of your orders. you are a king and the son of a king. There exists perfect harmony between us and you. Misfortunes like these have befallen many persons and compelled them to seek refuge. You are at liberty to fix your residence at any town you choose in the territories dipendent on Brahmanabad down to the sea, and to Debal. And if you intend to go somewhere else, none will obstruct you or molest you. I shall be helping you till you are safely settled somewhere. I possess sufficient troops and followers to be able to assist you "[1]

"હું હમેશાં તમારા તરફ એક મિત્ર અને શુભેચ્છક તરિકે વર્ત્યો છું. કોઇવાર પણ વિરૂદ્ધ વર્તન કર્યું નથી તેમ યુદ્ધ પ્રસંગ આવવા દીધો નથી. મિત્રતા ભરેલો તમારો પત્ર મને મલ્યો છે, તે પત્ર વાંચવાથી મને ખાત્રી થઇછે કે જ્યાંસુધી આપણામાં સંપ અને મૈત્રી છે; ત્યાંસુધી કોઇપણ શત્રુ આપણી સામે થઈ શકશે નહિ, તમારા પત્રમાં આમ લખવાથી હું મને માન મળ્યું સમજું છું. હું તમારી ઇચ્છાનુસાર તમારી દરેક ઈચ્છાઓનો સંપૂર્ણ અમલ કરવા તૈયાર છું. તમે એક રાજપુત્ર-રાજ્યના ખરા હક્કદાર છો. આપણી વચ્ચે મૈત્રીની દઢ ગાંઠ બંધાયલી છે. ઘણા રાજાઓ અત્યારે દુર્ભાગ્યવશ થઈ શત્રુને તાબે થાય છે.

બ્રાહ્મણાબાદ તાબે કોઈપણ ગામ કે શહેરમાં દક્ષિણે છેક દેવલ (નગરઠઠ્ઠા) સુધી કોઇ પણ સ્થળે રહેવાની તમને સંપૂર્ણ છૂટ છે. તમને બીજે કયાંય જવાની ઇચ્છા હોય તો પણ તેમાં વિઘ્ન નાખનાર કે રોકનાર કોઇ નથી. જ્યાં સુધી તમે કોઇ પણ સ્થળે અહીં સલામત રહો ત્યાંસુધી તમને હરેક પ્રસંગે હું મદદ કરતો રહીશ. તમને મદદ કરવાને મારી પાસે પૂરતું લશ્કર અને વીર સૈનિકો છે."

પ્રબળ સત્તાધારી બનેલા મહત્ત્વાકાંક્ષી ચચ્ચ જેવા એક સમર્થ દુશ્મનની સામે પણ એક મિત્રની રક્ષા કરવાનું જોખમ માથે લેવું એ એક વીર અને ઉદાર આત્મા સિવાય અન્ય નમાલા કે બાયલાથી બની શકશે કે ?

સવિસ્તાનના રાજા ઉપરનો ઉપલો પત્ર લઇ અગમસિંહના માણસો જતા હતા ત્યાં સરહદ ઉપર ચચ્ચના સિપાઇઓએ તેમને રસ્તામાંથી પકડયા અને તે સવિસ્તાનના રાજા ઉપરનો પત્ર હાથ કરી ચચ્ચને હવાલે કર્યો. આ પત્ર ચચ્ચને હાથ જવાથી તેને ક્રોધ વ્યાપ્યો, અને આ પ્રજાને કોઈ પણ રીતે દબાવી દીધા શિવાય પોતાને શાન્તિ નહિ લેવા દે એવું જાણી

1 Enlgish Translation of Chach Nama By Mr. kalich Beg P.P.31.

તે લોહાણાઓ વિરૂદ્ધ ઉશ્કેરાયો અને તેણે રાણા અગમસિંહને પત્ર લખ્યો. આ પત્રથી પણ લોહાણાનો એક વીર અને ગૌરવસંપન્ન પ્રાચીન તેમજ સમર્થ પ્રજા તરીકે સ્વીકાર થાય છે.

ચચ્ચ જેવો એક મહા વિદ્વાન અને વીર જે જાતિને આ પ્રકારનું માન આપે તે પ્રજાની અનુપમ મહત્તા સિદ્ધ કરવા માટે એક દુશ્મનના પ્રમાણ શિવાય બીજા કશાની આવશ્યકતા છે ખરી? આ રહ્યો તે પત્ર:

"You Consider yourselves kings of the time, from your power and grandeur, origin and lineage. Though I have not inherited this kingdom and sovereignty, and this wealth and affluence, this power and dignity, from my father and grand-father, and though this country has not been ours before, still my elevation and my improved fortunes are due to the grace of God. It was not by my army that I won them, but the One God, has given me the kingdom by the blessing of Selaij and it is from him that I receive help in every thing. I do not depend upon any other person for assistance. He is the accomplisher of my undertakings and the giver of help in all my movements.

He is the Bestower of victory and success in all contests and oppositions. We have been graciously favoured with the blessings of both the worlds. If (you think) your power and prestige are the creation of your own bravery, courage, resources, and splendour, then, without doubt, your fortunes will decay, and the vengeance of death is but the legitemate due of your soul.[1]"

"તમે તમારા દરજ્જા–ઉચ્ચ વારસાથી–ઉત્પત્તિથી–વીર્યથી અને રાજાઓમાં તમારા મોભાથી પોતાને મહારાજા માનો છો. જો કે આ રાજ્ય અને રાજ્યપદ, ધન અને મોભો, સામર્થ્ય અને સ્થિતિ મને મારા પિતા કે પિતામહ તરફથી વારસામાં નથી મળ્યાં. આ દેશનો હું હક્કદાર માલિક નથી, તથાપિ મને જે મળ્યું છે તે ઇશ્વરની કૃપાથી પ્રાપ્ત થયું છે. આ રાજ્ય મેં બુદ્ધિબળથી નથી મેળવ્યું, પણ સર્વ જગતના કર્તા–તે પરમાત્માએ જ મને મારા પિતા—સિલાએજની આશિષથી આપ્યું છે. હમણા પણ મારા સહાયક તે જ છે, હું કોઇપણ માણસ પાસેથી સહાયની આશા રાખતો નથી. પ્રભુ જ મારા હેતુઓને સફળ કરનારો છે, મારા આશયોને ઉત્તેજનારો છે, મારો સહાયકર્ત્તા અને પ્રતિકુળ સંજોગોમાં વિજયદાતા છે. તેની કૃપાથી જ ઉભય લોકના સુખ સાધનોનો ભોક્તા હું થયો છું. જો તમે એમ ધારતા હો કે તમારૂં સામર્થ્ય તથા મહત્તા તમારા પોતાના

1 *English translation of Chach Nama By Mr. Kaligh Beg p.p. 32*

બળ, હિમ્મત, હિકમત, અને સાધનોના પરિણામ છે તો હું માનું છું કે એ અભિમાન તમારૂં મૃત્યુ જલદી લાવશે અને તે અવશ્ય જ!"

વાંચનાર આથી જોઇ શકશે કે ચચ્ચ જેવો એક મહા ચાણાક્ષ દુશ્મન પણ આ પત્રમાં રાણા અગમસિંહ તરફ મહત્તાજન્ય માનની લાગણી શબ્દે શબ્દે દર્શાવે છે; અને તેથી પણ લોહાણા એ પ્રાચીન, મહાન, બળવાન પ્રજા હોવાનું સાબીત થાય છે.

રાણો અગમસિંહ પોતાની ફરજ સમજતો હતો. તેણે આ પત્રનો પ્રત્યુતર જ ન આપ્યો. અને તેથી ચચ્ચે ગુસ્સે થઇ લશ્કર એકઠું કરી લોહાણાઓને તાબે કરવા બ્રાહ્મણાબાદ ઉપર ચડાઇ કરી હતી.... અને ત્યારપછી આ પ્રજાને દબાવી દેવા કેટલાક અતિ અનુચિત કાયદાઓ ઘડ્યા હતા.

કવિ ચંદ

ઈ. સ. ના ૧૨ મા સૈકાના અંતમાં ચહુઆણ વંશના મહા પ્રતાપી રાજા પૃથુરાજના સામંતોમાં સોરઠના એક અજાનબાહુ લોહાણા હતા એવું જણાય છે.

આ સામંતની વીરતાનો કવિ ચંદે કરેલો ઉલ્લેખ અજાનબાહુ કાવ્ય ખંડમાં '**अथ लोहानो आजानबाहु समय लीख्यते**' એ મથાળાના પ્રકરણ નીચે આ પ્રમાણે છે.[1]

कवि चन्द किति उपम कहै लोहाणा तोंवर सुमर ।

ભાવાર્થઃ—કવિ ચંદ કહે છે કે લોહાણાની વીરતાના હું શું વખાણ કરૂં?

लोहानां आजान वानं पथ भीम श्रुधानं आ आरुप सरुप बंकं भरं पधरं करनं।
लोहानां तौवर अभंग सुहर सब्ब सामंत साइ काज सुधार ढंढोलन गय दंत ॥

ભાવાર્થઃ—લોહાણા અજાનબાહુએ ભીમની ગતિથી બાણના માર્ગમાં ઝંપલાવ્યું. પવનના વેગથી તે પકડ્યું અને સર્વ સામંતો દાંતમાં આંગળી નાંખી રહ્યાઃ તેમ લોહાણાએ પોતાનું વીરત્વ દેખાડ્યું.

બાંવઢાનો અર્થ

કચ્છમાં અને કાઠિયાવાડના ઉતર ભાગમાં લોહાણાઓને, અન્ય જ્ઞાતિઓ 'બાંવઢા'નું ઉપનામ કોઇ કોઇવાર રમુજમાં આપે છે. આને લગતી એક દંતકથા પ્રસિદ્ધ છે. આ બાંવઢા સંબોધનમાં વિરોધીઓનો હેતુ ગમે તેવો હોય તો પણ એ દંતકથા લોહાણા જ્ઞાતિનું અદભુત જાતિઅભિમાન અને અયોગ્ય અપમાન નહિ સહન કરવાની અડગ વૃત્તિ દર્શાવે છે. આ દંતકથાનો સામાન્ય સાર આ પ્રમાણે છે.

કચ્છમાં દેવકરણ શેઠની દિવાનગીરી દરમ્યાન કોઈ ભવૈયાએ લોહાણાનો વેશ લઇ લોહાણા જેવી પ્રાચીન ગૌરવશાળી જાતિને હીણું લગાડનારો દેખાવ દીધો. આ હીનસ્પતિ ભરેલું દૃશ્ય પ્રેક્ષકોમાંના એક લોહાણાભાઇથી ન જોઇ શકાયાથી કહેવાય છે કે એમણે એ વેશધારી લોહાણાને કાપી નાખ્યો. રાવશ્રી આગળ ફરિયાદ જતાં સદરહુ ઇસમને બોલાવ્યો. કચેરીમાં રાવશ્રી સન્મુખ હાજર થતાં રાજાને નમન કરવાનો શિષ્ઠાચાર જમણે હાથે થાય

[1] નાગરી પ્રચારિણી સભાની ગ્રંથમાળા નં ૪. પ્રથમ ભાગ, પૃષ્ઠ ૨૦૭ થી ૨૯૦.

એ સભ્યતાસૂચક છે તેને બદલે ડાબો હાથ આગળ જવાથી તેણે પોતાના ડાબા હાથને જુદો કર્યો. આ પ્રકારના બનાવથી રાવશ્રી વિસ્મય થયા. મૂળ ફરિયાદની બાબત ગૌણ થઈ અને આમ કરવાનું કારણ પૂછ્યું. તેનો જવાબ આવો હતો કે: પોતાનાથી ઉમ્મરમાં, જ્ઞાનમાં મોટા અને દેવાંશી દેશાધિપતિને નમન કરવાનો શિષ્ઠાચાર જમણે હાથે થવો જોઇએ ત્યારે મારા આ ડાબા હાથે અવિનય કર્યો હોવાથી તેને જુદો કર્યો; કારણ કે એ અયોગ્ય અપમાન મારાથી સહન ન થઇ શક્યું. આ ખુલાસો સાંભળી રાવશ્રી મનમાં તેની વીરતા, હિમ્મત, અને હાજરજવાબીથી ખુશી થયા; પરતું પ્રત્યક્ષ ન બતાવતાં પૂછ્યું કે: 'તમારા ઉપર એક ભવૈયાને મારી નાખવાની ફરિયાદ છે તે સંબંધે તમારો શો ખુલાસો છે ?" આનો જવાબ તે ભાઇએ એવો આપ્યો કે: 'મેં કોઇ ઇતર મનુષ્યનું નહિ પણ અમારા કુળને એબ લગાડનારૂં, અમારી જ્ઞાતિના ગૌરવને ન છાજતું હલકું કામ કરનાર, આચારવિચારહીન મારા ભાઇને મારી નાખ્યો છે અને એવા કુલાંગાર ભાઇને મારી નાખવામાં મેં કંઈ અનુચિત કર્યું હોય એમ હું માનતો નથી' આ ખુલાસાથી રાવશ્રીએ તેને છોડી મૂક્યો અને પછી' તે લોહાણા ભાઇએ સદરહુ ભવૈયાની પોતાના ભાઈની માફક ઉત્તરક્રિયા કરી અને તેનાં સ્રીપુત્રને પણ પોષણનું સાધન કરી આપ્યું. ત્યારથી આજદિન પર્યંત ભવૈયાઓ લોહાણાઓનો વેશ કાઢતા નથી.

આ એ દંતકથાનો મૂળ સારાંશ છે; અને જો તે સત્ય હોય અને તેનાપર વિચાર કરવામાં આવે તો એમાં પણ લોહાણા જ્ઞાતિની વીરતા, અદ્દ્ભુત જ્ઞાત્યાભિમાન, બુદ્ધિચાતુર્યતા અને અસીમ ઉદારતા જ દ્રષ્ટિગોચર થાય છે. અને એ વીરતાસુચક ઉપનામથી પણ લોહાણા જ્ઞાતિનું ગૌરવ વધે છે. એ સમયનો વિચાર, એ રાજાઓની ન્યાયતુલનાનો વિચાર આજના કાયદાઓની દ્દષ્ટિએ કરવાનો નથી.

ઠક્કુર, ઠક્કર, ઠાકોર

ખરો શબ્દ ' ઠક્કુર ' છે અને ઠક્કર એ 'ઠક્કુર' શબ્દનો અપભ્રંશ છે. કોષમાં 'ઠક્કુર'-નો અર્થ Devine પવિત્ર એવો આપેલો છે. કાવ્યપ્રદિપના કર્તા મ. ગોવિન્દ ઠક્કુર સંસ્કૃત ડીક્ષનેરીમાં 'ઠક્કુર' નો અર્થ આ પ્રમાણે આપેલો છે.

ઠક્કુર: 1 An idol, a deity 2 Honorific title added to the name of a distinguished person etc. ૧, વિદ્વાન, દેવ, ૨. પ્રતિષ્ઠિત પુરૂષોના નામ પછ-વાડે લગાડાતો ટાઇટલ. આથી ' ઠક્કુર ' એ પ્રથમ ક્ષત્રિય રાજાઓના તથા સામંતોના નામની પાછળ લગાડાતો ટાઇટલ હોય એવું જણાય છે.

ચચ્ચનામા-સિન્ધના ઇતિહાસમાં આ 'ઠક્કુરો'ની શૂરવીરતા અને એકનિષ્ઠાપણાનું વર્ણન ઘણે સ્થળે કરેલું છે. ઠક્કુરનો અર્થ ચચ્ચનામાનું અંગ્રેજીમાં ટ્રાન્સલેશન કર-નાર મી. કાલીચબેગે A Rajput Chief રજપુત સરદાર કરેલો છે. (જુઓ ચચ્ચનામા ભા. ૧ પાના ૨૯.)

When the fort of Multan was taken, Chach appointed a Thakur as his lieuftenant there.

૪

ઠક્કુરોના પરાક્રમોની ઘણી પ્રશંસા ચચ્ચનામામાં ઠેકઠેકાણે કરવામાં આવી છે. રાજતરંગિણીમાં ૨૪૩મે પાને આ ઠક્કુરો સંબંધે ઉલ્લેખ છે. મહમ્મદ કાસીમ જેવા મુસલમાન સરદારે પણ ઠક્કુરોના પરાક્રમો અને બહાદુરીનાં ઘણાં વખાણ કરેલાં છે.[1]

લોહાણા ભાઇઓ પહેલાં ઠક્કુર શબ્દને પોતાના નામની આગળ પાછળ લગાડે છે. તેના બોલવામાં, લખવામાં, વ્યવહારના સંબોધનમાં પણ ઠક્કુર તરિકે સંબોધાય છે. આ ઠક્કુર ટાઇટલમાં પણ લોહાણા જ્ઞાતિની વિદ્વતા મહત્તા અને પ્રતિષ્ઠિત વીર અને ગૌરવ-સંપન્ન પ્રજા તરિકે ગણના થઇ શકે છે. આજના રજપુત રાજ્યકર્તાઓ ઠાકોર કહેવાય છે તે પણ ઠક્કુર[2] શબ્દનો વર્તમાનકાળે થએલો અપભ્રંશ શબ્દ જણાય છે. લોહાણાઓ વ્યાપારીઓ બન્યા પછી જ 'શ્રેષ્ઠ' નો અપભ્રંશ 'શેઠ' તરિકે લખવાની પ્રથા પડી છે.

મૂળ સ્વભાવ

લોહાણા-ક્ષત્રિયજાતિએ સંજોગોબળે વૈશ્યવૃત્તિ સ્વીકાર્યા પછી પણ જ્યાં જ્યાં સંજોગો પ્રાપ્ત થયા હશે ત્યાં ત્યાં અનુપમ દૃઢતા, બુદ્ધિચાતુર્ય ને શૌર્ય બતાવ્યાં છે.

પુંજાશેઠની દૃઢતા અને બુદ્ધિબળ, દેવકરણ શેઠની રાજકાર્યકુશળતા, દીર્ઘદષ્ટી તથા મેઘજી શેઠની ધર્મસંરક્ષકવૃત્તિ અને શૂરવીરતા, તથા ૩૦ વર્ષ પહેલાં જ શેઠ ખટાઉ રવજીનું બાહુબળ પ્રસિદ્ધ છે. અને હજીયે જ્યાં જ્યાં પ્રસંગ મળે ત્યાં ત્યાં લોહાણાઓમાં પોતાનો મૂળ જુસ્સો ઉભરાઇ આવે છે. એ બતાવે છે કે સંજોગો અને વસ્તુસ્થિતિનું પરિવર્ત્તન ગમે તેટલું થયું હોય તથાપિ જાતિનો મૂળ સ્વભાવ પ્રધાનપણે નહિ તો ગૌણ સ્વરૂપે પણ જળવાઇ રહે છે. તેનો સદંતર અલોપ તો થતો નથી જ.

જ્યાં વીરતા છે—શક્તિ છે ત્યાં જ ઉદારતા છે. પૂર્વના ક્ષત્રિયો પ્રાણના જોખમે પણ શરણાંગત ને આશ્રય આપ્યા વિના રહેતા નહિ. ગમે તેવો પ્રબળ દુશ્મન લાખો મનુષ્યોનો લડાઇમાં સંહાર થયા પછી પણ શરણે આવે તો તેને ક્ષત્રિયોએ છોડી દીધાનાં દૃષ્ટાન્તો હિન્દના ઇતિહાસમાં અનેક મળે છે.

લોહાણાજ્ઞાતિ સમૃદ્ધ વ્યાપારી પ્રજા બન્યા પછી પણ તેની શકિત અને ઉદારતાનાં સંસ્મરણો ભારતના યાત્રાના સ્થળોમાં, તીર્થક્ષેત્રોમાં, ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો, પાઠશાળાઓ, મંદિરો, પાંજરાપોળો આદિ તેના પ્રતાપી પૂર્વજોનાં કીર્ત્તિ સ્થંભોરૂપે ઉભાં છે.

ભારતની કોઇપણ સાર્વજનિક વિદ્યાવર્ધક સંસ્થા કે પરોપકારી હીલચાલ એવી નહિ હોય કે જેમાં આ પ્રભાવશાળી કોમે પોતાનો હિસ્સો ઉદાર ભાવે નહિ આપ્યો હોય. ખુદ આ ગૌરવસંપન્ન વીર પ્રજાના પૈસે જ અત્યારે ૪૧ વિદ્યાવર્ધક સંસ્થાઓ[3] જ્ઞાતિના બાળકો માટે હસ્તિ ધરાવે છે.

દુઃખીઓનાં દુઃખ નિવારવામાં, પ્રજાને જ્ઞાન દાન આપવામાં, મુંગાં પ્રાણીઓને બચાવવામાં, અને પ્રજાહિતનાં કોઇપણ કામોમાં હિન્દની અન્ય જ્ઞાતિઓના કરતાં લોહાણા

---

૧ જુઓ ચચ્ચનામાનું અંગ્રેજી ભાષાંતર ભા-૧, પા. ૧૦૮.

૨ઠક્કુરનો અર્થ The Tribes and castes of Bombay ના કર્ત્તા મી. આર. ઇ. એન્થોવન 'Lord રાજા-જમીનદાર' એવો કરે છે. જુઓ વોલ્યુ ૨.

૩ આ સંસ્થાઓનું લીસ્ટ જુઓ આ પુસ્તકના પાને ૬૨મે.

જ્ઞાતિએ પોતાના ઉદારચરિત હૃદય અને પ્રાચીન ખાનદાનીનો વધુ પરિચય કરાવ્યો છે, એની ના કોણ કહી શકશે ? અને આ બાબતો પણ તેનું ક્ષાત્રત્વ જ સિદ્ધ કરે છે.

અત્યારે પણ કોઈ ભાઈ બ્હેન ઉપર જુલમ થતો હોય તો લોહાણા જ્ઞાતિનો નૂર તે જોઇ શકશે નહિ; એક બીજાથી અધિક સરસ થવાની ભાવના, વીરોચિત ઉદારતા, ધર્મ પ્રત્યેની આસ્થા આ બધું ક્ષત્રિયત્વ બતાવે છે. આ પુસ્તકમાં પ્રગટ થયેલાં સ્વર્ગસ્થ તથા વિદ્યમાન મહાપુરૂષોનાં જીવન જ એ વાતની શુદ્ધ અને પ્રમાણિક ખાત્રી આપવાને બસ છે,

લોહાણાઓનાં શારીરિક સામર્થ્ય, નિડરતા, સાહસ, શરીરનું બંધારણ, સ્વભાવ, બુદ્ધિવિષયક તુલનાઓ, અને કેટલાંક વિશિષ્ઠ ગુણોમાં આજે પણ નર્યું ક્ષાત્રત્વ જ તરવરે છે.

વાંચનાર, ઐતિહાસિક અંશવાળાં ધર્મશાસ્ત્રો, વર્ણવ્યવસ્થા યુગનું રેખાચિત્ર, આપણી ધાર્મિક ક્રિયાઓ, આપણી પ્રાચીન માન્યતાઓ, અને તેનું સમર્થન કરતી કેટલીક હકીકતો, આપણા રીતરિવાજો, ખાસીયતો, સ્વભાવ આદિના ઉપરોક્ત સામાન્ય અવલોકનથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે લોહાણા પ્રજા એ વિદેશીય નહિ પણ સુદ્ધ આર્ય ક્ષત્રિય પ્રજા છે.

લોહાણા પ્રાચીન આર્ય ક્ષત્રિય પ્રજા છે. એ ઉપરોક્ત બાબતોથી સિદ્ધ થયા પછી હવે આવી એક મહાન પ્રજા કે જેનાં સ્મૃતિ સંસ્થાનો આજે સિન્ધમાં અને ભારતના અન્ય ભાગોમાં ખડાં છે, તેણે વૈશ્યવૃતિ ક્યારે અને કેવા સંજોગોમાં સ્વીકારી, ભારતનો અવનતિકાળ ક્યારે શરૂ થયો, લોહાણા નામ કેમ પડયું ? જ્ઞાતિ સંસ્થાઓનો ઉદ્‌ભવ, સંજોગો આદિ સંબંધમાં અન્ય લેખકોએ કરેલા પ્રયાસો વગેરે ઉપર આપણે હવે યથાશક્ય વિચાર કરીએ.

ભારતમાં અવ્યવસ્થાનો આરંભકાળ

જ્યાં સુધી જનતાનો મોટો ભાગ ઉચ્ચ સંસ્કારોથી વિભુષિત થયેલો હોય, તેમના જીવનમાં નૈતિક તેમજ ધાર્મિક ઉંચા વિચારો તરવરી રહ્યા હોય ત્યાંસુધી તે દેશ સુધારણામાં સર્વોપરી રહે છે.

મહાભારતના સમય સુધી આ દેશ સુખ સમૃદ્ધિવાન હતો. વિદ્વાનોનો આદર થતો હતો. વિદ્યાર્થીઓને બાળપણથી ગુરૂકુળમાં વિદ્યાભ્યાસ માટે મોકલવામાં આવતા હતા. ત્યાં તેઓ બ્રહ્મચર્યનું પાલન કરી વિદ્યાભ્યાસ કરતા હતા. યુવાવસ્થામાં ગુરૂની આજ્ઞા પ્રાપ્ત કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થતા હતા. સ્ત્રીઓને પણ વિદ્યાગ્રહણ કરવાની મનાઈ નહોતી. લોક વિદુષી સ્ત્રીઓ તરફ ભારે માનની દૃષ્ટિથી જોતા હતા. વિવાહમાં કન્યાની સંમતિ લેવાનાં પણ અનેક ઉદાહરણો મળી શકે છે. બાળલગ્ન અને પરદાનો રિવાજ ન હતો. પ્રજા રાજાનું બહુ માન રાખતી હતી અને રાજાઓ પણ પ્રજાકલ્યાણમાં જ પોતાની ફરજ સમજતા હતા. મોટા મોટા વિદ્વાનો અને યોદ્ધાઓની રાજ્યસભાઓ હતી. રાજ્યશાસન ધર્મશાસ્ત્રાનુસાર પંચાયતો મારફત થતું હતું. આ પ્રમાણે હોવા છતાં પણ વર્ણાશ્રમ ધર્મના પાયા આ સમયે ઢીલા પડવા માંડયા હતા. શ્રીમંત વર્ગ અને રાજાઓ એકથી અધિક સ્ત્રીઓ કરતા. રાજનીતિ—કૂટનીતિ અને જુગાર ખેલવા વગેરેનાં દ્રષ્ટાન્તો પણ જ્યાં ત્યાં મળી શકે છે.

ઐતરેય બ્રાહ્મણ ગ્રંથથી જણાય છે કે કુરૂ લોક પહેલાં હિમાલયની ઉત્તર તરફ (કદાચ કાશ્મીરમાં) રહેતા હતા. મહાભારતમાં પણ કુરૂ દેશ હિમાલયથી ઉતરમાં હોવાની વાત છે.

નકુળ અને સહદેવની માતાનું નામ માદ્રી હતું. એ મદ્ર દેશના રાજાની કન્યા હતી. એ મદ્ર દેશ પણ ઐતરેય બ્રાહ્મણમાં ઉતરમાં હોવાનું લખ્યું છે. આથી એવું અનુમાન થઇ શકે કે કુરૂ અને મદ્ર દેશના લોકો હિમાલયના ઉતર ભાગમાંથી આવીને અહીં વસ્યા હોય.

પુરાણોથી જણાય છે કે મહાભારત યુદ્ધ પહેલાં સૂર્યવંશમાં ૯૩ અને ચંદ્રવંશમાં ૪૫ રાજા થયા હતા. તથા કોશલ, વિદેહ, કાશી વગેરે નગરોના રાજા પ્રતાપી હતા. મહાભારત સમયે કુરૂ લોકની રાજધાની હસ્તિનાપુરમાં હતી. એ હસ્તિનાપુર દિલ્લીની પાસે ૬૫ માઇલ દૂર ઉત્તર પૂર્વે આવેલ હતું.

ત્યાંના વૃદ્ધ રાજા શાન્તનુને સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામે બે પુત્રો થયા. ચિત્રાંગદ યુદ્ધમાં મરાયા પછી વિચિત્રવીર્ય રાજ્યનો સ્વામી થયો. ભીષ્મપિતાએ કાશીરાજની કન્યાઓ, અંબિકા અને અમ્બાલિકાનું સ્વયંવરમાંથી હરણ કરીને તેના વિચિત્રવીર્ય સાથે વિવાહ કર્યા. વિચિત્રવીર્યના મૃત્યુબાદ નિયોગથી અંબિકાથી ધૃતરાષ્ટ્રનો અને અમ્બાલિકાથી પાંડુ તથા એક દાસીથી વિદુરનો જન્મ થયો હતો. ધૃતરાષ્ટ્ર અંધ હોવાના કારણે નાનો ભાઈ પાંડુ રાજ્યનો સ્વામી થયો. તેની પહેલી સ્ત્રી કુન્તીથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનનો તથા બીજી સ્ત્રી માદ્રીથી નકુલ અને સહદેવનો જન્મ થયો. એ પ્રમાણે ધૃતરાષ્ટ્રની સ્ત્રીઓથી દુર્યોધન, દુઃશાસન આદિ ૧૦૦ પુત્રો થયા. પાંડુના પુત્રો પાંડવ કહેવાય.

આ પાંડવો તથા કૌરવોની શિક્ષાનો ભાર દ્રોણાચાર્ય નામક ગુરૂને સોંપવામાં આવ્યો હતો. દ્રોણાચાર્ય પરશુરામના શિષ્ય અને શસ્ત્રવિદ્યામાં મહા નિપુણ હતા. વિદ્યાર્થી અવસ્થામાં જ આ પાંડવો તથા કૌરવોમાં પરસ્પર ઇર્ષાથી દ્વેષાગ્નિ સળગી હતી. ને પાંડવોનું કાસળ કાઢી નાખવા માટે દુર્યોધનના પક્ષે કેટલાંક કારસ્તાનો કર્યાં હતાં. પાંડવોને એકવાર બાળી નાંખવાનો પ્રયાસ કર્યો હતો તેમાંથી વિદુરની ચેતવણીથી પાંડવો બચી ગયા હતા. પાંડવોનો પ્રભાવ વધતો જતો હતો. અને દુર્યોધનથી તે દેખી શકાતું નહોતું. જુગાર રમાડીને તેમાં હરાવી પાંડવોને વનવાસ કાઢયા. વનવાસ પૂરો થયા પછી પાંડવોએ રાજ્યમાં હિસ્સો આપવાનું કહેવા કૌરવોની પાસે દૂત મોકલ્યો; પરંતુ તેનું ફળ કશું ન આવ્યું. પછી શ્રીકૃષ્ણ દુર્યોધનને સમજાવવા ગયા. તેને પણ દુર્યોધને કેદ કરવાની કોશેશ કરી. આખર દુર્યોધને જરા પણ હિસ્સો આપવા ના પાડી તેનું પરિણામ તે ભારતનું એ જગત્પ્રસિદ્ધ યુદ્ધ ! આ યુદ્ધ દિલ્લીની ઉત્તરે કુરૂક્ષેત્રમાં ૧૮ દિવસ સુધી ચાલુ રહ્યું હતું. આ યુદ્ધ વારાહી સંહિતા પ્રમાણે કળિયુગના આરંભમાં ૬૫૩ વર્ષ પછી થયું હતું. કળિયુગનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૩૧૦૨ વર્ષની ૧૮ મી ફેબ્રુઆરીથી માનવામાં આવે છે.

કલ્હણરચિત રાજતરંગિણીમાં પણ કલિયુગનાં ૬૫૩ વર્ષ વિત્યા પછી કૌરવ અને પાંડવ થયા હતા. એ વરાહમિહિરના લેખને પુષ્ટિ આપે છે. આ કૌરવ પાંડવ યુદ્ધમાં

૧૮ અક્ષૌહિણી સેનાદળ હતું. જેની સંખ્યા ૨,૩૦,૨૯,૧૧૦. યોદ્ધાઓની થાય છે. તે ઉપરાંત ૧૭,૭૧,૪૭૦ હાથીઓ તથા મહાવતો અને ૧૭,૭૧,૪૭૦ રથોના સારથીઓ એ જુદા. ૧૮ દિવસના (માગસર સુદ ૧ થી માગસર વદ ૩ સુધી[1]) આ યુદ્ધમાં પાંડવોએ વિજયી બનીને રાજ્યપર અધિકાર મેળવ્યો અને હસ્તિનાપુરમાં યુધિષ્ટિર ગાદીએ બેઠા. લગભગ ૫૧ વર્ષ રાજ્યસુખ ભોગવી પાંડવો અર્જુનના પૌત્ર પરિક્ષિતને રાજ્ય સોંપી આ અસાર સંસારને છોડી હિમાલય તરફ ચાલ્યા ગયા હતા. અને ત્યાર પછી લગભગ ૨૫૦૦ વર્ષનો ઇતિહાસ મળી શકતો નથી.

પુરાણોમાં ઇ. સ. પૂર્વ ૬૪૨ શિશુનાગ વંશથી કંઇક ઐતિહાસિક અંશ મળે છે, અને તે પણ બહુ થોડો.

આ મહાભારતના યુદ્ધ પછી આર્યોની સંસ્કૃતિ અને ક્ષત્રિયતાનો અવનતિ કાળ શરૂ થયો હતો. એ યુદ્ધમાં થયેલા વિદ્વાન, બળવાન નરરત્નોના સંહારની ખોટ પાછળથી પૂરાઇ જ નથી અને ક્ષત્રિયોનો સૌભાગ્યસૂર્ય પણ તે જ કાળથી અસ્ત થવા લાગ્યો હતો. ત્યારપછી સેંકડો વર્ષ પર્યન્ત વારંવાર આપસઆપસમાં કુસંપ અને દ્વેષનાથી યુદ્ધો થતાં હતાં અને તેમાં ઉત્તરોત્તર આ દેશની પાયમાલી થતી ગઇ. યુદ્ધથી કંટાળો ખાતી અને પાછી હઠતી પ્રજા સ્વતંત્રતાનો ઉપભોગ કરવા નાલાયક બની જાય છે, એ વાકયની યથાર્થતા સમજી શકાય તેમ છે.

વર્ણવ્યવસ્થાની સુંદર રચનાના પાયામાં પણ મજબુત રીતે સડો આ સમયથી જ પેઠો હતો. જાતિની શ્રેષ્ઠતા ગુણ કર્મ ને બદલે પછી કાળ જતાં આ પ્રમાણે જન્મથી મનાવા લાગી. વર્ણવ્યવસ્થા તૂટતી જોઈ બ્રાહ્મણોએ સખ્ત બંધનો બાંધ્યાં. ચોતરફ અવ્યવસ્થા થઇ રહી હતી.

હવે આપણે હાલની અસંખ્ય જ્ઞાતિઓ કેવા સંજોગોમાં કેવી રીતે ઉદ્ભવી તેનો વિચાર ઐતિહાસિક દૃષ્ટિએ કરીએ.

જ્ઞાતિઓનો ઉદ્ભવ

આર્યો આ દેશમાં આવ્યા. તે સંસ્કારી હતા. તેમની સંસ્કૃતિ આધ્યાત્મિક નિયમો પર યોજાયલી હતી. આર્યોએ અહીંના અનાર્યોને જીત્યા તેને દસ્યુ કહેતા. શરૂઆતમાં તેનાથી અલગ રહ્યા તે જીતનારની મગરૂરી તરિકે નહિ પણ આત્મસંરક્ષણની પ્રેરણાથી જ. અસલ વતનીઓથી અલગ રહેવાની આ યોજના તેનો જાણુકને માટે બહિષ્કાર કરવાની નહોતી. આ અનાર્યોમાંથી જેમ જેમ આર્યોની રીતભાત અને ભાષાનું અનુકરણ કરવા લાગ્યા તેમ તેમ તેને સુધારાનો અને ધર્મોનો લાભ મળ્યો અને તેમાંથી શૂદ્ર વર્ગ થયો.

જે અનાર્યોએ આર્યસુધારાને અનુસરવા ના પાડી ને લડાઇ ચાલુ રાખી, નીતિભ્રષ્ટ જીંદગી ગુજારવી ચાલુ રાખી તેઓને દસ્યુ ગણતા અને વેદોમાં જે તિરસ્કાર દસ્યુ પર બતાવવામાં આવ્યો છે તેવો શૂદ્રો તરફ કદી બતાવવામાં આવ્યો નથી.

આપરથી એટલું સિદ્ધ થાય છે કે આર્યોએ દસ્યુને તિરસ્કાર્યા હતા તે તેઓની જાતિને લીધે નહિ પરંતુ તેના અધર્મીપણાને લીધે જ; અર્થાત એક વ્યક્તિનાં સારાં નરસાં કર્મો અનુસાર તેને સમાજમાં ઉત્તમ અને નીચું સ્થાન મળતું. એટલે કે અગાઉ કહેવાઇ ગયું

---

૧ જુઓ भारत के प्राचीन राजवंश भा. २. पा–१९.

તેમ વિદ્વતા અને ગુણુનો પ્રથમ દરજ્જો, બળ અને શક્તિનો બીજો, લક્ષ્મીનો ત્રીજો દરજ્જો; અને આખા સમાજ શરીરને વ્યવસ્થિત રાખતા પગરૂપ શૂદ્રનો ચોથો દરજ્જો.

મનુષ્યમાં જ્ઞાન અને વિદ્યા, ડહાપણુ અને પવિત્રતા લક્ષ્મીથી જ નહિ પરંતુ બળથી પણુ ચઢીઆતાં છે તે વર્ગણી કરતાં કોઈ ધર્મ અથવા પ્રજા મનુષ્ય જાતની વધારે સારી વર્ગણી હોવાનો દાવો કરી શકે છે?

હિંદુસ્થાનમાં વર્ણવ્યવસ્થા જન્મ ઉપર સ્થાપવામાં નહોતી આવી તે બતાવવાને પૂરતાં પ્રમાણો મળી શકે છે.

ઐતરેય બ્રાહ્મણમાં કવષની એવી વાત લખેલી છે.

ઐતરેય બ્રાહ્મણ અને ઐતરેય ઉપનિષદ બનાવનાર તે તેના નામ પ્રમાણે 'ઇતિરા' અથવા શૂદ્ર સ્ત્રીનો દીકરો હતો. તેનું આખું નામ મહિદાસ ઐતરેય હતું.

[1]મહાભારતનો પ્રખ્યાત કર્તા વ્યાસ પરાશરનો પુત્ર ખલાસી જાતિ (કૈવર્ત) સ્ત્રીથી ઉત્પન્ન થયો હતો; જ્યારે તેનો બાપ પરાશર પોતે ચાંડાલીનો દીકરો હતો.

આ પ્રમાણે ઘણાયે પહેલાં દ્વિજ નહોતા તે દ્વિજ થયાના દાખલાઓ વેદ, ઉપનિષદ, બ્રાહ્મણ ગ્રંથો તથા અન્ય ગ્રંથોમાંથી મળી શકે છે. એટલે ચડતીનો રસ્તો તેમના ગુણ કર્મ પ્રમાણે સર્વને માટે ખુલ્લો હતો. દ્વિજ વર્ણોમાં અરસપરસ ભોજનવ્યવહાર અને કન્યાવ્યવહાર પણ હતો. પરદેશગમનની છૂટ હતી. આથી એ નિશ્ચય થાય છે કે મહાભારતના સમય વખતે વંશપરંપરાથી આવેલી જ્ઞાતિ જેવી કોઇ સંસ્થા નહોતી.

આર્યો પ્રાણથી પણ ધર્મને અધિક માનનારા હતા. લોહીની પવિત્રતા જાળવવા અને જાતિને સુરક્ષિત રાખવા માટે ધર્મભ્રષ્ટ, આચારવિચારહીન માણસના સંસર્ગથી સમાજને હાની થતી જોતા હતા. છેલ્લામાં છેલ્લે ૧૬ વર્ષનો બ્રાહ્મણ, ૨૨ વર્ષનો ક્ષત્રિય, અને ૨૪ વર્ષના વૈશ્ય કુમારને યજ્ઞોપવિત ધારણ કરાવી ધર્માભ્યાસ કરાવવામાં અધર્મ અને અનાચારને વશ થઇ પ્રમાદ સેવતા તેમને વ્રાત્ય કહેતા.

સમય જતાં પછી લગ્નમાં પણ વિશેષ છૂટ અપાઈ હતી. પ્રેમ અને સાંસારિક દરજ્જા અનુસાર ઉત્પત્તિની યોજના થતી તો પણ એ પ્રીતિ ઉચ્છૃંખલતાનું રૂપ ધારણ કરતાં તેમાંથી પણ અનિષ્ઠ પરિણામો આવવાથી અનુલોમ, પ્રતિલોમ લગ્નપ્રણાલિ શરૂ થઈ હતી.

સવર્ણી લગ્ન સૌથી ઉત્તમ મનાતું. તો પણ પ્રસંગે ઉચ્ચ વર્ણનો પુરૂષ નીચ વર્ણની કન્યા લે તો તેમાં અધમતા મનાતી નહોતી. આવાં લગ્નો તે અનુલોમ લગ્નો કહેવાતાં. અને હલકી વર્ણનો પુરૂષ પોતાનાથી ઉચ્ચ વર્ણની કન્યા પરણે તો એ પ્રતિલોમ લગ્ન કહેવાતાં. અને આવાં પ્રતિલોમ લગ્નથી ઉત્પન્ન થનારી સંતતિ વર્ણસંકર મનાતી.

મહાભારતના યુદ્ધ પછી આ પ્રતિલોમ લગ્નો વિશેષ પ્રમાણમાં થતાં હોવાની કેટલાક વિદ્વાનોની માન્યતા છે. પાછલા સમયમાં આ અનુલોમ, પ્રતિલોમ લગ્નોથી ઉત્પન્ન થયેલી સંતતિને નવું નામ મળતું. ઉપર દર્શાવેલી રીતોથી મહાભારતના યુદ્ધ પછી કેટલાક કાળે આ 'જ્ઞાતિ' નામની બંધનમૂલક સંસ્થાનો જન્મ થયો હતો અને પૌરાણિક કાળનો

---

૧ મહાભારત વનપર્વ.

ઇતિહાસ જોતાં જણાય છે કે તે વખતે જ્ઞાતિબંધારણ પૂરજોસમાં હતું. મનુસ્મૃતિના દશમા અધ્યાયમાં એ પતિત જ્ઞાતિઓના નામ તથા તેમનાં કર્મોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

વિદ્વાનોનું એવું માનવું છે કે મનુસ્મૃતિ પ્રથમ સૂત્રોમાં રચેલી હતી, શ્લોકમાં નહિ. અને તેનું હાલનું સ્વરૂપ એ બહુ પ્રાચીન કાળનું નથી.

આ વ્રાત્ય અને પતિતોની બંધાતી નવી નવી જ્ઞાતિઓથી પછી વર્ણવ્યવસ્થા છિન્નભિન્ન થતી જતી હતી. તો પણ આ બધીમાં જ્યાં સુધી એક પ્રજા તરિકેનું સંગઠન હતું ત્યાંસુધી તો કશું વધુ નુકશાન નહોતું; પણ જ્યારે બહુ જ અંધાધુંધી અને સ્વચ્છંદતાનું સામ્રાજ્ય પ્રવર્ત્યું ત્યારે બ્રાહ્મણોએ સંસ્કૃતિ સાચવવા ભારે સખ્તમાં સખ્ત અંકુશો મૂક્યા. વંશપરંપરાના ગુણોએ જાતિ જન્મથી ગણાવા લાગી. ઉંચ પંક્તિમાં જન્મેલા માણસોએ આ પ્રમાણે પોતાને જન્મથી મળતા મોટાઈ મેળવવાના પ્રસંગોનો લાભ લીધો. મૂળ જ્ઞાતિઓ ઉપર સખ્ત અંકુશો મૂકાયા. બીજી જ્ઞાતિઓ સાથે લગ્નવ્યવહારનો પ્રતિબંધ મૂકાયો.

બ્રાહ્મણોની સત્તા વૃદ્ધિ પામતી હતી અને આવાં જ્ઞાતિ બંધારણોથી પતિત જાતિઓ ચગદાતી હતી–વધારે પતિત થતી જતી હતી. નીચ જ્ઞાતિમાં જન્મેલ ગમે તેવો સદ્‌ગુણી બુદ્ધિમાન હોય તો પણ જનસમાજમાં તે વખતે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકતો નહિ. હિન્દુસ્થાનમાં છેલ્લાં ૨૦૦૦ વર્ષમાં ઉત્પન્ન થએલ ઘણાખરા મહાન પુરૂષો બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ગમાં થવાનું મુખ્ય આ જ કારણ છે.

પૌરાણિક કાળમાં જ્ઞાતિબંધારણ પૂરજોસમાં હતું. નાતોમાં ધર્મના જેવી પવિત્રતા અને કાયદાના જેવો અમલ હોય એમ મનાતું. શૂદ્રોને નીચા રાખવા માટે તેમણે ઘણા અન્યાયી ધારા ઘડયા હતા. દરેક જ્ઞાતિને માટે કાયદો જુદો હતો. કાયદામાં બ્રાહ્મણો તરફ ઘણો જ પક્ષપાત અને શદ્રો તરફ ગેરવ્યાજબી સખ્તાઈ બતાવવામાં આવતી. "જો કોઈ માણસ પોતાથી ઉચ્ચ જ્ઞાતિના માણસને મારે તો તેના હાથ પગ કાપી નાખવામાં આવતા. જો ઉચ્ચ જ્ઞાતિના માણસને કોઈ ઉપદેશ કરવાનો ડોળ ઘાલે તો એના મોઢામાં ગરમ તેલ રેડવામાં આવતું." (વિશ્તુસ્મૃતિ ૫, ૧૯, ૨૩, ૨૪) 'જેનો સ્પર્શ ન કરાય એવો માણસ દ્વિજને અડીને તેને ભ્રષ્ટ કરે તો તેને મારી નાખવો જોઇએ.'

જો કોઇ માણસ બ્રાહ્મણને કાપી નાખે તો તેને મોતની શિક્ષા કરી તેની મિલ્કત લઈ લેવામાં આવતી. જો કોઇ માણસ પોતાની સરખી જાતના અથવા નીચ માણસને મારી નાખે તો તેને પ્રમાણમાં હલકી અને બીજી જાતની શિક્ષા કરવામાં આવતી. ક્ષત્રિયને મારી નાખનારને ૧૦૦૦, વૈસ્યને મારનારનો ૧૦૦, અને શૂદ્રને મારનારનો ૧૦ સિક્કા દંડ કરવામાં આવતો, (મિ. દત્તના ઉતારાનું પાનું ૨૪૮, બૌધ્યાધ્યયન ૧, ૧૦, ૧૮, ૧૯) વ્યભિચારને માટે પણ જે જાતની સ્ત્રીઓથી વ્યભિચાર કર્યો હોય તેના પ્રમાણમા શિક્ષા કરવામાં આવતી. યાજ્ઞવલ્કયની સ્મૃતિમાં તો કહેવામાં આવ્યું છે કે નીચ જ્ઞાતિની સ્ત્રી સાથેનો વ્યભિચાર શિક્ષા કરવાને યોગ્ય નથી (૨–૨૯૧, મિ. દત્તના ઉતારાનું પાનું ૧૯૭) આધ્યાત્મિક નિવૃત્તિ અને ધાર્મિક આશ્વાસન શૂદ્રોને ભોગવવા દેવામાં ન આવતું. તેઓનાથી વેદોનો અભ્યાસ થઈ શકતો નહિ. જનસમાજમાં શૂદ્રો આ પ્રમાણે ધિઃકારાતા હોવાથી તેમની ઉન્નતિમાં આડે આવતા ધર્મનો ત્યાગ કરવાને તેઓ હંમેશ તત્પર રહે-એ સ્વાભાવિક છે. જ્યારે આ દેશમાં નવો ધર્મ ઉપસ્થિત થાય છે અથવા વિદેશી ધર્મ દાખલ થાય છે

ત્યારે તેઓ ધર્મનો ફેરફાર કરીને પોતાની સ્થિતિ સુધારવાની ને લાંબા કાળ સુધી તેમના સંકુચિત મનવાળા સહધર્મીઓએ જે બંધનમાં તેમને રાખ્યા છે તેમાંથી મુક્ત થવાનો યોગ તેઓ ખુશીથી સાધે છે.

મિ રમેશચંદ્ર દત્ત હિન્દુસ્થાન જેવા ચાલતી રૂઢીને વળગી રહેનાર દેશમાં બૌદ્ધ મતનો પ્રચાર એટલો જલદીથી કેમ થયો તે સંબંધમાં કહે છે કેઃ 'ઉપાલી અને સોનીતા બન્ને શુદ્ર હતા. પહેલો જાતે હજામ ને બીજો ઝાડુ કાઢનાર હતો. તેઓ ગમે તેવા ગુણસંપન્ન, સદ્‌ગુણી અથવા વિદ્વાન હોત તો પણ હિંદુ ધર્મમાં તેમને ઉચ્ચ પદ સંપાદન કરવાનો અધિકાર જ નહતો. ઉપાલી અને સોનીતાએ બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો અને તેઓ માનમરતબો મેળવીને ધર્માચાર્યની પદવી સુધી ચઢી શકયા. હિંદુધર્મની આ ખામી છે અને આ ખામી ઐતિહાસિક કારણોને લઇને તેને વારસામાં મળી છે અને જેને લીધે વખતો વખત તેને ઘણું ખમવું પડયું છે'[1]

આગળ ચાલતાં મી. દત્ત હિંદુ જ્ઞાતિઓની આવી બીજાંઓથી અલગ અલગ રહેવાની રીત સંબંધે જણાવે છે કેઃ "પ્રાચીન વર્ણવ્યવસ્થા હાલના વંશપરંપરાના જ્ઞાતિ બંધારણ કરતાં તદન જુદી જ હતી. તેથી ઘણાક શૂદ્રો એટલે કે અનાર્યો ફક્ત બ્રાહ્મણ જ નહિ પણ ઋષિ ધરાધરી થયા એવું આપણે અગાડી જોઇ ગયા છીએ. આખરે જ્ઞાતિબંધારણ વંશપરંપરાનું થઈ પડયું. અને શૂદ્રોનો ખરેખરા હિંદુસમાજની મર્યાદામાંથી બહિષ્કાર કરવામાં આવ્યો........તેઓએ શૂદ્રોને સઘળા ધાર્મિક જ્ઞાન અને ક્રિયાનો પ્રતિબંધ કર્યો. તેમને માટે ગેરવ્યાજબી અને ઘાતકી દિવાની ફોજદારી કાયદાઓ ઘડયા.

આવા જુલમ જ્યારે અનહદ વધી પડયો ત્યારે આખરે એવો પણ સમય આવ્યો હતો કે જ્યારે એક કીર્તિવાન ક્ષત્રિય કુળના વંશજે પોતાનું ઉચ્ચ કુળ તજ્યું અને જાહેર કર્યું કે જ્ઞાતિથી નહિ પણ સદ્‌ગુણથી ખરૂં માન મળે છે. આ રાજપુત્ર બીજો કોઈ નહિ પણ ગૌતમબુદ્ધ.

"આ રાજપુત્ર ગૌતમબુદ્ધને હજારો માણસો તરત જ આવી મળ્યા અને બૌદ્ધ મતનો હિન્દુસ્થાનમાં જલદી ફેલાવો થયો. બુદ્ધના થયા પછી બસેં વર્ષે ઉતર હિંદુસ્થાનમાં મૌર્યવંશનું રાજ થયું. તેઓ ક્ષત્રિય નહોતા અને તેથી જ્ઞાતિના અનુયાયીઓ તેઓના તરફ તિરસ્કાર ભરી નજરથી જોતા. મહાન અશોકે જ્ઞાતિબંધારણનો જડમૂળથી નાશ કર્યો અને તેને બદલે સદ્‌ગુણ અને કીર્તિવંત કામોને માન આપે તેવા બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો." (એજ)

આ પ્રમાણે બૌદ્ધધર્મ દેશના એક છેડાથી બીજા છેડા સુધી પ્રસર્યો. નીતિશાસ્ત્રની નજરે બૌદ્ધધર્મ ગમે તેટલો શ્રેષ્ઠ હતો પણ ધર્મ તરિકે એમાં ખામી હતી. આથી હિંદુસ્થાનમાંથી તેની પડતી થઇ. પ્રથમતો, તેમાં હિંદુસમાજના જ્ઞાતિ અને હાનિકારક રિવાજોમાં જણાતા દ્વેષજનક ભેદ વિરૂદ્ધ સહેજ આગળ પડતો નિષેધ માત્ર જ હતો. આમ હોવાથી સઘળા સમજુ માણસોને એ ધર્મ રૂચ્યો અને સહેલાઇથી તે ધર્મમાં ઘણા ભળ્યા. પણ

૧ સિવિલાઈઝેશન ઈન એનશ્યંટ ઈન્ડિયા વો. ૨, પાનું ૩૦૪

પછીથી તેણે જુદો જ ધર્મ હોય એવું રૂપ ધારણ કર્યું. આ ધર્મ કેવળ નાસ્તિક અને અધર્મનું શિક્ષણ આપતો જણાવાથી હિંદુઓ જેવા ઘણા ધાર્મિક લોકોને ચિત્તાકર્ષક થઈ પડે એમ જ નહોતું. તેથી કરીને તેને ફેલાતાં જેટલો વખત લાગ્યો તેના કરતાં વધારે ઝડપથી બૌદ્ધધર્મનો લોપ થયો અને તેની જગા "પૌરાણિક અથવા અર્વાચીન હિંદુધર્મે" લીધી. તેમાં અનાર્યોની અંધભક્તિ, બુદ્ધોની મૂર્તિપુજા અને વૈદિક સેળભેળ થઇ ગયો. જો કે ઘણા ફેરફાર થઇને હિંદુધર્મનો પુનરોદ્ધાર થયો તો પણ જ્ઞાતિભેદનો લોપ થયો નહિ. ત્યાર પછી વૈશ્ય જાતિના ધંધાદારી નાતોના પણ વિભાગ પડયા.

મી. દત્ત જણાવે છે કે: હિન્દુસ્થાનના જ્ઞાતિબંધારણને લીધે તેનું ખરાબ અને શોકજનક પરિણામ તો એ આવ્યું કે જ્યાં એકત્રતા અને એક સંપ હોવો જોઇએ ત્યાં વિરોધ અને કુસંપ ઉત્પન્ન થયો.

આ રીતે ધંધા રોજગારના ભેદ, સ્થાનભેદ, રીતરિવાજના તફાવત, ધાર્મિક માન્યતાઓના ભેદને લઇને અનેક જ્ઞાતિઓ આ દેશમાં જન્મ પામી. એ ઉપરની હકીકતોથી જણાઈ આવે છે. બૌદ્ધધર્મના પ્રભાવને લઇને હિન્દુસ્થાનના બૌદ્ધ ઉપદેશકોદ્વારા મળેલા જ્ઞાનના પરિણામે અનેક વિદેશી ક્ષત્રિય કે વૈશ્ય પ્રજાઓ શક, યવન, ગ્રીક, હૂણ, બાકટ્રિયન, જીટ, ક્ષત્રપ, આન્ધ્ર, પહ્લવ આદિ પોતાના રાજ્ય સ્થાપવા અને આર્ય પ્રજાને લુંટવા માટે આવી હોય એમ જણાય છે. આ ગ્રીક, બાક્ટ્રીયન અને પાર્થીયન પૈકી થોડા જ લોકો તેના સ્વદેશમાં પાછા ગયા હતા. બાકીના જુદે જુદે સ્થળે પોતાનાં મથકો કરી અહીંના જ નિવાસી થઇ રહ્યા હતા. તેની પણ ન્યાતો બંધાઈ હતી અને તેઓએ બૌદ્ધધર્મ સ્વીકારી સમાજમાં સ્થાન મેળવ્યું હતું. નવીન જાતિઓ અનેક દિશાઓમાં આગળ વધી પોતાની સત્તા સ્થાપતી હતી: અને આ અનાર્ય જાતોએ સામાજિક ઉચ્ચ સ્થિતિની કુદરતી ઇચ્છાએ પોતાની ઉત્પત્તિ પણ કલ્પિત રીતે ઉપજાવી કાઢી. તે સંબંધમાં સન ૧૯૦૧ના સેન્સસ કમિશનર સર હર્બર્ટ રિસ્લી આ પ્રમાણે વર્ણન કરે છે: "મૂળ જાતના (અનાર્યો) મુખ્ય માણસો દુનિયાદારીમાં કોઇ રીતે આમ સ્વતંત્ર જમીનદાર થયા બાદ વધારે આગળ પડતી જ્ઞાતિઓમાં દાખલ થવાના પ્રયત્ન કરે છે. તેઓ ઘણુંખરૂં પોતાને રજપુત તરિકે ગણાવે છે; અને તેટલા માટે તેઓ કોઇ બ્રાહ્મણ ધર્માચાર્યને ઉભો કરે છે; તે કલ્પિત પૂર્વજ ઉપસ્થિત કરી જે સ્થાનકમાં તે જાત્ વસતી હોય તેને લગતી કંઇ અદ્ભુત વાત જોડી કાઢે છે. અને અદ્યાપિ સુધી સાંભળવામાં આવી ન હોય એવી મહાન રજપુત જાતિના તેઓ હોય એમ પ્રતિપાદન કરે છે" (પીપલ ઓફ ઇન્ડિયા. પાનું ૭૧) આ રીતે શૂદ્રમાં જન્મેલાઓને હાલના હિંદુ રીતરિવાજો જે સામાજિક ઉચ્ચ પંક્તિમાં નથી મૂકતા તેમાં મૂકાવાનો છે.

સર હર્બર્ટ રિસ્લીના આ અભિપ્રાયપર ખાસ કરીને વાંચનારનું લક્ષ ખેંચીએ છીએ. શૂદ્ર–મૌર્યવંશની સ્થાપનાથી ઈ. સ. ના ૫ મા સૈકા સુધી જે શક, યવન, આદિ લડાયક પ્રજાઓએ આ દેશમાં આવી રાજ્ય મેળવ્યું હતું. તે પ્રજાઓના પ્રબળથી શુદ્ધ આર્ય ક્ષત્રિયો અનેક રીતે નિર્બળ થયા હતા. વિષ્ણુ, મત્સ્ય, વગેરે પુરાણોમાં આ મ્લેચ્છ જાતિઓના આગમન સંબંધે હકીકતો મળે છે.

૫

અતિ પ્રાચીન પુરાણોના સમયમાં જે સમય નંદવંશના સમયથી અર્વાચીન ન હોવો જોઇએ (ઈ. સ. પૂ. ૩૫૬) તે સમયથી ક્ષત્રિયોની રાજ્યલક્ષ્મીનું તેજ ક્યાંક ક્યાંક ઝાંખા કીરણો રૂપે પ્રકાશતું હતું અને વિદેશીઓની સત્તા જામતી જતી હતી.

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સર હર્બર્ટ રિસ્લી કહે છે તેવો રજપુત શબ્દ ઈ. સ. ના ૭ મા સૈકા સુધી પ્રચલિત નહોતો. અલબત ક્ષત્રિયોની શાખાઓ, પેટા શાખાઓ હતી. જો કે ક્ષત્રિયોએ આ સમયમાં પોતાનો વ્યવસાય બદલ્યો હોય-વૈસ્યવૃત્તિ ધારણ કરી હોય પણ તેના મૂળનો નાશ થયો હોય એવો એક પણ દાખલો ઇતિહાસમાંથી મળી શકે તેમ નથી.

બ્રહ્મવૈવર્ત્ત પુરાણમાં આ સંબંધે શ્લોકો છે તેનું ભાષાંતર ડૉ. જે. વીલ્સન એફ. આર. એસ. આ પ્રમાણે કરે છેઃ

માતાઃ	પિતાઃ	જાતિઃ	કર્મઃ
શુદ્ર.	વૈશ્ય.	કરણ.	કાયસ્થ.
રા પુત્ર.	ક્ષત્રિય.	ભવાર.	માછી.
કર	ક્ષત્રિય.	રાજપુત્ર.	
રાજપુત્ર.	કરણ.	અગારી.	મીઠું પકવનાર.

આમાં રાજપુત્ર અને ક્ષત્રિય એ બે શબ્દોનો જુદી જાતિવાચક શબ્દ તરિકે પ્રયોગ કરવામાં આવ્યો છે એ ધ્યાનમાં રાખવાનું છે.

तथा शूत्या सजीवे यो शूद्र धर्मा प्रजायते ।
रजपुत इतिख्यातो युद्ध कर्म विशारदः ॥

શૂદ્ર જેવી વૃત્તિવાળી પણ યુદ્ધ કર્મમાં પ્રવીણ જાતિ રજપુતને નામે પ્રસિદ્ધ છે.

એક પ્રસિદ્ધ મુસલમાન ઇતિહાસકાર ફિરેશતાનો અભિપ્રાય એ છે કેઃ હિન્દુ રાજાઓ રાય કહેવાતા અને તેઓ પરણેતર રાણીઓ શિવાય કેટલીક હલકી જાતિની દાસીઓ-રખાયતો રાખતા. આમાંથી થતી પ્રજા-પુત્રપ્રજાને ખરા રાજપુત્રનો હક્ક મળતો નહોતો. તેમજ તે રાજપુત્ર કહેવાતા પણ નહિ. લાડમાં તેમને તેમની દાસી માતાઓ રાયપુત કહેતી. રાયનો રાજ થાય એ સ્વાભાવિક છે અને એ રીતે દાસીપુત્રો તે પાછળથી રાજપુત્રો કહેવાયા.

હિન્દુધર્મના પુનરોદ્ધારના સમયે ઈ. સ. ના આઠમા સૈકા પછી જ એ રજપુત નામ પ્રસિદ્ધ થયું છે.

જ્યાં બાર ઘરની જાતિઓ મનાતી હોય ત્યાં જુદે જુદે નામે પ્રજા રચાય એ અસંભવિત નથી. આ પ્રમાણે અને પુરાણોના અભિપ્રાય પ્રમાણે પણ રજપુતો શુદ્ધ આર્ય ક્ષત્રિયો નથી એમ માનવાને કારણો મળે છે.

ધર્માન્ધ મુસલમાનોનાં આક્રમણોનો ઇ. સ. ના ૭ મા સૈકા પછીનો સમય ભારતવર્ષને શાપસમાન હતો. તેઓ બળાત્કારે હિંદુઓને વટલાવતા હતા. અને તેનું આવાગમન પણ

પ્રથમ સિન્ધમાં થયું. સિન્ધ, અને પંજાબ તે વખતે એક જ ગણાતા. વિધર્મીઓની ધર્માન્ધતાના કારણે અન્ય પ્રાંતના બ્રાહ્મણોએ અટકની પેલીપાર ન જવાના નિયમો આ વખતે ઘડયા. દરેક નિયમોમાં ધાર્મિક તત્વ હોય તો જ પ્રજાને માન્ય થતું, તેથી ત્યાં જવામાં મોટું પાપ ઠરાવ્યું. આમ કન્યાવ્યવહાર તથા ભોજનવ્યવહાર સંકુચિત થયો. અને બ્રાહ્મણો તથા ક્ષત્રિયો, અને વૈશ્યોમાં હજારો જ્ઞાતિઓ થઈ ગઈ. જેમાં પણ અરસ્પરસ ભોજન તથા કન્યાવ્યવહારનો પ્રતિબંધ થયો.

ઉપરોક્ત સર્વ એક પછી એક આવેલા સંજોગોનો વિચાર કરતાં એટલું તો સમજાઇ જાય છે કે જ્ઞાતિ સંસ્થાને ઉત્પન્ન કરનાર, તેનું પોષણ કરનાર, તેને બંધનનું સ્વરૂપ આપનાર એ બધા ઉપસ્થિત સંજોગોમાં કંઈક ઈશ્વરી સંકેત હતો, ભલે તેને માટે અજ્ઞાનતા કે પ્રમાદવૃત્તિ કે શ્રેષ્ઠ મનાવાની ભાવના કે ગમે તે હોય પણ તેમાં અવશ્ય ઈશ્વરી કોઇ મહાન સંકેત હતો એ ચોખ્ખું છે. વર્ણોએ જેમ એ યુગમાં પોતાનું કર્તવ્ય પાળ્યું તેમ જ્ઞાતિઓએ પણ આ સંજોગોમાં પોતાપણું દેખાડયું છે. મુસલમાનોના જોહુકમીના સમયમાં જ્ઞાતિ ન હોત, તેનો અંકુશ ન હોત તો આપણે હિંદુ રહી શકત—આપણું આત્મસંરક્ષણ થઇ શકત તેને માટે શંકા છે. દુઃખદ સ્થિતિમાં પણ ગરીબોનું રક્ષણ જ્ઞાતિથી જ થયું. આ સંબંધે સ્વામી વિવેકાનંદ કહે છે કેઃ

" આપણે જ ફક્ત સ્થાયી જ્ઞાતિબંધારણ બાંધવા શક્તિમાન થયા છીએ. બીજી પ્રજાઓ એ પ્રયત્નમાં નિષ્ફળ થઈ છે. આ જ્ઞાતિના પ્રતાપે જ આજ ૧૦ કરોડ ભારતવાસીઓ રોટલીનો કકડો પ્રાપ્ત કરી શકે છે. અલબત તે એક સદોષ સંસ્થા છે તથાપિ જ્ઞાતિ ન હોત તો સંસ્કૃત ધર્મશાસ્ત્રોની હસ્તિ પણ રહી શકતે કે નહિ એ એક પ્રશ્ન છે. આ જ્ઞાતિની મજબુત દિવાલો સામે અનેક હુમલાઓ થવા છતાં પણ તેમાં ભંગાણ કરી શકાયું નથી. જ્ઞાતિની જરૂરિયાત હજી ગઇ નથી તેથી તે જીવે છે."

આ જ્ઞાતિઓના ઉદ્ભવનો વિચાર કરતાં એટલાં બધાં ઉલટાં સુલટાં કારણો મળે છે કે જેમાંથી ઘડીભર બુદ્ધિ ગુંચવણમાં પડી જાય છે. છતાં આપણી લોહાણા જ્ઞાતિ માટે સર હર્બર્ટ રિસ્લી બીજી અનાર્ય જાતિઓ માટે કહે છે તેમ રજપુતમાંથી ઉદ્ભવ્યાની કલ્પિત કથા જોડાઇ નથી. આપણા ભાટો આપણને લવવંશી કહે છે. પ્રાચીન ઇતિહાસ તથા આપણા હાલના રિતરિવાજો આપણે શુદ્ધ આર્ય ક્ષત્રિયો છીએ એ વાતની સાબીતી આપે છે. વિદેશીઓના વારંવારના આક્રમણોએ ક્ષત્રિય પ્રજા જ્યારે નબળી બનતી જતી હતી અને શુદ્રો તથા વિદેશીઓના હાથમાં રાજ્યસત્તા આવી ત્યારથી જ આ મહાન પ્રજા વૈશ્યવૃત્તિને ધારણ કરતી આવી હોય એમ જણાય છે. મુસલમાનોના હુમલાઓ અને ધર્મમાં હાથ ઘાલી વટલાવવાની આપખુદી ભરેલી તે ધર્માન્ધોની વલણથી તે સમયમાં (૮ મા સૈકાથી) લોહાણા 'જ્ઞાતિ' તરીકેનાં બંધારણો સખ્ત થયાં હોય એમ માની શકાય છે.

લોહાણાઓની ઉત્પત્તિ સંબંધે કોઈ ખાસ પ્રાચીન ગ્રંથ નથી. લોહાણા પ્રજા એક વિશાળ પ્રજા છે. ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, સિંધ અને ઉત્તરમાં છેક પંજાબ, કાશ્મીર, બલુચિસ્તાન, અફગાનિસ્તાન, અને તુર્કસ્થાન સુધી લોહાણાઓ વસે છે. તેમની ઉત્પત્તિ બાબત સામાન્ય અંશે એક જ માન્યતા છે. તેના સંબંધમાં બે ત્રણ પુસ્તકો અગાઉ બહાર પડયાં હતાં. છેલ્લે રા. ઉદ્ધવજી તુલસીદાસ કૃત

'લો. જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ' એ નામે એક પુસ્તક બહાર પડયું છે. રા. ઉદ્ધવજીકૃત પુસ્તકમાં અનેક વિદ્વાનો તથા ગ્રંથોમાંથી ઉપયોગી બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે; પણ તેઓ પોતે જ્ઞાતિ બંધારણ સંબંધે ચોક્કસ નિર્ણયપર આવી શક્યા નથી. તો પણ તેમાંનો સંગ્રહ અન્ય સંશોધકને બહુ ઉપયોગી થઇ પડયા વગર રહેતો નથી. હવે જ્ઞાતિ ઉત્પત્તિના સંબંધમાં એ અગાઉના ગ્રંથકર્તાઓના અભિપ્રાયો આપણે જોઇએ.

'સારસ્વતોપાખ્યાન અને ક્ષત્રિયોત્પત્તિ'

સ્વ. શીવજી ભાગ્યચંદ તરફથી આ પુસ્તક ૨૦ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયું હતું. **વ્યાસજી** સુતપુરાણીદ્વારા લોહાણાઓની ઉત્પત્તિ કહેવરાવી સુમિત્રથી તેની વંશાવળી આપે છે. અને તે કનોજના રાયઠોર સુધી લઈ જાય છે. અને રાયઠોર ઉપરથી પછી રાઠોડ નામે પ્રસિદ્ધ થયાનું જણાવે છે ને પછી કનોજના રાજા વિજયપાળના પુત્ર જયચંદની હકીકત આપે છે. તેનો ટુંક સાર આ પ્રમાણેઃ

"જયચન્દની માતા કમલાદેવીએ 'પરલોકનું સાધન' મેળવવા સવા લક્ષ બ્રાહ્મણોને એક પંક્તિમાં ભોજન કરાવી પ્રત્યેકને દક્ષિણા તથા એકેક 'ગાયનું દાન' આપવાનો સંકલ્પ કર્યો. એક વર્ષમાં ગાયોનું દાન પૂર્ણ કર્યું; પરંતુ બ્રાહ્મણભોજન કાંઇ બાકી રહ્યું અને મરણ સમય આવ્યો. સંકલ્પગત્ વાસનાને લઈ કમલાદેવીનો જીવ ન ગયો. જયચન્દ વારંવાર આજીજી કરી તેને પૂછવા લાગ્યો. માતાએ સંકલ્પનું સ્મરણ કરાવ્યું. જયચન્દે પુનઃ સંકલ્પ કર્યો, અને બારમાને દિવસે સવા લક્ષ બ્રાહ્મણોને જમાડવા તથા ગાયોનું દાન ફરી આપવાનું પણ લીધું.

સંકલ્પજળ મુખમાં મૂકાયું કે કમલાદેવી દેહમુક્ત થયાં. પછી જયચન્દે તાબે રહેલા ચોર્યાસી રાજાઓને બ્રાહ્મણો સહિત અગીયારમાને દિવસે આવે એ પ્રમાણે પત્રો લખ્યા. પત્રોના પ્રત્યુત્તર ન આવ્યા. ત્યારે જયચન્દે બ્રાહ્મણોની સલાહ લીધી. તેમણે તેના ભાયાત ક્ષત્રિયોને ભોજન કરાવી દક્ષિણા આપવાની સલાહ આપી. જયચન્દે એ પ્રમાણે પોતાના ભાયાતોને વિનંતિ કરી. તેમણે દક્ષિણા લેવાનો અને બ્રાહ્મણો સાથે બ્રાહ્મણોની પેઠે જમવાની આજ્ઞાનો અનાદર કર્યો. જયચન્દને ક્રોધ ચડયો અને તેમનાં રાજ્ય લૂંટી લેવાનો હુકમ કર્યો.

વસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલ **સારસ્વત** બ્રાહ્મણ **નીલકંઠ**ના સમજાવવાથી રાજાનો ક્રોધ શાંત થયો તથાપિ પોતાનાં વચનને તે વળગી રહ્યો અને ભાયાતોને સ્પષ્ટ કહી દીધું કેઃ '૭ માસની અંદર જરૂર તમારો નાશ કરીશ.' આ ચોર્યાસી ભાયાતો ભય પામી ગયા અને બ્રાહ્મણ **નીલકંઠ** જેને તેઓ પ્રાણદાતા માનતા હતા તેને બોલાવી રાજાની સાથે સલાહ કરવાનો વિચાર કર્યો.

ચાર ઘડી રાત ગયા પછી નીલકંઠ મુનિરાજ ભાયાતોની સભામાં ગયા, જ્યાં તેમનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો. ગુરૂ નીલકંઠને તેઓ કહેવા લાગ્યા કે, અમને બચાવો અને અમારૂં રાજ્ય પાછું અપાવો!

ચોર્યાસી ભાયાતોને પંડિતજીએ વચન આપ્યું અને તેણે રાજા જયચન્દની સભામાં

જઇ તેમનાં રાજ્ય પાછાં અપાવવા તથા તેમનો નાશ કરવાની પ્રતિજ્ઞાનો અમલ ન કરવા માટે વિનંતિ કરી. જયચન્દ ક્રોધથી સભા તજી ચાલ્યો ગયો. નીલકંઠ ગુરૂને ચોર્યાસી 'રાઠોડો' મળ્યા અને કહ્યું કે તમે જે કાંઇ દુઃખ વેઠો છો તે કેવળ અમારા સારૂ છે, માટે આજથી તમને દશોંદી પદ આપ્યું છે અને તમારે અમારા શિવાય કોઇની યાચના કરવી નહિ.

નીલકંઠ મહારાજ પ્રસન્ન થયા અને કહ્યું કે જયચન્દની દિવાનગીરી તથા ગુરૂપદવી છોડી દઇશ. રાઠોડોએ એમને તથા એમના વંશજોને માન આપવાનું વચન આપ્યું અને નીલકંઠ મહારાજે તેમની સાથે આવવાનું કબુલ કર્યું. સારસ્વતો અને રાઠોડોનું આવું ઐક્ય જોઇ જયચન્દ વધારે ક્રોધાતુર થયો અને એ સર્વ દુશ્મનોનાં ઘર પોતાને સ્વાધીન કરી લઇ તેઓની સર્વ સંપત્તિ લૂંટી લીધી.

ક્ષત્રિયો પુનઃ ગભરાયા અને ત્રણ દિવસ ભય પામતાં સલાહની વાટ જોઈ ત્યાં જ રહ્યા; પણ જયચન્દે તેમની જરા પણ દરકાર ન કરી. તેમ અન્યની મદદ પણ ન મળી ત્યારે તેઓ સિંધુ દેશ તરફ નાઠા. બ્રાહ્મણોએ વરૂણ દેવની પ્રાર્થના કરવાની સલાહ આપી.

રાઠોડો અને બ્રાહ્મણો વરૂણ દેવની સ્તુતિ કરવા લાગ્યા. વરૂણ દેવનાં દર્શન ન થાય ત્યાં સુધી અન્ન કે જળ ન લેવાનો સંકલ્પ કર્યો. ચોથે દિવસે વરૂણ ભગવાનનાં દર્શન થયાં, દેવે તેના સંકટનું કારણ પૂછ્યું: અને તેઓને સવા કોશ ઉપર લોઢાનો કિલ્લો દેખાડી દીધો અને તેમાં પ્રવેશ કરવાથી જય થશે એમ કહ્યું. લોખંડના શહેરનું નામ લોહર પડયું અને આ ચોર્યાસી રાઠોડ કુટુમ્બો લોહાણાને નામે પ્રસિદ્ધ થયાં. એકવીશ દિવસ પછી કિલ્લો અદૃશ્ય થયો.

જયચન્દ રાજા એક મ્હોટું સૈન્ય લઇ ચડી આવ્યો, પણ તે હાર ખાઇ નાઠો. લોહાણાઓએ લોહર શહેર વસાવ્યું. ચોર્યાસી અવંટકો કરી તેમાં લગ્નાદિક ક્રિયાઓ પણ ચાલુ કરી બ્રાહ્મણોને યજમાનોની વ્હેંચણી કરી આપી. વગેરે, વગેરે."

'ગાંગજી બારોટનો અભિપ્રાય'

ફતેહગઢ નિવાસી બારોટ ગાંગજીએ લોહાણા ઉત્પત્તિની હકીકત પોતાના ચોપડામાં લખી છે. તે નીચેના ભાવની છે અને કંઇક રમુજી પણ છે.[1]

"દશમા સૈકામાં કાબુલ કે ઇરાન તરફથી કોઇ મુસલમાન બાદશાહે કાશી ઉપર ચડાઇ કરી કાશીરાજાને શરણે થવા કહ્યું; પણ કાશીરાજ તાબે ન થયો અને એ ઇરાન કે કાબુલના બાદશાહના આવવાના માર્ગપર સામે જઈ અધવચ્ચે જ એ મુસલમાન બાદશાહ સાથે લડાઈ કરી. જેમાં એ બાદશાહ માર્યો ગયો અને તેની સાથે આવેલી હુરમોમાં એક ઘણી જ ખુબસુરત હુરમ હતી તેનાપર કાશીરાજ મોહી પડયો.

કાશીરાજે આ ખુબસુરત હુરમને પોતાની રાણી બનાવી અને એકાદ વર્ષ તેને સાથે પણ રાખી; પરન્તુ પાછળથી એ મુસલમાન બાદશાહના વારસો રૂમ, સુમ કે બીજી

1 ગાંગજી બારોટે દર્શાવેલા સમય દરમ્યાન બંગાળામાં સેનવંશી રાજાઓનું રાજ્ય હતું. તે બ્રહ્મ-ક્ષત્રિયો હોવાનો બારમી શતાબ્દિના રાજા વિજયસેનનો લેખ દેવપર (બંગાળામાં) થી મળ્યો છે. આ સેનવંશનો અંત પણ મુસલમાનોથી થયાનું ઇતિહાસ જણાવે છે.

કોઇ સલ્તનત્ પાસેથી એક લાખ માણસનું સૈન્ય લઈ ફરી ઓચિન્તી કાશીપર ચઢાઇ કરી અને કુરમને પાછી લઈ ગયા. પણ કાશીરાજાએ અમુક મુદ્દત સુધી મુસલમાન કુરમને ઘરમાં રાખેલ, જેને માટે ન્યાતિબહાર થયેલ હશે.

તે ફરી ન્યાતિમાં આવવા માટે દેહશુદ્ધિ કરવા અથવા સંવત ૧૦૦૦ ના અરસામાં કાશીના રાજા રણસિંહનું મૃત્યુ થયા પછી તેના પુત્ર ગુણસિંહ રાઠોડને પોતાના પિતાના યુદ્ધમાં થયેલા મૃત્યુને લીધે તેની સદ્ગતિ બાબત મોટા પંડિતોની સલાહ લેતાં તેણે અશ્વમેધ યજ્ઞ કરવો અથવા તે ન બની શકે તો તેને બદલે એક લાખ બ્રાહ્મણ જમાડવાની સલાહ આપી. વગેરે.

રાજાએ બ્રાહ્મણો એકઠા કરવા માંડયા તો ૮૫૦૦૦ બહુ જ શ્રમથી મળ્યા. ફરી ઋષિઓની સલાહ લીધી તો તેણે લોહાણાઓને જમાડવાનું કહ્યું, કારણ કે તેઓ સર્વ કર્મ બ્રાહ્મણનાં જ કરતા હતા. તેઓ શ્રાદ્ધાદિકનું જમતા નહોતા પણ બ્રાહ્મણોએ રાજાને સલાહ આપી કે જો દબાણથી તેમને જમાડી દક્ષિણા આપવામાં આવે તો ઉલટું એકને જમાડતાં દશ બ્રાહ્મણોને જમાડવા જેટલું ફળ ગણાશે.

બ્રાહ્મણોની સાથે અને તેમની માફક જમવાની લોહાણાઓએ સાફ ના કહી દીધી અને તકરાર વધતાં તેમણે એમ પણ જણાવ્યું કે, પ્રેતભોજન જમવું એ મહા પાપ છે.

ક્ષત્રિયોના ઇન્કારથી રાજા તરત ગુસ્સે થઇ ગયો અને આવેશમાં જ લોહાણાઓને સાથે જમવાની અગર તો યુદ્ધ કરવાની માગણી કરી. આવા કારણથી યુદ્ધ કરવું અયોગ્ય ધારી સંવત ૧૦૦૧ ના આસો વદી ૧ ને દિવસે એક લાખ અને નવ બ્રહ્મક્ષત્રિયોએ અને સાથે સંખ્યાબંધ ભાટોએ આપણી મૂળ ભૂમિનો ત્યાગ કરી લાહોર તરફ પ્રયાણ કર્યું. કાશીરાજાનો ક્રોધ તેથી વધારે ઉશ્કેરાયો અને તેથી તેણે એ નાશી જતા બ્રહ્મક્ષત્રિયોની પુઠે એક મોટું લશ્કર મોકલ્યું. બન્ને લશ્કરનો મેળાપ થતાં મોટી લડાઈ થઈ, જેમાં કાશીરાજાના એક લાખ ત્રેસઠ હજાર માણસો તથા બ્યાસી હજાર નવસો ને સાઠ બ્રહ્મક્ષત્રિયો રણક્ષેત્રમાં પડયા. બ્રહ્મક્ષત્રિયો ગભરાયા અને દરિયાલાલની સ્તુતિ કરવા લાગ્યા. ત્રણ દિવસ સુધી બહુ બહુ પ્રાર્થના કરી ત્યારે એક જણને વાંસો આવ્યો અને ધુણવા લાગ્યો. તેને પૂછ્યું, ત્યારે સામે આંગળી કરી અને લોઢાનો ગઢ બતાવ્યો અને ખૂબ ભલામણ કરીને કહ્યું કે: "તમે સૌ એક સંપ કરીને રહેજો." પણ ત્યાં સંપથી રહી શકયા નહિ, ને પોતપોતામાં લડવા લાગ્યા. કાશીરાજાને લાગ મળ્યો. તેણે હજારો બ્રહ્મક્ષત્રિયોને મારી નાંખ્યા. આમ જ્યારે હાર થઇ ત્યારે જ દરિયાલાલનાં "સંપ રાખજો" એ વચનોનું સ્મરણ થયું. પુનઃ સંપ કર્યો અને કાશી રાજાના લશ્કર ઉપર જય મેળવ્યો.

આ બ્રહ્મક્ષત્રિયો જે લોહગઢમાં આવ્યા પછી લોહાણા કહેવાતા હતા; તેઓએ એકસો ને આઠ નુખ પાડી તથા નવી પરણેલી અનેક વિધવાઓ થઇ હોવાથી સર્વેએ મળી પુનર્લગ્નનો રિવાજ પસંદ કર્યો. તે વખતથી જ આપણે વ્યાપારીનું કામ કરવા લાગ્યા.

એ પછી તરત સિંધમાં મુસલમાન લોકો આપણા ઉપર જુલમ કરવા લાગ્યા અને લોહાણાઓને મુસલમાન ધર્મમાં વટલાવવા અસહ્ય સંકટો આપવા લાગ્યા. પુનઃ દરિયાલાલની પ્રાર્થના કરવામાં આવી જેથી સંવત ૧૦૦૭ માં ઉદેરોલાલનો જન્મ નસરપુરમાં રતનરાય

નામના લોહાણાને ત્યાં થયો. દરિયાલાલે અનેક ચમત્કારો કર્યા, જેથી મુસલમાનો ઠંડા પડયા અને લોહાણાઓની લાજ રહી. તે વખત પછી લોહાણા દરિયાલાલના ખરા ઉપાસક બન્યા છે" વગેરે.

'લોહાણા ક્ષત્રિયોનો ઇતિહાસ'

ત્રીજી એવા જ પ્રકારની પણ કંઇક ઐતિહાસિક અંશવાળી કથા મુંબઇનિવાસી કવિરાજ પ્રાગજી બલિભદ્ર તરફથી " લોહાણા ક્ષત્રિયોનો ઇતિહાસ " એ નામે પુસ્તકમાં આપવામાં આવી છે. આ ઇતિહાસ યદ્યપિ હિંગુલાદ્રિ પુરાણને આધારે યોજવામાં આવ્યો છે તથાપિ તે વિચારપૂર્વક અને વિસ્તારથી યોજવામાં આવ્યો છે.

પ્રારંભમાં દધિચી મુનિ અને પરશુરામથી ક્ષત્રિય બાળકોના રક્ષણની કથા કહેવામાં આવી છે. આ ઇતિહાસ પ્રમાણે જયચન્દના કાળમાં તમામ ક્ષત્રિય પ્રજાનાં અડતાળીશ રાજ્યકુટુમ્બો હતાં અને તેઓ નિરનિરાળા પ્રદેશોપર રાજ્યસત્તા ભોગવતા હતા. છત્રીશ રાજ્ય કુટુમ્બો હિન્દના જૂદા જૂદા ભાગોમાં રાજ્ય કરતાં હતાં, જ્યારે બાર ફક્ત ઉત્તર પ્રદેશમાં રાજ્ય કરતાં હતાં. આ બાર રાજ્યકુટુમ્બો કવિરાજ નીચે પ્રમાણે જણાવે છે.

૧ લોહર. (લોહાણા) ૨ ક્ષત્રિય, (પંજાબના ખત્રી) ૩ ભાણુસર, (ભણશાલી કે ભાનુશાલી) ૪ સોનર, (સોની) ૫ કાયસ્થ, ૬ ભટ્ટી, (ભાટીઆ) ૭ દેપાલ, ૮ અરોડ, ૯ બાવ, ૧૦ ધૂળધવ, ૧૧ ગિરાણ, અને ૧૨ સાવર.

મધ્ય હિન્દનાં પવિત્ર તીર્થાલય પ્રયાગરાજને વિષે વેદપારંગત મહાત્મા સારસ્વત ઋષિ નીલગુરૂએ યજ્ઞ મંડપ રચ્યો હતો. યજ્ઞનારાયણનાં દર્શનાર્થે આવવા તમામ ક્ષત્રિય રાજાઓને આમંત્રણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત બાર રાજ્યકુટુમ્બોના રાણાઓ જાતે જ યજ્ઞદર્શનને માટે ગયા હતા, અને છત્રીશ રાજ્ય કુટુમ્બોએ ભેટ વગેરે પોતાના સેવકો કે પ્રતિનિધિઓદ્વારા મોકલી વિવેક દર્શાવ્યો. આથી મહાત્મા નીલગુરૂ ગુસ્સે થયા, અને એ છત્રીશ રાજ્યકુટુમ્બોને યજમાનના લીસ્ટમાંથી બાતલ કર્યા.

ક્ષત્રિયકુળભૂષણ લોહર જશરાજ એક દેવાંશી અને પ્રતિષ્ઠિત રાજ્યપતિ, કનોજાધિશ જયચન્દ રાઠોડનો સમકાલિન હતો અને ઉપરોક્ત બાર કુટુમ્બમાંથી લોહરો દફાના તખ્ત ઉપર રાણાના ઇલ્કાબથી રાજ્ય કરતા હતા. જયચન્દની માતાની ઉત્તરક્રિયા નિમિત્ત થયેલા ભોજન પ્રસંગે તેના ભાયાતો જમવા તો ગયેલા પણ ભોજનપાત્રમાં જમવાને બદલે પ્રેતભોજનનું પ્રાયશ્ચિત ન લાગે એવા કોઇ કારણથી એકેક વસુમુદ્રા મૂકી ગયેલા. આથી જયચન્દ ક્રોધાયમાન થયો. જયચન્દના ભાયાતો સિંધના રાણાના શરણમાં આવ્યા અને લોહર જશરાજે તેમને પોતાના શરણમાં રાખ્યા.

જયચન્દ અને જશરાજ વચ્ચે તૂમુલ યુદ્ધ થયું અને પુરોહિત સિંધુશર્મા અને જશરાજે મળી પોતાનાં બહુબળ અને ચાતુર્યથી જયચન્દને હરાવ્યો તથા જયચન્દની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો. પછી જ. જશરાજ (જેના હાથમાં લગ્ન સમયનું રક્ષાકંકણ હતું) તથા સિંધુશર્માએ પણ પોતાના દેહ અર્પણ કર્યા.

આ યુદ્ધમાં હજારો વીર પુરુષો કામ આવી ગયા હતા; એટલે એમની સદ્‌ગતિ નિમિત્તે સોમયજ્ઞ કરવાનો વિચાર કર્યો. પરમહંસ પરિવ્રાજકાચાર્ય જગતગુરૂ શંકરાચાર્ય અને ઋષિ-મંડલ અને હિંદના રાજા–રાણાઓના ગંજાવર સમુદાય વચ્ચે સોમયજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. યુદ્ધમાં પડેલા વીરોની અનેક વિધવાઓ થઇ હોવાથી એ સવાલ ઉપર શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો અને શ્રીમાન શંકરાચાર્યની સંમતિથી અક્ષતયોનિ વિધવાઓ માટે પુનર્લગ્ન શાસ્ત્ર સંમત ઠર્યું. વગેરે.

'હિંગુલાદ્રિ ખંડ'

આ શિવાય હિંગુલાદ્રિ પુરાણના ૨૯૧મે પાને લોહાણાની ઉત્પત્તિનો ભાગ છે; તેની પણ અત્રે ટુંક નોંધ લઇએ. "જ્યારે જયચન્દ રાજા કનોજમાં રાજ્ય કરતો હતો ત્યારે રાઠોડ વંશના એના ચોર્યાશી સરદારો જેઓ રાજ્યકારભારની વ્યવસ્થા કરતા હતા; તેઓએ રાજ્ય સંબંધી કેટલાક પૈસા પચાવી પાડયા. જયચન્દ આથી ઘણો ગુસ્સે થયો અને આ સરદારોને મારી નાંખવાનો નિશ્ચય કર્યો. પણ દુર્ગાદત્ત નામના બ્રાહ્મણના વચ્ચે પડવાથી એઓને છ માસની મુદત આપી........... " એ પછીની કથા ઉપર જણાવેલી વ્યાસ શીવજી ભાગ્યચંદની કથા પ્રમાણે છે.

'લ. ક્ષત્રિયોની ઉત્પત્તિ અને ઇતિહાસ'

આ ઉપરાંત દ્વારકાના વકીલ મી. દ્વારકાદાસે પણ "લવાણા ક્ષત્રિયોની ઉત્પત્તિ અને ઇતિહાસ" નામે એક પુસ્તક રચ્યું છે, આ પુસ્તકમાં કંઇક ઇતિહાસનો વિચાર થયો છે અને લખનારે તેમાં કંઇક બુદ્ધિપૂર્વક પ્રયાસ કર્યો છે; પણ એમનો સિદ્ધાંત એકદેશીય થયો છે. રા. વકીલે કાશ્મીરના ઇતિહાસને આધારે કવિરાજ બળભદ્રની પેઠે લોહર ઉપરથી લોહરો થવાનું માની લીધું છે અને કાશ્મીરના ઇતિહાસમાં લોહરો તે જ લોહાણા છે એમ સ્વીકારી લીધું છે. પ્રમાણમાં એ જ ઇતિહાસ (સ્વ. ઇચ્છારામ સુર્યરામ કૃત ભાષાંતર પૃષ્ટ ૧૪)માં રાજા લવે લોહુર વસાવ્યું તે જ લોહર છે અને આથી લવના લોહાણા કહેવાય છે, એ વાતનું પણ સમર્થન કર્યું છે.

'લોહાણા ક્ષત્રિયોની ઉત્પત્તિ'

એ શિવાય શ્રીમન્ નથુરામ શર્માના શિષ્યોમાં પ્રસિદ્ધ બ્રહ્મચારી શ્રી નૃસિંહ શર્મા તથા ગોવિન્દ વર્મા તરફથી "લવાણા ક્ષત્રિયોની ઉત્પત્તિ" નામનું એક પુસ્તક પ્રગટ થયું છે. અમારે કહેવું જોઇએ કે કાઠિયાવાડમાં કેટલીક સમાન હિંદુજાતિઓ તરફથી લોહાણાને યજ્ઞોપવિતનો અધિકાર પણ નથી એમ કહેવામાં આવતું હતું; તે વખતે શ્રીમન્ નથુરામ શર્મા અને એમના વિદ્વાન શિષ્યવર્ગે આવું એક પુસ્તક પ્રગટ કરી તેમજ ઉપદેશદ્વારા લોકની એ માન્યતા દૂર કરી હતી અને તેમ કરી કાઠિયાવાડમાં તેમજ દેશાવરમાં લોહાણાઓ ઉપર એમણે મોટો ઉપકાર કર્યો છે. આપણે તેટલા માટે એમના ઋણી છીએ તથાપિ ઇતિહાસ તરીકે એમની માન્યતા વજનદાર માનવાને કારણો નથી.

'સદ્‌ગુણી વીર શ્રુતસેન'

લોહાણાની ઉત્પત્તિ સંબંધી કંઈક વિસ્તારપૂર્વક વાર્તારૂપે શાસ્ત્રી નર્મદાશંકર દામોદર યાજ્ઞિક તથા અંબાશંકર પરમાનંદ જોશીએ "સદ્‌ગુણી વીર શ્રુતસેન અથવા એક ધાર્મિક પુરૂષનું ચરિત્ર" નામે પુસ્તકમાં કહેલું છે. આ પુસ્તકમાં જે કથા અને વંશાવળી આપેલી છે, તે વ્યાસ શીવજી ભાગ્યચંદની વંશાવળી અને કથા સાથે મોટે ભાગે મળતી આવે છે.

વાસ્તવિકતા

આ બધા પ્રયાસો ઉપરથી વાંચનાર જાણી શકશે કે એકની એક જ વાત દંતકથા રૂપે કેમ અને કેવી રીતે પરિવર્તન પામે છે? આવી જનમાન્યતા આજની પ્રજાની બુદ્ધિને સંતુષ્ટ કરી શકતી નથી અને અતિશયોક્તિવાળી લાગતી હકીકત બાદ કરીએ છતાંય આમાંથી એક સબળ હકીકત મુખ્ય સારરૂપે એ મળે છે કે આપણે રાઠોડ છીએ.

ખોજાઓ કે જેમાંથી કેટલોક ભાગ મૂળ લોહાણા હતા: તેમના ઉત્પત્તિગ્રંથોમાં પણ એવી માન્યતા છે કે લોહાણાનો મૂળ સંબંધ જયચંદની સાથે છે. અને તેમાં એ વાત આપણી આ માન્યતાને આધારે જ જણાવી હોય એમ લાગે છે. મેમણો પણ મૂળ લોહાણાઓ છે, તેમનામાં પણ એવી માન્યતા છે. બ્રહ્મક્ષત્રિયો કે કચ્છના ક્ષત્રિયોના ભાટોના ચોપડામાં પણ જયચંદની એજ વાત આવે છે.

હવે આપણે જોઈએ કે કનોજનો રાજા જયચંદ અને દિલ્હીનો રાજા પૃથુરાજ સમકાલિન હતા. પૃથુરાજ લગભગ ઈ. સ. ૧૧૮૨ માં થયો. તે ભારતનો છેલ્લો રાજા હતો. તેણે કનોજના રાજા જયચંદની કન્યા સંયોગતાનું હરણ કરવાથી જયચંદે દ્વેષ અને ઇર્ષાથી વિધર્મી શાહબુદ્દિન ગોરીને મળીને દિલ્હીપર ચઢાઇ કરાવી હતી. ગુજરાતના સોલંકીઓ પણ આ દેશદ્રોહી કામમાં સામેલ હોઈ કાળાં કલંકના ભાગી થયા હતા. આ હકીકત ઇતિહાસમાં મળે છે. અને ત્યારથી જ ભારતમાં પ્રબળ હિંદુરાજ્યનો અંત આવી ગયો. દેશદ્રોહી જયચંદના પણ પછીથી એ જ મુસલમાન સત્તાધિકારીએ બૂરા હાલ કર્યા હતા અને તે સમયે રાઠોડો ત્યાંથી ભાગીને જોધપુર તરફ આવ્યા અને ત્યાં સતા જમાવ્યાનું જણાય છે. જે કંઇ ઇતિહાસ મળે છે તેમાં આવી હકીકત છે. પરંતુ ૮૪ ભાયાતો કે સરદારો સાથે કે સિન્ધના જશરાજ સાથે પોતાની માતાની ઉત્તરક્રિયામાં જમવાનો અને દક્ષિણા લેવાનો અસ્વીકાર કરવા ખાતર પોતાના ભાઇઓ કે સરદારો સાથે લડાઇ થઇ હોય એવું ક્યાંય ઇતિહાસમાં જોવામાં આવતું નથી. સારસ્વતો અને ક્ષત્રિયોનો યજમાન પુરોહિતનો સંબંધ પણ ઘણો પ્રાચીન છે તે આપણે અગાઉ જોઇ ગયા છીએ.

The Tribes and Castes of Bombay Vol. I By R. E. Enthoven જે હમણાં બહાર પડેલ છે તેમાં લોહાણા જ્ઞાતિ માટે નીચે મુજબ લખે છે:

After the defeat of Jaichand the Rathors built a tower on the site of the Battlefield and called it Lohgarh (Lahore) and the Rathors who lived there became known as Lohanas belonging to the Iron fort.

૬

Afterwards about the 12th century they migrated to Cutch.

આ પણ લગભગ ઉપરની પ્રચલિત માન્યતા ઉપરથી ફેરફારવાળો કરેલો ઉલ્લેખ છે.

અને આવી ઉત્પત્તિનું મૂળ લિંગુલાદિપુરાણ કે જે ઘણું અર્વાચીન ગણાય છે તેમાંની કથા ઉપરથી છે. અને તે કથા ઉપરથી જુદા જુદા લખનારાઓએ કંઇંક ફેરફાર સાથે વાતો રજુ કરેલી છે. દરેક નાતજાતની ઉત્પત્તિનો આવી રીતે અને એને જ લગતી ચમત્કારિક રીતે લખવાનો તે વખતે ચાલ હશે એમ જણાય છે. પરમાર, સોલંકી, ચૌહાણ અને પડિહાર વંશોની ઉત્પત્તિ પણ આ પ્રમાણે ચમત્કારિક રીતે છે કેઃ મલેચ્છોનો ઉપદ્રવ વધવાથી આબુ પર્વતપર બ્રાહ્મણોએ યજ્ઞ કરી મંત્રબળથી અગ્નિકુંડમાંથી ચાર ક્ષત્રિયોના વંશ પેદા કર્યા. અને આ જ વાતને એક બીજે ઠેકાણે છેક વેદના વારા સુધી લંબાવી છે, પણ મૂળ એક છે. આપણી ઉત્પત્તિ સંબંધે જયચંદની માતાની ઉત્તરક્રિયાનું અન્ન અને દક્ષિણા ન સ્વીકારવાથી જયચંદ ક્રોધે ભરાતાં સરદારો કે ભાયાતોને મારી નાખવા તૈયાર થાય અને સરદારો કે તે ભાયાતો નાસવા માંડે, ગોર મહારાજ વરૂણ દેવની ઉપાસના કરવા કહે, વરૂણ દેવ પ્રસન્ન થાય ને તે લોહકોટ ઉપરથી લોહાણા નામ પડે એ વાત માન્ય ઠરતી નથી. કારણ કે જયચંદ ઇ. સ. ના ૧૨ મા સૈકાની આખેરીએ થયો છે; જ્યારે ચચ્ચ-નામા–સિંધનો ઇતિહાસ એ સ્પષ્ટ કરે છે કે ઇ. સ. ના ૭ મા સૈકામાં લોહાણા સિન્ધમાં રાજ કરતા હતા.

આટલું છતાં પણ જયચંદ સાથેના સંબંધની આવી રોચક કથાઓને વિના કારણ ઉપજાવી કાઢી હોય એમ પણ અમને નથી લાગતું. તે વાતમાં કંઇપણ સત્યનો અંશ હોય તો તે એ જ હોવો જોઇએ કે જયચંદની માતાની ઉત્તરક્રિયામાં જમવાને કે દક્ષિણા લેવાના અસ્વીકાર માટે નહિ પણ એક ક્ષત્રિય બચ્ચાને ન છાજે તેવું હીચકારૂં કાર્ય જયચંદને હાથે થતાં આ ભારતવર્ષ સદાને માટે પરાધીન થયો, એમની પુત્રી સંયોગતાનું દિલ્લીના પૃથુરાજે કરેલા હરણથી પોતાનો અંગત દ્વેષ અને ઇર્ષાની આગ બુઝાવવા એક વિધર્મી–મુસલમાન બાદશાહ શાહબુદ્દિનને ઉશ્કેરી દિલ્લીના પ્રતાપી રાજા પૃથુરાજ ઉપર ચઢાઈ કરાવી આ દેશને હંમેશને માટે પરાધીનતામાં નાખ્યો. જયચંદ ઉપર આ દેશદ્રોહનું કલંક કોઈ રીતે દૂર થાય તેમ નથી. જયચંદના આવા દેશદ્રોહી હીચકારા કામ પ્રત્યે કનોજ તાબેના ભાયાતી સરદારો કે ખંડીઆ રાજાઓએ તિરસ્કાર દર્શાવ્યો હોય એ વધુ સંભવીત છે. અને તેથી તેઓ સર્વેએ માંહોમાંહે સંપ કરી જયચંદ સામે માથું ઉંચક્યું હોય એ વાત બુદ્ધિમાં ઉતરી શકે એમ છે.

આ શાહબુદ્દિને આખરે જયચંદના પણ બૂરા હાલ કર્યા હતા. અને રાઠોડોએ પછી ત્યાંથી ભાગી જોધપુર તરફ આવીને સત્તા જમાવી એમ માલુમ પડે છે. પણ 'લોહાણા' નામ ઈ. સ. ના ૧૨ મા સૈકામાં પડ્યું આ હકીકત તો તેથી તદન નિર્મૂળ ઠરે છે.

લોહાણા વિસ્તૃત પ્રજા દક્ષિણ પંજાબમાં હતી. વિદેશીઓના અવારનવારના હુમલા-ઓથી વ્યાપતી અરાજકતાના સમયમાં ક્ષત્રિય રાજકુળોની દુર્દશા થતી હતી. સારસ્વત બ્રાહ્મણો પણ ક્ષત્રિયોની પાછળ ઘસડાયા હતા. અને કેટલાક વીરત્વવાળા બ્રાહ્મણોએ લડાઇઓમાં પણ ભાગ લીધો હતો. બ્રાહ્મણોએ લડતાં લડતાં અફગાનિસ્તાનમાં

પોતાની સત્તા જમાવી હતી. રાજા અનાર તે માંહેનો એક હતો. તેના નામપરથી તે પ્રાન્તનું નામ અનાર પડયું અને અફગાનિસ્તાનમાં અત્યારે પણ લોહાણાઓ છે એમ જે કહેવામાં આવે છે તે ખરૂં લાગે છે. 'અફગાન લોહાણાઓ ઉપર ઇસ્લામીઓ ધર્મના ઉપદેશકોએ ફતેહ મેળવી મુસલમાન બનાવ્યા હતા' એ મી. આર. ઇ. એન્થોવનના કથનને આથી ટેકો મળે છે. અને હાલ જે 'લોહાની' પ્રજા અફગાનિસ્તાનમાં હોવાનું પશ્ચિમી ઇતિહાસકારો જણાવે છે તે એ જ ઇ. સ. ના ૧૦–૧૧ મા સૈકા પછી હિન્દુ રાજ્યનો અંત આવ્યા બાદ મુસલમાન બનેલા લોહાણાઓનો એક વર્ગ હશે એમ માની શકાય છે.

વિશેષ વિચાર

આર્યોનું મૂળ સ્થાન સિન્ધ અને પંજાબ પ્રદેશમાં હતું. ત્યાંથી પછી ધીમે ધીમે આગળ વધ્યા હતા. સિન્ધના ઇતિહાસપરથી પણ એ ચોક્કસ થાય છે કે લોહાણા પ્રજા એ પ્રાચીન ક્ષત્રિય જાતિ હતી. ચચ્ચના અગમસિંહ ઉપરના પત્રથી પણ એ સિદ્ધ થાય છે કે સિન્ધની તે પ્રાચીન પ્રજા છે.

મહાભારતના કાળમાં સિન્ધમાં જયદ્રથ રાજા રાજ્ય કરતો હતો. તે દુર્યોધનની બેન દુશાલાને પરણ્યો હતો. યુદ્ધમાં અર્જુનને હાથે તે મરાયો. તે આર્ય હતો તેથી પણ એટલું તો જણાય છે કે સિન્ધની તે વખતની પ્રજા આર્ય હતી.

અલેકઝાન્ડર ધી ગ્રેટ–સિકંદરે ઇ. સ. પૂર્વે ૩૨૭ માં આ દેશ ઉપર ચડાઇ કરી હતી. તેની સાથના વિદ્વાનોએ તે વખતનું વ્યવહારિક તેમજ ઐતિહાસિક ચિત્ર આલેખ્યું છે. તેમાં સિન્ધના ત્રણ વિભાગ: ૧ ઉત્તરમાં અલોર–અરોર. ૨ દક્ષિણમાં સમાનગર ૩ પશ્ચિમમાં બ્રહ્મસ્થળ: એ ત્રણ રાજધાનીનાં શહેર બતાવ્યાં છે. અલોરમાં સોઢા, સમાનગરમાં સમા અને પશ્ચિમમાં પણ સમા રાજકર્ત્તા હતા.

બ્રહ્મસ્થળનો રાજા ત્યાંના બ્રાહ્મણોની ઉશ્કેરણીથી સિકંદરની સામે થયો હતો. આ હકીકત લખેલી છે અને તેના ઉપરથી પણ માનવાને કારણ મળે છે કે ઇ. સ. પૂર્વે ૩૨૭ માં પણ લોહાણાઓ સિન્ધમાં સત્તાધીશ હતા.

ચચ્ચનામા ઉપરથી પણ એ જણાય છે કે લાખા, સમા, અને સાતાનો લોહાણાઓની લડાયક પેટા જાતિઓમાં સમાવેશ થતો હતો. ઇ. સ. ના ૭ મા સૈકામાં લોહાણાઓનું મુખ્ય રાજ્ય બ્રાહ્મણાબાદમાં હતું.

ઇ. સ. ના ૧૧ મા સૈકામાં જૂનાગઢના રા. નોંઘણે સિન્ધના હમીર સુમરા ઉપર જાસલને છોડાવવા ચડાઇ કરી હતી. અને તે હમીર સુમરાને હરાવી પાછા ફરવા વખતે રા. નોંઘણ પોતાની સાથે ત્યાંની પ્રજા લોહાણા, ભાટીઆ અને સારસ્વતોને કાઠિયાવાડમાં લઇ જઇ જૂનાગઢની આસપાસ પ્રદેશમાં વસાવ્યા હતા. જે સમૂહો રા. નોંઘણ સાથે ગયેલા તેમાંથી જ અજાનબાહુ નામક વીર દિલ્હીના પૃથુરાજનો સામંત થઇ રહ્યો હશે. આથી એ પણ બતાવવાને પૂરતું છે કે લોહાણા પ્રજા એ સિન્ધમાં ભારે સમૃદ્ધ અને લડાયક પ્રજા હતી. અને તે પ્રજાએ રા. નોંઘણને મદદ પણ કરેલી હોવી જોઇએ.

આ મળી આવતા છૂટાછવાયા ઉલ્લેખોથી એટલું સમજાય છે કે લોહાણા પ્રજાએ ઈ. સ. ના ત્રીજા સૈકાની પૂર્વે રાજ્યસત્તાના થાણાં સિન્ધમાં જમાવ્યાં હતાં. તે બહાદુર લડવૈયા હતા અને સિન્ધ દેશને ભારે ઉન્નત દશામાં મૂકયો હતો. ચચ્ચના સમય સુધી પણ સિન્ધની જાહોજલાલી ભારે હતી. લોહાણાઓની ખરેખરી પડતીનો પ્રારંભ ઈ. સ. ના ૭ મા સૈકા પછી જ થયો. એટલું પણ ચચ્ચનામા ઉપરથી જાણવાનું મળે છે, અને તેનું કારણ પણ ચચ્ચ છે. ચચ્ચે આ બહાદુર પ્રજાને દબાવી દેવા ને અપમાન પહોંચાડવા, તલવાર ન ઉપાડવાના, રેશમી વસ્ત્રો ન પહેરવાના, રાજ્યની તાબેદારી કરવા, એવા અનેક અનુચિત કાયદાઓ ઘડયા હતા. ને ત્યાર પછી ૧૦૦–૨૦૦ વર્ષમાં મોહમેદન કાળમાં આપણી જ્ઞાતિની ભારે અધોગતિ થઈ પડી હતી. લોહાણા પ્રજામાંથી 'લોહાણા જ્ઞાતિ'નું બંધારણ પણ ધર્મસંરક્ષણ તથા આત્મસંરક્ષણ માટે સખ્ત રીતે તો તે જ વખતથી અમલમાં આવ્યું હોય એમ સંજોગો આપણને માનવાને કારણ આપે છે. અને સિન્ધની આ પ્રજાએ એ રાજકીય પતિતાવસ્થા પછી વૈશ્યવૃત્તિ ધારણ કરી હોય એ વાત પણ આથી સિદ્ધ થાય છે.

વ્યાપાર તરફ વલણ

ઉપરની હકીકતોથી એ વિના શકે ચોખ્ખું પુરવાર થાય છે કે લોહાણા એ શુદ્ધ આર્ય ક્ષત્રિય પ્રજા છે. તેઓનો લડાયક જુસ્સો અત્યારે પણ તેમના સ્વભાવમાં, રીતભાતમાં અને બીજા પ્રસંગોએ પણ અવલોકનકારને દીસી આવ્યા વગર રહેતો નથી. આ પ્રજા વ્યાપારીપ્રજા બની–વૈશ્યવૃત્તિ કયારે સ્વીકારી તેનું બુદ્ધિપૂર્વક અનુમાન કેપ્ટન કનીંગહામના નીચે મુજબના અભિપ્રાય ઉપરથી તો એ જ થઈ શકે છે કે લોહાણા પ્રજાની રાજકીય પતિતાવસ્થા થઇ ત્યાર પછી તેણે વ્યાપાર તરફ વૃત્તિ દોડાવી અને તેમાં તેઓ ફતેહમંદ થયા. દુનિયાની અન્ય પરાજય પામેલી પ્રજાઓએ પણ એમજ કર્યું છે. મનુસ્મૃતિ, નારદસ્મૃતિ વગેરે સ્મૃતિશાસ્ત્રોમાં બ્રાહ્મણ ક્ષત્રિય દ્વિજવર્ણોએ પોતાની વૃત્તિથી જીવિકા ચલાવવાનો અસંભવ હોય ત્યારે વૈશ્યનાં કર્મ કરવાની આજ્ઞા છે. એ જ પ્રમાણે લોહાણા પણ ઇ. સ. ના ૭ મા સૈકાથી કે જે સમય ભારે દુ:ખદ અને શાપ સમાન હતો, આપસઆપસની ફૂટથી અપદશા બેસી ચૂકી હતી, ત્યારથી વ્યાપાર તરફ વળ્યા હોવાનું બુદ્ધિ સ્વીકારે છે અને આ નીચેનો અભિપ્રાય પણ એ જ માન્યતાને પુષ્ટિ આપે છે.

"The declension of the kshatriyas from soldiers and sovereigns into traders and shopkeepers has a parallel in the history of the Jews. Men of active minds will always find employment for themsleves and this we know that Greeks became under the victorious Romans and what they are under the ruling Turks. We likewise know that the vanquished Moors were the most industrious of the subjacts of Medicoval Spain, that the Moguls of British India are generally applying themselves to the business of exchange."

(Captain C. D. Cunningham.)

"ક્ષત્રિયો લડવૈયા અને રાજકર્ત્તાઓમાંથી વ્યાપારી કેમ થયા તેના મળતા દાખલાઓ ઈસરાયેલ લોકોના ઇતિહાસમાં પણ મળે છે. તેજસ્વી બુદ્ધિના માણસો ગમે તેવા સંજોગોમાં પણ પોતાને માટે ઉદ્યોગ શોધી લે છે. વિજયી રોમનોના સમયમાં ગ્રીકોએ એમ જ કર્યું હતું; અને હમણા ટરકીના વિજયકાળમાં પણ તેઓ એમ જ કરે છે. એ જ પ્રમાણે આપણે જાણીએ છીએ કે સ્પેનના ઐતિહાસિક સમયમાં મૂર લોકો સૌથી વધારે ઉદ્યોગી હતા. હમણા પણ બ્રીટિશ હિન્દુસ્થાનમાં જીતાયલી મોગલ પ્રજા વ્યાપાર તરફ ઢળતી જણાય છે."

ઉપરનો અભિપ્રાય એ દર્શાવે છે કે અન્ય પ્રજાઓએ પણ રાજ્યપદથી ચ્યુત થયા પછી આપત્તિકાળે વૈશ્યવૃત્તિ ધારણ કરી છે.

અમારૂં એવું માનવું છે કે વર્ણ અને આશ્રમવ્યવસ્થા તૂટતાં, જન્મથી જાતિને શ્રેષ્ઠપણું પ્રાપ્ત થતાં એક જ જાતિના માણસો ભિન્ન ભિન્ન વ્યવસાય કરતા હતા. લોહાણાઓ રાજકર્ત્તા હોય ત્યારે તે જ રાજ્યમાં લોહાણા સરદારો, જમીનદારો, મુત્સદ્દીઓ, અને આજની બ્રીટિશ, ફ્રેન્ચ અને પશ્ચિમની બીજી પ્રજાઓની માફક લોહાણા વ્યાપારીઓ પણ હોય. અને રાજકર્ત્તા જાતિના તે હોવાને લઇને તેમને વ્યાપાર તથા અન્ય ધંધાઓમાં ઠીક અનુકુળતા મળે એ પણ તેટલું જ સત્ય છે. આજે પણ લોહાણાઓમાં મજુરો છે, ડૉક્ટરો છે, મુત્સદ્દીઓ છે, અને મોટો ભાગ વ્યાપારીઓ છે. તે પ્રમાણે આગાઉ મોટો ભાગ શાસનકર્ત્તાઓનો હશે અને જ્યારે એ રાજ્યગાદી તજી દેવાનો પ્રસંગ આવ્યો, અને ત્યારપછી પણ ક્ષત્રિક કર્મને અવકાસ રહ્યો નહિ હોય ત્યારે તે ભૂમિનો ત્યાગ કરી અન્ય પ્રદેશમાં જઇ કેપ્ટન કનીંગહામના અભિપ્રાય પ્રમાણે લોહાણાઓના મોટા ભાગે વ્યાપાર પ્રવૃત્તિ આદરી જીવિકાનું સાધન મેળવી લીધું હોય એ વાત બુદ્ધિમાં ઉતરી શકે છે. આ વ્યાપારપ્રવૃત્તિમાં પણ લોહાણાઓની સાહસિકતા, બુદ્ધિબળ અને ઉદારતાથી તેમનું ક્ષાત્રત્વ જ ઝળકી ઉઠે છે. તેઓ દૂરદૂરના દેશોમાં જઈ જંગલી અનાર્ય જાતો સાથે નિડરતાથી વ્યાપાર કરતા હતા, અને આજે પણ કચ્છમાં કે કાઠિયાવાડના ઉત્તર ભાગ ઓખામંડળ કે બર્ડા પ્રાન્તમાં મેર, વાઘેર જેવી લડાયક જાતિઓમાં માત્ર લોહાણાઓ જ નિડરતાથી વેપાર કરનારાઓ છે. ઘોડેસ્વારી કરવી, હુક્કાપીવા, દાયરા જમાવવા આ બધી અસલની ખાસીયતો હજીય તેમનામાં જોવાય છે. આ વૈશ્યવૃત્તિમાં પણ લોહાણા જ્ઞાતિએ પોતાના પ્રાચીન ખમીરને દીપાવ્યું છે. તેના સમર્થનમાં એકાદ બે પાશ્ચાત્ય ઇતિહાસકાર વિદ્વાનોના અભિપ્રાયો અહીં ઉતારી લેવા યોગ્ય છે.

" Lohana is the designation of a powerful tribe which at that period (period of Chach) under an apparent confusion of terms is said to have included both the Samma and Lakha clans. It can mean that they were in a position of comparative subordination. Under all the vicissitudes the Lohanas have undergone, they still retain their credit as well as their religion and constitute the most influential tribe in Sindh whether regarded as merchants or officials. But not confined within

the narrow province they have spread thier ramifications beyond the western borders of India and are found dispersed throughout Afghanistan Baluchistan and Arabia exposed to inconveniences insults and dangers of inordinary kind in persuit of their daring object of wealth and finally return to their native land to enjoy the fruit of their industry. "

(Sir. H. Eliot's History of India Vol. V. pp. 362.)

" લોહાણા એક સમર્થ પ્રજાનું નામ છે જેમાં તે વખતે (ચચ્ચના સમયમાં)–નામાભિધાનની ગુંચવણના કારણથી સમા અને લાખા જાતિઓનો સમાવેશ થતો હતો એમ કહેવાય છે. એનો અર્થ એ જ થાય કે તેની સ્થિતિ કંઈક તાબેદારીની હતી. આટલાં બધાં સંકટો સહન કર્યાં છતાં આ પ્રજાએ પોતાનો મોભો અને ધર્મ વ્યાપારીઓ કે મુત્સદ્દીઓ તરિકે જાળવ્યો છે. સિંધના નાના પ્રાંતમાં જ ફક્ત ન રહેતાં તેઓ હિંદુસ્થાનની પશ્ચિમ સરહદની દૂર અફગાનિસ્તાન, બલુચીસ્તાન અને અરબસ્તાનમાં પણ વેરાયલા છે; જ્યાં તેમને અનેક પ્રકારની અગવડો અપમાન અને અસાધારણ સંકટોમાં પોતાનું જીવન પસાર કરવું પડે છે. છતાં ધન પ્રાપ્ત કરવામાં તેઓ અડગ રહે છે અને હિમ્મતથી તે મેળવે છે તથા પછી જ પોતાની જન્મભૂમિમાં આવી પોતાના પરિશ્રમના મીઠાં ફળ ભોગવે છે."

મી. આર. એફ. બર્ટનનો અભિપ્રાય પણ વાંચવા જેવો છે.

" Moreover the Lohanas are found dispersed throughout Baluchistan Afghanistan and the eastern parts of Central Asia. They have traded for years on the neighbouring coasts of Arabia amongst a barbarous and hostile people enduring all kinds of hardships and braving as no little danger in persuit of wealth. This race is an enterprising one as showing the way in which during ancient times the Hindu colonized distant countries and propagated the tenets of their now exclusive faith."

(" Sind and the races that inhabit the valley of the Indus." pp. 314.)

"વિશેષમાં લોહાણા બલુચીસ્તાન અફગાનિસ્તાન અને મધ્ય એશિયાના પૂર્વ ભાગોમાં વેરાયલા જણાય છે. અરબસ્તાનના કિનારાપર તેમણે સેંકડો વર્ષો પર્યન્ત જંગલી અને ક્રૂર લોકોની વચ્ચે રહી વ્યાપાર કર્યો છે અને ધનની પ્રાપ્તિ અર્થે જરા પણ ભય ન ધરતાં દરેક પ્રકારનાં સંકટો સહન કરે છે. આ પ્રજા એક સાહસિક પ્રજા છે અને તેને જોવાથી આપણે પ્રાચીન કાળમાં હિન્દુઓ પરદેશગમન કરી વિદેશમાં પોતાની સત્તા તથા જમણા તેમનો ખાસ દેખાતા ધર્મનો ફેલાવો કરતા. ".

આ બન્ને પાશ્ચાત્ય વિદ્વાનોએ લોહાણાઓને સાહસિક અને વ્યાપારને માટે–પોતાનો હેતુ સિદ્ધ કરવા ગમે તેવા સંકટો સહન કરનારી–ગમે તેવા દૂરના અને જંગલી દેશોમાં જનારી સાહસિક પ્રજા માની છે.

કચ્છમાં પ્રવેશ

ઇ. સ. ના આઠમા સૈકાથી સિન્ધ મુસલમાનોની સત્તા તળે આવ્યું. વખત જતાં તે મુસલમાન સત્તાધારીઓના હિંદુઓને બળાત્કારે પોતાના ધર્મમાં વટલાવવાના અનિચ્છનીય પ્રયાસોથી ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણ માટે સિન્ધ તજીને ઇ. સ. ના ચૌદમા સૈકાથી લોહાણાના સમૂહો એક પછી એક કચ્છમાં ઉતર્યા હોય એમ માનવાને કારણો મળે છે. ચૌદમી સદી પહેલાં કચ્છમાં કોઇ રાજ્ય જેવી વ્યવસ્થા નહોતી એમ કહેવાય છે. રાવ લાખપતજીના સમય સુધી કચ્છમાં બહુ વસ્તી પણ ન હતી.

બેર ભૂંગર ને ઝાંખરી, ફુલ, કંઢાને કખ;
હોથલ હલ ઉન કચ્છડે જિડાં માડૂં સવા લખ.

હોથલ અને પદ્મણીની રસિક પ્રેમકથા આજે પણ રસપૂર્વક ભાટ બારોટો કહે છે. તેનો આ દૂહો પણ એ દર્શાવે છે કે તે પ્રેમીઓના સમય સુધી આખા કચ્છમાં સવા લાખ માણસોથી વધુ વસ્તી નહોતી.

કચ્છમાં આવ્યા પછી કેટલાક સમયને અંતરે લોહાણાઓ પોતાની બુદ્ધિચાતુર્યતાથી રાજ્યના અમાત્યો બન્યા હતા. તેનો જવલંત ઇતિહાસ ત્યાંથી પાછો શરૂ થાય છે.

કાઠિયાવાડ ગુજરાતમાં પ્રવેશ

સોરઠી તવારીખ ઉપરથી જણાય છે કે ઈ. સ. ની ૧૧ મી સદીમાં સોરઠના રાજા રા. નોંઘણે સિન્ધ ઉપર ચડાઇ કરેલી ત્યાંથી વિજેતા થઇ પાછા વળતાં ત્યાંના હિંદુઓમાંથી ભાટીઆ, લોહાણા અને સારસ્વત બ્રાહ્મણોને પોતા સાથે તેડી આવી જૂનાગઢ આસપાસના પ્રદેશમાં વસાવ્યા હતા. આ હકીકત સર્વ રીતે વિશ્વસનીય લાગે છે. આથી એવું જણાય છે કે સોરઠ પ્રદેશમાં લોહાણાઓ સિન્ધમાંથી પરભારા ૧૧ મી સદીમાં આવીને વસ્યાછે. અને કાઠિયાવાડના જામનગર તથા ઓખામંડળ, અને બરડો આદિ વિભાગના લોહાણાભાઇઓ લગભગ ત્રણ–ચાર સૈકા પહેલાં કચ્છમાંથી ઉતરી આવ્યા જણાય છે. કચ્છમાં વસ્યા પછી પડોશી પ્રદેશ કાઠિયાવાડ સાથે વ્યાપારી સંબંધ બંધાયો. વળી મોરબીનું રાજ્ય કચ્છને તાબે હતું, તેમજ જામનગર સાથ પણ રાજ્યસંબંધ હોવાના કારણે લોહાણા ભાઇઓના સમૂહો એક પછી એક ઈ. સ. ની ૧૭ મી સદીથી કાઠિયાવાડના જામનગર, મોરબી અને દ્વારકા રસ્તે આવતા ગયા એવું જણાય છે. વ્યાપારી બન્યા છતાં તેમનો લડાયક જુસ્સો કાયમ હતો. કાઠિયાવાડમાં જામનગર, સલાયા, મોરબી, દ્વારકા તરફ વૈષ્ણવ સંપ્રદાયનું ભારે જોર હતું. અને તેથી તે સંપ્રદાયીઓ સાથેના સહકાર,

અને સહવાસથી કાઠિયાવાડના લોહાણાઓમાંથી મોટો ભાગ વૈષ્ણવ સંપ્રદાયી બન્યો હોય એમ જણાય છે. મોરબી, દ્વારકા, સલાયા રસ્તે કાઠિયાવાડમાં પ્રવેશ કરી તે સમૂહો પછી અનુકુળતાએ આગળ વધ્યા અને ઓખામંડળ તથા બર્ડામાં પણ ત્યાંની મેર વાઘેર જેવી લડાયક જાતિ વચ્ચે રહીને નિર્ભયપણે વ્યાપાર કરવા લાગ્યા.

અગીઆરમી સદીમાં રા. નોંધણ સાથે સિન્ધમાંથી પરભારા આવેલા સમુહોમાંથી કેટલોક ભાગ વખત જતાં રાજ્યસત્તાઓની ઉથલપાથલથી કાઠિયાવાડના દક્ષિણ ભાગ તરફ પ્રસર્યો. અને ત્યાર પછી કેટલોક ભાગ ગુજરાતમાં સુરત ભરૂચ તરફ જઇ વસ્યો; કારણ કે તે વખતે જૂનાગઢ મોહમેદન સતા તળે હતું અને ભરૂચ સુરત ઉપર પણ તે જ વિધર્મીઓની સત્તા હતી. તે એક જ રાજ્યસત્તાના કારણે તેઓને ગુજરાતમાં વસવાની અનુકુળતા થઇ હોય. સોરઠમાંથી ગુજરાતમાં આવી વસનાર લોહાણાઓના સમૂહો કેટલોક સમય જતાં પોતાપણું વિસર્યા હોય એમ તેઓ પોતાને લોહાણા તરિકે નહિ પણ ભાટીઆ તરિકે ઓળખાવતા હતા તેથી જણાય છે અને હજીય ત્યાંની બીજી પ્રજા તેઓને ભાટીઆ તરિકે જ સંબોધે છે. લાંબા સમયની પરાધીનતાની પરાકાષ્ઠાએ તેઓમાંથી જાતિય જુસ્સો નરમ પડી ગયો છે.

કાઠિયાવાડના ઓખામંડળ, બર્ડા તથા હાલાર વિભાગના લોહાણાભાઇઓમાં જાતિય જુસ્સો પ્રસંગ મળે હજીય તરવરી આવે છે. સોરઠનિવાસીઓમાં તેથી થોડો અને દક્ષિણ કાઠિયાવાડમાં તેથીય થોડે અંશે અને ગુજરાતના લોહાણાઓમાં એ જુસ્સાનો અંશ નથી દેખાતો તેનાં કારણો પણ અમને જુદી જુદી રાજ્યસત્તા, ધર્મના ભેદ, પરાધીનતા, અને અરસ્પરસનો ઓછો સંસર્ગ હોવાનાં સાફ જણાઇ આવે છે. અને હાલાઈ, ઘોઘારીના, વિભાગોનું પણ એ જ કારણ સમજી શકાશે.

બ્રીટિશ સત્તા તળે સિન્ધ તથા મુંબઇ ઇલાકો તથા હિન્દુસ્થાનનો મોટો ભાગ આવ્યા પછી આપણા સાહસિક કચ્છીભાઇઓએ વ્યાપારાર્થે મલબાર, બંગાળ, બિહાર, બ્રહ્મદેશ, મુંબઈ, કરાચી આદિ પ્રદેશોમાં જઇ ત્યાં થાણાં જમાવ્યાં. કાઠિયાવાડના લોહાણાઓ થોડા મુંબઈ તરફ અને બીજા લગભગ ૫૦ વર્ષના સમયથી આફ્રિકા જેવા સ્થળે જવા લાગ્યા. આ રીતે હાલ લોહાણા ભાઇઓ હિન્દુસ્થાન તથા આફ્રિકાના દરેક ભાગમાં વિસ્તૃત પણે પથરાયલા છે. એ તેમની સાહસિકતા, બુદ્ધિચાતુર્યતા, સંકટો સહન કરવાની શક્તિથી તેમને એક સમર્થ પ્રાચીન પ્રજા પૂરવાર કરે છે.

ઉત્પત્તિસ્થાન–નામાભિધાન

આપણા પ્રચલિત રીતરિવાજો, ગુણ, કર્મ, સ્વભાવ, ધાર્મિક માન્યતાઓ, અને કેટલાંક ઉપલબ્ધ શાસ્ત્રીય ગ્રંથોનાં સાધનોથી આગળ આપણે જોઈ ગયા કે લોહાણા એ શુદ્ધ આર્ય ક્ષત્રિય દ્વિજ પ્રજા છે. તેમાં વિદેશીય કે અનાર્યત્વનો સ્પર્શ સરખો થયો નથી. તેની કેટલીક કુળપ્રથાઓ તથા પુરોહિત, યજમાનનો સંબંધ, ગોત્ર–શાખા અને વંશાવ-

ળીના નામો ઉપરથી તે સૂર્યવંશી ક્ષત્રિયો છે એ માન્યતાના મૂળમાં પણ સત્યતા તરવરે છે. હવે આપણે એ વિચાર કરવાનો છે કે 'લોહાણા' નામ આ પ્રજાને ક્યારથી મળ્યું. તે નામ ગુણ, કર્મ, સ્વભાવ ઉપરથી પડયું કે સ્થળ ઉપરથી પડયું? આ પ્રશ્ન ઉપરોક્ત બાબત સિદ્ધ થયા પછી બહુ અગત્યનો રહેતો નથી; અને તે પ્રશ્નના નિર્ણય ઉપર જાતિની મહત્વતાનો આધાર પણ રહેતો નથી. છતાંય કેટલાક લેખકોના અભિપ્રાયો તથા આ સંબંધે પણ આપણી જમાનાજૂની માન્યતાનું અવલોકન અહીં કરીશું.

'લોહાણા' નામ તે પ્રજાના ગુણ, કર્મ, સ્વભાવ ઉપરથી પડયું હોય તો પ્રાચીન સંસ્કૃત ભાષાના કોષમાં તે શબ્દ હોવો જોઇએ. પણ તે નથી. 'લોહાણા' નામનો ચચ્ચ-નામામાં ઉપયોગ થયો છે. અહીં લક્ષમાં રાખવાનું છે કે તે સમયે જ્ઞાતિબંધારણો સખ્ત થતાં જતાં હતાં. ચંદ બારોટે લોહાણા શબ્દનો પ્રયોગ અજાનબાહુ સામંતને સંબોધીને કર્યો છે તે પણ તેના ગુણ, કર્મ, સ્વભાવથી નહિ પણ જાતિ તરિકે જ વાપર્યો છે. આજ સુધી જે જે લેખકોએ આ સંબંધે અભિપ્રાય આપ્યા છે તેઓનું અનુમાન પણ એ જ છે કે લોહાણા શબ્દ એ સ્થળવાચક છે.

આપણા ભાટો આપણું મૂળ સ્થળ લાહોર જણાવે છે. આપણા પુરોહિતોની પણ પૈરાણિક માન્યતા લોહાણા લવના વંશના હોવાની છે. કોઈ લેખક કાશ્મીરના લોહર ઉપરથી લોહાણા નામ પડયાનું જણાવે છે. જ્યારે પશ્ચિમના ઇતિહાસકારો મુલતાનના લોહાનપુરને ઉત્પત્તિ સ્થાન ગણાવે છે. કેટલાક અફગાનિસ્તાનના લામગામના વતની હોવાનું અનુમાન કરે છે. મુસલમાનોમાં મેમણ નામક એક વ્યાપારી જાતિ છે. આ જાતિના પૂર્વજો ઈ. સ. ની ૧૪ મી સદીમાં લોહાણામાંથી વટલ્યા છે. (તે આપણે હવે પછી જોઇશું,) એમની માન્યતા લોહાણપુરમાંથી લોહાણા સિન્ધમાં ઉતર્યાની છે. ત્યારે કેટલાક ભાઈઓનું એ અનુમાન છે કે સિન્ધમાં લોહાણા દરિયો, લોહકોટ, અને લોહાણા પ્રદેશ એ નામ હોવાથી તે તે સ્થળો ઉપરથી લોહાણા નામ પ્રાપ્ત થયું છે. આ બધા અભિપ્રાયોના મૂળમાં સત્યતા ક્યાં છે તે આપણે અહીં બુદ્ધિપૂર્વક જોવાનું રહ્યું.

ઇતિહાસના અભ્યાસીઓ એ સારી પેઠે જાણે છે કે કાળના વહન સાથે રાજવંશી જાતિઓની શાખા-પ્રશાખાઓ ઉદ્દભવે છે અને સમય જતાં તે મૂળ જાતિના નામને બદલે શાખા, ઉપશાખાઓથી વધુ ઓળખાય છે. આનાં ઉદાહરણો ઇતિહાસમાં અનેક મળી શકે છે. આ શાખા, પ્રશાખાઓના નામો વંશના કોઈ પ્રતાપી પુરૂષ ઉપરથી, કોઇ સ્થળ ઉપરથી, કોઇ ધંધા ઉપરથી મળેલાં હોય છે. ૧૧ મા-૧૨ મા સૈકામાં ચહુઆણોનું પ્રબળ થતાં તેની સાંભર, સોનગરા, દેવડા આદિ શાખાઓ ફૂટી હતી. તેમ એક વખત હૈહયવંશી-ચંદ્રવંશી ક્ષત્રિય રાજાઓનું ભારે પ્રબળ આ દેશમાં હતું. તેનું અધઃપતન થતાં રાજકુટુંબી માણસોએ દારૂનો વ્યાપાર કર્યો અને જમાના જતાં તે પાછા સત્તા ઉપર આવતાં તે 'કલ્ચુરી' કહેવાયા. સંસ્કૃતમાં દારૂને 'કલ્પ' અને 'ચુરી' એટલે બનાવવાવાળો થાય છે.

આ રીતે લોહાણા-પ્રજાએ પંજાબમાંથી સિન્ધમાં આવી ફરી રાજ્યસત્તાનાં થાણાં જમાવ્યા પછી તેની પણ સમા, લાખા, અને સાતા, એ ત્રણ શાખાઓ ઉદ્ભવી હતી એમ કેટલાક ઇતિહાસકારોના ઉલ્લેખોથી જણાઈ આવે છે. પંજાબનો ઈ. સ. ના ૭ મા સૈકા સુધી સિન્ધમાં જ સમાવેશ થતો હતો. મહાન સિકંદરે ઇ. સ. પૂર્વે ૩૨૭ માં આ દેશ ઉપર ચડાઈ કરી હતી. ત્યારે સિન્ધ-બ્રાહ્મણાબાદમાં સમા જાતિનો રાજા રાજ કરતો હતો અને તે એમની સામે થયો હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે લોહાણા પ્રજા ઇ. સ. ના ૪ થા સૈકા પહેલાંની સિન્ધમાં આવી હતી. સિંકદરના સમયમાં સિન્ધનાં ચાર રાજ્યોમાં એકનું લોહાના નામ લખેલું છે. ચચ્ચનો પ્રધાન બુદ્ધિમાન પણ (ઇ. સ. ૬૪૧) ચચ્ચને કહે છે કે પૂર્વે પણ સિન્ધનું રાજ્ય ચાર વિભાગમાં વ્હેંચાયલું હતું. ચચ્ચ એક મહા વિદ્વાન પુરૂષ હતો. તેણે અગમસિંહ ઉપર લખેલા પત્ર ઉપરથી પણ એ વાતનો સપ્રમાણ નિર્ણય થાય છે કે લોહાણા એ સિન્ધની એક પ્રાચીન પ્રજા હતી. તે સિન્ધમાં ક્યારે આવી તે સમયનો હિન્દનો ઇતિહાસ અંધારામાં છે. તો પણ ઉપરોક્ત સિકંદરની હિંદની મુસાફરીના વર્ણન ઉપરથી એ નિર્વિવાદપણે સમજી શકાય છે કે ઇ. સ. ના ૪ થા સૈકા પહેલાં લોહાણા પ્રજા સિન્ધમાં આવી હતી અને ચચ્ચના સમય સુધી (ઈ. સ. ના ૭ મા સૈકા સુધી) તે રાજકર્ત્તી પ્રજા હતી. અને એ નિર્ણયને આધારે સિન્ધના લોહકોટ, લોહાણા દરિયા કે લોહાણા પ્રાંત ઉપરથી 'લોહાણા' નામ પડયું એ માન્યતા સર્વથા ભ્રમમૂલક ઠરે છે. કારણ કે ઉપરોક્ત હકીકત એ નિઃશંસયપણે સાબીત કરે છે કે લોહાણા એક ઘણી જ પ્રાચીન જાતિ છે અને તે પ્રજાની 'લોહાણા' ઉપાધિ પણ તેટલી જ પ્રાચીન છે. સિકંદરના સમય સુધી આ પ્રજાને કોઈપણ વિજાતિય તત્ત્વ નો સ્પર્શ સરખો પણ નહોતો થયો એ વાત નિર્વિવાદ છે. આ પણ લોહાણા પ્રજા શુદ્ધ ક્ષત્રિય દ્વિજ જાતિ હોવાનું એક સબળ પ્રમાણ છે.

ઇ. સ. પૂર્વના ૪ થા સૈકામાં-સિકંદરના સમયમાં લોહાણા પ્રજા હતી; અને તેમ હોવાથી તેનાથી પણ પહેલાં એ નામ પ્રાપ્ત થયું હતું એ માની શકાય છે. પૂર્વકાળમાં સ્થાન ઉપરથી પ્રજાનાં અને પ્રજાને લઇને સ્થાનનાં નામો પડયાનાં અનેક દ્રષ્ટાન્તો મળી શકે છે. તો મુલતાનના લોહાનપુર કે અફગાનિસ્તાનના લામગામ, કે કાશ્મીરના લોહર ઉપરથી 'લોહાણા' નામ મળ્યું એમ માનવા કરતાં લોહાણા પ્રજાના વસવાટથી તે તે શહેર કે ગામને તેને મળતું નામ પડયું તેમ માનવું વધુ વજનદાર થઈ શકે છે. અફગાનિસ્તાન સાથે આપણા પૂર્વજોને સંબંધ હતો. ૧૦ મા સૈકા સુધી ત્યાં હિંદુ રાજ્ય હતું અને તે ઉત્તર હિંદુસ્થાનમાં જ ગણાતું હતું. ત્યાં પણ લોહાણા પ્રજા વ્યાપાર અર્થે યા બીજા કોઈ આશયે જઇને વસી હોય અને પછી મોહમેદન સત્તા પ્રબળ થયા કેડે તેમાંથી કેટલોક ભાગ ઇસ્લામ ધર્મ અંગીકાર કરીને ત્યાં જ રહ્યો હોય અને તે 'લોહાની' જાત કહેવાઈ હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશુંય નથી.

આ પ્રમાણે હોવાથી 'લોહાણા' નામનું મૂળ શોધવા માટે તો આપણી પ્રબળ સર્વદેશીય અને પ્રાચીન માન્યતા તરફ જ આપણને વિચાર કરવા પ્રેરે છે.

પંજાબનું લાહોર–ભગવાનશ્રી રામચંદ્રજીના પુત્ર લવે વસાવ્યાનું અનેક જનમાન્યતા કહે છે. સુપ્રસિદ્ધ સિસોદીયા રજપુત પોતાને સૂર્યવંશી કહે છે તે પોતાના મૂળ પુરૂષ તરિકે કનકસેનને અને મૂળ સ્થાન તરિકે લાહોરને સ્વીકારે છે.

રાજપુત શાખાઓની માન્યતા એમ છે કે લાહોર લવનું વસાવેલું છે. બીજી પણ જનમાન્યતાઓ આ વાતને ટેકો આપે છે. પશ્ચિમના ઇતિહાસકારો પણ આ અનુમાન ઉપર આવતા જાય છે. સિકંદરના ઇતિહાસકારોએ તેનું વર્ણન લખ્યું છે એટલે તે વખતે પણ તે હતું એમ નક્કી થાય છે. અને તે નામમાં એટલું બધું મળતાપણું છે કે લવની સાથે એ શહેરનો સંબંધ હોવાની માન્યતા તરફ વિચારકને ધસડી જાય છે.

અબુ રીહાની નામનો ઇતિહાસકાર પણ લાહોર ને લોહાવર કહી તે શ્રી રામના પુત્ર લવે વસાવ્યાની માન્યતાને ટેકો આપે છે. લાહોર નામ તો હમણાના મુસલમાનોએ આપેલું છે. ગ્રીક ટોલેમીએ તેને લેબોલાકા=લવ–અલકા=લવાલકા એટલે લવનું વસાવેલ-લવની નગરી હોય એમ કહ્યું છે. કેપ્ટન કનીંગહામ તથા મી. થોમ્પટન તેનું પ્રાચીન નામ લોહાવર જણાવે છે તથાપિ લોહાવરણ વિશેષ પરિચિત છે. (જુઓ Imperial Gazetteer of India, Punjab. vol IV P. P. 31.)

રા. ઉદ્ધવજી પણ આ અને એવી જ બીજી હકીકતો ઉપરથી કંઇક એવા અનુમાન ઉપર આવ્યા છે કે લોહાણાનું મૂળ સ્થળ લાહોર છે અને લાહોર બેશક લવનું વસાવેલું છે.

લાહોર મહારાજશ્રી લવનું વસાવેલું હોય એ તદ્દન બનવા જોગ છે. પરંતુ તે લાહોર કે લોહાવર માત્ર એક શહેર ઉપરથી જ આવી વિસ્તૃત જાતિનું નામ પડે એ ઓછું સંભવીત લાગે છે. અમારી માન્યતાં અમને તેથી પણ આગળ લઇ જાય છે અને તે આ પ્રમાણે:

આગળ સારસ્વત પ્રદેશ અને સારસ્વત બ્રાહ્મણોની પ્રાચીનતાના ઉલ્લેખમાં પંજાબ–પંચનંદ પાંચાલ–બ્રહ્માવર્ત–સારસ્વત પ્રદેશમાં એક ભારે મોટી અતિ વેગ-વાળી અનુપમ નદી સરસ્વતી વહેતી હતી અને તે સર્વોત્તમ હતી, એમ જણાવાઇ ગયેલ છે. એ નદીની ધારાનો પ્રબળવેગ હિમાલયથી તે સમુદ્ર સુધી અનુપમ હતો. સ્થળ વિશેષના પવિત્ર અને અદ્દભુત જળના કારણુસર તીર્થની પવિત્રતા મનાય છે. . વાસ્તવિક રીતે તીર્થ નામ જ જળવિશેષનું છે.

આ મહા વેગવાળી સરસ્વતીના કિનારાના રમણિય પ્રદેશ ઉપર મહા ધર્મધ્યાની ઋષિ-ઓનો નિવાસ હતો. અનાર્યોથી આ બ્રહ્મપુત્રોનું રક્ષણ કરવા માટે ક્ષત્રિયોનાં રાજ્ય પણ પ્રથમ ત્યાં જ સ્થપાયાં હતાં. ઋગ્વેદમાં આ સરસ્વતી નદીનું ઐતિહાસિક વર્ણન છે; એ નદી જળ-વગરની થતાં પહેલાં એની ધારાનો પ્રબલ વેગ હિમાલયથી તે સમુદ્ર સુધી અનુપમ હતો. એ કારણુસર એની ઉત્પાદિકા શક્તિ તથા અદ્વિતિય ધારાના પ્રબળ પ્રવાહનું વર્ણન કરતાં દુશ્મનોના આક્રમણો સામે બચાવ કરનાર એક લોહના કિલ્લાની તેને ઉપમા આપવામાં આવી

છે. બીજે ઠેકાણે આ કિનારાના પ્રદેશને **સદૃઢ દુર્ગ ભૂમિ** કહી છે. આ ઉપરથી સંસ્કૃતમાં આ પ્રદેશને લોહ+આવરણુ જેને લોખંડનાં આવરણુ વાળો યાને લોહના કિલ્લા જેવો પ્રદેશ કહેવામાં આવતો અને તેથી આ પ્રદેશમાં વસ્તા ક્ષત્રિયોને લોહાવરણા ઉપાધી મળી હોય તે સર્વથા વાસ્તવિક લાગે છે. લાહોરનું વિશેષ પરિચિત લોહાવર નામ પણુ ઉપર દર્શાવ્યા મુજબ સરસ્વતી નદીના કિનારાના લોહાવરણુ પ્રદેશ ઉપરથી પડયું હોય એ માન્યતા વધુ વજનદાર લાગે છે. કારણુ કે ' લવ ' શબ્દ બહુ સરળ છે અને એ 'લવ' ઉપરથી 'લોહ' બનવું અશક્ય છે. 'લોહ' ઉપરથી સરળ ' લવ ' બની શકે એ ખુલ્લું છે, અને તેથી લાહોરનું પ્રાચીન નામ ' લોહાવર ' કે ' લોહાવરણુ ' હોય તો તે લવ મહારાજ ઉપરથી નહિ પણુ ઉપર જણાવવા પ્રમાણે લોહાવરણુ પ્રદેશ ઉપરથી પડયું હોય એ વધુ માનવા લાયક છે.

આ પ્રમાણે પ્રદેશના નામ ઉપરથી જાતિવાચક નામો બનેલાના દાખલાઓ પણુ અનેક છે. મહાભારતના કાળમાં તો આવી જ પ્રથા પડી હતી. સંસ્કૃત શબ્દોમાંથી પ્રાકૃત સ્વરૂપમાં 'ર' ઉડી જાય છે. અને કાળ જતાં ઉચ્ચારની કે સરળતાની ખાતર બાર ગાઉએ બોલી બદલાય એ નિયમાનુસાર વચમાંથી 'વ' ઉડી જઇ ' લોહાવરણા' માંથી 'લોહાણા' શબ્દ વ્યવહારમાં વધુ પરિચિત થયો હોય એ સમજાય તેમ છે. કેટલાક મૂળ શબ્દોના થયેલાં અપભ્રંશ સ્વરૂપો જેમણે વાંચ્યાં કે વિચાર્યાં હશે તે જાણી શકશે કે આપણે જે ભાષા બોલીએ છીએ તેમાં કેટલાક શબ્દો એવા સ્વરૂપમાં બોલાય છે કે તે કેવી રીતે બદલ્યા હશે તેનો વિચાર પણુ ન થઇ શકે. આ નિયમને અનુસરીને શુદ્ધ ' લોહાવરણા ' માંથી 'લોહાણા' શબ્દની ઉત્પત્તિ થઇ છે એમ નિઃશંસયપણે બુદ્ધિ માન્ય કરી શકે છે.

આ લોહાવરણુ પ્રદેશ ઉપરથી ત્યાંની ક્ષત્રિય પ્રજાને ' લોહાણા ' ઉપાધિ મળી એ વાત વધારે વજનદાર છે. અને તે પ્રમાણે હોવા છતાં મહારાજશ્રી લવના વંશજો હોવાની આપણી મૂળ માન્યતા અસત્ય ઠરતી નથી. કારણુકે આ લોહાવરણુ પ્રદેશનિવાસી ક્ષત્રિયો સૂર્યવંશી હતા એવાં પ્રમાણો તો દરેક પ્રાચીન ગ્રંથોમાં છે. અને મહારાજ રામચંદ્રજીના સુપુત્ર મહારાજ લવ પણુ એજ સૂર્યવંશી હોવાથી આપણી માન્યતા ઊલટી વધુ પ્રમાણુ-ભૂત કરે છે.

વળી એટલું પણુ ધ્યાનમાં રાખવાનું છે કે આ ક્ષત્રિયોના સમૂહો જેમ જેમ આગળ વધતા ગયા. તેમ તેમ તેની સાથે પુરોહિતકુળો પણુ ગયાં અને કાળાન્તરે એ સરસ્વતી-ના પુત્રોએ આ પ્રાચીન ક્ષત્રિય પ્રજાને તેમના મૂળ નિવાસસ્થાન ઉપરથી 'લોહાણા' ઉપા-ધિથી સંબોધવાનું ચાલુ રાખ્યું હોય એમાં જરાય શંકાને સ્થાન નથી.

લોહાણા, અરોરા અને ખત્રીઓ[1]

સિન્ધના લોહાણા, દક્ષિણુ પંજાબના અરોરા અને ઉત્તર પંજાબના ખત્રીઓ એ

---

૧ આ ત્રણે જાતિઓની સમાનતાના વિસ્તૃત અવલોકન માટે જુઓ શા. ઉદ્ધવજી કૃત ઇતિહાસ પ્રકરણ ૪ થું પાને ૭૨ થી.

ત્રણે મૂળ એક જ પ્રજા છે. ત્રણેના ગોર સારસ્વત બ્રાહ્મણો છે. અરોરા મૂળ સિન્ધના ઉત્તર વિભાગમાં ઉંચ પાસે રહેતા હતા. દેપાળ એ અરોરાની પેટા શાખા હોય. અલોર ઇ. સ. ના આઠમા સૈકા સુધી સિન્ધની રાજધાનીનું શહેર હતું. અને અલોર ઉપરથી અરોરા નામ પડયું છે. આર્યોનું મૂળ સ્થાન પંજાબ અને પછી સિન્ધ હતું. મહાભારતના સમય સુધી તેઓ આખા ઉત્તર હિંદુસ્થાનના સ્વામી થયા હતા.

પશ્ચિમી ઇતિહાસકારો પણ આ જાતિને પ્રાચીન આર્ય દ્વિજ–ક્ષત્રિય જાતિ માને છે. અરોરાને ખત્રીની પેટાજાતિ માને છે. આ અરોરા ક્ષત્રિયો તથા ખત્રીઓ આજે વ્યાપારીઓ છે. સેંકડો વર્ષ થયા છૂટા પડયા છતાં હજી્ય 'આપણા ને તેના સાંસારિક વ્યવહારિક રિવાજોમાં બહુ અંશે સમાનતા છે.

સિન્ધના લોહાણાઓ પોતાને ખત્રી લખાવે છે. હરિદ્વારના યાત્રાગોરોના ચોપડામાં યાત્રાળુઓની નામાવળીમાં અરોરાના પૂર્વજોને લોહાણા લખવામાં આવ્યા છે. અલોરનો નાશ ઇ. સ. ૧૧ મા સૈકામાં થયા પછી તે અલોરનિવાસી લોહાણા પંજાબમાં જઈ વસવાથી અરોરા કહેવાયા. સિન્ધના લોહાણાની કેટલીક નુખો પણ અરોરા ખત્રીઓને મળતી આવે છે. ગુજરાત કાઠિયાવાડના બ્રહ્મક્ષત્રિયો મૂળ પંજાબના ખત્રીઓ છે અને તેની ટંડન, ખખ્ખર વગેરે નુખો આપણામાં પણ છે. કચ્છમાં લોહાણાઓનો બ્રહ્મક્ષત્રિયો દેપાળા સોની સાથે ભોજનવ્યવહાર પણ છે. અરોરા, ખત્રી, લોહાણા, બ્રહ્મક્ષત્રિય, ભણશાળી, ખત્રી એ સર્વ લોહાણા પ્રજાની શાખાઓ છે. તેના ગુણ, કર્મ, સ્વભાવ, રીતરિવાજોની સમાનતા, ધંધાની પણ સમાનતા અને ઐતિહાસિક સંજોગો જોતાં પણ તેઓ એક જ હોવાનું સિદ્ધ થાય છે.

શીખ ધર્મના સ્થાપક પુજ્યશ્રી ગુરૂ નાનક પણ આ ખત્રી કુટુંબમાં જન્મ્યા હતા. ઇ. સ. (૧૪૬૯) શીખધર્મને વ્યવસ્થિત સ્વરૂપમાં મૂકનાર અને ગ્રંથ સાહેબ જેવા સર્વમાન્ય તાત્વિક ગ્રંથના રચનાર ગુરૂ અરજુન, (૧૫૮૧) અને શીખ નેશનના ઘડનાર ગુરૂ ગોવિંદસિંહ પણ ખત્રી જાતિના હતા. (ઇ. સ. ૧૬૬૬.) આપણા લોહાણા ભાઇઓ સિન્ધમાં તથા પંજાબમાં વિશેષે કરીને ગુરૂ નાનકના અનુયાયીઓ છે. હાલ વૈશ્યવૃત્તિ પર અવલંબિત ક્ષત્રિય જાતિઓ ઉત્તર હિંદુસ્થાનના દરેક ભાગમાં છે. દક્ષિણ હિંદુસ્થાનમાં નથી. જનસ્વભાવ એ જાતિનિર્ણયનું એક સાધન ગણાય છે અને તે રીતે જોતાં પણ બેશક ખત્રી, અરોરા, લોહાણા, બ્રહ્મક્ષત્રિય, દેપાળ અને ભણશાળી મૂળમાં એક જ પ્રજા છે એમાં જરાય શંસયને સ્થાન નથી.

એક એવો વખત આવે કે આ રાષ્ટ્રિય ચેતનાના યુગમાં લોહાણા સમાજશરીરનાં આ છૂટા પડેલાં અંગોનું પુનઃ એક શરીર–સંગઠન થાય અને ભારતના ભાગ્યોદય કાર્યમાં સુંદર ફાળો આપી લોહાણા પ્રજાની ભૂતપૂર્વ કિર્તિનાં કીરણો દિગંતમાં પ્રસારે !

મેમણ

મેમણ કોમ સાહસિક વ્યાપારી, સ્વતંત્રતાને ચાહનાર અને પરતંત્રતાની ભાવનાને તિરસ્કારનાર છે. મેમણો લોહાણામાંથી થયા છે તેને માટે ઘણા સારા પ્રમાણો મળી આવે છે, તેમજ શ્રી દરિયાલાલની ઉત્પત્તિની વાર્તા પણ મેમણો સાથે જોડાયલી છે. આપણે પ્રથમ મેમણોની જનમાન્યતા તપાસીશું.

મેમણોની ઉત્પત્તિ સંબંધમાં મુંબઈ ઈલાકાના કેમ્પબેલ સાહેબના ગેઝીટીયરના ૯ મા ભાગમાં પૃષ્ટ ૫૦–૫૧ માં લખવામાં આવ્યું છે. ગેઝીટીયરકાર જણાવે છે કે તે વૃત્તાંન્ત એમણે સૈયદ અમીરૂદીનકૃત્ત ઉરદુ ગ્રંથ નિઝહત–ઉલ–અખબારમાંથી લીધો છે, જે ઈ. સ. ૧૮૭૩ માં કચ્છ મુંદ્રાના મેમણ જાતિના પીર પીર બુઝરગઅલીની ઈચ્છા અને આશ્રયમાં લખવામાં આવ્યો હતો. પુનઃ ગેઝીટીયર જણાવે છે કે આ વૃતાન્ત ત્રણ સાચા હવાલાને આધારે લખવામાં આવ્યો છે.

(૧) સૈયદ બુઝરગઅલી–મેમણોના પીરના વંશાવળી (૨) મેમણો વટલ્યા ત્યારે માણેકજી નામના પ્રથમ ઇસ્લામ ધર્મ સ્વીકારનારને જ્ઞાતિનો શેઠ–પદવીની જે સનદ આપવામાં આવી તે માણેકજીના વંશજ ભૂજના શેઠ સાહેબદીના પાસે છે. (૩) લોહાણા મેમણ થયા ત્યારે તેમના જ્ઞાતિના ગોર હંસરાજ રામાણીના વંશજ જોશી ભોજરાજ પાસેથી પણ સનદો મળી છે. આનાથી વધારે સત્ય પ્રમાણો બીજાં શું હોઇ શકે? ઉપરોક્ત સત્ય પ્રમાણોને આધારે લખાયલી મેમણોની ઉત્પત્તિની બાબતમાં જણાવવામાં આવે છે કેઃ—

“ઇ. સ. ૧૧૬૮ માં મૌલાના પીર અબ્દુલકાદર મહજદીન બગદાદમાં સ્વર્ગવાસ પામ્યા. મરણ સમયે પોતાના પુત્ર પૈકી એકને હિન્દુસ્થાનમાં રહેવા અને ત્યાંના લોકોને ઇસ્લામની ખુબી સમજાવવાની આજ્ઞા કરી. ઇ. સ. ૧૪૨૧ માં એમનાથી પાંચમી પેઢીએ પીર યુસુફુદીનને એક આશ્ચર્યકારક સ્વપ્નમાં–તરત સિન્ધમાં જવાની અને ત્યાંના લોકોને ઇસ્લામનો ખરો માર્ગ બોધવાની આજ્ઞા થઇ. જ્યારે સૈયદ યુસુફુદીન સિન્ધમાં દાખલ થયા ત્યારે તેની રાજધાનીનું શેહેર નગરઠઠ્ઠા હતું અને રાજ્યકર્ત્તા સમા વંશનો[1] (ઇ. સ. ૧૪૫૧ થી ૧૫૨૦) રાજા, જેનું ઉપનામ મકરબખાન–મૂળનામ ઘણુંકરી રાય રાયધણ (ઇ. સ. ૧૪૫૪) હતો. જેણે સૈયદનો સત્કાર કર્યો અને પોતાના મેમાન તરીકે સ્વાગતા કરી. આ વખતે માણેકજી નામે લોહાણો જે જ્ઞાતિમાં–૮૪ નુખોમાં મુખી હતો તેનું મકરબખાનના દરબારમાં સારૂં માન હતું. મકરબખાન સૈયદનો મુરીદ થયો અને માણેકજી, તેના બે પુત્રો તથા અન્ય ૭૦૦ લોહાણા કુટુમ્બોએ પોતાના રાજ્યકર્ત્તાનું અનુકરણ કર્યું; અર્થાત તેઓએ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. માણેકજીના મુસલમાન થયેલા બે પુત્રો પૈકી રવજીને આહમદનું નામ આપવામાં આવ્યું તથા રવજીના પુત્રો સુંદરજી અને હંસરાજને આદમ અને તાજમ-

૧ મકરબખાન એ સમાવંશનો રાયધણ હતો એ ઉપજાવી કાઢેલી કલ્પિત વાત છે. તેને કશો ઇતિહાસનો આધાર નથી.

હામદના નામો આપ્યાં. તેમના ઈસ્લામ ધર્મ સ્વીકાર્યા પછી પીર યુસુફુદીને જાતિનું નામ પણ લોહાણા બદલાવી મોઅમીન–અર્થાત–માનનારા (belivers) એવું નામ આપ્યું. અને આદમને એક માનદર્શક પોશાક આપી નવીન જ્ઞાતિનો વંશપરંપરા મુખી ઠરાવ્યો. તેઓએ નગરઠઠ્ઠાની પાસે વાડા ગામમાં મુખ્ય સ્થાન કર્યું. ”

આ પ્રમાણે ગેઝેટીયરકારે ઉપરોક્ત નિઝહત–ઉલ–અખબારને આધારે મેમણોની ઉત્પત્તિ દર્શાવી છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે જે પ્રમાણોને આધારે એ ઉત્પત્તિનો વૃતાન્ત લખવામાં આવ્યો છે તે સબળ, અને વિશ્વસનીય લાગે છે. મેમણોની નુખો, તેમના રીતરિવાજ, તેમની વ્યાપારીસાહસિકતા વગેરેથી મેમણોનો મોટો ભાગ લોહાણામાંથી થયો છે એ વાતને અનુમોદન મળે છે. મેમણો ઈ. સ. ના પંદરમા સૈકામાં આશરે ૧૪૨૫ થી ૫૦ વર્ષ પર્યન્ત વટલ્યા હશે એમ સમજાય છે. એમનો વિશેષ ભાગ લોહાણામાંથી વટલ્યો હશે. પરંતુ દંતકથા એમ પણ કહે છે કે તેમની જ્ઞાતિ–મોટા અને લોહાણા, જેમાં મોટા શબ્દ પણ જ્ઞાતિને માટે વપરાયો છે. લોહાણાને માટે મોટા શબ્દ પ્રચલિત હોય અગર મોટા એ લોહાણાનો કોઈ ભાગ પણ હોય એમ પ્રસિદ્ધ નથી. પરંતુ ભાટીઆઓનો કોઈ વંશ મોટા નામથી પ્રસિદ્ધ હશે. ભાટીઆ અને લોહાણામાં સોરઠમાં આવ્યા પછી–ભાટીઆઓએ વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી આજના જેવો અંતર ઉદ્ભવ્યો છે તે પહેલાં અંતર નહિ હતો. બન્ને પ્રજાઓ ઉત્તર પ્રદેશમાંથી આવી છે અને અનેક કટોકટીના સમયમાં સાથે રહી દુશ્મનોની સામે પોતાના ધર્મનું રક્ષણ કર્યું છે; કારણ કે ઉભયને વિધર્મીઓનાં હલ્લા સામે ટકી રહેવાની જરૂર હતી. આવા સંજોગોમાં તેમને અનેક પ્રસંગોમાં સાથે જોડાવાની જરૂર પડી છે. નગરઠઠ્ઠા લોહાણાઓનું મુખ્ય સ્થાન છે તેમજ સિન્ધમાં અદ્યાપિ પર્યન્ત ભાટી-આઓનું મૂખ્ય સ્થાન પણ એ જ છે. આ પ્રમાણે મેમણોમાં અમુક થોડો ભાગ ભાટી-આઓનો પણ હોય એ બનવાજોગ છે.

ગેઝેટીયરકાર મેમણોના ઇતિહાસમાં વધુ જણાવે છે કે: ” ધર્મભ્રષ્ટ થયેલા લોહા-ણાના સંબંધીઓએ આ સંકટના વખતમાં સહાય કરવા—પીરને દૂર કરવા–માટે દરિયાપીરની પ્રાર્થના કરવા તેમના ધર્મગુરૂઓને બોલાવ્યા. સિન્ધુ–સાગર દેવે એમની પ્રાર્થના સાંભળી.

યુસુફુદીન દરિયા માર્ગે ઈરાક તરફ ગયો. હિન્દનો ત્યાગ કર્યાં પહેલાં પીરે પોતાના આશ્રિતોને આશિષ આપ્યા, જે આશિષથી મેમણો માને છે કે તેમની વ્યાપારમાં ઉન્નતિ થવા પામી છે. (Bombay, Gazetteer vol IX P. P. 50, 51.)

આ માન્યતામાં ઉડેરાલાલના જન્મનો ગૌણપણે સ્વીકાર થયો છે. લોહાણાઓએ દરિયાની સ્તુતિ કરી–એ સ્તુતિ કરનારા બ્રાહ્મણોના નામ પણ મેમણોની માન્યતામાં આપેલાં છે.

The Lohana priests who prayed to the Indus were Tok-mal, Adhanmal, Nandmal and Malmal.

અર્થ—લોહાણાના ધર્મગુરૂઓ જેમણે સિન્ધુની એ વખતે ઉપાસના કરી હતી તેમનાં નામ ટોકમલ, અધનમલ, નન્દમલ અને મલમલ છે.

મેમણો જણાવે છે કે આ બ્રાહ્મણોની પ્રાર્થનાથી દરિયાપીર પ્રસન્ન થયા હતા અને સૈયદ યુસુફુદ્દીનને સિન્ધ છોડી દરિયા માર્ગે ઇરાક જવું પડ્યું હતું.

ખોજાઓ

નિઝારી સંપ્રદાયના પીર સદરદીને કેટલાક લોહાણાઓને વટલાવી ખોજા બનાવ્યા છે. તેમના એક ભજનમાં એક ઠેકાણે એવો ઉલ્લેખ છે કેઃ—

પીર સદરદીન પંથજ કીયા જાહેર ખાનાં મકાન;
પેહેલો ખાનો આવી કર્યો કોટડા ગામ નિધાન.

પીર સદરદીન જાહેર થયા હિન્દુ કર્યા મુસલમાન;
લોવાણા ફેરી ખોજા કર્યા, તેને આપ્યો સાચો ઇમાન.

ખોજો ગુલામશા અલીનો કહીએ તે મુરીદ અલિનો જાણુ;
ત્યાં પથ સમારીને ખાનાં કરીઆં તેને પીરે બોધ્યા પ્રમાણુ.

આગળ ખાનુ સુરજા રાણીનું કહીએ તે તો ગુપ્ત પિછાણ:
સતગુરૂ સદરદીન જ્ઞાન સુણાવ્યા તે કોટડા ગામમાં જાણ.

એજી કોટડા ગામમાં કહીએ, ત્રીકમ રહે તેણે ઠામ;
તે જાહેર છે ઇમામ લાવેઓ અને ખોજા ધરાવ્યો નામ.

એવા દીન આવેલા શ્રી ઇસલામ શા નીવાર;
આજ ઉંચ મૂલક જે કહીએ ત્યાં અમારો ઠાર.

તે ઉપરાંત અમદાવાદ પાસે આવેલા પીરાણા ગામમાં પીરાણા સંપ્રદાયના સ્થાપક હજરત ઇમામશાહ બાવાએ લોહાણા તથા બ્રાહ્મણોને વટલાવી મુસલમાન કીધા અને ખોજા નામ આપ્યાનું એ સંપ્રદાયના "શ્રી ઇમામશાહ બાવાના પ્રછો" નામના પુસ્તકમાં જણાવેલું છે: તે નીચે મુજબ:

રહેવાશી લોઢગર શેહેરના, લવાણા બ્રાહ્મણનો સાથજી,
તેના ગોરે કામ કેવાં કર્યાં, સુણો મુમન તેની વાતજી;
પ્રગટ પ્રછો રે ગોર ઇમામનો. ૫૩

પ્રબોધ દીધો પ્રેમથી, જનોઈ ઉતારી છે ત્યાયજી,
નામરૂપી જનોઇ પેહેરીએ, એવું બોલ્યા સૌ ત્યાંયજી;
પ્રગટ પ્રછો રે ગોર ઇમામનો. ૫૪

સર્વે જનોઇયું ઉતારીયું, ઉતારા મણ તે સવાએજી,
ત્યાંથી સૌએ ગોર થાપીઆ, સેવક બન્યા સૌ ત્યાંયજી;
પ્રગટ પ્રછો રે ગોર ઇમામનો. ૯૫

ગોરે સૌ સેવક તણા, ખોજા ઠક્કર ધરાવ્યા નામજી,
જગત તારણ છે રે જાગતો, ધણી મારો કેવાં કરે કામજી;
પ્રગટ પ્રછો રે ગોર ઇમામનો. ૯૬

પન્જો ગોરનો જાહેર છે, નાના રોજાની માંહિજી,
હાલ જનોઈ છે કાયમ તહીં, જુઓ સૌ વારંવારજી;
પ્રગટ પ્રછો રે ગોર ઇમામનો. ૯૭

વિભાગ

મુસલમાનોના હુમલાઓનો સમય સિંધની હિંદુ પ્રજાને ભારે શાપ સમાન હતો. તેમાંય સૌથી વધુમાં વધુ ભોગ લોહાણા પ્રજાને આપવો પડયો છે. મુસલમાનોનાં આક્રમણો પ્રથમ સિન્ધમાં થયાં અને સિન્ધમાં મુખ્યત્વે કરીને વિશેષ પ્રમાણમાં લોહાણા પ્રજા હતી. ધર્માન્ધ મુસલમાનોથી પછી હિંદુઓનાં ધન અને સ્વતંત્રતા નષ્ટ થવા લાગી હતી. સમય કટોકટીનો હતો. સામાજિક સ્વચ્છંદતા ફેલાવા લાગી હતી. પરસંસ્કારનું વિષ પોતાની રગોમાં ન પરોવાય તે માટે શીરસ્તાઓને શાશ્વત નિયમોનાં સ્વરૂપ આ વખતે અપાયાં, અને લોહાણા પ્રજામાંથી 'લોહાણા જ્ઞાતિ' ઉદ્ભવ સખ્ત અંકુશો સાથે એ ઇસ્લામી કાળમાં જ થયો હોય એમ જણાય છે. આ પહેલાં અપયશના ભાગી થયેલા ચચ્ચ બ્રાહ્મણે ઘડેલા અમાનુષિ કાયદાઓથી લોહાણાઓની દશા ભારે હીનસ્પતિ ભરેલી થઇ પડી હતી.

લોહાણા પ્રજાનો કેટલોક ભાગ આ સમય પછી આ ભૂમિનો ત્યાગ પણ કરી ગયો હશે અને રાજકીય પડતી થયા પછી ક્ષત્રિક કર્મને અવકાશ ન મળતાં વૈસ્યવૃત્તિ ધારણ કરી. સિન્ધની એ વૈસ્યવૃત્તિ સ્વીકારનારી લોહાણા પ્રજાનું જ 'લોહાણા જ્ઞાતિ' રૂપે પરિવર્તન થયું. રાજકર્ત્તા ક્ષત્રિયોનું નાહ. કારણ કે આ અરસામાં બિહારમાં પાલવંશી તરિકે ઓળખાતા સૂર્યવંશી ક્ષત્રિયોનું રાજ્ય હતું. તે ક્ષત્રિયોને 'જ્ઞાતિ'નું સ્વરૂપ પ્રાપ્ત થયું નહોતું. અને અત્યારે પણ સિસોદિયા, રાણા અને નેપાળમાં સૂર્યવંશી ક્ષત્રિયો રાજ્ય કર્ત્તા છે.

ધર્મ ઉપર આક્રમણ, બળાત્કારે વટલાવવાના ધર્માન્ધ વિધર્મીઓ તરફથી હિંદુઓ પર થતા જુલમો જેવા કટોકટીના સમયે 'જ્ઞાતિ' જેવી એક સંરક્ષક સંસ્થાનો અભેદ કિલ્લો ન સરજાયો હોત તો જાતિનું લોહી અને પ્રાચીનતમ સંસ્કૃતિ સુરક્ષિત રહેતે જ નહિ એ સહજ સમજી શકાય એવી વાત છે.

ઇ. સ. ના તેરમા, ચૌદમા સૈકામાં રાજકીય દુઃખોના પરિણામે લોહાણાઓના સમૂહો કચ્છમાં ઉતર્યા અને ત્યાંથી પાછો તેનો જ્વલંત ઇતિહાસ શરૂ થાય છે એ આગળ કહેવાઇ ગયું છે.

અપમાન સહન કરી સિન્ધમાં જ પડી રહેનાર લોહાણાઓ સૈકાઓ થયા દબાયલા રહેવાથી તેઓ ભારે નરમ પ્રકૃતિના બની ગયા અને તેથી જ પશ્ચિમી ઇતિહાસકારો સિન્ધના લોહાણાઓને વાણિયા કહે છે. તેઓએ પણ પછી પ્રસંગ આવતાં રાજ્યોમાં પ્રવેશ કર્યો

હતા ને મોટા હોદ્દાઓ મેળવ્યા હતા. કચ્છના લોહાણાઓ તથા સિન્ધમાં રહેલા ભાઇઓનો સંસર્ગ ઓછો થતાં કાળે કરીને તેઓના 'સિન્ધી' અને 'કચ્છી' એવા વિભાગ થયા અને શાસનકર્ત્તા વિધર્મીઓના વરસોનાં સહવાસે સિન્ધી લોહાણાઓના ડ્રેસમાં તથા બાહ્ય આચાર વિચારોમાં પણ અનાયાસે તે વિધર્મી રાજ્યકર્તાઓનું અનુકરણ થવાથી તેમની સાથેનો વ્યવહાર પણ કચ્છી લોહાણા ભાઇઓએ બંધ કર્યો હશે.

એ જ પ્રમાણે સિન્ધમાંથી કાઠિયાવાડમાં પરભારા જનાર લોહાણાઓના સમૂહો તથા કચ્છમાંથી પછી કાઠિયાવાડમાં જઈ વસનાર લોહાણા ભાઇઓનું પણ એક સંગઠ્ઠન હમણાં પ્રથમ લોહાણા પરિષદથી જ રચ્યું છે. આજે એ ધર્મની બાબતમાં બળાત્કારે કોઈ હાથ ઘાલી શકતું નથી અને તેથી ભોજન વ્યવહાર નહિ તો આ રાષ્ટ્રીય એકતાના યુગમાં એક જાતિનું સંગઠ્ઠન કરવા માટે પણ આપણા સિન્ધી ભાઇઓને આપણે હવે દૂર રાખવા પરવડે તેમ નથી. આ પ્રશ્ન માટે જ્ઞાતિના દીર્ઘદર્શી મહાપુરુષો જરૂર વિચાર કરશે એમ અમે માનીએ છીએ.

સારભૂત મુદ્દાઓ

ઇતિહાસની આ ટુંક રૂપરેખામાં નીચે પ્રમાણેના સારભૂત મુદ્દાઓ તરવરી આવે છે.

૧. લોહાણા પ્રાચીન આર્ય ક્ષત્રિય જાતિ છે.

૨. લોહાણા સૂર્યવંશી ક્ષત્રિયો છે.

૩. 'લોહાણા' નામાભિધાન લવ મહારાજ ઉપરથી કે તેમની વસાવેલ લવાલકા ઉપરથી નહિ પણ સરસ્વતીના કિનારા ઉપરના લોહાવર્ણ પ્રદેશ ઉપરથી પડ્યું હોય એ વધુ સુસંગત લાગે છે.

૪. લોહાણા જાતિને અનાર્યનો કે વિદેશીય તત્વનો જરાય સ્પર્શ થયો નથી.

૫. લોહાણાઓનું લોહી સુરક્ષિત રહ્યું છે.

૬. ઉત્તર હિંદુસ્થાનમાં શૂદ્ર અને વિજાતિય લોકોની સત્તા પ્રબળ થવા પછીથી લોહાવરણા ક્ષત્રિયોએ સિંધ તરફ આવીને પુનઃ રાજ્યસત્તાઓ જમાવી અને કેટલાકે અફ્ગાનિસ્તાન આદિ પ્રદેશોમાં જઈ તે સમયથી વૈશ્યવૃત્તિ સ્વીકારી હોય એમ જણાય છે.

૭. ચચ્ચના સમયમાં (ઇ. સ. ૬૩૦) લોહાણાની સત્તા છિન્નભિન્ન થઇ ગઈ હતી, તથાપિ ક્ષત્રિયતાનું તેજ દેખાતું હતું અને શત્રુઓને ભય થતો હતો. આ વખતે ઉત્તર હિન્દુસ્થાનના બીજા ભાગો કરતાં સિન્ધમાં લોહાણા પ્રજા વિશેષ અને સબળ હતી. પ્રથમ ચચ્ચને તાબે ન થવાથી તેમજ સત્યાગ્રહને લીધે અન્યાયી અધર્મી ચચ્ચને નમી ન દેવાથી, લોહાણા જ્ઞાતિની ક્ષત્રિયતાનો સૂર્ય અસ્તાચળમાં ગયો. ચચ્ચ પોતાના સામર્થ્ય માટે આગ્રહ રાખનાર અને સ્વાર્થને માટે ગમે તેવું સાહસ કરી શકે તેવો પુરુષ હતો. તેણે લોહાણાઓને હરાવ્યા અને તેમને પજવવા જેટલા સાધ્ય પ્રયત્નો જણાયા તે સર્વનો તેણે ઉપયોગ કર્યો. જે કાયદાઓ જાટોને લાગુ પડે તે જ લોહાણાને લાગુ પાડ્યા. (જુઓ ચચ્ચનામા પૃષ્ટ ૧૬૦) આવા અસહ્ય ત્રાસથી કેટલાક લોહાણાઓ સિન્ધ તજી જઇ હિન્દુસ્થાનના જૂદા જૂદા દેશોમાં વસવા લાગ્યા.

૮. ઈ. સ. ના તેરમા, ચૌદમા સૈકામાં રાજકીય દુઃખથી લોહાણાઓ સિન્ધમાંથી કચ્છમાં આવ્યા હતા. સિન્ધમાં મુસલમાનો આઠમા સૈકાના આરંભમાં આવ્યા હતા. ઇસ્લામનું બળ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતું જતું હતું અને હિન્દુઓની અવનતિના પ્રયત્નો પણ નવા નવા થતા હતા. આ અરસામાં સિન્ધમાં એક ધાર્મિક વિપ્લવ થવા પામ્યો હતો જેને પરિણામે લોહાણાની શ્રદ્ધા કાયમ અને અડગ થઇ હતી. પૂજ્ય સાગરદેવનો લાલઉડેરા રૂપે અવતાર થયો. તેમણે લોહાણા જાતિની ઇજ્જત અને સંસ્કૃતિ સુરક્ષિત રાખી. અદ્યાપિ પર્યન્ત એ મહાપુરૂષની જ્યોતિ રૂપે લોહાણાની વસ્તીવાળા દરેક શહેર કે નાના ગામડામાં પૂજા થાય છે.

લોહાણાની ઇજ્જત, શ્રી અને વીર્યનું રક્ષણું થવા પામ્યું હતું; પણ વારંવારના હુમલાઓથી તેના નિર્બળ અંગો વધારે નિર્બળ થયાં અને પરિણામે કેટલાક વર્ગને તે ભૂમિનો ત્યાગ કરવાની જરૂર પડી.

૯. કચ્છમાં આવ્યા પછી પાછો લોહાણાપ્રજાનો ઇતિહાસ જવલંત છે.

૧૦. લોહાણા પ્રજાનું 'લોહાણા જ્ઞાતિ'માં પરિવર્તન તથા તે જ્ઞાતિબંધારણો મુસલમાનોની સત્તા સિન્ધમાં થયા પછી જ સખ્ત થયાં હતાં.

૧૧. અરોરા, ખત્રી, બ્રહ્મક્ષત્રિય, હેપાળ, ભણશાળી, આ બધી લોહાણા પ્રજાની સંજોગો અને કાળબળે ઉદ્દભવેલી શાખાઓ છે.

૧૨ મેમણ અને ખોજાઓનો કેટલોક ભાગ લોહાણાઓમાંથી વટલીને બન્યો છે.

૧૩ લોહાણાની પેટા જાતિ સુમા વટલીને સુમરા થયા અને કેટલાક તે ભૂમિનો ત્યાગ કરી કાઠિયાવાડના ચુડા ગામમાં પ્રથમ આવ્યા તે ચુડાસમા કહેવાયા.

૧૪ લોહાણા જ્ઞાતિ નહિ પણ 'લોહાણા પ્રજા' છે. લોહાણા ક્ષત્રિયોનો સંબંધ જયચંદ સાથે હોય તેના કરતાં ગુરૂવર્યશ્રી નાનક તથા વીર ટોડરમલ સાથેનો વિશેષ નજીક છે.

ઉપસંહાર.

ચડતી પડતીના ચમત્કારો જોઈ અનેક આપત્તિઓમાં નિડરપણે અડગ રહી ધર્મ અને સંસ્કૃતિને સાચવનાર લોહાણા પ્રજાનો ઇતિહાસ ભારતવર્ષના સુપ્રસિદ્ધ ઇતિહાસમાં ગૌરવ યુક્ત છે. સિન્ધમાં સ્થળે સ્થળે આજે એમના પ્રતાપી પૂર્વજોનાં સંસ્મરણે ખડાં છે. સમય અને સંજોગોવશ થઇ વ્યાપારી વૃત્તિને ધારણ કર્યા પછી પણ લોહાણાજ્ઞાતિની શક્તિ હિંદની બીજી હરકોઇ જ્ઞાતિ કરતાં વધુ ચઢીઆતી છે તેમાં કંઇ જ શક નથી. ઐતિહાસિક મૂર્ત્તિઓ પ્રજા જીવન ઘડે છે એ લક્ષમાં રાખી જ્ઞાતિના ઇતિહાસપ્રસિદ્ધ થઈ ગયેલા મહાપુરૂષો તથા વિદ્યમાન નરરત્નોના જીવનચરિત્રો લોહાણા રત્નમાળામાં આપવામાં આવ્યાં છે.તે વાંચવાથી જોઇ શકાશે કે ઓછું ભણેલા પણ ધાર્મિક ગૃહ વાતાવરણમાં ઉછરેલા સંસ્કારી હૃદયના પુરૂષોએ માત્ર જ્ઞાતિહિતનાં જ નહિ પણ જગતની પ્રજાને હેરત પમાડે તેવાં સમસ્ત જનહિત માટેનાં કાર્યો કર્યા છે. એના હૈયામાં પતિતો અને દુઃખીઓના ઉદ્ધાર માટે ધબકારા વાગી રહ્યા છે. ત્યાગ અને આત્મસમર્પણની એ સજીવ પ્રતિમાઓમાં વીરોની નિડરતા અને

રામની ટેક હજીય મૂર્તિમંત છે. આશાના કિરણના તેજ એની આંખોમાં પ્રકાશે છે. ગુરૂ નાનક, ગુરૂ ગોવિંદસિંહ અને ઇષ્ટદેવ શ્રી દરિયાલાલનાં પારણાં પણ આ પ્રજાની માતાઓને ઘરે બંધાયાં હતાં.

સદાચાર, શૌર્ય અને સ્વદેશાભિમાનની ભાવનાઓ એના હૃદયમાં ભરેલી છે. આટલું છતાંય છેલ્લા ૧૫૦ વર્ષનો પશ્ચિમનો સહવાસ આપણા જીવન ઉપર કંઇક હવે અસર કરતો જોવાય છે. એ પરદેશી સંસ્કારો આપણા યુવાનોના હૃદયમાંથી સામાજિક ભાવના વીસરાવે છે, મર્યાદાની ભાવના તોડી સ્વચ્છંદ શીખવે છે, આપણો ધર્મ, અને જાત્યાભિમાનની ભાવનાઓને હણી નાખે છે. એ માટે જરૂર એનાથી ચેતતું રહેવાની જરૂર છે. મુસલમાન સંસ્કૃતિના ત્રાસને વિદારનાર પ્રજા આ પરદેશીઓના જાદુમાં ન ફસાઈ જાય એ લક્ષમાં રાખવાનું છે. નહિ તો જાતિનું ચેતન 'હણાઈ જશે. અત્યારે કેટલાક વ્યવહાર પણ મનસ્વીપણે ચલાવાય છે. દ્વિજ જાતિને માટે નિષેધ કરેલા અસુરવિવાહ–કન્યાવિક્રય જેવાં અનુચિત કામો લોહાણા જેવી પવિત્રતમ ક્ષત્રિય જાતિમાં કયાંક કયાંક છાની રીતે પણ થતાં જોવાય છે. આવાં હીનસ્પર્તિ ભરેલાં કાર્યો કરનાર અને કરાવનાર બન્ને માટે પ્રતિબંધ મૂકાવો જોઇએ.

ઇન્દ્રિય લાલસાને લીધે કેટલાક એક ઉપર બીજી સ્ત્રી કરે છે તથા કોઈ વૃદ્ધ શ્રીમંતો પિતૃકુળનો ઉદ્ધાર કરવાને બહાને પોતાની લક્ષ્મીના જોરે બાર તેર વર્ષની કુમારી બાળકીને પરણી તેના માલિક બની બેસે છે અને ઉભય કર્તવ્યભ્રષ્ટ બને છે. આવાં દૃશ્યો જ્ઞાતિને કલંક લગાડનારાં છે. આ વૃદ્ધલગ્ન અને બાળલગ્નની પ્રથા આજના ચેતનમય યુગમાં મુદલ હિતકારી નથી. લગ્નની પદ્ધતિ પણ હાલની બહુ જ ખામીભરી છે. શારીરિક અને માનસિક કજોડાંથી લોહાણાઓના સંસાર સ્વર્ગરૂપ બનવા કરતાં સંતાપરૂપ વધુ બને છે તેમાં પણ સુધારો કરવાનો વખત હવે આવી લાગ્યો છે.

આજે લોહાણાઓમાં વિધવાવિવાહની છૂટ છે. ક્ષત્રિયોમાં વિધવાવિવાહની પહેલાં સર્વથા છૂટ નહોતી. પ્રસંગે વિધવાનું લગ્ન પણ થતું અને પ્રસંગે તે સતી પણ થતી. સ્મૃતિકાર મનુ મહારાજે શૂદ્ર તથા વૈશ્યોને માટે વિધવાવિવાહ ધર્મ્ય છે એમ જણાવ્યું છે. લોહાણાઓએ વૈશ્યવૃત્તિ ધારણ કરવા પછી કોઇ મહાન આપત્તિ સામે ટકી રહેવા કદાચ વિધવાવિવાહ આપદ્ ધર્મ તરિકે યોગ્ય માન્યો હોય એવું સમજાય છે. આપણામાં સતીઓ પણ થઇ છે જે સતીઓનાં સ્થાનો કાઠિયાવાડમાં ઘણાં સ્થળોએ તથા કચ્છમાં પણ છે અને લોકો તેની માનતા કરે છે.

પુનર્લગ્ન કરનાર સ્ત્રીનું પ્રથમ મોઢું પણ સધવા સ્ત્રીઓ જોતી નથી; અને પુનર્લગ્ન કરનાર સ્ત્રીપુરૂષ રાતના જ ગામમાં આવે, દિવસના ન આવી શકે, એવી કંઇક પ્રથા છે. આથી પણ એ સાર નીકળે છે કે પુનર્લગ્નને લોહાણા સારૂં કાર્ય નહિ માનતા હોય. આજે પુનર્લગ્નની કંઈ ક્રિયા ન થતાં નાતરાં જ થાય છે એ સ્થિતિમાં પણ આવશ્યક ફેરફાર થવાની આવશ્યકતા છે.

શ્રેષ્ઠ પ્રજા ઉત્પન્ન થાય તેમાટે ગર્ભાધાન તથા વિવાહ સંસ્કારઃ બાળકો સુખથી

બાળપણ વ્યતિત કરે અને તેનામાં શારીરિક, માનસિક ઉન્નતિના બીજો અંકિત કરવા· માટે પુંસવન, સીમંતોનયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, કર્ણવેધ સંસ્કારોઃ વિદ્યાનુરાગી બનાવવા માટે યજ્ઞોપવિત, બ્રહ્મચર્યવ્રત ધારણ કરી બળવાન બનવા સાથે માનવજાતિનો પ્રેમી બને તે માટે વેદારમ્ભ, ગૃહસ્થ જીવન માટે તૈયાર કરવા સમાવર્તન, નિષ્કામ સેવા કરવા માટે વાનપ્રસ્થ અને છેલ્લે રોગોથી બચવા માટે અંત્યષ્ઠિ સંસ્કારો કરવાની પ્રથા વર્ણવ્યવસ્થા યુગમાં બરાબર અમલમાં હતી. આજે આ સંસ્કારોની પ્રથાનો લોપ થયો છે ને માત્ર બહારની ક્રિયાઓને સંસ્કાર માનવામાં આવે છે. જાતિની શ્રેષ્ઠતા સાચવવાની હોય તો આ પુરાણી પ્રથાને પણ નવા જમાના અનુસાર નવી દીક્ષા આપી ઠીક સ્વરૂપમાં યોજવી જોઈએ. કારણ કે સૂર્યનાં કીરણો મલીન પથ્થરપર નથી ચળકતાં. શારીરિક, માનસિક શુદ્ધિ માટે આ ઋષિમુની પ્રણિત પ્રથાઓ આવશ્યક છે.

જ્ઞાતિની ૪૧ વિદ્યાવર્ધક સંસ્થાઓ છે. તેમાં એના સ્થાપકો કે દાનદાત્તાઓનો ઉત્તમ આશય ઠીક પ્રમાણમાં ફળિભુત નથી થયો અને તેથી તેમાં કોઇક ઠેકાણે પણ ખામી છે. આ ખામીનું મૂળ શોધી તેની વ્યવસ્થા ઠીક પ્રકારે થાય અને પ્રતિભાસંપન્ન વીરો તેમાંથી બહાર પડે તેમ કરવાનો વખત હવે આવી લાગ્યો છે.

લોહાણા જેવી ઇતિહાસપ્રસિદ્ધ જાતિની હિન્દુસ્થાનની સરકારની વસ્તી ગણનામાં જુદી ગણત્રી થવાને બદલે બીજી જાતના હિંદુઓમાં તેનો સમાવેશ કરવામાં આવે છે અને તેટલા માટે લોહાણા સમાજની સાંસારિક સ્થિતિમાં થયેલા ફેરફાર કે એવી જ બીજી હકીકતો તારવી શકાતી નથી માટે તે બાબતને અતિ અગત્યની સમજી બ્રીટિશ ગવર્નમેન્ટ તરફથી થતી વસ્તીગણનામાં હવેથી લોહાણાઓની જુદી ગણના કરવામાં આવે તે માટે વ્યવસ્થિતરીતે કાયદાપૂર્વકની હીલચાલ આજથી શરૂ કરવાની અતિ આવશ્યકતા છે.

ગુજરાતનાં કેટલાંક ગામડાઓમાં વસ્તા જ્ઞાતિભાઇઓ સાથે વર્ષો થયા ઓછા સંસર્ગના પરિણામે તેઓ આચારવિચારહીન થતા જતા જોવામાં આવે છે. સમાજશરીરના આવાં અંગો તરફ પણ દૂર્લક્ષ હવે રાખવું ચાલી શકે એમ નથી.

અમારો આ નિર્જીવ 'પ્રયાસ પણ અમારા ધીર, વીર, અને ગૌરવપૂર્ણ જ્ઞાતિના ભાઇબ્હેનોને પોતાના ભવ્ય ભૂતકાળનું ભાન કરાવી કર્તવ્યમાર્ગપર આરૂઢ રહેવાની પ્રેરણા કરશે તો અમારો શ્રમ કિંચિત અંશે પણ ફળિભુત થયાના સંતોષ અમારા હૈડાંઓમાં હર્ષની છોળો ઉછાળશે.

પ્રભુ ! અમારી ગૌરવપૂર્ણ જ્ઞાતિને વધુ ને વધુ ઉન્નત પથપર લઇ જઈ વધુ ને વધુ શક્તિમાન બનાવો એજ આ દીન હૃદયની અભ્યર્થના.

સ્વજ્ઞાતિની વિદ્યાવર્ધક સંસ્થાઓ

૧ શેઠ. ના. ઇ. ભૂ. મે. હા. લો. બો. મુંબઈ.
૨ શ્રી રણછોડદાસ ચ. ક. લો. ઓર્ફનેજ ,,
૩ બનાતવાળા અને સુ. ઓર્ફનેજ. ,,
૪ હાલાઈ લોહાણા બાળાશ્રમ. ,,
૫ કાનબાઇ કન્યાશાળા. ,,
૬ પેરાજ પદમશી કન્યાશાળા. ,,
૭ મહીરેવા લો. બોર્ડીંગ. વડોદરા.
૮ લોહાણા બોર્ડીંગ. દ્વારકા.
૯ લોહાણા બોર્ડીંગ. અમરેલી.
૧૦ શ્રી દા. હે. લો. બોર્ડીંગ. ભાવનગર.
૧૧ શ્રી લોહાણા બોર્ડીંગ. રાજકોટ.
૧૨ શ્રી લોહાણા બોર્ડીંગ. જામનગર.
૧૩ શ્રી લોહાણા બોર્ડીંગ. જોડીઆ.
૧૪ શ્રી લોહાણા બોર્ડીંગ. સલાયા.
૧૫ શ્રી લોહાણા બોર્ડીંગ. ખંભાલીઆ.
૧૬ શ્રી લોહાણા બોર્ડીંગ. પોરબંદર.
૧૭ શ્રી લોહાણા બોર્ડીંગ. ધોલેરા.
૧૮ શ્રી લોહાણા બોર્ડીંગ. કચ્છમાંડવી.
૧૯ શ્રી લોહાણા બોર્ડીંગ. અંજાર.
૨૦ શ્રી લોહાણા બોર્ડીંગ. લખપત.
૨૧ શ્રી લોહાણા બોર્ડીંગ વેરાવલ.
૨૨ શ્રી લો. બોર્ડીંગ માધવપુર.
૨૩ શ્રી લક્ષ્મીબાઇ ઓર્ફનેજ કરાચી.
૨૪ શ્રી જશરાજ વાલજી બોર્ડીંગ ,,
૨૫ શ્રી દેવધર પ્રાગજી લો. બોર્ડીંગ ,,
૨૬ શ્રી ડોસા કલ્યાણ કન્યાશાળા. ,,
૨૭ શ્રી જમનાબાઇ સ્ત્રી શિક્ષણશાળા અમરેલી.
૬૮ શેઠ કેશવજી દામજી કન્યાશાળા ગુંદીઆલી.
૨૯ શ્રી કોટડી કન્યાશાળા. કોટડી.
૩૦ શ્રી કચ્છરોહા કન્યાશાળા કચ્છરોહા.
૩૧ શ્રી મસકા કન્યાશાળા અને સ્કૂલ કચ્છ મસકા.
૩૨ શ્રી ગઢસીસા કન્યાશાળા ગઢસીસા.
૩૩ શ્રી વીરાણી કન્યાશાળા. વીરાણી.
ડ૪ શ્રી સરસ્વતી કન્યાશાળા. ભૂજ.
૩૫ શ્રી નખત્રાણા કન્યાશાળા. નખત્રાણા.
૩૬ શ્રી લોહાણા બોર્ડીંગ. જૂનાગઢ.
ડ૭ શ્રી લેડી નોર્થકોટ ઓર્ફનેજ. મુંબઇ.
૩૮ શેઠ કું. ખી. લોહાણાશાળા. કરાચી.
૩૯ શેઠ ના. તુ. કચ્છી લો. સ્કૂલ. ,,
૪૦ ,, નેણશી ગોપાલ કન્યાશાળા ,,
૪૧ શ્રી રતનશી ભોજા અને મેઘજી મનજી લો. બોર્ડીંગ. કચ્છ ભૂજ.

પવિત્ર તીર્થક્ષેત્ર શ્રી નાશિક–ત્ર્યંબકેશ્વર*
માં
લોહાણા ભાઇઓનાં પવિત્ર સંસ્મરણો.

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજી જ્યારથી નાશિક પંચવટી તપોવનમાં બિરાજમાન થયા ત્યારથી આ ક્ષેત્ર પરમ પવિત્ર યાત્રાસ્થળ ગણાયું છે સૂર્યનાં સંતાનો–લોહાણા ક્ષત્રિયો માટે તો તે પરમ પવિત્ર પૂર્વજનું ધામ છે. દરેક બાર વર્ષે સિંહસ્થના વર્ષમાં અહીં લાખો ભારતવાસીઓ ભગવાનશ્રી રામચંદ્રજીનાં દર્શનાર્થે ભેગા થઇ પિતૃતર્પણાદિની ક્રિયાઓ કરી પવિત્ર થાય છે. આવા પવિત્ર ક્ષેત્રમાં આપણા ધર્મપ્રાણ જ્ઞાતિ ભાઇઓ તરફથી ધર્મશાળા તથા અન્નક્ષેત્ર ઉઘાડવામાં આવ્યાં છે તેની યાદી નીચે મુજબ.

૧ સ્વ. શેઠ નારાયણજી તુલસીદાસની ધર્મશાળા તથા સાથે સાધુસંતો માટે અન્નક્ષેત્ર: (હંમેશ ૨૫ મૂર્તિઓને ભોજનની વ્યવસ્થા) બ્રાહ્મણ બાળકોને બોર્ડીંગ લોજીંગ સહિત સંસ્કૃત પાઠશાળા (ધર્મશાળા લોહાણા તથા સારસ્વતો માટે ખુલ્લી.)

૨ શેઠ ધર્મસિંહ ભવાનભાઈની વિશાળ ધર્મશાળા: લોહાણા તથા સારસ્વતો માટે.

૩ શેઠ દેવજી પ્રેમજીની ધર્મશાળા; તથા સાધુઓને સદાવ્રત.

૪ સ્વ. શેઠ કુંવરજી મોરારજીની ધર્મશાળા તેમાં નારાયણ પુસ્તકાલય તથા સંસ્કૃત પાઠશાળા. ધર્મશાળા લોહાણા તથા સારસ્વતો માટે. લાયબ્રેરી સાર્વજનિક.

૫ સ્વ. શેઠ ધારશી નાનજીની ધર્મશાળા લોહાણા સારસ્વતો માટે અને સાથે સાધુઓને સદાવ્રત.

૬ સ્વ. શેઠ લીલાધર ખેપારની ધર્મશાળા તથા સદાવ્રત.

૭ શેઠ દેવજી કાનજી લોખંડવાળાની ધર્મશાળા.

૮ ઠા. ગોપાલજી મોરારજીની ધર્મશાળા.

૯ સ્વ. શેઠ હરદાસ પ્રેમજીની ધર્મશાળા.

૧૦ શેઠ રામજી શીવજીની ધર્મશાળા.

૧૧ ઠા. ગીગા નથુની ધર્મશાળા અને અન્નક્ષેત્ર.

૧૨ ઠા ખીમજી ભગવાન ધર્મશાળા અને અન્નક્ષેત્ર.

૧૩ સ્વ. શેઠ ડુંગરસિંહ નાગજી તરફથી બંધાવેલ તપોવનમાં એક રામમંદિર તથા સદાવ્રત.

૧૪ સ્વ. શેઠ જાદવજી જેરામની નાની ધર્મશાળા. તપોવનમાં.

૧૫ શ્રી ત્ર્યંબકેશ્વરમાં શેઠ જેઠાભાઈ ધનજીની વિશાળ ધર્મશાળા સાથે સદાવ્રત.

તદુપરાંત તપોવનમાં ઠા. ખેરાજ લાલજીનું મંદિર તથા ભકત મૂળજીનું મંદિર છે.

કોઠારી લાડક કાનજી નખત્રાણાવાળાનું સદાવ્રત તથા હાલાઇ બાઇ ઝવેરબાઇ તરફથી ૫૦ વિદ્યાર્થીઓને માટે અન્નક્ષેત્ર છે. શેઠ નથુભાઇ ગોવિંદજી તરફથી સદાવ્રત.

ઉપર્યુક્ત સંસ્થાઓ પૈકી ૨ નં. ૧૧–૧૨ની હાલાઇ લોહાણા ગૃહસ્થો તરફથી છે.

કચ્છી તથા હાલાઇ ભાઈઓનાં લગભગ ૧૨૫ ઘર અહીં છે. અહીં ઇષ્ટદેવ શ્રીદરિયાલાલ જ્યોતિ સ્વરૂપના સ્થાનની પરમ આવશ્યકતા છે.

ગંગાદ્વાર ઉપર ચડતાં ૭૦૦ પગથીઆં સ્વ- શેઠ હંશરાજ કરમશી જે. પી. એ રૂ. ૩૦૦૦૦) ના ખરચે બંધાવ્યાં છે.

---

* કચ્છ રોહાવાળા પંડિત દયારામ રત્નસિંહ શર્મા તરફથી આ યાદી અમને મળેલી છે જે માટે અમે એમના આભારી છીએ.

અઘટિત ઘટનાઓની ટુંક સમાલોચના:

વાતાવરણ:

ઈતિહાસની આ ટુંકી રૂપરેખાથી વાંચનાર એટલું તો જરૂર જાણી શકશે કે લોહાણા જાતિ ઉજ્જ્વળ ઇતિહાસની વારસદાર છે. જે વખતે બીજી પ્રજાઓમાં સુધારાની કે સંસ્કૃતિની ગંધ પણ નહોતી તે વખતે લોહાણાના પૂર્વજોની અતિ ઉજ્જવળ સંસ્કૃતિ આદર્શરૂપ હતી અને આજે કાળના નિરવધી વહન સાથે પણ એ પુરાતન સંસ્કારો તદ્દન લુપ્ત નથી થયા એની સાક્ષી પૂરતો ઇતિહાસ ખડો છે. જે આદર્શ ભાવના અને સંસ્કૃતિ માટે પ્રાચીનો મરી ફીટ્યા છે તેને અત્યારે પણ અખંડ રાખવાની આવશ્યકતા નથી, એમ કોણ કહી શકે તેમ છે?

ધર્મની ભાવના, જાતિનું સ્વરૂપ, પ્રતિષ્ઠાનો પાયો ને સત્યની નૈસર્ગિકતા સાચવ્યા કરવાનો, તેને જરા પણ આંચ ન આવવા દેવાનો, પ્રત્યેક સુધરેલી જાતિઓનો ખાસ ઉદ્દેશ હોવો જોઇએ. આ પ્રણાલિકામાં વિકાર થવા દીધો કે તરતજ જાતિનું ગૌરવ અને સંસ્કારનો નાશ થાય છે: ને તેટલા માટે જ પ્રાચીન સિદ્ધાન્તો અને સત્ય જાળવવા માટે પૂર્વજોએ પ્રાણુની પણ પરવા ન કરતાં અનેક ભોગો આપ્યા છે. ભાવિ પ્રગતિને ઇચ્છનાર પણ સંસ્કારી જાતિ માટે આ વસ્તુ ખાસ અગત્યની છે, એ ભૂલવું જોઇતું નથી.

ારૂં જગત્ અસ્થિર છે. હમેશાં એકજ પ્રકારની સ્થિતિ કોઇપણ જાતિની કદી ટકી મતી નથી: તેમ લોહાણા–ક્ષત્રિય પ્રજાની પણ રાજકીય પતિતાવસ્થા પ્રાપ્ત થઇ. ાં આક્રમણો થયાં ને જ્યારે વિજેતા વિધર્મીઓ તરફથી ધર્મ અને સંસ્કૃતિ ધા થવાનો સમય આવી લાગ્યો, ત્યારે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે સેંકડો ના નિવાસથી થઇ પડેલું વ્હાલું વતન–સિન્ધ છોડી આ પ્રજાનો કેટલોક સમૂહ ઠિઆવાડ, ગુજરાત અને ઉત્તર ભાગોમાં જઇ વસ્યો. તે ભિન્ન ભિન્ન સ્થળના આજે ઓળખાતા લોહાણાઓના તે કચ્છી, હાલાઈ, ઘોઘારી અને ગુજરાતી વિભાગો.

ઇતિહાસના અવલોકનથી આપે જોયું હશે કે આવા કટોકટીના દુ:ખદ સમયમાં પણ આ પ્રજા જ્યાં જ્યાં વસવા લાગી ત્યાં પણ પોતાની તેજસ્વિતા અને પ્રભાવ બતાવ્યા સિવાય રહી નથી; અને સામ્પ્રત સમયમાં પણ એ શૌર્ય અને સ્વમાનરક્ષકની સનાતન મૂર્તિઓના વંશજો વિદેશમાં વસીને પણ લાખોનાં દાન કરે, હજારોનાં જીવન નિભાવે, અને સમૃદ્ધિને શિખરે પહોંચવાના પ્રયાસો આદરી રહ્યા છે. જાતિપ્રેમ, દેશપ્રેમ, માતૃપ્રેમની અણુમોલ ભાવનાઓ તેઓના હૃદયમાં રમી રહી છે એની કોણ ના પાડી શકશે?

લોહાણા જાતિના દેશભિન્નતાના કારણે થયેલા ચાર વિભાગો—કચ્છી, હાલાઇ, ઘોઘારી ને ગુજરાતીમાં પરસ્પર ઐક્ય, અનુકંપા, પ્રેમ અને સંપનું સ્થાપન કરવાનાં પરમ ઇચ્છાએ સ્વ૦ કાનજી ઓધવજી હિંડોચાએ ભગીરથ પ્રયાસ કર્યો, જે સફળ થયો. અને ઇ. સ. ૧૯૧૦ માં આ ચારે વિભાગોની સંયુક્ત પરિષદની બેઠક મુંબઇ નગરીમાં થઇ; અને આ ઐક્યની ગાંઠથી જ્ઞાતિશ્રેયના સુંદરમાં સુંદર પ્રયત્નો થયા. જેને પ્રતાપે આજે લોહાણા જાતિ હિન્દની અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં સર્વશ્રેષ્ઠ 'સખાવતેશ્વર' તરીકે પૂરવાર થઇ છે. આજે જ્ઞાતિના મહાપુરૂષોના પૈસે ચાલતી કન્યાશાળાઓ તથા બોર્ડીંગો મળી ૪૨ વિદ્યાવર્ધક સંસ્થાઓ યાત્રીઓની આરામકુંજો-ધર્મશાળાઓ, દવાખાનાઓ આદિ અનેક જ્ઞાતિહિતનાં કાર્યો અસ્તિત્વમાં આવ્યાં છે એ સર્વ ચારે વિભાગના સંગઠન, પ્રેમ અને ઐક્યને આભારી છે.

આવી એક ઉજ્જ્વળ ઇતિહાસની વારસદાર જાતિને ઉતારી પાડવા, તેનામાં ફાટફુટ પડાવવાના, સંસ્કૃતિના નિષેધસમા, ભયંકર મશ્કરી જેવા અનિચ્છિત પ્રયાસો ક્ષુદ્ર સ્વાર્થવશ થઇને આપણા જ ભાઇઓ તરફથી, 'લોહાણા રત્નમાળા' ગ્રંથનો પ્રથમ ભાગ પ્રેસમાં છપાતો હતો અને આ ઇતિહાસ લખાતો હતો, તે દરમ્યાન કરવામાં આવ્યા છે:—તેમાં પહેલો: કચ્છી લોહાણા સદ્‌ગૃહસ્થ શ્રીમાન શેઠ રાઘવજી પુરૂષોત્તમની કાલ્પનિક અને તરંગી માન્યતાઓને આધારે બે ભણેલાગણેલા ગુજરાતી ભાઇઓ તરફથી કચ્છી લોહાણા મહાજન તરફ નિશાન ટાંકી સમગ્ર લોહાણા જાતિને બાંવઠા-બંધુઘાતક, ઇર્ષાખોર, અદેખા અને એવાંજ બીજાં હીનતાદર્શક વિશેષણોથી અપમાન કરવાનો—હલકા પાડવાનો: અને બીજો: ત્યાર પછી બે ત્રણ માસે એટલે તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૨૩ના દિને કાઠિયાવાડના રાજકોટના લોહાણા મહાજને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનથી બહિષ્કૃત થએલા કચ્છી લોહાણા મરહુમ ઠા. કેશવજી દેવકરણની રખાત ભાટિયાણીબાઇથી વ્યભિચારોત્પન્ન બાળકોને લોહાણા ઠરાવવાનો પ્રયાસ કરી, સમસ્ત કચ્છી લોહાણા મહાજનના ઠરાવની અવગણના કરવા જેવું, તેમનાં માન, પ્રતિષ્ઠા ને ગૌરવને હાની પહોંચાડનારૂં અનારસ્તાવંક પગલું ભર્યું છે ?

ઉપરાસાપરી આ અનિચ્છિત ઘટનાઓના ઉદ્‌ભવ પછી લોહાણા જ્ઞાતિના સુ: સ્વ. ખીમજીભાઇ દયાળના શબ્દોમાં કહીએ તો, "કચ્છી, હાલાઇ, ઘોઘારીરૂપ શિવ' અને વિષ્ણુસમ ત્રિપુટીમાં" અત્યારે અરસપરસ ભારે બેદિલી ફેલાયલી છે. અવિશ્વાસનો અગ્નિ ધુંધવાતો જાય છે; તેથી કેટલાંક જ્ઞાતિહિતનાં કામો ખોરંભે એકતાના અંકોડા ઢીલા પડતા જાય છે, અરસપરસ તિરસ્કારની ભયંકર ચીનગારી છે અને તેને પરિણામે આજે સર્વત્ર સ્મશાન જેવી શાંતિ જણાય છે. ' સ્મશાન શાંતિમાં નહિ દેખાતી ભયંકર તિરસ્કાર ને અવિશ્વાસની ચીનગારીઓમાંથી તોડવાનો ઉગ્ર સ્વરૂપમાં ભડકો ન થાય તે પહેલાં પરસ્પરની ગેરસમજણો અને ગ, ટળી જાય ને આપણા ચારે વિભાગોનાં તૂટેલાં દીલ પાછાં સંધાઇ જાય એ પવિત્ર હેતુ-લોહાણા-આકાશમાં બેદિલીનાં વાદળાં વિખેરી નિર્મળ વાતાવરણ સરજાવવાના પવિત્ર ભાવે આ દુઃખદ ઘટનાઓની સમાલોચના અહીં કરવાનું અમે અમારૂં ધર્મ-કર્તવ્ય સમજીએ છીએ.

હવે પ્રથમ આપણે "આપણે રઘુવંશી કે બાંવઠા?" નામક કહેવાતા ઇનામી નિબંધ વિષે પ્રથમ ટુંકમાં વિચારીએ:

આપણે રઘુવંશી કે બાંવઢા ?

સમગ્ર લોહાણા જાતિનું અપમાન કરનાર ' આપણે રઘુવંશી કે બાંવઢા ? ' નામક છનામી નિબંધ સન ૧૯૨૩ ના જૂન માસમાં લોહાણાભાઇઓના હાથમાં આવ્યો કે આખીય લોહાણા આલમમાં ખળભળાટ મચી રહ્યો. જૂદા જૂદા પ્રદેશોમાં વસ્તા ત્રણે વિભાગોના લોહાણાભાઇઓ તરફથી આ નિંદાજનક નિબંધ પ્રત્યે સખ્ત અણગમાની લાગણી પ્રદર્શિત કરવામાં આવી. કોઇ કોઇ સ્થળે 'પ્રોટેસ્ટ' જાહેર કરવા જાહેર છાપામાં ચર્ચા શરૂ થઇ.*

---

* કરાંચીમાં પ્રસિદ્ધ થતા "હિતેચ્છુ" પત્રના તા. ૨૮મી જૂન ૧૯૨૪ના અંકમાં શેઠ ભવાનજી નરશી ટોપીવાળાનું ચર્ચાપત્ર નીચે મુજબ છપાયું છે:

" શ્રી કરાંચીની સમસ્ત લોહાણાજ્ઞાતિ પ્રત્યે "
લોહાણા બાંવઢા નથી પણ રઘુવંશી છે

અહો ભાગ્યશાળી મારા જ્ઞાતિબંધુઓ !

અત્યાર સુધીની ચળવળને આપ સૌ જાણી ચુકયા હશો કે એક મુંબઇના કોઇ ધનવાને ધીંગાણું મચાવ્યું છે કે 'લોહાણાઓ રઘુવંશી નથી પણ બાંવઢા છે ' એવો લેખ લખવાને માટે પોતા તરફથી ઈનામ જાહેર કરી કોઇ સોલીસીટરને નવાજયો છે. ત્યારે તેવોજ લેખ કોઇ તેવાજ બારીસ્ટર સાહેબે પાસ કીધો છે. આવી ત્રિમૂર્તિ મુંબઇ શહેરમાં જ ઉભી થઇ. આપણી જ્ઞાતિમાં નકામો કોલાહળ દેશોદેશ કરી મૂકેલો છે. તેવો ખોટો આરોપ કોઇ એક જ માણસ પેટનો બળેલો ગામ બાળવા મેદાન પડે તે સમસ્ત લોહાણા જ્ઞાતિથી કેમજ ખમી શકાય ? તે શેઠને મુંબઇના કચ્છી મહાજન શેઠીઆઓ સાથે મતભેદ પડયો. તે વખતે માયાનો મદ પકડી ન શકાયો અને પટેલો સાથે અથડામણ થઇ. તે ગુસ્સામાં મજકુર શેઠશ્રી સમસ્ત લોહાણા જ્ઞાતિને બાંવઢા કહેવાને યાને ઠેરવવાને મેદાન પડયા છે. એણે આપણી જ્ઞાતિને કેટલી હીણપદભરી અને કલંકિત કરી મૂકી છે. જે ઠેકાણે લોહાણા જ્ઞાતિ ચોકખી રઘુવંશી જ છે અને લોહાણા સાચા શૂરવીર ક્ષત્રિય પુત્રો જ છે, અને જે ધર્મધુરધર ગૌબ્રાહ્મણ પ્રતિપાળ શ્રીરામચંદ્રજીના વંશનાજ છે, જે સાચા સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના જેવા જ છે, જે ખરા દયાળુ અને પરમાર્થી રાજા અંબરીશના જેવા જ છે તે લોહાણાને, શુદ્ધ અને ઉચ્ચ વૃત્તિવાળી લોહાણા જ્ઞાતિને રઘુવંશીને બદલે બાંવઢાથી ઓળખવી કે કલંકિત કરવી એ શું તેવા સારા શેઠીઆઓ કે ભણેલા વિદ્વાનોને લાયક છે? હરિ ! હરિ ! તે લોકોએ ઘણુંજ નિંદવા જોગ અને વખોડવા જેવું કામ કરેલું છે. તેવા ન છાજતા કાર્યને વખોડી કાઢવા માટે અને તેવા લેખને ખોટો ઠરાવવા માટે, અને તેવા બાંવઢા કલંકને ઉડાવી દેવા માટે આપણી કરાંચીની આખી જ્ઞાતિનો મેળો આપણી કોઇબી મહાજનવાડીમાં શેઠ દેવશ્રરભાઈ માગજી અથવા શેઠ ઠાકરસી રાયસીના પ્રમુખપણા નીચે ભરવો અને તેવી બાબતોને ધિક્કારરૂપ જણાવી, તેવાં ધીંગાણાંને તિરસ્કારપાત્ર ઠરાવી બાંવઢાના લેખને કચરાની ટોપલીને સ્વાધીન કરી, રઘુવંશી કુળને સત્ય ઠરાવી પોતાની જ્ઞાતિનો મોભો અને મરતબો જાળવવો અને તેવા ધીંગાણાખોરોપર પ્રોટેસ્ટ જાહેર કરવો. ઘણી દીલગીરીની વાત છે કે મહાન પ્રતાપી, પૂર્ણભાગ્યશાળી, ખરા નીતિવાન, અને અખંડ નેકટેક જાળવવાવાળા સાક્ષાત શ્રી રામચંદ્રજીના વંશને એક ન છાજતો 'ખૂની બાંવઢા'નો ઇલકાબ આપવો એ નાણાંવાળાના નખરા નહિ તો બીજું શું કહેવાય? એ માયાની મસ્તી નહિ તો બીજું શું? એને ભવાડા સિવાય બીજું શું કહેવાય ?

માટે મારા કરાંચીવાસી સમસ્ત જ્ઞાતિબન્ધુઓને પોતાનું ખરેખરૂં જ્ઞાતિઅભિમાન હોય, ખરેખરો પોતાની જ્ઞાતિ માટે પ્રેમ હોય, તેવા મારા ભાગ્યવાન સમસ્ત જ્ઞાતિ અગ્રેસરો તથા તેવા મારા વયોવૃદ્ધ જ્ઞાતિ મુરબ્બીઓ તથા મારા વિદ્વાન મિત્રો તથા મારા યુવક બન્ધુઓ કદી પણ આવી બાબતને ભૂલી ન જઇ એકદમ પોતા ઉપર આવેલું કલંક દૂર કરવા આ વિષયને તરત ઉપાડી લેશો એજ વિનંતિ

લી. સેવક
ભવાનજી નરશી ટોપીવાળા

અને તે ઉપરાંત આ કહેવાતા ઇનામી નિબંધ–નિંદાજનક નિબંધના જવાબો રૂપે બબ્બે પ્રતિવાદો પ્રકટ થયા. તેમાં પહેલો ઝરીઆનિવાસી શ્રેયકારી વિભાગના યુવક બંધુ જદુરાય દુર્લભજી ખંધડીઆએ લખ્યો; અને બીજો, 'બાંવઢા એટલે રઘુવંશી' નામક પ્રતિવાદ સુપ્રસિદ્ધ નવલકથાકાર કચ્છી લોહાણા ગૃહસ્થ ભાઇ નારાયણ વિસનજી ઠક્કુરે લખ્યો છે.

'લોહાણા બાંવઢા નથી પણ રઘુવંશી છે' નામક પ્રથમ પ્રતિવાદના લેખક ભાઇ જદુરાયે ઝરીઆ જેવા દૂર પ્રદેશમાં રહીને પણ પોતાને જે કંઇ સાધનો ઉપલબ્ધ થયાં તેનાથી વિશેષ કરીને ઇનામી નિબંધમાંની ઐતિહાસિક માન્યતા કેટલી ભ્રમમૂલક છે, તે યથાશક્તિ બતાવવા પ્રયાસ કર્યો છે અને ભાઇ નારાયણ ઠક્કુરે 'બાંવઢા એટલે રઘુવંશી' નામક પ્રતિવાદમાં નિબંધ લેખક તથા પ્રાસ્તાવિક લખનારની એકેએક દલીલોનો મુંબઇના કચ્છી લોહાણા મહાજનના દફતરની નોંધો તથા બીજાં એવાં સચોટ પ્રમાણોથી એવો તો રદીઓ આપ્યો છે કે જેને લઇને અમારી મહેનત સાવ ઓછી થઇ ગઈ છે અને તેટલા માટે અમે તો અહીં માત્ર મૂળ નિબંધ અને તેના પ્રતિવાદોની રૂપરેખા અને સંજોગોનું ટુંકમાંજ દીગ્દર્શન કરાવવું આવશ્યક માનીએ છીએ.

ઇનામી નિબંધપ્રકાશનું પ્રયોજન

શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પુરૂષોત્તમને જ્ઞાતિજનોની ઇર્ષાના કડવા અનુભવ થયા. પહેલો: ૧૯૨૦ માં એમના ભાઇ કેશવજી યુરોપના પ્રવાસેથી પાછા ફરતાં એને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું. બીજો પ્રસંગ: દેશસેવાના કારણે તિલક સ્વરાજ્ય ફંડમાં શ્રીમાન શે. રાઘવજીભાઇએ રૂા ૨૫૦૦૦) આપ્યા તેથી કેટલાક તેજોદ્વેષી ધનવાનોથી સહન થઇ શક્યું નહિ; કારણ કે બીજાઓમાં તેટલી દેશદાઝ નહોતી; ત્યાર પછી શ્રીમાન શેઠ રાઘવજીભાઇને હીણું લગાડવા ખોટા ગુલબાનો કેટલાકોએ ઉડાડયાં. તેથી વધુ ત્રીજો પ્રસંગ: શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પુરૂષોતમનાં પુત્રી મણીબેનના લગ્ન સમયે ૧૯૨૨માં બન્યો. તે એ કે પુત્રી–વત્સલ પિતાએ પુત્રી–જમાઇને કપડાં, વાસણો ફરનીચર અને આભૂષણો ઉપરાંત એક મોટરકાર અને સારી જેવી રોકડ નાણાની રકમ કાઢી આપી. તે પણ વિઘ્નસંતોષી ઇર્ષાખોરોને ન ગમ્યું. કેટલાક મુંજીઓના પેટમાં શેઠના આ કૃત્યથી તેલ રેડાયું અને તેનાજ કારણે કચ્છી લો. મહાજને ધારાધોરણો ઘડયાં. એથી વધારે લગ્ન સમયે હરિકીર્તન કરાવ્યું તેમાંય ઇર્ષા કરી અને ઇર્ષાશાસ્ત્રને આધારે નિયમ ઘડયા. ઇનામી નિબંધના પ્રાસ્તાવિક લખનાર, શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પુરૂષોતમના આશ્રિત ભાઈ જયકૃષ્ણ નાગરદાસ વર્મા ઉપલાં કારણો જણાવે છે, અને પછી જણાવે છે કે, છતાંય ગામ હોય ત્યાં ઢેઢવાડો હોયજ. તેમણે આ ઘટનાઓની દરકાર સુદ્ધાં કરી નહિ. પરંતુ એથી એમના હૃદયમાં એક શંકા જરૂર ઉદ્ભવી એ શંકા તે પ્રસ્તુત નિબંધ. એટલે કે 'લોહાણા તે રઘુવંશી કે બાંવઢા ?' એ શંકાનું નિવારણ કરવા માટે રૂા. ૫૦૦) ના ઇનામે નિબંધ માગ્યો. તેમાં વર્તમાનપત્રોને ઉત્તેજન, સંશોધનના કાર્ય તરફ લેખકોને ઉત્તેજન અને ઉત્પત્તિ સંબંધી કંઇ નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, એમ કહી પ્રાસ્તાવિક લખનારે મધુર જુઠાણાથી લોહાણાઓને હીણું લગાડવાનો ખાસ હેતુ ઢાંકવાનો પ્રયાસ કર્યો છે. પ્રાસ્તાવિક લખનાર ભાઇ વર્માએ જે

જે ઉપરનાં કારણો નિબંધ પ્રકાશનના રહસ્ય માટે દર્શાવેલાં છે તે બધાં શ્રીમાન શેઠ રાઘવજીભાઇએ માની લીધેલાં છે. એ કારણો કેવળ ભ્રમમૂલક અને તરંગી ભાવનાઓને આભારી છે અને તેથી તેમાંના અકેક કારણો ઉપર આપણે ટુંકમાં વિચાર કરીએ.

કારણોઃ

પરદેશગમન પ્રાયશ્ચિતઃ આ બાબત દરેક કોમમાં ચર્ચા અને તકરારનો વિષય છેઃ બીજી જ્ઞાતિઓ તો જ્ઞાતિ બહિષ્કાર અને પ્રાયશ્ચિતની શિક્ષા કરે છે. આવા કેટલાય ઝઘડાઓ કપોળ. ભાટિયા આદિ જ્ઞાતિઓમાં ઉપસ્થિત થયા છે. છતાં કોઇએ આજદિન સુધી તે માટે 'ઇર્ષા કરે છે' એવું માન્યું નથી અને તેટલા માટે જ્ઞાતિભાઇઓને ભાંડવાના પ્રયાસો કોઇએ નથી કર્યાઃ લોહાણા જ્ઞાતિ તો પ્રથમથીજ પરદેશગમન સંબંધમાં ભારે ઉદાર હૃદયથી કામ લે છે, એ હવે કોઇથી અજાણ્યું નથી.

તિલક સ્વરાજ્ય ફંડઃ તિલક સ્વરાજ્ય ફંડ માટે મ. ગાંધીજીને પર્સ ધરવાને કચ્છી, હાલાઇ, ઘોઘારી એ ત્રણે વિભાગની એકત્ર સભા શ્રી દરિયાસ્થાનમાં મળેલી ; તેમાં શ્રીમાન રાઘવજીભાઇ પુરૂષોત્તમના જેટલીજ રૂા. ૨૫૦૦૦) ની રકમ હાલાઇ લોહાણા સદ્‌ગૃહસ્થ શ્રીમાન શેઠ મોરારજીભાઇ કાનજીએ આપી હતી. તે ઉપરાંત કચ્છી ગૃહસ્થ શેઠ જીવરામ કોઠારીએ તે સમયે રૂ. ૧૦૦૦૦) તથા તે પછી એક લાખની ગંજાવર રકમ આપી છે ; છતાં તે ગૃહસ્થોની કોઇએ ઇર્ષા કર્યાનું હજી જણાયું નથી, છતાં શ્રીમાન શેઠ રાઘવજીભાઇએ એમ માની લીધું હોય તો તે માન્યતા પણ આથી પાયા વગરની માની શકાય છે.

દાયજાનું ધોરણ : શ્રીમાન શેઠ રાઘવજીભાઇએ પોતાની પુત્રી મણીબાઇના લગ્ન પ્રસંગે પુત્રી–જમાઇને કપડાં, વાસણો, ફરનીચર, આભૂષણો ઉપરાંત મોટરકાર અને સારી જેવી નાણાની રોકડ રકમ આપવાથી કેટલાક મુંજીઓના પેટમાં તેલ રેડાયાનો આક્ષેપ તદ્દન નિર્મૂળ છેઃ અને તેને લઇનેજ કચ્છી લોહાણા મહાજનને દીકરીના પિતાએ કેટલું આપવું તે માટે મર્યાદિત ધારાધોરણ ઘડવાં પડયાં એ વાત પણ માત્ર ઉપજાવી કાઢેલી–માની લીધેલી છે.

જ્ઞાતિ એ એક કુટુંબ અથવા મંડળી જેવી સંસ્થા છે. તે સામ્યતાના ધોરણપર રચાયલી છે. તેમાં દરેક જ્ઞાતિબંધુને, પછી તે તવંગર હો કે ગરીબ હો, રાય હો કે રંક હો, સર્વના સરખાજ હકક છે. શ્રીમંતોની અઢળક લક્ષ્મીના કારણે જાહેરમાં હદ વગરનો દાયજો પુત્રીના લગ્નમાં આપે તો બીજા ગરીબ ભાઇઓ દેખાદેખીથી પોતાની પુત્રી પરણાવવામાં દાયજો આપવામાંજ પાયમાલ થઇ જાય. આ નિરંકુશતા અટકાવવા ગરીબ, મધ્યમ સ્થિતિના જ્ઞાતિભાઇઓના લાભાર્થે તેમાં ચોક્કસ કાપકૂપ કરવાનો મહાજન ધારો ઘડે તો તેમાં ઇર્ષા કેમ માની શકાય ? વળી આ ધારાધોરણ ઘડનાર કમિટી કાંઇ બ્હેન મણીબાઇના લગ્ન પછીજ નિમાઇ નહોતી પણ તે સંવત ૧૯૭૧ માં નીમાઇ હતી.

વળી પુત્રીવાત્સલ્ય પિતા પોતાનાં પુત્રી–જમાઇને પોતાની અઢળક સંપત્તિ ખાનગીમાં આપી દે તો તેમાં જ્ઞાતિને શું છે ? જ્ઞાતિ તો માત્ર પોતાના ગરીબ, મધ્યમ-સ્થિતિના ભાઇઓના રક્ષણાર્થે જાહેરમાં દેખાવ કરવાની જ અમુક હદ બાંધે છે. તો તેમાં ઇર્ષાની ગંધ પણ કયાં છે ? આવાં બંધારણો તો અનેક સ્થળનાં મહાજનોમાં થયેલાં છે.

હરિકીર્તનઃ આમાં ધાર્મિકભાવ છે અને તે ધાર્મિક રીતિએ જ થવું જોઇએ. હરિકીર્તનના નામે ધર્મનો વિચ્છેદ થાય તેવાં આચરણ માલુમ પડે તો મહાજન તેને અંગે ચોક્કસ સ્થિતિ સ્પષ્ટ કરે તેમાં ખોટું શું ?

ટુંકામાં એટલુંજ કે શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પુરૂષોત્તમની 'ઇર્ષા'ની માન્યતાઓ સત્ય નહોતી. ખાનદાન માણસના પેટમાં કેટલીય આવી બાબતો ભરેલી હોય છે છતાં તેઓ હોઠ સરખો પણ ફફડાવતા નથી. તો શ્રીમાન શેઠ રાઘવજીભાઈ જેવા બહુવિધ વ્યાપાર-પરાયણ પુરૂષ આવી ક્ષુલ્લક માન્યતાઓને ગંભીર રૂપ આપી, જે પ્રાચીન પવિત્ર જાતના તેઓ શ્રીમાન પોતે છે તે જ જાતિને હલકી, બંધુઘાતક અને એવાંજ બીજાં હીનતાદર્શક ઉપનામોથી નવાજવાનું કેમ સૂઝયું ?× એ જ અમને તો અજાયબી લાગે છે.

'સંશોધનના કાર્ય તરફ લેખકોને પ્રોત્સાહન અને ઉત્પત્તિ સંબંધી નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની આશા' એ વકીલ બારિસ્ટરોની શબ્દજાળ હતી, એ હવે સર્વથી સમજાઇ ગયું છે. અને આ કહેવાતો ઇનામી નિબંધ બહાર પડ્યા પછી ચોતરફથી તેનો થયેલો તિરસ્કારઃ એ જોયા પછી એ આશા કેટલી પૂરી થઇ છે તે પ્રસ્તાવના લખનાર ભાઇ બરાબર સમજી ગયા હશે.

પરીક્ષક કમિટીઃ

નિબંધોઃ બધા મળીને ૨૮ મળ્યા. તેમાં સર્વોત્તમ તરીકે ભાઇ હીરાલાલ હરજીવનદાસ ગણાત્રાનો નિબંધ પરીક્ષામાં પાસ થયો.

આ 'ઘરના ભૂવા ને ઘરના જાગરીયા' જેવો ખેલ, હવે લોહાણા ભાઇઓ ન સમજી શકે તેવા મૂર્ખા નથી. આ બધાં કારણો અને બધી બાબતોનાં જૂઠાણાં, કહેવાતા ઇનામી નિબંધના થયેલા બન્ને પ્રતિવાદોમાં ખુલ્લાં થઇ ગયાં છે. એટલે વધુ જાણવા ઉત્સુક ભાઇબ્હેનોએ તે રા. જદુરાય કૃત 'લોહાણા બાંવઠા નથી પણ રઘુવંશી છે' તથા 'બાંવઠા એટલે રઘુવંશી'એ ભાઇ નારાયણ ઠક્કુર કૃત પ્રતિવાદો મંગાવીને વાંચી લેવા વિનંતિ છે. અને તે બન્ને પ્રતિવાદો અમારી પાસેથી પણ આ ઇતિહાસ ખરીદનારને હશે ત્યાં સુધી અરધી કીંમતે મળી શકશે એટલે અહીં હવે તે ચુથેલ બાબતોપર વધુ ચુંથણાં કરી અગત્યની જગ્યા અમે રોકવા નથી ઇચ્છતા.

અમારો હેતુઃ

અહીં કોઇ ભાઇ પ્રશ્ન કરશે કે ભાઇ ! જ્યારે આ ઘૃણિત ઇનામી નિબંધના બન્ને પ્રતિવાદો લખાઇ બહાર પડી ગયા તો પછી હવે તે વાસી ધાનને વાગોળવાની અહીં જરૂર જ શી છે ? આ પ્રશ્ન સાવ સ્વાભાવિક છે, પણ તેનો ઉત્તર એ છે કે (૧) એ ત્રણ વર્ષમાં એક પછી એક ઉદ્દભવેલી દુઃખદ ઘટનાઓએ અત્યારે લોહાણા જ્ઞાતિમાં ભારે શિથિલતા આણી છે. કચ્છી, હાલાઇ, ઘોઘારીઃ એ ત્રિભાગોમાં અરસપરસના અવિશ્વાસે થયેલા

× મુંબઇના શ્રીમંતોના સહવાસમા આવતા ભાઇઓ એ જાણતા હશે કે મુબઇના શ્રીમંતો વિશેષ કરીને બહુવિધ વ્યાપારપરાયણ હોય છે. તે એટલે સુધી કે કેટલાકોને તો વ્યાપાર સિવાય અન્ય વિચાર સરખો કરવાનો અવકાશ નથીઃ એટલુંજ નહિ પણ વ્યાપારી જીવનમાં તેઓને પોતાના ગૃહજીવન તરફ પણ પૂરતું લક્ષ આપવાની નવરાશ હોતી નથી. શ્રીમાન શેઠ રાઘવજી પુરૂષોત્તમ તો વળી બહુવિધ વ્યાપારપરાયણ છે, નિબંધના પ્રાસ્તાવિક લખનારે જણાવેલી ક્ષુલ્લક બાબતો માટે તેઓશ્રીવિચાર કરવાનો અવકાશ મેળવે, અને તેઓને શંકા ઉદ્દભવે ને પાંચસો રૂપિયાના ભોગે નિંદાજનક નિબંધ લખાવવાનો વિચાર કરે, એ પ્રાસ્તાવિક વિવેચનકારની વાતમાંય શંકા ઉદ્ભવે છે. કદાચને ભાઇ વર્મા જેવા શ્રીમાન શેઠના કોઇ પ્રાઇવેટ સેક્રેટરીના ફળદ્રુપ ભેજામાંથી આ કલ્પનાઓ સરી પડી હોય ને એક પંથ ને દો કાજ સાધવા શેઠને ગંદી સલાહ આપી હોય એ બનવાજોગ નથી શું?.

અગર જો એ શંકા સત્ય હોય તો શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પોતાના એ સલાહકાર માટે અત્યારે શું માનતા હશે, એ વિચારજ કંપાવે છે. લેખકઃ

ઉંચા મનથી ઐક્ય તૂટી જવાની અણી ઉપર છે: તેથી અરસ્પરસની ગેરસમજુતીઓ ટળીને ફરી ભાતૃપ્રેમ પ્રદિપ્ત થાય એ હેતુથી જ અમે એ ઘટનાઓનો ટુંક ઉલ્લેખ કરવા પ્રેરાયા છીએ;- અને બીજું, જેમ આ ઇનામી નિબંધકારની, રૂા. ૫૦૦) મેળવવાના ક્ષુદ્ર લોભમાં વિકારી બનેલી આંખોએ કચ્છી મહાજન સાથે આખી લોહાણા જાતિને બંધુઘાતક, ઈર્ષાખોર ઠરાવી ભયંકર અપમાન કર્યું છે, તે જ પ્રમાણે ભાઇ નારાયણ ઠકકુરે આ નિંદાજનક ઇનામી નિબંધમાંની પોકળ દલીલોનો પ્રમાણો સહિત જડબાતોડ જવાબ આપવા સાથે, પોતે જીંદગીનો લગભગ બધો ભાગ સિંધ, મુંબઇ, કાઠિયાવાડ ને ગુજરાતમાં ગુજારેલો હોવા છતાં કચ્છી તરફના આવેશમાં કચ્છી લોહાણા ઉપપતિથી ઉત્પન્ન કરેલાં એક ભાટીયાણી બાઇનાં બાળકોને લોહાણા ઠરાવવાના રાજકોટ મહાજનનાં અવાસ્તવિક પગલાંને તથા એવાજ અન્ય પ્રસંગોને લીધે હૃદયની જ્વાળાઓ કાઢી છે તેની પણ તપાસ કરવી ઘટે છે.

આ રીતે મૂળ નિબંધ, પ્રથમ પ્રતિવાદ,- બીજો પ્રતિવાદ: આ સર્વની હકીકતોનો લોહાણા જનતાને પરિચય કરાવવાની આવશ્યકતા હોવાથી હવે પહેલાં ઇનામી નિબંધ તથા તેની પ્રસ્તાવના લખનાર ભાઇ ગણાત્રા વર્મા કું.ની થોડીક ઓળખાણ અહીં કરાવવાની આવશ્યકતા છે.

ઓળખાણ.

ઇનામી નિબંધના લેખક ભાઇ હીરાલાલ હરજીવન ગણાત્રા તથા પ્રાસ્તાવિક લખનાર ભાઇ જયકૃષ્ણ નાગરદાસ વર્મા બન્ને ગુજરાતના વતની છે. સાંસારિક સંબંધે પરસ્પર સાઢુ ભાઇઓ છે. બન્ને મિત્રો છે: મુંબઇમાં લગભગ સાથે—પાસેપાસે જ રહેછે: બન્નેએ ઉંચી કેળવણી, ધી નારાયણજી ઇમજી તથા ભૂલચંદ મેઘજી હાયર એજ્યુકેશન બોર્ડીંગમાં રહીને લીધેલી છે. ત્યાર પછી ભાઇ જયકૃષ્ણ વર્મા શ્રીમાન શેઠ રાઘવજીભાઇ પુરૂષોતમને પૈસે બારિસ્ટર થવા વિલાયત ગયા: અને વિલાયતથી આવી શ્રીમાન શેઠજીને ત્યાં, કહે છે કે, મીલ ખાતામાં નોકરી રહ્યા: તે સમય દરમ્યાન ઇનામી નિબંધ લેખક ભાઇ હીરાલાલ ગણાત્રા સોલિસીટર થયા.

બન્નેજણા એક રીતે તો કચ્છી મહાપુરૂષોના નામે ચાલતી અને ફંડમાં કચ્છીભાઇઓના બહુ મોટ. ફાળાથી સ્થપાયેલ ઊંચી કેળવણીની સંસ્થાના પહેલા આભારી છે. પણ તે ઉપકારની અસર જરાય આ બન્ને ભાઈઓમાં રહી હોય તેવું માની શકાતું નથી.

પ્રાસ્તાવિક લખનારે પોતાના આશ્રયદાતાને સારૂં લગાડવા તથા લેખક, પ્રકાશક તરફના પક્ષપાતથી× પ્રેરાઇને નિર્મૂળ માન્યતાઓ ઉપર ઇમારત ચણી સમગ્ર લોહાણા જાતિને હલકી પાડવાના નિંદ્ય પ્રયાસો કરી પોતાના પેટમાંનું ઝેર ઓકી કાઢ્યું છે અને ચોતરફથી તિરસ્કારાયલો એ નિબંધ ઇરાદાપૂર્વક નિંદા કરનારો પૂરવાર થયો છે અને તે સાથે જો સમજો તો શેઠ રાઘવજીભાઇને પણ લોહાણાજનતા સામે બહુ વિચિત્ર સ્થિતિમાં મૂકી દીધા છે.

× મંગળાચરણમાંજ પક્ષપાતી હોવાની કબુલાત અપાયલી છે: જુઓ ઇનામી નિબંધ પાનું. ૧

નિબંધ લખનારે માત્ર રૂપરડી પાંચસો મેળવવા ખાતર 'આપણે લોહાણા રઘુવંશી કે આંવઠા યાને લોહાણાઓની ઉત્પત્તિ અને પ્રભવસ્થાન' આવું મોટું મોટું, ઉત્પત્તિ અને પ્રભવસ્થાનનું મોહક નામ આપ્યું છે. આ મોટા મોહક નામવાળો નિબંધ બહાર પડયા પછી બેઉ બાજુએ હાથ લગાડેલા ઘડીઆળ પ્રમાણે આ બન્ને નિબંધ લેખક તથા પ્રાસ્તાવિક લેખક ભાઇઓનાં અંતર અને મગજનાં ચક્રો લોહાણાભાઇઓને ખુલ્લાં દેખાવા માંડયાં.

'અમારા મંતવ્યને લોકો સત્ય માનશે. અમારાથી વળી બીજો કોણ લોહાણાઓમાં વધારે વિદ્વાન છે કે જવાબ આપી શકે?' આવી ભાવનાઓ આ ભાઇઓએ રાખી હોય તો તે નિંદાજનક નિબંધના થયેલા બબ્બે પ્રતિવાદોથી તેઓએ અસત્યમાં ગોથાં ખાધાં હતાં એ હવે જાણવામાં આવી ગયું હશે. તેઓએ ભાગ્યેજ ધારણા રાખી હશે કે તેના પ્રતિવાદ કરનારા પણ બહાર આવશે. અન્ય જ્ઞાતિના કોઇ પ્રતિસ્પર્ધીઓ કે જેનાથી લોહાણાઓનાં શૌર્ય તેજ સહન ન થઇ શકે તેથી, અગર તો લોહાણાઓની હરિફાઇમાં ન ફાવી શકે તેથી તેઓ લોહાણાઓને ગમે તે ઉપનામથી પેટ બળતાં સંબોધે તેમાં અમને વધુ કંઇ લાગે નહિ; પણ ગુજરાતમાં જન્મી, વીરતાને વિદાય કરી, જે જ્ઞાતિમાં પોતે જન્મ લીધો છે, જે જ્ઞાતિમાં પોતે બાળપણથી ઉછરીને મોટા થયા છે, જે જ્ઞાતિ સાથે જન્મથી મરણ સુધી અભેદ સંબંધ સરજાયો છે, જે જ્ઞાતિ સાથે પોતાના જીવનના નાના મોટા પ્રસંગો જોડાયલા છે, જે જ્ઞાતિમાં પોતાના દેવતુલ્ય વડવાઓ રહેતા આવ્યા છે ને પોતે રહે છે અને પોતાનાં ભાવી સંતાનો રહેશે, જે જ્ઞાતિને લીધે પોતે અનેક સાંસારિક અને સામાજિક લાભો મેળવ્યા છે, જે જ્ઞાતિમાં દેવ દુર્લભ પોતાનાં સમાંવ્હાલાં સ્નેહી સંબંધીઓ રહે છે, જે જ્ઞાતિની પ્રગતિમાં પોતાની ને વ્હાલાં વ્યક્તિઓની ઉન્નતિ અંતર્ગત રહેલી છે અને જે જ્ઞાતિમાં જીવનના અનેરા લ્હાવા લૂંટવાના છે, તે જ્ઞાતિનું હિત સધાય, તેની ઉન્નતિ થાય, દુનિયામાં યશસ્વી નીવડે એવી રીતે પોતાની વિદ્યાનો સદુપયોગ કરવાને બદલે આ નિબંધ લેખક તથા પ્રાસ્તાવિક લખનાર બન્ને ભાઇઓએ માત્ર પાંચસો રૂપિયાને લોભવશ થઇ તથા પક્ષપાતને કારણે લોહાણાજાતિને ભાંડવામાં પોતાની વિદ્યાનો કારણ દુરૂપયોગ કરવાથી કોઇ પણ જાત્યાભિમાની ભાઇ બ્હેનને દુઃખ થયા વગર નહિ રહેશે. કેટલાક ઘરડેરાઓને કેટલીયવાર કહેતા સાંભળ્યા છે: "કે આજકાલના ભણેલાઓ જ્ઞાતિને ભારરૂપ છે" તે આવા દાખલાઓમાં તો સત્ય ઠરે છે. "પોતાના જ દોષથી વીંટાયલા મનવાળા મનુષ્યને અતિશય સુંદર વસ્તુ હોય તો તે પણ દોષવાળી દેખાય છે!" એ લોકોક્તિનું આ ઉદાહરણ છે. વિકાર અને સ્વાર્થ ભરેલા હૃદયની વાતો આજે લોહાણા બંધુઓ ન સમજી શકે એવા નાદાન હવે નથી રહ્યા. ટુંકમાં આ ઇનામી નિબંધ લોહાણા પ્રજાવાદની કોઇ ભયંકર મશ્કરી જેવો, તેની સંસ્કૃતિના નિષેધ સમો છે અને તે તેના લખકોની વ્યવહાર–દક્ષતાની સાફ નાદારી પ્રદર્શિત કરે છે. હવે આપણે ભાઇ નારાયણ ઠક્કુર 'લોહાણા હિતેચ્છુ' પત્રના અધિપતિ ભાઇ લાલજી નાગજી ગણાત્રાને આ નિંદાજનક ઇનામી નિબંધરૂપ 'જાતિદ્રોહ' નાટકમાં પ્રકાશક, લેખક અને પ્રાસ્તાવિક લેખકઃ એ ત્રણે વ્યક્તિઓના અપ્રકુત Herald ની પદવી આપે છે, તે 'લોહાણા હિતેચ્છુ' પત્રની આ બાબતમાં પ્રારંભથી કેવી વલણ છે તે જોઇએ:

'લોહાણા હિતેચ્છુ'ની વલણ:

ઇનામી નિબંધની પરીક્ષક કમિટિ અને સંદરહું નિંદાજનક નિબંધ સર્વોત્તમ કેમ ગણાયો અને તેમાં 'મોસાળે વિવાહ ને મા પીરસણે' જેવી નીતિનો આશ્રય કેવી રીતે લેવાયો હતો, એ આપણે અગાઉ જોયું. અને નિબંધ લેખક ભાઇ હીરાલાલ ગણાત્રાને પણ પોતાના નિબંધની સફળતા માટે પહેલેથીજ સોએ સો ટકા ખાત્રી હતી. અને મુંબઇમાં તેઓએ ઘેરઘેર કહી બતાવેલી. (જુઓ : જદુરાયકૃત નિબંધ પાના ૩૦) એ પણ એ કથનની સાક્ષી પૂરે છે ; છતાં તે નિબંધ માટે હરિફાઇમાં ઇનામ ખાટી જનાર ભાઇ હીરાલાલ ગણાત્રાને અભિનંદનની વર્ષા કરનાર પોતાના ઉપતંત્રી પદ નીચે પ્રગટ થતું 'લોહાણા હિતેચ્છુ' પત્ર:

ત્યાર પછી જેવી રીતે લડાઇના સમયમાં સંદેશો લઇ જનાર અગ્રદૂત સૈન્યથી આગળ જઇને પહેલાં યુદ્ધ જાહેર કરી દે છે તેવી રીતે ભાઇ જયકૃષ્ણ વર્માના આ ઇનામી નિબંધમાંના નિંદ્ય પ્રાસ્તાવિકને પ્રિયાના પ્રથમ મિલનની રાત્રી જેટલા ઉત્સુક તેમના ગ્રાહકોનું દબાણ બહુ વધી જવાનું કારણ દર્શાવીને તે ઘૃણિત પ્રાસ્તાવિકને તા. ૨૧ તથા તા, ૨૮ જૂન ૧૯૨૩ના અંકોમાં દાખલ કરી દે છે. સંદરહુ પ્રાસ્તાવિક 'હિતેચ્છુ'ના અધિપતિ ભાઇ લાલજી નાગજી ગણાત્રાને માનનીય, મનનીય, અને માર્ગદર્શક જણાયો છે. અને જ્યારે આ પ્રસ્તાવનામાંના નિંદ્ય લખાણથી સારી લોહાણા આલમમાં ખળભળાટ મચી રહેલો જોવાય છે ત્યારે તા. ૩૦મી ઓગસ્ટ ૧૯૨૩ ના અંકમાં 'હિતેચ્છુ'ના અધિપતિને આ પ્રમાણે ખુલાસો કરી પોતાની કોર મરડવી પડે છે.

"અમારા ગત અંકો ૪૫-૪૬ માં જે લોહાણા રઘુવંશી કે બાંવઠા એ નિબંધની પ્રસ્તાવના રા. રા. જયકૃષ્ણ વર્માની છપાણી છે તેમાં દર્શાવેલા અભિપ્રાયો લેખકના પોતાના જ છે. તે લખાણ સાથે અમારે કાંઇ લેવાદેવા નથી. જેવી રીતે બીજા ચર્ચાપત્રો તથા લેખોને સ્થાન આપીએ છીએ તેવીજ રીતે આ પ્રસ્તાવનાને સ્થાન આપેલ છે."

પોતાના પત્રમાં પ્રસ્તાવિક માટે બે અંકોમાં કોલમો રોકનાર અને જવાબદાર તંત્રી તરીકે કચ્છીઓને નીચ ગાળીપ્રદાન કરતા લેખને પોતાની સહાનુભૂતિ આપ્યા બાદ પોતાની જવાબદારીમાંથી ખસી જનાર હિતેચ્છુકારની આવી નીતિ માટે આપણે શું વિચારવું તેની તુલના વાંચનારે પોતે કરી લેવી. પણ હવે લોહાણા જ્ઞાતિ આવા બચાવને વેદવાક્ય સ્વીકારી લે એટલી બધી અજ્ઞાન નથી રહી એજ મોટું દુઃખ છે ને ?

જૂન ૧૯૨૩માં આ નિંદાજનક નિબંધ પ્રગટ થાય છે. અને તા. ૧૨મી જુલાઇ ૧૯૨૩ના 'લોહાણા હિતેચ્છુ'ના અંકમાં 'લોહાણાઓનું ઉત્પત્તિસ્થાન' શીર્ષક નીચેના અગ્રલેખમાં આ નિંદાજનક નિબંધમાંના ઐતિહાસિક તત્વના વખાણ કરતાં શ્રીયુત અધિપતિ લખે છે કે :

"અત્યાર સુધીમાં 'લોહાણા જ્ઞાતિની ઉત્પત્તિ અને ઇતિહાસ' એ નામની શ્રીયુત હરજીવનજી તુલસીદાસ ઠક્કરે લખેલી ચોપડીએ અગ્રસ્થાન ભોગવ્યું હતું, એ ચોપડીમાં આપણી જ્ઞાતિના સંબંધમાં મળી આવતી હકીકતોનો સંગ્રહ ઠીક કર્યો છે પરંતુ તેના કરતાં આ પુસ્તક આપણને વધારે આગળ લઈ જાય છે અને આપણી જ્ઞાતિ વિષે શોધખોળની નવીન દિશાઓ બતાવે છે એ નિર્વિવાદ છે."

૧૦

'હિતેચ્છુ'ના અધિપતિના મગજમાં ભરેલા તાજુબીઓનો ખજાનો અહીં સાવ ખાલી કરી નાંખ્યો જ ને?! શ્રી. ઉદ્ધવજી રચિત ઇતિહાસ કરતાં પણ તેને આ સમગ્ર લોહાણા જ્ઞાતિને ભાંડનારો નિબંધ 'ક્યાંય આગળ લઇ જાય છે'! પક્ષાપક્ષીની પરંપરા તે આનું નામ!

વર્તમાનપત્ર એ પ્રજાજીવનના વિકાસનું અંગ છે. વર્તમાનપત્ર પ્રજાને કલ્યાણકારક છે પણ જો એમાં સચ્ચાઇને બદલે પક્ષપાત રહે તો તે નુકશાન કરે છે.

વર્તમાનપત્રનો ઉપયોગ એક પવિત્ર સાધન, શક્તિ અને સેવાકાર્ય તરીકે થવો જોઇએ. તેનું તંત્ર ન્યાય અને નીતિના ધોરણે ચલાવવું જોઇએ. હાથમાં પત્રનું શસ્ત્ર આવ્યું એટલે ફાવે તેની સામે ને ગમે તેવી રીતે તો તે ન જ ફેંકાય. કાગળ ને કલમ પર કાબુ મેળવ્યો હોય તેથી છબરડા તો નજ વળાય. એ વર્તમાનપત્રકારની જવાબદારીઓ અને ગંભીર ફરજો હિતેચ્છુના અધિપતિ જાણતા હોય એવું આજ દિન સુધીનાં તેમનાં લખાણોથી જણાઇ આવ્યું નથી.

જ્યારે આ ઇનામી નિબંધ બહાર પડે છે અને સમગ્ર લોહાણા જ્ઞાતિમાં ખળભળાટ મચેલો જુએ છે ત્યારે શું જ્ઞાતિના જુદા જુદા આગેવાનોને મળી તેના અભિપ્રાયો જાણવાની તસ્દી લેવાની 'હિતેચ્છુકાર'ની ફરજ નહોતી?

વાદવિવાદના આ ગંભીર પ્રસંગે એક પત્રકારની ફરજ તેઓ સમજ્યા હોત તો જરૂર આ નિંદાજનક નિબંધના ગુણદોષ દર્શાવવાનો પ્રયાસ કર્યો હોત, પણ તેમ તેઓશ્રીએ ન કરતાં ઉલટું પ્રાસ્તાવિક તથા નિબંધને માનનીય, મનનીય અને માર્ગદર્શક જણાવી તેની ભારોભાર પ્રશંસા કરી છે. એ બતાવી આપે છે કે: 'હિતેચ્છુ'ના માલિકની આમાં પૂર્ણ સંમતિ છે; અર્થાત્ લોહાણાઓને માટે તેમાં જે જે હીણું લગાડનારા આક્ષેપો કર્યા છે તે બધા તેમને વાસ્તવિક લાગે છે.

ભાઇ નારાયણ ઠક્કુરનો 'બાંવઢા એટલે રઘુવંશી' નામક આ નિંદાજનક ઇનામી નિબંધનો પ્રતિવાદ પ્રગટ થયા પછી 'હિતેચ્છુકારે' તા. ૧૯–૨૬ જુન અને ૩ જી જુલાઇ ૧૯૨૪ના 'હિતેચ્છુ'ના અંકોમાં પોતાનો, નિબંધલેખકનો અને સાથે કંઇક પ્રસ્તાવના લખનાર ઉપરના આક્ષેપોનો તદ્દન લૂલો, ડુબતો માણસ તણખલાને પકડે તેવો બચાવ કરે છે અને પોતે પ્રાસ્તાવિક તથા નિબંધ લેખકો સાથે સહમત છે એમ સ્પષ્ટ રીતે દર્શાવતા હોય એમ જણાય છે.

ટીટોડો જેમ આકાશ સામા પગ રાખી આકાશનો તમામ ભાર પોતે ઝીલે છે એમ માને છે, તેના જેવું મિથ્યાભિમાન જો કોઇ રાખવા તૈયાર થાય અને સ્વાર્થસિદ્ધુ બૃહસ્પતિઓ પરસ્પરના વખાણ તથા બડાઇઓની લ્હાણી કરતા હોય તો તેવાઓની કિમ્મત હવે લોહાણા પ્રજામાં કાણી કોડીની પણ રહી નથી.

લોહાણા પ્રજાને ભાંડનારી, તેને વગોવવાની આ વર્ણિત ઘટનામાં 'હિતેચ્છુકારે' એક પત્રકાર તરિકેની પવિત્ર ફરજને વેગળી મૂકી, લોહાણાઓનું હિત કરવાને બદલે અહિત કર-

વાનો ભાગ ભજવ્યો છે એમ લોકો માને તો તેમાં જરા પણ નવાઈ નથી. પણ કચ્છી લોહાણા મહાજનથી બહિષ્કૃત થયેલા મરહુમ કચ્છી લોહાણા ડા. કેશવજી દેવકરણની ર-ખાત ભાટિયાણી બાઇના બાળકોને રાજકોટ મહાજનને નામે લોહાણા ઠરાવવાની અધોગતિએ પહોંચાડનારી અઘટિત ઘટનામાં આ 'હિતેચ્છુકાર' લાલજીભાઈએ કેવી લીલા ભજવી છે તે તો આપણે હવે પછી જોઈશું.

અમે તો એટલું કહીશું કે દર્દમાં ઘેરાયલા આજારીને ઔષધ અને હિતાવહ શિખામણ અળખામણાં લાગે છે. એના ફેફસામાં પેસી ગયેલ સડા ને ક્ષયને તે વિઘાતક સાધનોથી પોષ્યે જાય છે. આવીજ દશામાં આજે "લોહાણા હિતેચ્છુ" પસાર થાય છે. એમ હવે લોહાણાજનતા માને તો તેમાં આશ્ચર્ય જેવું શું છે ?

હવે આપણે આ નિંદાજનક છનામી નિબંધનો પ્રથમ પ્રતિવાદ ઝરીઆનિવાસી રા. જદુરાય દુર્લભજી ખંધડીઆએ લખ્યો અને શ્રી ઝરીઆ સમસ્ત લોહાણા મહાજનની આજ્ઞાથી તેના સેક્રેટરી, બિહાર અને ઓરીસા જીલ્લાના ઓનરરી મેજીસ્ટ્રેટ, ધોર ઝરીઆ કોલીયરીના ભાગીદાર શ્રીમાન શેઠ દેવજીભાઈ દયાળજી ઠક્કરે પ્રગટ કર્યો છે તેના તરફ નજર કરીએ.

'લોહાણા મૂળ રઘુવંશી છે, બાંવઢા નથી'

આ પ્રતિવાદનો ઉપોદ્‌ઘાત મુંબઈનિવાસી કચ્છી લોહાણા ગૃહસ્થ શ્રીયુત દેવજીભાઈ ત્રીકમદાસ કારીઆ બી. એ. એલ એલ. બી., હાઈકોર્ટ વકીલે લખ્યો છે, તે અવસ્ય વાંચવા લાયક છે: ભાઈ જદુરાયે અવલોકનને જન્મ આપનાર કારણો, મૂળ નિબંધનું કથન અને ત્રણ પ્રકરણોમાં અનુક્રમે સામાન્ય અવલોકન, 'બાંવઢા' અપમાન અવલોકન, ઇતિહાસ અવલોકન: પોતાને જે કંઈ સાધનો ઉપલબ્ધ થયાં તેનાથી યથાશક્ય પ્રયાસ કર્યો દિસી આવે છે. છેલ્લે ઉપસંહાર અને વિદ્વાનોના નિંદાજનક નિબંધ વિષેના અભિપ્રાયો આપ્યા છે.

લેખક ઝરીઆ જેવા દુર પ્રદેશમાં રહે છે. તેટલા આઘેથી તેને જોઈએ તેવાં સાધનો ન મળી શકે એ સ્વાભાવિક છે, અને તેથી મુખ્ય ભાગે તો ભાઈ જદુરાયે; જે શ્રીયુત ઉદ્ધવજી તુલસીદાસકૃત 'લોહાણા જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ' નામક પુસ્તકમાંથી નિંદાજનક ઇનામી નિબંધના લખનારે લોહાણા જાતિને હલકા દર્શાવવાના સમર્થનમાં વિદેશી લેખકોનાં ટાંચણોની વિશેષ કરીને નોંધ લીધી છે તેજ પુસ્તકના આધારે તેનું ખંડન કર્યું છે. સામસામા માત્ર મુદ્દાઓ મૂકી જુઠાણાની સરખામણી કરે એવી કંઇક ગુંચવાડા ભરી પણ વિચારપૂર્વકની સંકલના આ પ્રતિવાદની કરાયલી હોવાથી અને પુસ્તક મોટું થઇ જાય એ ભયથી મુદ્દાઓના સમર્થનમાં વિસ્તારપૂર્વક દલીલોની ગેરહાજરીથી સામાન્ય માણસને તેમાં રસ ન પડે : અગર તો તે જોઇએ તેવું ન સમજી શકે એવું જણાય છે. તો પણ એટલે દુર રહીને પણ તેણે ઉકળતા અંતઃકરણે જે મહેનત લીધી છે તેની કિમ્મત આપણે ઓછી તો નથીજ આંકી શકતા.

હવે એક બીજી વાત.

ભાઇ જદુરાયે આ પ્રતિવાદની પ્રસ્તાવનામાં પોતે અગાઉ કોન્ફરન્સ ફંડની બાબતમાં 'લોહાણા હિતેચ્છુ' માં સુચના કરી હશે તેનો પ્રત્યુત્તર કચ્છી લોહાણાબંધુ શ્રીયુત પ્રેમજી

પેરાજ રૂપારેલે ' કચ્છીમાં કુસંપ નથી ' એવો આપ્યો હશે. તે બાબતને આગળ ધરી આ નિંદાજનક ઇનામી નિબંધ બહાર પડયા પછી ' કુસંપ ' હોવાનો પુરાવો આપે છે; અને પછી આખી જ્ઞાતિને અપમાનની શિક્ષા કરનાર ઇનામી નિબંધ બહાર પડે છે ત્યારે રૂપારેલ, ધારસિંહભાઇ ને ૧૮ જણની કચ્છી કમિટી ક્યાં સંતાઇ ગઇ? 'શું' તેઓ આ આરોપો ઓઢી લેવા માગે છે?' આમ લખી કચ્છી ભાઇઓને ચાનક ચડાવવા ઇચ્છે છેઃ પ્રતિવાદમાં ભાઇ જદુરાયે આ એક અપ્રાસંગિક તત્વને દાખલ કરવામાં કંઇક ભૂલ કરી છે એમ કહેવું જોઇએ. જે પ્રતિવાદને વ્યક્તિત્વ સાથે કશોય સંબંધ નથી ત્યાં પ્રેમજી પેરાજ રૂપારેલનું, 'કુસંપ નથી' એ કથન ખોટું હતું. એ બાબત આગળ ધરી વ્યક્તિનું નામ સંડોવવાની જરૂર નહોતી. લેખક ભાઇ જદુરાય નિંદાજનક નિબંધમાંના ગાલી પ્રદાનથી ચીડવાઇ ગયા હોય ને કચ્છીભાઇઓને શૂર ચડાવવા માંગવાનો તેનો ઇરાદો હોય તોય તે ઇરાદો બીજી રીતે પણ ઠીક રીતે જાહેર કરી શકાત. ભાઇ જદુરાયને અમારે અંગત પિછાન છે. તેના હૃદયની ભાવનાઓને અમે ઉકેલી શક્યા છીએ અને અમારાપરના એક પત્રમાં પણ તેઓશ્રી લખે છે કે: આમ લખવામાં મારો હેતુ કચ્છી લોહાણા બંધુઓ છાનામાના બેસી ન રહે પણ અપમાનિત નિબંધના તેવાજ જવાબ માટે જોરશોરથી સત્વર ઘટિત પ્રયાસો આદરે ' એવી ચાનક ચઢાવવાનો પવિત્ર હતો ' અને અમે તે માન્ય કરીએ છીએ. તો પણ ભાઇ ઠક્કુર પોતાના પ્રતિવાદના આ ઉપોદ્‌ઘાતમાં સાફ જણાવે છે કે: ભાઇ જદુરાયે પોતાનો પ્રતિવાદ બહાર પાડયો તે પહેલાં તેમની વચ્ચે પત્રવ્યવહાર થયો હતો અને તેમાં ભાઇ ઠક્કુરે ભાઇ જદુરાયને જણાવી દીધું હતું કે તેમના તરફથી પ્રતિવાદ તૈયાર થાય છે તો પછી ભાઇ ખંધડીઆને કચ્છી લોહાભાઇઓને ચાનક ચડાવવા માટે દ્રાવિડી પ્રાણાયમ્ રૂપ ટીકા કરવાની કશી પણ અગત્ય નજ હતી, એમ કહ્યા વગર ચાલતું નથી (ના. વિ. પ્રતિવાદનો ઉપોદ્‌ઘાત પાના ૭ થી ૧૨). આવી નજીવી બાબતમાં ભાઇ નારાયણ ઠક્કુર કેમ આરોપ મૂકતા હશે તે સમજાતું નથી.

હવે ભાઇ નારાયણ ઠક્કુરકૃત ' બાંવઢા એટલે રઘુવંશી ' નામક પ્રતિવાદને જોઇએ.

' બાંવઢા ' એટલે ' રઘુવંશીઃ '

' આપણે લોહાણા 'રઘુવંશી' કે 'બાંવઢા' નામક નિંદાજનક ઇનામી નિબંધને ભાઇ નારાયણ ઠક્કુર 'ભાડુતી નિબંધ ' કહે છે અને તેના સમર્થનમાં ઇનામી નિબંધ લેખક ભાઇ હીરાલાલ ગણાત્રાએ, મોહીલે પારેખ નામે ચાલતી સોલિસીટરની ફર્મમાં જોડાયા પછી કચ્છી લોહાણા જ્ઞાતિના એક આગેવાન શ્રીમાન શેઠ ધર્મસિંહ ભવાનજી હરભમને ' બીઝનેસ કેનવાસ ' કરવાના ઉદ્દેશથી એક કાગળ લખ્યો છે તેને પ્રમાણપત્ર* તરીકે રજુ કરે છે..

---

* ' રા. હીરાલાલ ગણાત્રાનું પ્રમાણપત્ર '

Mohile Parekh and Ganatra, તા. ૧૪-૨-૨૪
Solicitors
Anandrao G. Mohile 16, Hummam Street
Jethalal P. Parekh
Hiralal H. Ganatra Bombay તા. ૧૩-૨-૨૪

(અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૭૭ની ફુટનોટ.)

આ પ્રતિવાદમાં ભાઇ નારાયણ ઠક્કુરે, ઇનામી નિબંધની પ્રસ્તાવના લખનારે જે જે કારણો શ્રીમાન શેઠ રાઘવજી ભાઇને કડવો અનુભવ મળ્યાનાં દર્શાવ્યાં છે તે એકેક કારણને લઇને મુંબઇના કચ્છી લોહાણા મહાજનનાં દફતરી રેકર્ડોનાં પ્રમાણો તથા લખેલા દલીલોથી પુરવાર કર્યું છે કે શ્રીમાન શેઠ રાઘવજીભાઇએ માનેલાં કારણો નિર્મૂળ હતાં. અને તે તે કારણોના રદીઆ દક્ષતાપૂર્વક આપ્યા છે.

પ્રથમ ઇનામી નિબંધનો પ્રત્યુતર લખવાનો ઉદ્દેશ બતાવી, પ્રસ્તુત નિબંધની મર્યાદા, શેઠ રાઘવજીભાઇએ નિબંધ લખાવ્યો તેનું કારણ, શેઠ કેશવજીભાઇના દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કારણ, દેશસેવાના કાર્યનો પ્રસંગ, મુંબઇના શ્રી કચ્છી લોહાણા જ્ઞાતિ માટે સમસ્ત મહાજન-શ્રીએ નક્કી કરેલા ધારાધોરણોનો ઇતિહાસ, હરિકીર્તનનો પ્રસંગ, પ્રમાણપત્ર, ઉપસંહાર (પ્રાસ્તાવિકના રહસ્ય પ્રકાશનો) પાના ૮૦ સુધી આપેલાં છે; તે એટલાં બધાં સચોટ છે કે તેનાથી વધુ હવે કંઇ લખવું રહ્યું જ નથી: ત્યારપછીથી ભાઇ ઠક્કુર પોતાના પ્રતિવાદમાં બાંવઢા શબ્દ વિશેષણનો ઇતિહાસ અને વાસ્તવિક અર્થ બતાવે છે તે અર્થ સાથે નહિ પણ તેના ઉપયોગ કરવા સામે અમારો મતભેદ છે. 'બાંવઢા' શબ્દનો અર્થ અમોએ આ ઇતિહાસમાં પાના ૨૪–૨૫ ઉપર આપેલો છે. અને ભાઇ ઠક્કુર પણ કહે છે કે: બાંવઢા

Telephone No. 24827.

મુરબ્બી શેઠ શ્રી ધરમસી ભવાન હરભમ,

વન્દેમાતરમ્.

સવિનય આજે આપને આ પત્ર લખવાનું સાહસ કરું છું તે માટે ક્ષમા આપશો. આપ મને ઓળખો તો છોજ. હું થોડા વખતથી સોલીસીટરની પરીક્ષામાં પાસ થયો છું. અને ઉપલી પેઢીમાં (મોહિલે, પારેખ એન્ડ ગ્રાસ્ત્રા) ભાગીદાર તરીકે જોડાયો છું. હું આશા રાખું છું કે આપના એક જ્ઞાતિબંધુ તરીકે અમારા યોગ્ય કામકાજ હોય તે સોંપવા કૃપા કરશો. હું તે કામ બહુજ કાળજીપૂર્વક અને પ્રમાણિકપણે કરીશ.

આ સ્થળે એક બાતનો મારે ખુલાસો કરવો પડે છે. મેં સાંભળ્યું છે કે "લોહાણા રઘુવંશી કે બાંવઢા" એ નિબંધ લખવા માટે આપ અને બીજાઓ મારા ઉપર નારાજ છો, એ બાબતમાં ટુંકામાં હું એટલુંજ કહીશ કે, એ નિબંધ મેં માત્ર ઈનામને માટે જ લખેલો, તેમજ એ નિબંધમાં તો કોઇને ય ખોટું લાગે એમ છે જ નહિ, એ આપ વાંચી જોશો એટલે માલૂમ પડશે. હા, પ્રસ્તાવના એવી છે ખરી, પરંતુ તેને માટે હું રતિભાર પણ જોખમદાર નથી કે તેમાં મારો બીલકુલ હાથ નહતો. હું આશા રાખીશ, કે આ સત્ય ખુલાસાથી આપને સંતોષ થશે અને છતાં જો કોઈ વિશેષ ખુલાસાની જરૂર રહેતી હોય તો હું રૂબરૂ આપને મળી જાઉં. આશા છે, આપ મોરગેજ વિગેરે કામ હોય તો તે આપી મને ઉપકૃત કરશો.

લી. આજ્ઞાંકિત
હીરાલાલ હરજીવન શાસ્ત્રા

(જુઓ ભાઇ ઠક્કુરકૃત 'બાંવઢા એટલે રઘુવંશી' નામક પ્રતિવાદ પાનું ૬૮)

શબ્દ ઉપર દર્શાવ્યા પ્રમાણે લોહાણા જાતિનાં પ્રચંડ પરાક્રમ, ઉચિત આત્માભિમાન, અપૂર્વ જાત્યાભિમાન, સંપૂર્ણ નિર્ભયત્વ, તથા અયોગ્ય અપમાનવિષયક અસહિષ્ણુતા, અને ઉદારતા આદિ સદ્ગુણોને જ દર્શાવનાર હોવાથી અને એ સદ્ગુણોની પોતાને રઘુવંશી માનનારા લોહાણાઓમાં અનિવાર્ય આવશ્યકતા હોવાથી એ શબ્દથી લોહાણા જાતિની બંધુ-ઘાતકતા નહિ કિન્તુ લોહાણા જાતિની રઘુવંશીતા જ નિર્વિવાદ સિદ્ધ થાય છે અને તેથી કોઇ પણ લોહાણા બંધુએ 'બાંવડા' ઉપનામથી પોતાને હીન માની લેવાનું કંઇ પ્રયોજન નથી જ, (પૃષ્ઠ ૧૦૮)

'બાંવડા' શબ્દની ઉચ્ચતા સિદ્ધ કરવાને માટે ભાઇ ઠક્કુરે બીજા પણ કેટલાક ઉચ્ચ કલ્પનાત્મક રંગો પૂર્યા છે. એ બધુંય બરાબર માની લઇએ તો પણ તે શબ્દ તો પ્રતિપક્ષી-ઓ–લોહાણા જાતિના તેજોદ્વેષીઓ આપણને કંઇક બીજામાં જ વાપરે છે. અને તેઓ-ઓને જવાબ દેવા પૂરતો જ આ અર્થ ઉપયોગનો છે. પણ 'રઘુવંશી એટલે જ બાંવડા' અને એ 'બાંવડા' ઉપનામ ન ધારણ કરવામાં ભૂલ કરી છે એવું અમને કે કોઇને માન્ય થતું નથી.

ભાઇ ઠક્કુર પણ કબુલ કરે છે કે, પારસીઓને કાગડા કહે છે ને કાગડો બહુ ચતુર હોય છે છતાં પારસી જેવી સુધરેલી કોમ પણ પોતાને કાગડો કહેવરાવવામાં ડહાપણ માન-તી નથી. એટલે એ બતાવી આપે છે કે આવાં ઉપનામો જાતિના તેજોદ્વેષીઓએ આપેલાં છે તે સ્વીકારી લઇ હાંસીપાત્ર બનવાને આજના યુગમાં કોઇ તૈયાર ન જ થાય: હા, તે તેજોદ્વેષીઓને તેના જેવો જ જડબાતોડ જવાબ આપવામાં આ અર્થો ઉપયોગના છે. ભાઇ નારાયણ ઠક્કુરકૃત પ્રતિવાદના અંતે પાને ૧૬૪ મે તેઓશ્રી જણાવે છે કે :—

"રા. ભાઈ લાલજી નાગજી ગણાત્રાએ પોતાના "લોહાણા હિતેચ્છુ" પત્રદ્વારા તેમજ કેટલીક અન્ય પ્રવૃતિઓદ્વારા કચ્છી લોહાણાઓને ધિક્કારપાત્ર રીતિથી હીણવાના અત્યાર સુધીમાં જે જે પ્રયત્નો કરેલા છે તે સર્વ પ્રયત્નોને આ પુસ્તકમાં જ પ્રકાશમાં લાવવાનો તથા તેમના સર્વ આક્ષેપોનાં સમર્પક ઉત્તરો આપવાનો; માત્ર એટલું જ નહિ પણ જે કેટલાક સુશિક્ષિત વિદ્વાન, બુદ્ધિશાળી તથા અનુભવી હાલાઇ લોહાણા અગ્રેસરોએ 'લોહાણા પરિષદ'ના પ્રસંગે પોતાનાં ભાષણોમાં ઉચ્ચારેલાં વચનોનો-પોતે જ ભંગ કરીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા માહાજન તેમ જ સમસ્ત કચ્છી લોહાણા જાતિનો જે તિરસ્કારપાત્ર અનાદર કરવા માંડયો છે અને ઐક્યસ્થાપનાની ભાવનાને સર્વથા તિલાંજલિ સમર્પી દીધી છે એ રહસ્યને પણ પ્રકાશિત કરી દેવાનો અમારો મનોભાવ હતો; પરંતુ તે વિભાગ ૧૫૦ પૃષ્ઠથી પણ મોટો થવાનો અને તેટલા વિભાગને છપાવતાં લગભગ દોઢ મહિના જેટલો સમય વીતી જવાનો સંભવ હોવાથી અને પ્રસ્તુત પુસ્તકને સત્વર પ્રકાશિત કરવાની આવશ્યકતા અનિવાર્ય હોવાથી અમારે તે વિભાગને પ્રકાશિત કરવાનું કાર્ય અનિચ્છાપુર્વક બે મહિનાને માટે મુલ્તવી રાખવું પડયું છે. પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન પછી ઇશ્વરકૃપાથી જો કોઇ વિઘ્ન ઉપસ્થિત નહિ થાય તો તે પુસ્તક બે માસના કાલાવધિમાં બહાર પાડી દેવામાં આવશે અને તે પુસ્તકના વાંચનથી હાલાઇ લોહાણા ભાઇઓ કચ્છી લોહાણા બંધુઓ પ્રતિ કેવા પ્રકારનો પ્રેમભાવ ધરાવે છે એ ભેદ ભોળા તથા ભલા કચ્છી લોહાણા બંધુઓના જાણવામાં આવી જતાં તેમની ભ્રાન્તિનું

નિવારણ થઈ જશે એવો અમારો દૃઢ વિશ્વાસ છે; કિંબહુના એ દ્વિતીય પુસ્તકના વાંચનથી કચ્છી લોહાણા બંધુઓ લોહાણા પરિષદોમાં પોતાના હાલાઇ લોહાણા બંધુઓના હસ્તથી કેટલી સીમા પર્યન્ત ઠગાયા છે, મૂર્ખ બન્યા છે કચ્છી લોહાણાઓની સ્વાભાવિક સરળતા તથા ઉદારતાનો કેવો વિપરીત લાભ લેવામાં આવ્યો છે અને હજી પણ જો કચ્છી લોહાણા બંધુઓ વખતસર નહિ ચેતે, તો ભવિષ્યમાં તેમની કેટલી સીમા પર્યન્ત હાનિ થવાનો સંભવ છે એ રહસ્યનો પણ કચ્છી લોહાણા બંધુઓનાં નેત્રો સમક્ષ મધ્યાહ્ન સૂર્યપ્રકાશ સમાન પ્રકાશ થઇ જશે."

ભાઇ નારાયણ ઠકકુરના ઉપરોક્ત ઉદ્‌ગારોથી કેટલાક હાલાઇ ઘોઘારી લોહાણા ભાઇઓને અમે એવુ કહેતા સાંભળ્યા છે કે આજના સંગઠનયુગ કે જેમાં પરસ્પર સંપ અને એકતાની અનિવાર્ય આવશ્યકતા સૌને ખુલ્લી આંખે દેખાય. તેવા સમયમાં ભાઈ ઠકકુરનું આ ભેદ પડાવવા જેવું લખાણ પ્રસંશા કરવા લાયક તો નથી જ.

કેટલાકો એવું પણ માને છે કે એક ભાટીઆણીબાઇના કચ્છી લોહાણા ઉપપતિથી ઉત્પન્ન કરેલા બાળકોને રાજકોટ મહાજને લોહાણા ઠરાવવાના કામમાં બે ત્રણ હાલાઇ લોહાણા અગ્રેસરોએ ભાગ લીધો તે કાર્યને સર્વ હાલાઇ લોહાણા વિભાગનું કાર્ય માની લેવામાં ભાઇ નારાયણ ઠકકુરે ઉતાવળ કરી છે. આમ બે પાંચના અનુચિત કાર્યથી આખા સંઘને દોષિત માની લેવામાં અન્યાય થયો છે. ભાઇ નારાયણ ઠકકુરનો પ્રાંતવાદાત્મક નિબંધ સર્વ વિભાગોમાં પ્રિય ન થઇ પડવાનું કારણ પણ એજ છે.

ભાઇ ઠકકુરના નિબંધ પરત્વે આવી કેટલીક જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે: અમે પોતે પણ જો એક નાના ગામડામાં કે મુંબઇથી દુર પ્રદેશમાં રહેતા હોત અને આ બાબતમાં ઊંડુ અવલોકન કરવા ધૈર્યનું અવલંબન ન કર્યું હોત તો જરૂર ઉપર પ્રમાણેજ અમારો અભિપ્રાય બાંધત: પણ બારીક તપાસને અંતે અમને જણાયું છે કે માત્ર રાજકોટવાળી અનિચ્છનીય ઘટના જ નહિ પણ તે પછી પણ એકાદ બેવાર હાલાઇ, ઘોઘારીઓ તરફથી કચ્છી ભાઇઓની અકારણ છેડતી કરવાના, તેના દીલને દુભાવવાના પ્રસંગો ઉપસ્થિત થયા છે: અને તેથી ભાઇ નારાયણ ઠકકુરે પોતાના નિબંધને અંતે જે કંઇ ઉદ્‌ગારો કાઢયા છે તે એમના બળતા હૃદયની જ્વાળાઓ જ બહાર કાઢી છે અને એક લેખક પાસે આ સિવાય બીજી કયી સત્તા હોઇ શકે ? અમે તો એટલું જ સાચા જીગરથી ઇચ્છીએ છીએ કે હાલાઇ તથા ઘોઘારી તથા ગુજરાતી લોહાણા ભાઇઓ ભાઇ નારાયણ ઠકકુરની ઉપરોકત માન્યતા માત્ર કલ્પના જ ઠરે તે રીતે પોતાના ઉપરના આરોપ દુર કરવા સક્રિય કાર્ય કરવા પ્રયત્નશીલ થઇ જાય !

હવે આ નિંદાજનક ઇનામી નિબંધ ને તેના પ્રતિવાદોની સમાલોચનાનું પ્રથમ ઘટનારૂપ પ્રકરણ પૂરૂં કરી તા. ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૨૩ના રાજકોટના મહાજનમાં બનેલા બનાવની આથીયે વધુ દુઃખદ ઘટનાપર વિચાર કરીએ.

બીજી અઘટિત ઘટના:

તા. ૧૪ મી સપ્ટેમ્બર સને ૧૯૨૩ ના રોજ રાજકોટના હાલાઇ લોહાણા મહાજનને નામે મુંબઇના કચ્છી લોહાણા મહાજન સમસ્તના તાર કે કાગળને ન ગણકારી કચ્છી લોહાણા મહાજનથી બહિષ્કૃત થયેલા કચ્છી લોહાણા ઠક્કર કેશવજી દેવકરણની રખાત ભાટિયાણી બાઇ કુંવરબાઇથી ઉત્પન્ન થયેલ 'જારજ' બાળકને લોહાણા ઠરાવી, સમગ્ર હાલાઇ લોહાણાઓની હલકાઇ કરાવવા જેવું કૃત્ય થયું છે. તે સંબંધમાં ઊંડા ઉતરીએ તે પહેલાં કચ્છી લોહાણા ઠા. કેશવજી દેવકરણની નીતિ રીતિ ઉપર પ્રકાશ પડે અને તેનો તથા આ ભાટિયાણી બાઇનો યોગ કેમ થયો, તે બાબત સમસ્ત લોહાણા જાતિના સર્વ વિભાગોના ભાઇઓના જાણવામાં આવી જાય તે માટે મરહૂમ કચ્છી લોહાણા ઠા. કેશવજી દેવકરણ ઉપર સને ૧૯૦૫ ની સાલમાં કોઇ હીરજી વીરચંદ નામના ભાટિયાએ પોતાની પરણેલી સ્ત્રીને નસાડી લઇ જવાનો આરોપ મૂકીને મુંબઇની પોલિસ કોર્ટમાં ફરિયાદી માંડેલી તે ફરિયાદનામું તથા તે મુકદ્દમાનો ફેંસલો મુંબઇના પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ સ્વર્ગવાસી કરસનદાસ છબીલદાસે આપેલો તે અહીં આપવો ઉપયોગી થઇ પડશે.

'સાંજવર્તમાન' મંગળવાર તા. ૧૫ મી ઓગસ્ટ ૧૯૦૫ના અંકમાં ફરિયાદનામાની હકીકત નીચે મુજબ પ્રગટ થઇ છે.

'એક ભાટીયા ભરથારની ફરિયાદ'

પરણેલી સ્ત્રીને નસાડી જવાનો એક લુવાણા સામે આરોપ

" હીરજી વીરચંદ નામના ભાટીયાએ પોતાની પરણેલી સ્ત્રીને નસાડી જવાનો આરોપ કેશવજી દેવકરણ નામના એક લુવાણા સામે મૂકયો હતો. તેને લગતી તપાસ આજે મેદાનની પોલિસ કોર્ટમાં ત્રીજા માજીસ્ટ્રેટ મી. કરસનદાસ છબીલદાસ સન્મુખ નીકળી હતી. ફરિયાદી તરફથી મી. ચુનીલાલ હરીલાલ સેતલવડ બેરીસ્ટર, મેસર્સ માધવજી અને કામદાર સોલીસીટરોની ફરમાસથી હાજર થયા હતા અને આરોપી તરફથી મી. દસ્તુર વકીલ હાજર થયા હતા.

ફરીયાદીએ પોતાના ફરિયાદનામામાં જણાવ્યું હતું કે હું મોદીખાને કોટમાં રહું છું. ઇ૦ સ૦ ૧૮૮૭માં વૈશાખ મહિનામાં ઉમરશી ગોવિંદજીની છોકરી કુંવરબાઇ સાથે મારાં લગ્ન થયાં હતાં. અને ચાલુ સાલના બે મહિના સુધી અમે ધણી ધણીઆણી તરીકે સાથે રહેતાં હતાં. ગઇ તા. ૮મીએ મહિનાને આશરે આરોપી મારી સ્ત્રીને નસાડી ગયો છે. અને તે જાણે છે કે કુંવરબાઇ મારી સ્ત્રી થાય છે.

તા. ૮મી મેથી હું કુંવરબાઇ કયાં છે તે વિષે તપાસ ચલાવું છું પણ તેનો પત્તો મળ્યો નથી. કુંવરબાઇ ગયા પછી મારા ઘરમાંથી આરોપીએ કુંવરબાઇ ઉપર લખેલા કેટલાક કાગળો મળ્યા છે, અને એવી ખબર મળી છે કે આરોપીએ સુરત જીલ્લાના પારડી તાલુકામાં વાપી ગામમાં કુંવરબાઇને સતાડી છે તેથી હું આરોપી સામે મારી પરણેલી સ્ત્રીને નસાડી જવાના આરોપ મૂકું છું."

આ કેસ સન ૧૯૦૫ માં ઓગસ્ટ માસથી તે ડીસેમ્બર સુધી ચાલેલો ને તેનો અપાયલો ચુકાદો મુંબઇ સમાચાર તા. ૧૭મી જાન્યુઆરી ૧૯૦૬માં પ્રગટ થયો છે તે નીચે મુજબ:

(મેજીસ્ટ્રેટ સાહેબનો ચુકાદો)

એક લુહાણા સામેના એક ભાટિયા સ્ત્રીને કાઢી લઈ જવાના આરોપવાળા મુકર્દમાનો ચુકાદો.

ફરિયાદીની આબરૂ વિષે મેજીસ્ટ્રેટે ઉચ્ચારેલો અભિપ્રાય

બેઉ તરફના સાક્ષીઓની જુબાની સામે ટીકા.

કેશવજી દેવકરણ નામના એક લુવાણા સામે હીરજી વીરચંદ નામના ભાટિયાએ પોતાની પરણેલી સ્ત્રી કુંવરબાઇને કાઢી લઇ જવાનો આરોપ મેલ્યો હતો તેને લગતા મુકર્દમાનો ચુકાદો ગઇ કાલે મેદાનની પોલિસ કોર્ટમાં મેજીસ્ટ્રેટ મી. કરસનદાસ છબીલદાસે આપ્યો હતો. ફરિયાદી તરફથી મી. કામદાર સોલીસીટર અને તહોમતદાર તરફથી મી. વેલીન્કર ને મી. હોરમજીયાર, ફીરોજ દસ્તુર વકીલો હાજર થયા હતા.

મેજીસ્ટ્રેટે પોતાનો ચુકાદો બપોરના અઢી વાગે વાંચવાનું શરૂ કીધું: જે એક કલાકે પૂરું કીધું હતું.

<u>તહોમતદાર સામેનો આરોપ:</u> મેજીસ્ટ્રેટે ચુકાદો આપતાં જણાવ્યું કે આરોપી કેશવજી દેવકરણ ઉપર હિંદી પીનલકોડની ૪૯૮મી કલમમાં જણાવેલો આરોપ મેલવામાં આવ્યો છે. એ આરોપ એવી મતલબનો છે કે તા. ૮મી મે ૧૯૦૫ને દીને યા તે આશરે આરોપી, કુંવરબાઇ નામની એક પરણેલી સ્ત્રીને ફુસલાવીને નસાડી લઈ ગયો હતો; કે જે સ્ત્રી ફરિયાદી હીરજી વીરચંદની બાયડી થતી હતી, કે જે સ્ત્રીને આરોપીએ મજકુર હીરજી વીરચંદની બાયડી તરીકે જાણી હતી. અથવા તેમ જાણવાનું તેને કારણ હતું. કે જે સ્ત્રીને તેણી કેશવજી દેવકરણ સાથે આડો વ્યવહાર રાખે એવી નેમથી મજકુર હીરજી વીરચંદને ત્યાંથી નસાડી લઇ જવામાં આવી હતી. આરોપી એ વાંકનો ઇનકાર કરે છે. તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૦૫ને દીને આરોપીએ આ કોર્ટ સન્મુખ ખુલાસો કર્યો હતો. જેમાં તે જણાવે છે કે તે તા. ૮મી મેને દિને પોતાનું બીછાનું છોડી ન શકે એટલો બિમાર હતો અને તે કુંવરબાઇને ફુસલાવી લઈ ગયો હતો નહિ.

<u>દમણમાં કુંવરબાઈની હાજરી:</u> કુંવરબાઇનો દમણમાં તહોમતદાર સાથે મેળાપ થયો હતો. તે વિષે દમણના સાક્ષીઓએ જેજુબાની આપી છે તે વિષે આરોપી કહે છે કે તે દમણ ખાતે પોતાના માંદા પડેલા નોકર વસનજીને જોવા ગયો હતો અને ત્યાં કુંવરબાઇ તેને અકસ્માતથી મળી ગઇ હતી. કુંવરબાઇ સાથે એકજ ગાડીમાં દમણથી વાપીરોડ સ્ટેશન સુધી હાંકી જવાના બનાવ વિષે તે કહે છે કે તે માત્ર સભ્યતાને ખાતર કુંવરબાઇને હાંકી લઇ ગયો હતો. તેનો ખુલાસો વાંચી જોતાં તે એવો ખ્યાલ આપે છે કે દમણ ખાતેની કુંવરબાઈ સાથેની તેની મુલાકાત અણધારેલી થઈ ગઇ હતી. અને તે કુંવરબાઇને પોતાના નોકર વસનજીના એક પરોણા તરિકેજ ભેટયો હતો. અને તેઓ વચ્ચે કંઇ આડો વ્યવહાર હતો નહિ.

<u>આરોપીની બિમારી:</u> આરોપીએ તા. ૮મી મેની પોતાની બિમારી પુરવાર કરવા માટે પુષ્કળ જુબાની રજુ કરી છે. તે જુબાની બે તબીબો, ડૉકટર દાંડેકરની તથા ડૉ ખાન અબ્દલાની, એક ધારાના હિમાયતી લખમશી હીરજી મઇસરીની, એક તબીબી વિદ્યાર્થી તથા દશ બીજા સાક્ષીઓને આબરૂદાર વેપારીઓ જણાવવામાં આવ્યા છે. આરોપીએ તા. ૮મી મેની પોતાની બીમારી પૂરવાર કરવા માટે બોલાવેલા એ ૧૪ સાક્ષીઓ ઉપરાંત તેણે બીજા સાત સાક્ષીઓ એવું દેખાડવાને બોલાવ્યા છે કે કુંવરબાઇ તા. ૮ મી મેને દીને ગુમ થઇ ગઇ તેની અગાઉ ચાર વરસ થયા આરોપી તેણીના ભરથારની સંમતિથી તેણી

જોડે વ્યભિચાર કરતો હતો. એ સાત સાક્ષીઓ ઉપરાંત તેણે દસ્તાવેજી જુબાની રજુ કરી છે, જે દસ્તાવેજો ફરિયાદીની બાયડીએ આરોપી ઉપર લખેલા પત્રો છે. તા. ૮મી મે ૧૯૦૫ને દિને ફરિયાદીની બાયડી ગુમ થઈ ગઇ તે અગાઉ આરોપી ફરિયાદીની સંમતિથી તેની બાયડી જોડે આડો વ્યવહાર રાખતો હતો, એવી દલીલના ટેકામાં તેણે એ પત્રો રજુ કર્યા છે. આરોપી કુંવરબાઈને ફુસલાવી લઇ ગયો હતો એવું પૂરવાર કરવા માટે ફરિયાદ પક્ષે ચાર સાક્ષીઓ જેઠાજી, મથુરાદાસ, તુલસીદાસ, ભીમભાઇ અને કુંવરબાઇના ભાઇ સુંદરદાસને રજુ કર્યા હતા. એ ઉપરાંત તેઓએ દમણના ૯ સાક્ષીઓ એવું પૂરવાર કરવા માટે રજુ કર્યા છે કે આરોપીના નોકરે દમણ ખાતે તા. ૨૧મી જૂનને દિને એક ઘર ભાડે રાખ્યું હતું ને આરોપી તથા કુંવરબાઇ દમણ ખાતે સાથે રહેલાં હતાં; કે તેઓ જાણે ધણી-ધણીયાણી હોય અથવા તો તેઓ આડી મિત્રાચારીમાં રહેલાં હોય. ફરિયાદપક્ષે એક બીજા સાક્ષી નામે રૂપસીંગ મથુરાદાસની જુબાની એવું પુરવાર કરવા રજુ કરી છે કે આરોપી ૧૯૦૫ના એપ્રીલ માસમાં કુંવરબાઇ સાથે આડો વહેવાર રાખતો હતો અને તેના ટેકામાં તેઓએ ત્રણ પત્રો રજુ કર્યા છે. એકઝીબીટ "એ" કુંવરબાઇના હાથ દસ્કતમાં છે. જ્યારે એકઝીબીટ "બી" ને બી ૧ આરોપીએ કુંવરબાઈ ઉપર લખેલા પત્રો છે. અને જે કુંવરબાઈ ગુમ થવા પછી એક અઠવાડિયે તેણીના કબાટ-માંથી ફરિયાદીને મળ્યા હતા. એ સઘળી જુબાની મુકર્દમામાં નોંધાઇ છે.

<u>કુંવરબાઇનાં લગ્ન ને ફરિયાદીની મંજુરીયાત:</u> ચુકાદામાં ફરિયાદ પક્ષ તથા આરોપી તરફથી મુકર્દમો જે રીતે ચલાવવામાં આવ્યો હતો તે ઉપર ટીકા કરતા જણાવ્યું હતું કે: બન્ને બાજુએ સાક્ષીઓની ઉલટપાલટ તપાસ બીનજરૂર લંબાવી હતી અને ફરિયાદપક્ષે તબીબ સાક્ષીઓને જે સવાલો પૂછ્યા હતા તે કોર્ટમાં પૂછવા કરતાં યુનિવર્સિટીની પરિક્ષામાં પૂછવાને વધુ લાયક હતા. મુકર્દમાના મુદ્દાઓ ઉપર બોલતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું હતું કે: કુંવરબાઈનાં લગ્ન ૧૮ વર્ષ ઉપર ફરિયાદી સાથ વિધિપૂર્વક થયાં હતાં અને તેથી કુંવરબાઈ તેની હકદાર બાયડી હતી એવું હું ઠરાવું છું. આરોપી જાણતો હતો કે કુંવરબાઇ ફરિયાદીની બાયડી હતી. ફરિયાદીએ પોતાની બાયડી સાથ અણઘટતો વ્યવહાર રાખવાની આરોપીને પરવાનગી આપી હતી એવી બચાવ તરફથી રજુ કરવામાં આવેલી દલીલ ઉપરથી કાયદા સંબંધી સહાદતો રજુ કરી ઠરાવ્યું કે ફરિયાદીએ એવી જે પરવાનગી કે મંજુરિયાત આપી હોય તે તેણે તા. ૨૭મી એપ્રીલે પાછી ખેંચી લીધી હતી. ફરિયાદી જાણતો હતો કે તેની બાયડી આરોપી સાથ અણઘટતો વ્યવહાર રાખતી હતી અને તેનો અટકાવ કરવાના કશાપણ પગલાં તેણે ભર્યાં હતાં નહિ. એટલુંજ નહિ પણ તેવો વ્યવ-હાર ચાલુ રહે એવું તેણે ઇચ્છયું હતું. અને તે આરોપી પાસેથી નાણાં લઈ પોતાની બાયડીની આવક ખાતો હતો. કુંવરબાઈએ આરોપી પાસેથી જુદી જુદી વેળા નાણાં મંગાવતી વેળા લખેલા કાગળોના ફકરા વાંચી મેજીસ્ટ્રેટે તે કાગળો ઉપર ટીકા કરતાં જણાવ્યું હતું કે એ કાગળોમાં જે નામોશી ભરેલી હકીકતો આવેલી છે તે કરતાં વધુ હીનસ્પતિ ભરેલું શું હોઇ શકે? એ સઘળા કાગળો નામોશીના સ્થંભ સમાન છે અને તે ઉપરથી ખુલ્લું જણાય છે કે ફરિયાદી એક દલાલ હતો અને પોતાની બાયડીની આવક ઉપર ગુજરાન કરતો હતો, તે કાગળો એવા છે કે કોઈપણ ધણી તે માટે શરમાય અને એવો ધણી કોર્ટની દીલસોજીને પાત્ર થઇ શકે નહિ. પોતાની બાયડીની કમાણી ખાનાર એક ધણી તરફ કોઈપણ કોર્ટ કશીપણ દીલસોજી દેખાડે નહિ કે જેણે સઘળું સ્વમાન અને લાજ ગુમાવી દીધાં છે.

<u>નક્કી કરવાના મુદ્દાઓ:</u> મારી સન્મુખ રજુ થયેલી જુબાની ઉપરથી ચાર મુદ્દાઓ નક્કી કરવાના છે

૧ કુંવરબાઈ ફરિયાદી હીરજી વીરચંદની બાયડી છે કે ?

૨ આરોપી તેણીને તા. ૮મી મેને દિને નસાડી લઈ ગયો હતો કે ?

૩ તે ફરિયાદી હીરજી વીરચંદની બાયડી થાય છે એમ તે જાણતો હતો કે ? અથવા તેમને જાણવાનું કંઈ કારણ હતું ?

૪ તેણી જોડે આડો વ્યવહાર રાખવાની નેમથી આરોપી તેણીને નસાડી લઇ ગયો હતો કે ?

પહેલા અને ત્રીજા મુદ્દાઓ સાથે બચાવ પક્ષના ધારાના હિમાયતીઓએ કાંઇ વાંધો લીધો જ નથી. બે મુદ્દાઓ સંબંધમાં મારી સન્મુખ રજુ થયેલી જુબાની એટલી બધી સંપૂર્ણ છે કે તે સ વાંધો લેવાની કાંઈપણ કોશેશ કરવી તે વખતની ફોકટની બરબાદી કરવા સમાન થઈ પડતે.

જ્યારે ત્રીજા મુદ્દા સામે વાંધો લેવામાં આવતે તો ફરિયાદીની સંમતિને લગતા આરોપીના બચાવને અનુસરતો થઈ પડતે નહિ. ફરિયાદી, તેનો ભાઇ દામોદર, સુંદરદાસ ઉમરશી તથા હંસરાજ મુરારની જુબાની ઉપરથી પહેલો મુદ્દો હું હકારમાં ઠરાવું છું. ને પૂરવાર થયેલું ઠરાવું છું કે કુંવર-બાઇ આશરે ૧૮ વર્ષની વાત ઉપર ફરિયાદી જોડે કાયદાપૂર્વક રીતે પરણી હતી.

ત્રીજા મુદ્દાની બાબતમાં બચાવપક્ષના ધારાના હિમાયતીઓએ કાંઈ વાંધો લીધો નથી અથવા તો એવી દલીલ રજુ કરી નથી કે કુંવરબાઈ વાદી હીરજી વીરચંદની કાયદાપૂર્વક મહોરદાર છે એમ આરોપી જાણતો ન હતો. મારી સન્મુખ રજુ થયેલી જુબાની ત્રીજા. મુદ્દાના સંબંધમાં કુંવરબાઇ ફરિયાદી હીરજી વીરચંદની બાયડી થાય છે તે આરોપી જાણતો હતો એમ પૂરવાર કરવા માટે જોઈએ તે કરતાં વધુ છે. જે પત્રવ્યવહાર આરોપીએ રજુ કર્યો તે, તેમજ પુનશી હીરજી, રાજારતન, અને મુલચંદની જુબાની ખુલ્લું પુરવાર કરે છે કે કુંવરબાઇ ગુમ થઇ તેની પાંચ વર્ષ અગાઉનો આ આરોપી જાણતો હતો કે તે ફરિયાદીની બાયડી થતી હતી અને તેથી હું ત્રીજો મુદ્દો પણ હકારમાં ઠરાવું છું. જે બે મુદ્દા વિચાર કરવા માટે બાકી રહ્યા છે તે બીજો અને ચોથો મુદ્દો છે.

<u>તહોમતદાર કુંવરબાઇને કાઢી ગયો નથી:</u> જુબાની ઉપરથી કોર્ટ એવા સાર ઉપર આવી હતી કે તા. ૮મી મેએ આરોપી કુંવરબાઇને કાઢી ગયો હતો નહિ. સાક્ષીઓની જુબાની ઉપર ટીકા કરતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું કે જેઠીજી એક લોફર છે. અને તેની જુબાની તદન નકામી છે, ફરિયાદીની આવક તથા ખરચ ઉપર ટીકા કરતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું કે તે જે નોકરોને રાખતો હતો અને તેઓને પગાર આપતો હતો તે તરફ અને તેની આવક તરફ જોતાં તો તે હવા ઉપર જીવતો હોવો જોઇએ કે કોઇ નહિ કહી શકાય એવા સાધનથી નાણા મેળવતો હોવો જોઇએ.

<u>ધારાના હિમાયતીઓની દલીલો:</u> બચાવપક્ષના ધારાના હિમાયતીઓએ એવી દલીલ રજૂ કરી છે કે તે ધારાના ઘડનારની નેમ પાર પાડવા માટે ૪૯૭ અને ૪૯૮મી કલમો સાથે વાંચવી. વધુ તકરાર એ રજૂ કરવામાં આવી છે કે ૪૯૮મી કલમ મુજબ ભરથાર તરફની સંમતિની ગેરહાજરી હોવી જોઇએ. એ દલીલ બહાલ રાખી શકાય એવા કાંઇ પૂરાવા રજૂ કરવામાં આવ્યા નથી. એક પરણેલી સ્ત્રીને નસાડી લઇ જવાનો આરોપ ખસુસ કરીને એ સ્ત્રીના ભરથારની વિરૂદ્ધ કરવામાં આવે છે. અને ભરથારની સંમતિ ન હોય ત્યારે એ આરોપ હસ્તી ભોગવી શકે એમ ૪૯૮મી કલમના સંબંધમાં ખુલ્લું માલુમ પડે છે. ધારાના હિમાયતીઓએ ખુલ્લી તકરાર લીધી છે કે ૪૯૮મી કલમ મુજબ એક સ્ત્રીને નસાડી લઇ જવામાં આવે તે કોઈ આસામી સાથ વ્યભિચાર કરવાના ઈરાદાથી જ હોવું જોઇએ. વધુ એ દલીલ રજૂ કરવામાં આવી છે કે ૪૯૭મી કલમ મુજબ ભરથારની સંમતિ સાથના વ્યભિચાર સામે કાયદામાં વાંધો લીધેલો ન હોવાથી ૪૯૮મી કલમની રૂએ કાંઇ આરોપ ઘડી શકાય નહિ. એ તકરાર ઘણી બાહોશી ભરી છે. પણ સાથે યાદ રાખવાનું છે કે ભરથારની સંમતિ સાથના વ્યભિચારને ૪૯૭મી કલમમાં કાંઈ વ્યાજબી ઠરાવેલું નથી, તેમાં ભરથારની સંમતિ સાથના વ્યભિચારને શિક્ષાને પાત્ર ઠરાવ્યો નથી પણ એવી સંમતિ સાથના વ્યભિચારને કાયદાપૂર્વક ઠરાવ્યો હોય એમ પણ નથી. તેમાં માત્ર એટલુંજ જણાવ્યું છે કે એક ગુન્હા માટે શિક્ષા ત્યારેજ થઇ શકે કે જ્યારે વ્યભિચાર માટે ભરથા-રની સંમતિની ગેરહાજરી પૂરવાર કરવામાં આવે; તેટલા માટે બચાવપક્ષના ધારાના હિમાયતીઓએ જે કાંઇ કાયદાની એ કલમ વાંચવા સુચવ્યું છે તે રીતે હું તે વાંચી શકતો નથી. મારી સન્મુખ રજુ થયેલી જુબાનીમાં એવું પૂરવાર કરનારું કાંઈ પણ નથી કે આરોપી તા. ૮મી મેને દિને અથવા બીજા કોઇપણ દિવસે ફરિયાદીની સ્ત્રીને લઇ જાય તે કામને ફરિયાદીએ પોતાની સંમતિ આપી હોય. સંમતિ તો જે કામ થવાનું હોય તેને માટેજ હોય: હાલના દાખલામાં તો જુબાની ખુલ્લે ખુલ્લું પૂરવાર કરે છે

કે ફરિયાદીએ તા૰ ૨૭મી એપ્રીલ પછી ચાલુ વ્યભિચારને પોતાની સંમતિ આપી હતી નહિ. એ તા. ૨૭મી એપ્રીલે ગાડીવાળી ખટપટનો બનાવ બન્યો હતો કે જેના પરિણામમાં આરોપીના ગાડીવાળાએ કુંવરબાઇના ભાઇઓ સાથે વડા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટની કોર્ટમાંથી સમન્સ કઢાવ્યા હતા. તે ઉપરાંત સંમતિ તો ચોકસ કામ થતું હોય ત્યારેજ અપાય. આથી આપેલી સંમતિ પણ તે કામ થવા અગાઉ પાછી ખેંચી લઈ શકાય તેવી રીતે પાછી ખેંચી લીધેલી સંમતિ અમુક કામ થતી વખતે હસ્તી ભોગવતી કહેવાય નહિ. અને તે કામને તકસીરથી નીરાળું કરી શકે નહિ.

હાલના દાખલામાં મારી સન્મુખ રજુ થયેલી જુબાની સ્હેજ પણ શક વગરતી નથી કે કુંવરબાઇના આરોપી સાથેના આડા વ્યવહાર માટે ફરિયાદીએ ગમે એવી સંમતિ આપી હોય તો પણ તે તા. ૨૭મી એપ્રીલ પછી પાછી ખેંચી લેવામાં આવી હતી, કે જે પ્રસગે આરોપીના ગાડીવાળાએ ગેરકાયદેસરના અટકાવવાની ફરિયાદ કુંવરબાઈના ભાઇઓ સામે વડા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટની કોર્ટમાં કરી હતી.

<u>આરોપીની બીમારી-ડોકટરોની જુબાની સામે ટીકા:</u> સાક્ષી ભીમા વિષે મેજીસ્ટ્રેટે અભિપ્રાય દર્શાવ્યો હતો કે તે સાક્ષી ઉભો કીધેલો છે. તા. ૮મી મેએ આરોપી માંદો હતો એવો જે બચાવ આરોપી તરફથી રજૂ કરવામાં આવ્યો હતો તે વિષેના બચાવપક્ષના સાક્ષીઓની જુબાની ઉપર ટીકા કરતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું હતું કે: હું એમ માની લેતો નથી કે આરોપી જેવા શખ્સને બચાવવા બે ડોકટર, એક વકીલ, એક તબીબી વિદ્યાર્થી અને દશ બીજા શખ્સોએ કાવતરૂં રચ્યું છે પણ તેમાં એક પણ સાક્ષી એવો નથી કે જે સ્વતંત્ર સાક્ષી ગણી શકાય.

ડોકટર દાંડેકરની જુબાની વિષે બોલતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું કે: હું એ જુબાની ઉપર કશો ભરોસો મૂકી શકતો નથી કારણકે તે જુબાની હું ઘણીજ અસંતોષકારક લેખું છું. જો તેની જુબાની હું સ્વીકારૂં તો મારે ડૉ. દાંડેકરને આ. સદીના એક અદ્ભુત શક્તિ ધરાવનાર તરીકે ગણવા જોઇએ. એ લાયકીવાળા તબીબ દરરોજ ૧૦૦ ઘરાકની દવા કરે છે. અને કોઇપણ દર્દી ૨ વર્ષ ઉપર કેવી હાલતમાં હતો તે તુરત કહી શકે છે. એવી અદ્ભુત શક્તિ ધરાવતા હોય તો તેમને બેશક આ જમાનાની નવાઇ ગણવી જોઇએ. એમની જુબાની ઉપર ભરોસો રાખવો એ ઘણું જોખમ ભરેલું છે અને તેથી એ જુબાની ઉપર મારે કશું પણ ધ્યાન આપવાનું નથી. ડૉ ખ્વાજા અબ્દુલાની જુબાની વિષે ટીકા કરતાં મેજીસ્ટ્રેટ બોલ્યા કે: એ સાક્ષી એવા છે કે જેમની જુબાની ખરી માની શકાય. સાક્ષી તરીકે એ ડોકટર તદ્દન બીન ભરોસાદાર છે પણ તેમનાં બીલો જે રજુ કરવામાં આવ્યાં છે તે ખરાં છે. મી. લખમશી હીરજી મેસરીની જુબાની તા. ૮મી મેએ આરોપી માંદો હતો તે જ બાબતમાં માની શકાય તેમ છે.

<u>ફરિયાદીની વર્તણુક સામે ટીકા:</u> જે પત્રો અત્રે રજુ કરવામાં આવ્યા હતા તે એવું દેખાડે છે કે ફરિયાદી એવો આસામી નથી કે જેની તરફ કોઇપણ કોર્ટ દીલસોજી દેખાડે. બીજા સાક્ષીઓની જુબાની પણ ઘણીજ નામોશી ઉપજાવનારી છે. કારણકે તે ખુલ્લું દેખાડે છે કે કુંવરબાઈના વ્યભિચારની કમાઇનો લાભ તેણીની માતા પણ લેતી હતી. એવો એક ભરથાર આ કોર્ટની દીલસોજી માગે છે અને પોતાની બાયડીને નસાડી લઈ જવા માટે આરોપીને શિક્ષા કરાવવા માગે છે. હું કાંઈપણ આશંકા વગર કહું છું કે પોતાની બાયડીના વ્યભિચારની કમાઈ ખાનાર એવા ભરથાર તરફ કોઇપણ કોર્ટ દીલસોજી દેખાડી શકે નહિ. હવે એટલોજ સવાલ બાકી રહ્યો છે કે આરોપી કુંવરબાંઇને તા. ૮મી મેને દિને ફોસલાવી લઈ ગયો હતો કે? એ (નં. ૨ વાળા) મુદ્દાનો જવાબ જો હકારમાં મળે તો ૪થા મુદ્દાના એટલે કે વ્યભિચાર કરવાના ઇરાદાથી કુંવરબાઇને લઈ જવામાં આવી હતી કે નહિ? તે મુદ્દાના ચુકાદા માટે કંઈ વિચાર કરવાની જરૂર રહેજ નહિ. ઉપલી દસ્તાવેજી જુબાની તેમજ દમણના સાક્ષીઓની જુબાની નસાડી લઈ જવાની નેમ ખુલ્લી દેખાડે છે. એ નેમ સાથે કાંઈ વાંધો લેવામાં આવ્યો નથી. તેટલા માટેજ એ એકજ સવાલ ઉપર કોર્ટને ગંભીર લક્ષ આપવાનું છે. તે એ છે કે તા. ૮મી મેને દિને આરોપી ફરિયાદીની સ્ત્રીને નસાડી લઇ ગયો હતો કે નહિ?

<u>કુંવરબાઇને કાઢી લઈ જવામાં આવી નથી:</u> સઘળી જુબાની ઉપર તેમજ મુકર્દમાના સંજોગો ઉપર પુરતું લક્ષ લીધા પછી હું એ બીજા મુદ્દામાંનો ચુકાદો નકારમાં યાને આરોપીની તરફેણમાં આપું છું.

કુંવરબાઇ ગુમ થવા પછી આરોપીની સાથે દમણ ખાતે એક મહિનો અને પાંચ દહાડા પછી માલુમ પડી હતી તે બીના તેણીને નસાડી લઈ જવાના આરોપને ટેકો આપતી હોય એમ નથી. એ મુદત એટલી બધી લાંબી છે કે તે ઉપરથી આરોપી સામે કાંઈ અનુમાન કાઢવું આ કોર્ટ માટે વ્યાજબી થઇ પડે નહિ. એ સઘળા કારણને લીધે હું બીજા મુદ્દાનો ચુકાદો નકારમાં આપું છું.

<u>ઉભા કરવામાં આવેલા સાક્ષીઓ:</u> તહોમતદાર તરફના સાક્ષીઓની જુબાની ચોકસ કારણોસર બીન-સંતોષકારક છે. તેના કોઈપણ સાક્ષીને હું સ્વતંત્ર કહી શકતો નથી ને કોર્ટના મનપર અસર થાય તેવી જુબાની તેઓએ આપી નથી. કેટલાક સાક્ષીઓ તો એ મુકર્દમા માટે ખાસ ઉભા કીધેલા જણાયા છે. પરીણામ એ આવે છે કે આ મુકર્દમાનો ચુકાદો જો માત્ર બચાવપક્ષની જુબાનીના આધારેજ આપવાનો હોયતો એ સંતોષકારક જુબાની માનવાને હું ના પાડું છું. પણ નં. ૧૭ વાળો પૂરાવા પત્રક એક એવી જુબાની છે કે જે ડોકટર મ્વાબ્નની આરોપીની સારવારને લગતી જુબાનીનો ભાગ ખરા તરીકે માનવાને મને કારણ આપે છે. ઉપર જણાવેલું બીલ જો ન હતે તો આ સાક્ષીની જૂબાની માનવાને પણ હું સાફ ના પાડતે. મારી સન્મુખ પુરતી રીતે પુરવાર કરવામાં આવ્યું છે કે તેનણ એક એવા સાક્ષી છે કે જેવણની જુબાની ઘણી નાની રકમે ખરીદી શકાય એમ છે. ઈબરાહીમ ભાણજી નામના શખ્સને ખોટી સર્ટીફીકેટ આપવા માટે તેવણ અજાયબ જેવી હીંમત ધરાવતા હોવા જોઇએ. એ ઈબરાહીમ ભાણજી એ ડોકટરનો નિયમીત દરદી હતો નહિ અને તે છતાં ઉપર ટપકેની તપાસ પછી તેવણે તેને તા. ૧૧મી સપ્ટેમ્બરે સખ્ત સંધીવાથી પીડાતો હોવાની સર્ટીફીકેટ આપીને એક પખવાડીયાની આસાએશની જરૂર જણાવી હતી પણ એજ ઇબરાહીમ તા. ૧૫મી સપ્ટેમ્બરે કોર્ટમાં એજ ડોકટરની સામે રજુ થયો હતો.

<u>છેવટની ટીકા:</u> છેવટે મેજીસ્ટ્રેટે ટીકા કીધી હતી કે: આરોપી તા. ૮મી મેએ કુંવરબાઇને કહાડી ગયો હતો નહિ, અને તેથી હું તેને છોડી મૂકું છું; પણ પૂરાવાની ગેરહાજરીને લીધે જ. અને નાખુશીથી હું તેને છોડું છું. જુબાની ઉપરથી મારી ખાત્રી થાય છે કે કુંવરબાઇ હજી તેના જ રક્ષણ હેઠળ છે. અને તેણે તેણીને છુપાવી રાખી છે. ખરાબ દરદની તેના (આરોપીના) નાક ઉપર અસર છે તો પણ તેમની દરકાર કરતો નથી. એ અફસોસકારક છે, કે તે કાયદાની ચુંગાલમાંથી છટકી જાય છે અને મને તેવું કહેવામાં સહેજ પણ આંચકો આવતી નથી કે જો આક્ષેપ તેની સામે સાબીત થતે તો આરોપીને હું દંડ ભરી છટકી જવા દેત નહિ."

વાંચનાર! મેજીસ્ટ્રેટનો આ ચુકાદો લક્ષપૂર્વક વાંચે, એ વિનતિ છે: હવે આ કેસમાં તોહમતદાર ડા. કેશવજી દેવકરણના વકીલ મી. વેલીન્કર બચાવપક્ષના વકીલ તરીકે હીરજી વીરચંદની ઓરત કુંવરબાઇ સંબંધમાં કોર્ટ સમક્ષ કેવા શબ્દો ઉચ્ચારે છે તે જુઓ:

"કુંવરબાઇ જેવી એક ઓરત, જે ઘણા નજીસ જેવા કાગળો લખે; જેણી પોતાના ભરથાર માટે રૂપિયા મંગાવે, એક હલકી જીંદગી ગુજારનાર તેવી એક ઓરતને કહાડી લઇ જવામાં આવી હતી એવું કહેવું કોઇપણ રીતે કબુલ રાખી શકાય નહિ! હું કહું છું કે તેણી પોતાની મરજીથી ગઇ હતી."

આ કેસનો ચુકાદો આવી ગયા પછી મુંબઇનું 'સાંજવર્તમાન' પત્ર તા. ૧૮મી જાનેવારી ૧૯૦૬ના અંકમાં '**ભાટિયા સંસારમાં સડો—નાતના કહેવાતા આગેવાનોની ફરજ**' એ મથાળા નીચે અગ્રલેખ લખતાં કુંવરબાઇના સંબંધમાં જણાવે છે કે:

"પેલી કુંવરબાઈ પણ કોઇ જબરી બેશરમ ઓરત જણાય છે કે જેણીએ ગરીબાઇમાં પોતાના ધણીની ટુંક આવક ઉપર સંતોષ નહિ પકડતાં હરામ મોજશોખને આધીન થઈ આખી કોમમાં એક લાંછનરૂપ થઇ પડી છે"

વાંચનાર આ ઉપરથી વિચાર કરવાનો છે કે ભાટિયા કોમ કે જેમાં કન્યાની અતિ અછતના-પરિણામે કેટલાક પુરૂષોને જીંદગી પર્યંત વાંઢા રહેવું પડતું હતું તે કોમના એક

ગરીબ ભાટિયાની પરણેતર ઓરતને, તેની ગરીબીનો લાભ લઇ પોતાના ચળકતા સિક્કાના જોરે વ્યભિચાર કરવો: અને એ ધૃણિત કામથી સંતોષ ન પકડતાં તે ગરીબનું ઘર ભંગાવવાનો નિંદ્ય પ્રયાસ કરવો તે કામ કેટલું અનીતિમાન અને હૃદયને કંપાવનારૂ છે? પણ ઠા. કેશવજી દેવકરણ અત્યારે આ દુનિયામાં નથી એટલે તેમના સંબંધમાં અમે જરાય ક્રૂર ટીકા કરવા માગતા નથી: પણ ભાટિયા હીરજી વીરચંદની પરણેતર સ્ત્રી બાઇ કુંવરબાઇની નીતિ રીતિનો ખ્યાલ તો મેજીસ્ટ્રેટનો ચુકાદો તથા વર્તમાનપત્રોની ટીકાથી સર્વને આવી ગયો હશે:

હવે રાજકોટના મહાજને જે વ્યભિચારોત્પન્ન બાળકોને લોહાણા ઠરાવવાનું અઘટિત કૃત્ય કર્યું તે કુંવરબાઇ, જો આ ભાટિયા હીરજી વીરચંદની પરણેતર સ્ત્રી હોય, અને તેણીને ઉઠાવી જવાની ફરિયાદી તેના પરણેતર ધણીએ મજકુર ઠા. કેશવજી દેવકરણ ઉપર કરેલી તેજ હોય તો આ કેસનો ચુકાદો, અને બીજાં અવતરણોથી એ વાત નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે સદરહુ બાઇ કુંવર બાઇ ભાટિયાણી તે ઠા. કેશવજી દેવકરણની પરણેતર કે પુનર્લગ્ન કરેલી પત્ની નહિ પણ એક રખાત સ્ત્રી છે. અને એવી રખાતના પેટના બાળકોને લોહાણાઓમાં ભેળવી કોઇ પણ જાત્યાભિમાની લોહાણોભાઇ પોતાની જાતિના પવિત્ર લોહીમાં બિગાડો થવા દેવાનું ઇચ્છે જ નહિ અમારા સાંભળવા પ્રમાણે સદરહુ ભાટિયાણીબાઇના જીવનની કારકીર્દીથી ખુદ રાજકોટમાંય કેટલાક ખટપટી વ્હેવાણો જેવા કારસ્તાનીઓએ લોહાણાઓને અંધારામાં રાખ્યા છે; અને જો આવી ધૃણિત બાબતો એક લોહાણો બચ્ચો જાણે તો જે લોહાણાઓ પોતાની દીકરીઓના સંબંધ કરતી વખતે પરણેતર ઓરતની સંતતિને પ્રથમ પસંદગી આપે ને પુનર્લગ્નની ઓરતની સંતતિને બીજે નંબરે ગણે તેજ લોહાણાઓના વંશધરો દેખીપાખીને પોતાની દીકરીઓ વ્યભિચારોત્પન્ન પ્રજાને આપી પોતાની જાતિનાં કુળ ગૌરવ ને પ્રતિષ્ટાને કલંકિત કરવાનું સ્વપ્ને પણ ન ઇચ્છે એ તો સાવ સમજાય તેવી વાત છે. તો પછી રાજકોટની લોહાણાની આખી ન્યાત જો આટલી બધી હકીકતો જાણતી હોત તો તેને લોહાણા ઠરાવવાનું નામોશી ભરેલું, કુસંપ અને અરસપરસમાં અસંતોષનો અગ્નિ સળગાવવાનું પગલું તો ભરે જ કેમ ?

પણ એ બાબત ઉપરે વિચાર કરવાનું પાછળ રાખી, અહીં હવે ઠા. કેશવજી દેવકરણની આ કેસમાં આપેલા ચુકાદા પછીની જીંદગી જોઇએ.

એવું કહેવાય છે કે આ ભાટિયાણી બાઇને ત્યારપછીથી કેટલોક સમય છાની રીતે બહારગામ રાખેલી; ને પછી તેને કેશવજી દેવકરણે મામલો શાંત થયા પછી સાથે રાખેલી. કેશવજી દેવકરણની પરણેતર સ્ત્રી હયાત હતી. જ્યારે આ ભાટિયાણી બાઇને સાથે રાખી ત્યારે કેશવજી દેવકરણની માતુશ્રીને પોતાના દીકરા કેશવજીનું આ પગલું બીલકુલ અનુચિત લાગવાથી, અને આવો ભ્રષ્ટાચાર તે વૃદ્ધ માતાથી સહન ન થવાથી તે માતાજી પોતાના દીકરા કેશવજીથી જુદી રહી હતી.

સમય જતાં ઠા. કેશવજી દેવકરણને આ રખાત ભાટિયાણી બાઇથી થએલ એક બાળક મરી જવાથી પોતાના દીકરાના દેહાન્ત થયાની ખબર ન્યાતના થાનાઇ મારફતે જ્ઞાતિ ભાઇઓને આપી અને સ્મશાને ગયા પછી ખબર પડી કે આ મરણ પામેલો છોકરો તેની રખાત ભાટિયાણીનો છે તેથી ન્યાતમાં ચકચાર થઇ ને કેશવજી દેવકરણે કરેલા છળ માટે તેની પાસે મહાજન તરફથી જવાબ માગવામાં આવ્યો. આથી કેશવજી દેવકરણે પોતાની થએલી ભૂલ માટે ન્યાતની માફી માગી; પરંતુ ભવિષ્યમાં મહાજનના કહેવા પ્રમાણે કબુલાત

ન આપવાથી સન ૧૯૧૩માં તેમની સાથેનો અત્રેના શ્રી કચ્છી લોહાણા મહાજને વ્યવહાર બંધ કરવાનો ઠરાવ કર્યો; સદરહુ ઠરાવ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના દફતરમાં જે પ્રમાણે છે તેની નકલ નીચે મુજબ છે:—

__ઠરાવ:__ તા. ૨૭મી-એપ્રીલ સન ૧૯૧૩ ને રોજ શેઠ કરમશી દામજીના પ્રમુખપણા હેઠળ જ્ઞાતિની સભા શ્રી દરીઆસ્થાનમાં એકત્ર થયેલ, જે વખતે થયેલ કામકાજની હકીકત:

ઠા. કેશવજી દેવકરણ રહેવાશી કચ્છ ભદ્રેસરવાળો તથા હાલે મુંબઇવાળાની બાબતમાં એવો ઠરાવ કરવામાં આવે છે કે ગઈ વખતે મજકુર કેશવજીએ એવી કબુલાત આપી હતી કે આવતી મિટીંગમાં હાજર થઇને મારી રખાયત ભાટિયાણી તથા તેને પેટ મારાથી ઉત્પન્ન થએલા સંતાનોને હું મારા કુટુંબના સાથે આવવા દઇશ નહિ. તે બદલ તથા લોહાણા જ્ઞાતિમાં લોહાણા તરીકેના કાંઈપણ હક મજકુર રખાયત ભાટિયાણીને ભોગવવા દઇશ નહિ. તેની કબુલાત આપીશ; પણ મજકુર કેશવજીએ આજની સભામાં હાજર થઇને ઉપલી કબુલાત આપવા ના પાડી અને ફક્ત એટલું કબુલ કર્યું કે આજદન સુધી મજકુર ભાટીઆણી તથા તેને પેટ થએલાં સંતાનોને આપણી જ્ઞાતિ (લોહાણા) તરીકેના હકો ભોગવવા મેં મારી ભૂલચૂકથી દીધા છે તે બદલ મારી માગું છું. પણ હવે પછીની કોઈપણ કબુલાત હું આપી શકતો નથી. એ ઉપરથી એવો ઠરાવ કરવામાં આવે છે કે એ બાબતમાં મજકુર કેશવજીને લગભગ બે ત્રણ સભાઓ થઈ તક આપવામાં આવી છે, છતાં પણ એઓ પોતાની હઠ મૂકતા નથી તેથી એમની સાથે જ્ઞાતિવહેવાર બંધ કરવામાં આવે છે.

ઉપર મુજબનો ઠરાવ આજરોજે ભેગા મળેલ મહાજને એકત્ર થઇને કરવામાં આવેલો છે.

(સહી) **કરમશી દામજી**

મુંબઇના કચ્છી લોહાણા મહાજને ઉપરનો ઠરાવ કરી મજકુર ઠા. કેશવજી દેવકરણ સાથેનો વ્યવહાર બંધ કર્યો ત્યાર પછી તેની પરણેતર સ્ત્રી એકાદ બે વર્ષને અંતરે મરી ગઇ હતી એમ કહેવાય છે. અને ઠા. કેશવજી દેવકરણ તેમનો દેહાન્ત થતાં સુધી પંક્તિબહાર રહ્યો હતો.

ઠા. કેશવજી દેવકરણના દેહાન્ત પછી આ ભાટિયાણી બાઇએ પોતાના સંતાનોને લોહાણામાં સાંસારિક સંબંધ કરવા માટે પ્રયાસો કરેલા હશે, પણ મુંબઇના કચ્છી ભાઇઓમાં નહિ ફાવવાથી તે બાઇએ કાઠિયાવાડ તરફ નજર દોડાવી અને રાજકોટમાં દુકાન નાખવાનો બીજા હેતુઓ સાથે આ હેતુ પણ હોય એમ લોકો માને છે.

રાજકોટમાં વ્યાપાર ખોલ્યા પછી ત્યાંની જ્ઞાતિની પરિસ્થિતિનું અવલોકન કરી કેટલાક બોલકણા તથા ખટપટી વ્યક્તિઓથી પરિચિત થવામાં તેમને મુશ્કેલી વધુ ન પડે એ સ્વાભાવિક છે અને પોતાના એ પ્રયાસમાં ચળકતા સિક્કાના જોરે એ બાઇ ફાવી અને ધોરાજીના મૂળ વતની (પણ હાલ ઘણું કરીને રાજકોટમાં વસતા હોવા જોઇએ) લોહાણા ઠા. વસનજી લીલાધર જેરામની પુત્રી બાઇ સુરજ વેરે પોતાના દીકરા મેઘજીનું સગપણ કરવામાં આવ્યું અને તેની ટુંક હકીકત રાજકોટમાં પ્રસિદ્ધ થતા "લોહાણા હિતેચ્છુ" પત્રના તા. ૫મી જુલાઇ-૧૯૨૩ના અંકમાં સ્થાનિક ખબરો નીચે, નીચે મુજબ છપાઇ છે:

"__સગપણ__: તા. ૩૦–૬–૨૩ના રોજ ધોરાજીના રહીશ ઠા. વસનજી લીલાધર જેરામની પુત્રી બાઇ સુરજનું સગપણ શ્રી અંજાર મધ્યે કેશવજી દેવકરણ ચોથાણીના દીકરા મેઘજીવેરે કરવામાં આવ્યું છે. જ્ઞાતિનો દાદ થનાઇ જેરામ હસ્તક કાનજી ભગતવાળા તડ માટે વસુલ થયેલ છે ને નીચે મુજબ જાહેર સખાવત કરી છે:

રૂા. ૨૫૧ મહાજનની વાડીમાં	રૂા. ૨૫ અનાથાશ્રમ
૫૧ બોર્ડીંગમાં	૧૦૧ બાળાશ્રમ

૧૦૧ પાંજરાપોળ	૫૧ ગાંગાભગતની જગ્યામાં
૫૧ નદીને કાંડે જગ્યામાં	૨૫ સેવાસમાજ
	૬૫૬

તે ઉપરાંત બીજી સખાવત થોડીક કરી છે, ને આ સગપણ બાબતમાં દલાલ ઠા. ખટાઉ હરીભાઇએ ખાસ મહેનત લીધી છે, તેમજ જ્ઞાતિના કેટલાક સંભાવીત ગૃહસ્થો પણ હાજર હતા."

(લો. હિતેચ્છુ તા. ૫-૭-૧૯૨૩.)

આ સગપણની ખબર જ્યારે મુંબઇમાં કચ્છી લોહાણા ભાઇઓના વાંચવામાં આવી ત્યારે જ્ઞાતિમાં વ્યભિચારોત્પન્ન પ્રજાને લોહાણાની દીકરીઓ આપવાનો અનર્થ અટકાવવા મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને તાર તથા વિસ્તૃત પત્ર આ સંતાનોની ખરી સ્થિતિથી વાકેફ કરવા રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ શ્રીયુત ગોવરધનદાસ લાધાભાઇ ઉપર લખ્યો; તે કાગળની નકલ નીચે મુજબ :—

ક. લો. મહાજને લખેલા પત્રની નકલ.

"શ્રી દરિયારસ્થાન, મુંબઇ.
બી. જે. વી. ૧૦ રવેઉ સ. ૧૯૭૯.
તા. ૮-૭-૨૩.

"શ્રીયુત રા. રા. ગોવર્ધનદાસ લાધાભાઇ તે શ્રી રાજકોટના લોહાણા મહાજનના પ્રમુખશ્રી જોગ
શ્રી રાજકોટ.

વિશેષ લખવાનું કે તા. ૫મી જુલાઈ સન ૧૯૨૩ના 'લોહાણા હિતેચ્છુ'ના અંકમાં વાંચવામાં આવ્યું છે કે તા. ૩૦-૬-૨૩ના રોજ ધોરાજીના રહીશ ઠા. વસનજી લીલાધર જેરામની પુત્રી બાઇ સુરજનું સગપણ શ્રી અંજાર મધ્યે કેશવજી દેવકરણ ચોથાણીના દીકરા મેઘજી વેરે કરવામાં આવ્યું છે. જે ઉપરથી અત્રેના મહાજનશ્રીજીએ આજરોજે એવો ઠરાવ કર્યો છે કે ઠા. કેશવજી દેવકરણ ચોથાણીનો કહેવાતો છોકરો મેઘજી તેની રખાયત સ્ત્રીનો છોકરો હોવાથી તથા એ છોકરાનો તથા તેની માનો આપણા મહાજનથી કોઇ જાતનો સંબંધ ન હતો ને નથી તથા એ મરનાર કેશવજી દેવકરણને પણ એ કારણેજ જ્ઞાતિથી બહાર રાખવામાં આવેલ હતો તેથી આ સગપણપરથી લગ્ન ન થાય તે માટે બનતા યત્ન કરવા માટે આ બાબતની આપશ્રીજીને આ પત્રથી તથા તારદ્વારા ખબર કરી જાહેર કરી દેવાનું ઠરતાં તે અમો મહાજનશ્રીજીના ફરમાનથી આપને લખી જણાવીએ છીએ તે જાણશો તથા તે મુજબ આપશ્રીને આવતી કાલે તાર પણ કરી દેવામાં આવશે.

આશા છે, આ બાબતમાં આપ આપનો દરેક લાગવગ વાપરી આપણી જ્ઞાતિમાં થતો અનર્થ તુરતજ દુર કરશો. કારણ કે આવી રીતે રાખેલી રાંડોનાં છોકરાઓને આપણા જ્ઞાતિ ભાઇઓ પોતાની દીકરીઓ આપવા લેવાનું શરૂ કરશે તો આપણી જ્ઞાતિની દશા કેવી થઈ જશે તે આપ સ્હેજે સમજી શકો તેમ છો. મરનાર ઠક્કર કેશવજી દેવકરણની રખાયતનો અત્રેની જ્ઞાતિમાં પગ-પેસારો ન થઇ શકવાથી તમારા તરફ અજાણ્યા પ્રદેશમાં આવી પોતાને લોહાણી તરીકે ગણાવી કેટલાક અધમ સહાયકોની મદદથી આપણી જ્ઞાતિને ભારે ભુલાવામાં નાંખી આપણી જ્ઞાતિને મહાન ધક્કો પહોંચાડી રહી છે જે માટે આપશ્રી બનતું દરેક કરી આવો જાલીમ કૃત્ય થતો અટકાવી દેશો એવી આશા છે. એજ અરજ

લી. મહાજનશ્રીજીના હુકમથી
ઠા. શિવદાસ ચાંપસિંહ તે
શ્રી ક. લો. મા. ના જોડીઆ માનદ મંત્રી ના પ્રણામ."

રાજકોટ સમસ્ત જ્ઞાતિ મહાજન.

રાજકોટમાં આશરે ૧૫૦૦ થી વધુ ઘરની લોહાણા ભાઇઓની વસતી છેઃ તેમાં પાંચ તડો છેઃ ૧ કોઠારીઆના નાકાનુ તડઃ ૨ ગોવા નાગજીનું તડઃ ૩ કાનજી ભગતનું તડઃ અને બીજાં બેઃ આ પાંચ તડોમાં કહેવાય છે કેઃ ૧-૨ તડ મોટાં છે. એમનાં ઠામ વાસણો જુદાં સ્વતંત્ર છે અને દરેક તડો પોતપોતાનો વહીવટ ચલાવે છે. આ પાંચ તડોનું એકત્ર મહાજન કરવા શ્રીયુત કોટક સાહેબે પોતાના વખતમાં ધારાધોરણો ઘડીને પસાર કરાવ્યાં. શ્રીયુત કોટક સાહેબ રાજકોટમાં રહ્યા ત્યાં સુધી તો ઠીક ઠીક ચાલ્યું; પણ પછીથી મતભેદોના પરિણામે આ મહાજન નિદ્રાવશ થયું ને કલહ કંકાસ વધી પડ્યોઃ તે સંબંધમાં 'લોહાણા હિતેચ્છુ' માં અવારનવાર ચર્ચાપત્રો છપાયલાં, તે ઉપરથી જાણી શકાય છે. હજીય સગપણ-લગ્ન આદિ શુભાશુભ પ્રસંગના દાદ દરેક તડવાળા પોતે જુદા જુદા પોતાના તડ માટે વસુલ કરે છે. અને દરેક તડનો વહીવટ આગળની માફકજ ચાલે છેઃ પાંચ તડમાં કુસંપ અને મતભેદ ચાલ્યા કરે છે. અને કેટલીકવાર તો 'પ્રમુખ કહે હું પ્રમુખ નથી ને સેક્રેટરી કહે હું સેક્રેટરી નથી' તેવી ફરિયાદ પણ ભાઇ ઓધવજી રવજી આયાએ ખુલ્લી રીતે કરી હતી. કોઠારીયાના નાકા તથા ગોવા નાગજીના તડવાળા શેઠીઆઓએ તો એક વખત શ્રીયુત કોટક સાહેબ પાસે ખુલ્લું જણાવ્યું હતું કેઃ 'હાલની નિમાયલી કમિટી ન્યાયથી કામ કરતી નથી માટે અમે ઠામ વાસણ સોંપશું નહિં:'

આવા પાંચ તડોના એકત્ર મહાજનના નામે એક અતિ મતભેદનો, જ્ઞાતિમાં કલહ-કંકાસ ને અસંતોષના બીજ રોપનારો નિર્ણય કરવામાં આવે તે પાંચ તડોના ૧૫૦૦ થી વધુ ઘરના બધા લોહાણાભાઇઓની મંજુરીથી થયેલો છે એવું માની શકાય કે નહિ તે એક પ્રશ્ન છે.

હવે આ પ્રશ્નને વિચારવાનું જ્ઞાતિભાઇઓને સોંપી આપણે તા. ૧૯મી જુલાઇ ૧૯૨૩ના 'લોહાણા હિતેચ્છુ'ના અંકમાં આ ઘટના સંબંધે જે હેવાલ પ્રગટ થયો છે તે તરફ નજર કરીએ.

'રાજકોટનું સમસ્ત મહાજન'

તેમાં પસાર થયેલા ઠરાવો

મહાજનમાં અપુર્વ ઉત્સાહ

ગત તા. ૭-૭-૨૩ના રોજ મુંબઈવાળા કેસવજી દેવકરણના પુત્ર મી. મેઘજીનું સગપણ ધોરાજીવાળા વીસનજીની પુત્રી સાથે થયું હતું. જે વખતે જ્ઞાતીના આગેવાન ગૃહસ્થો લારી લેવા હાજર થયા હતા. સગપણ થયા પછી બીજે દીવસે મી. મેઘજીની માતુશ્રી ભાટીયાણી છે અને મુંબઈના કચ્છી મહાજનની પંકતીબહાર છે તેવું જાહેર થતાં અત્રેના સેક્રેટરીએ સમસ્ત મહાજન એકઠું કર્યું અને રા. ગોરધનદાસ કરમસીના પ્રમુખપણા નીચે જાહેર ચર્ચા થતાં ઉપરનું સગપણ રદ ઠરાવ્યું અને મહાજનનો દાદ પાછો મોકલ્યો. સદરહુ બાબતમાં દલાલ ખટાઉએ અગ્રેસર ભાગ લીધેલ હોવાથી તેનો રૂ. ૫૧ દંડ કર્યો. અમારે આ વખતે જાહેર કરવું પડશે કે બાઇ ભાટીયાણી છે તે વાત સગાઇ થયા પહેલાં ઘણા જાણતા હતા.

ત્યાર બાદ ગયા રવીવાર તા. ૧૫-૭-૧૯૨૩ના રોજ મહાજનવાડીમાંજ રા. ગોરધનદાસ લાધાભાઈના પ્રમુખપણા નીચે સમસ્ત મહાજન કેટલીક આવેલ અરજીનો નિકાલ કરવા ભેગું થયું હતું.

ઉપરોક્ત પ્રસંગે સદરહુ મેઘજી કેસવજીને જ્ઞાતિમાં અત્રેનું મહાજન લેવાના છે એવી અફવાથી લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. શરૂઆતમાં ધોરણસર હાજર રહેલા કમીટીના મેંબરોનાં નામો લખાયા બાદ પ્રમુખ સાહેબે આવેલ અરજી પૈકી હીરા ગોકળની અરજી વાંચી સંભળાવી હતી. સામો પક્ષકાર ખબર આપ્યા છતાં હાજર નહીં હોવાથી તેમજ સદરહુ પક્ષકારે પોતાને ખબર આપ્યા તે વખતે સહી કરવી વખતે ઉદ્ધત જવાબ સરક્યુલરમાં લખી મોકલ્યો હતો છતાં મહાજને તેના ઉપર દયા લાવી હીરા ગોકળની અરજીનો જવાબ આપવા એક અઠવાડીયાની મુદત આપી.

ત્યાર બાદ બીજા કેસની અરજી વાંચી સંભળાવી હતી અને ઠા. પ્રેમજી શામજીને પોતાના દીકરાની વહુને મહાજને ઠરાવ કરેલ મુજબ ખોરાકીના રૂા. ૬ કેમ નથી આપતો તે બાબત ખુલાસો માંગ્યો હતો. તેની ચોકસ દલીલો સાંભળી છેવટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ઠા. પ્રેમજી શામજીએ ચડેલ ખોરાકી ૧૬ માસની રૂા. ૯૬ પંદર દીવસની અંદર આપી દેવા; નહીંતર મહાજન તેની સખત નોટીસ લેશે. ત્યાર બાદ અગાઉ ઠા. શામજી હામજીનો રૂા. ૨૦૦ દંડ થયેલ તે હજી સુધી વસુલ નહીં આવતાં તેના ભાઇ કેશવજી કે જેણે સદરહુ દંડ થયેલ પ્રોસીડીંગમાં સહી આપેલ તેની પાસે જવાબ માગ્યો. તેની દલીલ સાભળ્યા બાદ વધુમતે ઠરાવ્યું કે ઠા. સામજીનો દંડ ઠા. કેશવજીએ પંદર દીવસની અંદર ભરી દેવો. ત્યારબાદ ઠા. દેવજી મેઘજી કે જેનો દંડ રૂા. ૧૦૦ અગાઉ કરેલ હતો તે હજુ સુધી તેણે ભરેલ નથી તે વાત હાથ ધરવામાં આવી. ઠા. દેવજી મેઘજી સીક હોવાથી હાજર થયેલ ન હતો. ઉપરની બાબતમાં પણ વધુ મતે ઠરાવવામાં આવ્યું કે ઠા. દેવજીએ પણ સદરહુ દંડ ૧૫ દીવસની અંદર આપી દેવો. નહીંતર મહાજન સખત વિચાર કરશે.

ઠા. મેઘજી કેશવજીની અરજી આવેલ નહીં હોવાથી અને તે બાબતમાં કાંઇ કામકાજ નહીં થવાથી સમસ્ત મહાજન જુદી જુદી ચર્ચાઓ કરી વીખરાયું હતું.

તા. ૧૭-૭-૨૩ના રોજ ઠા. મેઘજી કેસવજીની અરજી આવતાં સમસ્ત મહાજન રા. ગોરધનદાસ લાધાભાઈના પ્રમુખપણા નીચે રાતના એકત્ર થયું હતું. સદરહુ અરજી ઠા. મેઘજીને પાવન કરવાની વાંચી સંભળાવ્યા બાદ લાંબી ચર્ચા થયા બાદ એમ ઠરાવ કર્યો કે અત્રેના મહાજનને ઠા. મેઘજીને જ્ઞાતિમાં લીધા પહેલાં મુંબઈના કચ્છી મહાજને ઠા. મેઘજીને જ્ઞાતિમાં લેવા બાબત ભલામણ પત્ર લખવો. જે ઉપરથી પ્રમુખ સાહેબ તથા આ પત્રની તંત્રી લાલજી નાગજીએ પત્ર લખવો તેવો ઠરાવ પસાર કર્યો.

('લોહાણા હિતેચ્છુ' તા. ૧૯મી જુલાઇ ૧૯૨૩)

ઉપરનો હેવાલ જોતાં તે બહુ યુકિતપૂર્વક સફાઇ ભરી રીતે પ્રગટ કરવામાં આવ્યો છે; તો પણ તેમાંથી નીચેની વિચારણીય હકીકતો બહાર આવે છે જેપર વાંચનાર ભાઇઓ અવશ્ય વિચાર કરે:

૧ મી. મેઘજીની માતુશ્રી ભાટીયાણી છે તેવું જાહેર થતાં સેક્રેટરીએ મહાજન ભેગું કર્યું અને શેઠ ગોરધનદાસ કરમસીના પ્રમુખપણા નીચે જાહેર ચર્ચા થતાં સગપણ થયેલું તે રદ ઠરાવ્યું અને મહાજનનો દાદ પાછો મોકલ્યો તથા સદરહુ બાબતમાં ખટપટ કરનાર દલાલ ખટાઉનો રૂ ૫૧) દંડ કર્યો: આથી એક વાત દીવા જેવી બહાર આવે છે કે સદરહુ ભાટિયાણીબાઇએ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની આંખો આંજવા આ અજાણ્યા પ્રદેશમાં આવીને પોતાની આગલી પાછલી છુપાવી કેટલાક ખટપટી પુતળાઓને હાથમાં લઇ પોતાનું ધાર્યું કરવાના બધા પ્રયાસો આદર્યા હતા.

હવે બીજી બાબત એ લક્ષમાં રાખવાની છે કે ' લોહાણા હિતેચ્છુ ' પત્રના તંત્રીએ તા. ૧૪મી સપ્ટેમ્બરની સભાના હેવાલમાં બે ચાર પાંચ બોલનારાઓના ભાષણનો સાર આપ્યો છે; પણ આ મહાજનની સભામાં કોણ ભાઇ શું બોલ્યો ? કેવી ચર્ચા થઇ તે સંબંધે કશોય વધુ ઉલ્લેખ કર્યા વગર માત્ર " જાહેર ચર્ચા થતાં " એટલું મોઘમ લખી ૧૦–૧૨ લીટીમાં આ મહાજનની સભાનો હેવાલ સમાવી દે છે.

૨ અને પછી પોતે જાહેર કરે છે કે: 'બાઇ ભાટીઆણી છે તે વાત સગાઇ થયા' પહેલાં ઘણા જાણુતા હતા. આ જાહેર કરવામાં એમનો ઇરાદો લારી લેવા જનાર જ્ઞાતિના આગેવાનો તથા થાનાઇ હસ્તક દાદ લેનાર કાનજી ભગતના તડવાળાઓ ઉપર બાઇ ભાટિ-યાણી છે એવું જાણુતા હોવા છતાં આ સગપણ કર્યું એવો કાંઇક ગર્ભિત આરોપ મૂકવાનો હોય તેમ દીસી આવે છે.

૩ આ બાઇ ભાટીઆણી છે પણ તે ભાટીઆણીબાઇ મરહૂમ કચ્છી લો. કેશવજી દેવકરણની રખાત હતી અને તે રખાતનાં આ બાળકો છે તે સત્ય બીનાનો સ્ફોટ આ હે-વાલમાં ક્યાંય થયેલો જણાતો નથી.

૪ મુંબઇના શ્રી કચ્છી લો. મહાજન સમસ્ત તરફથી રાજકોટ મહાજનના પ્રમુખ શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇને આ સંબંધમાં તાર તથા પત્ર (જુઓ પાના ૮૮) લખવામાં આવેલ છે તે સંબંધે રાજકોટ મહાજનમાં ખુલ્લી રીતે એક અક્ષર પણ ઉચ્ચારવામાં આવેલો હોય, તેવું હેવાલ જોતાં ક્યાંય જણાતું નથી અને એમ કરીને સર્વ લોહાણાભાઇ-ઓને ખરી બીનાથી અંધારામાં રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે એમ માનવાને કારણો આપે છે. અગર કદાચ તેને અંગે મહાજનમાં ચર્ચા થઇ હોય તો પણ ' લોહાણા હિતેચ્છુ ' ના સ્વામીએ ગમે તે કારણસર હેવાલમાં તે નોંધ લીધી નથી એમ ચોક્ખું માલુમ પડી આવે છે.

૫ વળી એ પણ પ્રશ્ન છે કે ' લોહાણા હિતેચ્છુ ' ના અધિપતિ શ્રીયુત લાલજીભાઇ તો આ ભેદભરી હકીકત જાણુતા જ હોવા જોઇએ. તો હિતેચ્છુકારે શા કારણે આ બધું રહસ્ય ખુલ્લું ન કર્યું ? એક પત્રકાર તરીકે એમની એ ફરજ નહોતી ?

૬ રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખનું સ્થાન શ્રીયુત્ ગોરધનદાસ લાધાભાઇ શોભાવે છે, પણ આ ભાટીઆણી બાઇ છે–લોહાણી નથી અને મુંબઇના શ્રી કચ્છી લો. મહાજનની પંક્તિબહાર છે, એવું જાહેર થતાં મહાજન ભેગું થાય છે, તે સભામાં શ્રીયુત ગોરધનદાસભાઇએ શા કારણે હાજરી ન આપી તે તો શ્રીયુત ગોરધનદાસભાઇ જાણે: પણ ત્યારપછીની મહાજનની સભાઓમાં તો પતિને ભેટવા જતી પ્રેમઘેલી પ્રિયતમાની માફક દિવસે કે રાતે મહાજનની સભા મળે કે રસપૂર્વક પ્રમુખશ્રી હાજરી આપે છે, અને પ્રમુ-ખસ્થાન દીપાવે છે !

૭ તા. ૧૫–૭–૨૩ના રોજ શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇના પ્રમુખપણા નીચે મળેલી મહાજનની સભામાં મી. મેઘજી કેશવજીને મહાજન જ્ઞાતિમાં લેવાનું છે એવી અફવાથી ' હિતેચ્છુકાર 'ના જણાવવા પ્રમાણે લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપેલી. આવી અફવાઓ રાજકોટમાં કયા ફીરસ્તાઓએ ઉડાડી હતી ? અને એવી અફવાઓની નોંધ "હિતેચ્છુ" પત્રમાં લેવાની જરૂર શી હતી ? આ મોત પહેલા મરી જવાનો ઘાટ ઘડના-રાઓની કમનશીબીપર વાંચનાર ભાઇ ! તું બરાબર વિચાર કરજે.

('હિતેચ્છુકાર'ના જણાવવા પ્રમાણે ઘણા લોકાએ મોટી સંખ્યામાં હાજરી આપેલી હશે તો તેથી એ બાબતમાં અરજી ન આવેલી હોવાથી કંઇ કામકાજ ન થયું તેથી બિચારા આશા ભરેલા આવેલા લોકો નિરાશ થઇ પાછા ચાલ્યા ગયા હશે ! અફસોસ ! !)

૮ પછી વળી મી. મેઘજી કેશવજીની અરજી આવતાં તા. ૧૭–૭–૨૩ ની રાતે શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇના પ્રમુખપણા નીચે રાજકોટનું મહાન એકત્ર થયું ને તેમાં મુંબઇના કચ્છી લોહાણા મહાજનને ભલામણ પત્ર લખવાનો ઠરાવ થયો ને તે કામ પ્રમુખ સાહેબ તથા 'લો. હિતેચ્છુ'ના અધિપતિ શ્રીયુત લાલજી ભાઇને સોંપવામાં આવ્યું. [બિચારા મહાજનના સેક્રેટરી તો શોભાના ગાંઠીઆ જેવાજ હશે !] આ ઠરાવનો અમલ આ બન્ને ગૃહસ્થોએ કર્યો ? મુંબઈના કચ્છી લોહાણા મહાજનને કાગળ લખ્યો ? અને જો કાગળ લખ્યો હોય તો તેનો મુંબઇનાં શ્રી કચ્છી લોહાણા મહાજન તરફથી શો પ્રત્યુત્તર મળ્યો ? તે બાબતો બધી અંધારામાંજ રહી ગઇ છે. અમારી તપાસમાં અમને એવા ખબર મળ્યા છે કે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને આવો કોઇ કાગળ મળ્યો નથી. આ જો સાચું હોય તો શું એમ નથી માની શકાતું કે રાજકોટના જ્ઞાતિભાઇઓને સમજાવી લેવાના આ બધા વિચિત્ર રંગ ઢંગ હતા ?

ઉપરની બધી વિચારણીય બાબતો ઉપર વાંચનાર, કચ્છી, હાલાઇ, ઘોઘારી, ગુજરાતી ભાઇઓ વિચાર કરે અને જુએ કે બહુ સફાઇપૂર્વક ઉપરનો હેવાલ ' લોહાણા હિતેચ્છુ'માં પ્રગટ થયો હોવા છતાં તેમાંથી કેટલીક હકીકતો તરી આવે છે અને તે ઉપરથી એવું અનુમાન થઇ શકે છે કેઃ રાજકોટના લોહાણા ભાઇઓને યુક્તિપૂર્વક દોરવવામાં કોઇ ધનિષ્ટ અને ભેદી હાથોનો સંબંધ હતો અને તેવાં છાપેલ કાટલાંઓ કોથળામાંની બિલાડી માફક અંતે વિચારકની દૃષ્ટિએ તરી આવશે એવો અમને વિશ્વાસ છે.

હવે તા. ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૨૩ના રાજકોટ મહાજનની સભામાં મી. મેઘજી કેશવજી તથા તેના ભાંડરૂઓને પાવન કરવાનો નિર્ણય થતાં લોહાણા જાતિના ભિન્ન ભિન્ન વિભાગોમાં ભયંકર મતભેદો—કલહકંકાસોને જન્મ આપનાર જ્ઞાતિના ધારાધોરણોથી વિરૂદ્ધ જે દુષ્કૃત્ય થયું છેઃ તેનો હેવાલ 'લોહાણા હિતેચ્છુ' તા. ૨૦ મી સપ્ટેમ્બર ૧૯૨૩ના અંકમાં પ્રગટ થયો છે તે જેમનો તેમ અહીં આપીએ છીએઃ

રાજકોટ સમસ્ત જ્ઞાતિ મહાજનની બેઠક.

જ્ઞાતિએ ભરેલ આવકારદાયક પગલું

રા. બા. કોટક સાહેબનું મનનીય ભાષણ

મરહુમ ઠા. કેશવજી દેવકરણનાં બાળકો પાવન.

આજરોજ તા. ૧૪–૯–૧૯૨૩ના રોજ સરક્યુલર મુજબ ઠા. મેઘજી કેશવજીની અરજી બાબત વિચાર કરવા સમસ્ત મહાજન શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇના પ્રમુખપણા નીચે મહાજનવંડામાં

મળ્યું હતું. જેની અંદર ધારાની કલમ ૩૪ મુજબ ૨૧ કરતાં વધુ મેમ્બરો તથા બીજા બંધુઓની આશરે ૨૦૦ થી વધુની હાજરી હતી.

શરૂઆતમાં રા. ગોરધનદાસભાઇએ મહાજનને ઉદેશીને જાહેર કર્યું કે આજનો કેઇસ વીચારવા જેવો છે અને આપણા સદભાગ્યે રા. બ. કોટક સાહેબની ગામમાં હાજરી છે તો આપ સૌ ભાઈઓની મરજી હોય તો તેમને બોલાવવા એક ડેપ્યુટેશન મોકલીએ. જેના જવાબમાં બધાએ સંમતી આપી અને તુરતજ રા. ભાણજી કોઠારી, રા. ગોકળ ઝીણા, રા. નાગજી ઝીણા તથા રા. ભીમજી જાદવજીનું ડેપ્યુટેશન રા. બ. કોટક સાહેબને જ્ઞાતિ તરફથી તેડવા ગયું. જેને માન આપી રા. બ. કોટક સાહેબ તુરતજ મહાજનવાડીમાં આવતાં તાળીઓના ગગડાટ વચ્ચે તેમને વધાવી લેવામાં આવ્યા. ત્યારબાદ પ્રમુખ સાહેબે ઠા. મેઘજી કેશવજીની અરજી વાંચી સભળાવી અને આગલાં ગોસીડીંગનો સાર ટુંકમાં કહી સંભળાવ્યો. અને અરજીના ગુણદોષ બાબતમાં એવા મતલબનું વીવેચન કર્યું કે એ છોકરાઓ લોહાણાથી કોઇ હલકી જ્ઞાતિને પેટે ઉત્પન્ન થયેલા નથી તેથી લોહાણા શીવાય તેને પાવન કરવાને બીજી કોઈ જ્ઞાતિ માથે લઇ શકે નહિ. તોપણ આ બાબતમાં મહાજનનો જે કંઇ મત હોય તે જાહેર કરવાને સૌને છુટ છે અને તે બાબત બહુમતે નીકાલ થવો જોઇએ. ત્યારબાદ રા. ઓધવજી આચાર્યે સચોટ વિવેચન કરી ક્ષત્રીય કુળના દાખલા આપી તે બાળકોને જ્ઞાતિમાં લેવા બાબત સુચવતાં હાલના શુદ્ધીના સવાલ ઉપર ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ બે ગૃહસ્થોએ ટુંકમાં વીવેચન કર્યા હતા. ત્યારબાદ રા. ભાણજી કોઠારીએ જાહેર કર્યું હતું કે મારા સાંભળવામા આવ્યુ છે કે આ બાબતમાં બાઈ તરફથી રૂપીયા દસ હજાર અનામત અમુક ગૃહસ્થોના નામે મુકવામાં આવ્યા છે તે પાછા આપવા જોઇએ; પરંતુ છોકરાં તરફ મહાજન દયા કરવા ધારે તો જુજ લઇને પણ પાવન કરી શકે છે. ત્યારબાદ રા. વાઘજી પીતાંબરદાસે વીવેચન કરતાં જણાવ્યું કે હીંદુ લૉ પ્રમાણે, તેમજ મનુસ્મૃતી પ્રમાણે આ છોકરાઓને લોહાણા કહેવરાવવાનો હક છે: છતાં આ બાબતમાં રા. બા. કોટક સાહેબનો અભીપ્રાય આપણે જાણવો જોઇએ. માટે મને આશા છે કે આ બાબતમાં કોટક સાહેબ પોતાનો અભિપ્રાય દર્શાવશે.

રા. બા. કોટક સાહેબ તાળીઓના ગડગડાટ વચ્ચે ઉભા થતા જાહેર કર્યું કે આજે ઘણા વખતે મને મહાજનના દર્શનનો લાભ થયો તેને માટે હુ મારૂં અહોભાગ્ય માનું છુ. તેમણે વીવેચન કરતાં શરૂઆતમાં તેમના ઉપર એક નનામું પોસ્ટકાર્ડ મહાજનમાં હાજરી ન આપવા બાબત અને આવશો તો અપમાન થશે તેવી મતલબનુ આવેલુ વાંચી સભળાવ્યું અને જાહેર કર્યું કે આ પ્રમાણે નનામા પોસ્ટકાર્ડથી માણસે પોતાનુ ખરૂ કર્તવ્ય કરતાં અટકવું ન જોઇએ તે રૂએ હું અત્રે હાજર થયો છું; અને હું અત્રે જાહેર કરૂં છું કે જે ભાઇની મને અપમાન કરવાની ઇચ્છા હોય તે ઘણીજ ખુશીથી અપમાન કરે, પરંતુ જ્ઞાતિની સેવા કરવામાં હું માન અપમાન જોતો નથી જેના જવાબમા જ્ઞાતિમાં તે વખતે શાન્તિ પથરાઈ રહી હતી અને તેવું પોસ્ટકાર્ડ લખનાર ધણી તરફ તીરસ્કારની લાગણી જોવામાં આવી. ત્યારબાદ રા. બ. કોટક સાહેબે આ કેઇસ બાબત નીચે મુજબ પોતાનાં અભીપ્રાય જણાવ્યો.

આ સવાલનો નિર્ણય તેના ગુણદોષ ઉપરજ થવો જોઇએ.

ભાટિયા જ્યારે ચંદ્રવંશી યાને યદુવંશી હોવાનો દાવો ધરાવે છે ત્યારે આપણે સુર્યવંશી હોવાનો દાવો ધરાવીયે છીએ, જેથી હાલના અરજદારો ક્ષત્રીય બાપથી તથા ક્ષત્રીયાણ માતાથી ઉત્પન્ન થયા છે તેઓના પીતા લોહાણા હોઇને તેઓને ભાટીયા જ્ઞાતીમાં જગા હોઈ શકે નહીં અને લોહાણા પીતાના પુત્રો હોવાથી લોહાણા કહેવરાવવા તેઓ હક ધરાવી શકે છે. આ પ્રમાણે નિર્ણય ઉપર ન આવવાનું પરીણામ તે નિર્દોષ બાળકોને અધોગતિ કરવા સમાન છે, કેમકે તો પછી કોઈ પણ હિંદુ જ્ઞાતીમાં તેમનું સ્થાન રહેતું નથી અને પરિણામે મુસ્લીમ કે ખ્રીસ્તી થવુંજ પડે. આ પરિણામ લાવવામાં લોહાણા બંધુઓ સહાનુભુત થાય એમ કલ્પી શકાય નહીં. ગુણ દોષ ઉપરજ આ કેસનો

ખ્યાલ કરીએ તો અરજદારો વિષેનો ઠરાવ પ્રથમ થયો છે તે રદ કરવો કે નહિ તેજ સવાલ જ્ઞાતિ સમસ્ત પાસે ખડો થાય છે. તે વિષેના નિર્ણય ઉપર આવતાં પહેલાં આ કામમાં બીજી અમુક હકીકતનો ખાસ ખ્યાલ કરવાનો છે. તે હકીકત એ છે કે અરજદારોની માતાએ રૂપીયા દશ હજાર જ્ઞાતિ અર્થે આપવા અમુક ભાઇઓને નામે અનામત મુકયા છે. આ હકીકતને પરીણામે સવાલ એ ઉત્પન્ન થાય છે કે આપણા મનના ધર્મ પ્રમાણે અને હિંદુ શાસ્ત્ર પ્રમાણે આ બાળકોને જ્ઞાતિમાં લાવવાનું કરવામાં આપણે ખરૂં કરતા હોઇએ, આપણે ન્યાય આપતા હોઇએ તેમ છતાં આ રકમ લેવાયાથી તે પૈસા લેવાની ખાતર આપણે અમુક નિર્ણય ઉપર આવીએ છીએ એમ દુનિયા માને તો તે વાસ્તવીક યોગ્ય નથી એમ કહી શકાશે નહીં. સારૂં કરવા છતાં ખરાબ કરેલ છે એમ જગતને કહેવાને તક મળશેજ, માટે આપણી ફરજ છે કે સદરહુ રકમ અત્યારેજ મજકુર બાઇને બીનશરટે પાછી મોકલી દેવી. તેને કોઇ પ્રકારનો કોઈ સ્થળે ધર્માદો કરવા આગ્રહ બીલકુલ ન કરવો. તે તેની મુનસફી ઉપર મુકી દેવું જોઇએ, અને તે પૈસા અહીં મળવાના નથી એમ ગણીને આ સવાલના ગુણ દોષ ઉપરજ નીકાલ કરવાની સર્વે ભાઇઓની ફરજ છે. આ હકીકત સર્વ ભાઇઓને પસંદ પડવાથી આ રકમ તુરતજ આપી દેવી, તેવી પ્રમુખસાહેબે પોતેજ દરખાસ્ત મુકી અને સદરહુ રકમ તે બાઇને તુરતજ મળે તેવી જાતનો પત્ર તેજ વખતે જે ભાઇઓના નામ ઉપર હતો તેમણે લખી આપ્યો.

ત્યારબાદ પ્રમુખ સાહેબે જાહેર કર્યું કે આ બાળકોને પાવન કરવાની તરફેણમાં જે ભાઇઓ હોય તેમણે હાથ ઉંચા કરવા. જેના જવાબમાં તેજ વખતે લગભગ તમામ ભાઇઓએ હાથ ઉંચા કર્યા હતા. ત્યાર બાદ જે વીરૂધમાં હોય તેવા ભાઇઓએ હાથ ઉંચા કરવા તેવું પ્રમુખ સાહેબે જાહેર કરતાં વીરૂધમાં કોઇએ હાથ ઉંચા કર્યા નહોતા. જે ઉપરથી અગાઉ તેમને જ્ઞાતિ બહાર મુકવાનો ઠરાવ કરેલ છે તે રદ કરી તેને એટલે ઠા. મેઘજી કેસવજી તથા તેના બે નાના ભાઇ તથા તેની બેનને જ્ઞાતિમાં લેવામાં આવે છે એવુ પ્રમુખ સાહેબે તાળીઓના ગડગડાટ વચ્ચે જાહેર કર્યું. છેવટે રા. વાઘજી નાગજીની દરખાસ્તથી અને રા. ભાણજી કોઠારીના ટેકાથી સદરહુ બાળકો તરફથી ૪૦ મણ ઘઉં ગાંગા ભગતની જગામાં અને ૪૦ મણ જાર પારેવાંની ચણમાં તથા રૂા. ૧૦૧ ગાયોને ઘાસ નાખવાને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઉપર મુજબ સદરહુ બાળકો પાવન થયા બાબતનો તથા રૂપીયા દસહજાર પાછા મળ્યાનો ઠા. મેઘજી કેસવજી તરફથી તેના મુનીમ નગીનદાસ હીરાચંદે આભાર માન્યો હતો.

ત્યાર બાદ કુંવરબાઇ તે ઠા. કેસવજી દેવકરણની વીધવા તરફથી તેમના મુનીમ મી. નગીનદાસે રૂા. દસહજાર એકસો એક મહાજનવાડી ઉપર મેડી ચણાવવાના કાર્યમાં ઉપરની ખુશાલી પેટે આપવાનુ જાહેર કર્યું હતુ, અને તે મેડીમાં ઠા. કેસવજી દેવકરણની ચાંદીની તખતી નાંખવા મહાજનશ્રીને અરજ કરી હતી, જે સર્વાનુમતે તાળીઓ અને હર્ષનાદના પોકાર વચ્ચે મંજુર રાખવામાં આવ્યું હતું."

વાંચનાર ભાઇ! આ રિપોર્ટમાં જે જે વિગતો પ્રગટ થઇ છે તે અપૂર્ણ છે, તોપણુ તેમાંથી નીચેની કેટલીક વિચારણીય બાબતો તારવી શકાય છેઃ

૧ પાંચ તડોમાં ૧૫૦૦ થી વધુ લોહાણાભાઇઓનાં ઘરો છે, તે ગામમાંથી ૨૦૦ થી વધુ બંધુઓ તથા ધારાની કલમ ૩૪ મી ટાંકીને ૨૧ થી વધુ મેમ્બરો આ સભામાં હાજર હોવાનું 'લો. હિતેચ્છુ' પત્ર જણાવે છે. ત્યારે આમાં પ્રશ્ન એ થાય છે કે અહીં ધારાની કલમ ટાંકવાની જરૂર શું હતી? આ કંઇ કમિટીની સભા નહોતી, પણ સમસ્ત મહાજનની સભા હતી. એટલે ૧૫૦૦ થી વધુ લોહાણાભાઇઓના ઘરોમાંથી ૨૦૦ ની હાજરી હતી, એટલે આ સભામાં થયેલ કામકાજને કોઇ ગેરકાયદેસર ન ઠરાવી શકેઃ અને બધું કાયદેસર થયું છે એમ જાહેર જનતાના મગજમાં ઠસાવવાની 'હિતેચ્છુકાર' યુક્તિ કરતા હોય તેમ જણાય છે.

૨ મહાજનની આ સભાના હેવાલ ઉપરથી એક ચોંકાવનારી હકીકત એ બહાર આવે છે કે આ ભાટિયાણી બાઇ પાસેથી રૂ. ૧૦૦૦૦) ની રકમ અમુક ગૃહસ્થોના નામે મૂકાવી છે. તે રૂપિયા કયા કયા ગૃહસ્થોનાં નામે, કેટલા કેટલા રૂપિયા, અને કયે કયે ઠેકાણે મૂકાયલા હતા? રૂપિયાની રકમો શા માટે મૂકાવવી પડી? આ રૂપિયા મુકાવવાનો ઠરાવ મહાજનમાં કે તેની કમિટીમાં કયારે થયો હતો? આ રૂપિયાની હકીકતને આજદિન લગી છુપાવવાનાં કયાં કયાં કારણો છે? હેતુ સ્પષ્ટ છે-

૩ આ ઘટસ્ફોટ થાય છે: રૂપિયા પાછા આપી દેવાની દરખાસ્ત પણ પ્રમુખશ્રી પોતે મૂકે છે. (બીજો કોઇ બહાદુર નર આ કામ માટે પણ બહાર ન આવ્યો!) ને પછી તેજ વખતે ભાટિયાણીબાઇના મુનીમ નગીનદાસ (મુંબઇનાં કચ્છી લો. મહાજનની આંખમાં ધૂળ નાંખી કોથળીના મ્હોં છોડી નાખીને પણ મેળવેલી ફતેહ માટે!) ખુશાલીમાં રાજકોટ મહાજનને રૂા. ૧૦૧૦૦ મેડી ચણાવવા માટે અર્પણ કરે છે! (પણ નગીનદાસભાઇ! આ બધી લીલાઓ કરવાની મંત્રણા અગાઉથી તો નહોતી થઇને? તે તમે જાણો કે પ્રભુ જાણે) પારદર્શક કાચના જેવા આ બાળખેલ લોહાણાભાઇઓ ન સમજી શકે એમ તો મૂર્ખ જ માની શકે.

૪ 'લોહાણા હિતેચ્છુ' ના કથન અનુસાર ૨૦૦ થી ૨૨૫ ભાઇઓની હાજરી હતી તેમાં ફક્ત ચાર કે પાંચ જણાજ બોલ્યા! ત્યારે બીજા બધા ભાઇઓનાં મ્હોં શીવાઇ ગયાં ગયાં હતાં કે 'તીરે ઉભા તમાસો' જોવા આવ્યા હતા? અને તે હાજર રહેલા ૨૦૦થી ૨૨૫ ભાઇઓ તે પાંચે તડાંઓમાંથી સરખા પ્રમાણમાં હતા કે કોઇ ચોકસ તડામાંના જ ભાઇઓ બહુ સંખ્યામાં હતા?

આપણા જ્ઞાતિ મહાજનોની બેઠકમાં જેણે જોયું હશે તેને જરૂર આ વાત સમજાશે કે લોકો મોટેરાઓના તેજમાં અંજાઇ મુંગાજ રહે છે. બોલવા સારૂ તેને મુખ છે પણ એ વખતે વાચા બહાર નીકળી શકતી નથી. તેનામાં હિંમત છે, પણ એ હિંમતની તેમને કિંમત નથી, અને જ્યાં પ્રમુખ સાહેબ પ્રથમથી જ પોતાનું વલણ સીધી કે આડકતરી રીતે જણાવી દે ને શ્રીયુત કોટક સાહેબ જેવા મહાપુરૂષને આગળ કરે ત્યાં પછી સામાન્ય માણસનું અંતર દુઃખથી ભરેલું હોય છતાં તે એક શબ્દ પણ ન બોલી શકે એ સાવ સમજાઇ જવાય તેવી વાત નથી શું?

૫ પાવન કરવાનો ઠરાવ કોઇએ પણ મૂકયો હોય તેમ 'લોહાણા હિતેચ્છુ'ના ઉપરોક્ત રિપોર્ટથી જણાતું નથી; પણ લાગલા જ પ્રમુખ સાહેબ પાવન કરવાની તરફેણમાં હોય તેને હાથ ઉંચા કરવા કહે છે. ને 'હિતેચ્છુકાર' જણાવે છે કે 'લગભગ' તમામ ભાઇઓએ હાથ ઉંચા કર્યા અને ત્યારબાદ "વિરૂદ્ધમાં હોય તેમણે હાથ ઉંચા કરવા–તેવું પ્રમુખ સાહેબનું ફરમાન થતાં" કોઇએ હાથ ઉંચા કર્યા નહોતા! એટલે આ કામ સર્વાનુમતે થયેલું જણાવવા 'હિતેચ્છુ'ના અધિપતિ ઇચ્છે છે. (અહીં 'લગભગ' લખીને હિતેચ્છુકારે ભૂલ કરી છે.) આપણે ઘણે હિતેચ્છુના અધિપતિની ઇચ્છાનુસાર માની લઇએ પણ આ સભા મળવા અગાઉ સવારે શ્રીયુત કોટક સાહેબને એક નનામો પત્ર મળે છે, તેમાં 'હાજરી આપશો તો અપમાન થશે' એવું કોઇએ લખેલું; તે દુઃખમય કથા શંકાશીલ બનાવે છે કે 'મહાજનને નામે' થતા આ ધૃણિત કાર્યમાં રાજકોટમાં વસતા સર્વ લોહાણાભાઇઓની સંમતિ નહોતી.

૬ બીજી એક વાતનું અનુમાન પણ આથી થઇ શકે છે કે: કેટલાક કારસ્તાનીઓ કે જેઓનો આ ધૃણિત કાર્યની ફતેહમંદીમાં અમુક લાભો સમાયલા હોય, તેવી ખટપટી વ્હેવાણોએ શ્રીયુત કોટક સાહેબને લાવવાની મંત્રણા અગાઉથી કરી હોય, અને તે મંત્રણાની ખબર આ હકીકત ન ઇચ્છનારાઓને પડી હોય: તેમાંથી એકે શ્રીયુત કોટક સાહેબને પોસ્ટકાર્ડ લખ્યો હોય તો તે તદ્દન બનવાજોગ છે. એ બાબતં પણ એવું માનવાને કારણ આપે છે કે આ બાબતમાં કેટલાકો તરફથી નિર્દય દગલબાજી રમાયલી છે.

૭ એક વખત શેઠ ગોરધનદાસ કરમશીના પ્રમુખપણા નીચે મળેલી રાજકોટ મહાજનની સભામાં મી. મેઘજી કેશવજીને જ્ઞાતિબહાર મૂકવાનો ઠરાવ સર્વાનુમતે થાય છે: તે જ રાજકોટ મહાજનની તા. ૧૪–૯–૨૩ની સભામાં લોહાણા જાતિમાં કલહ–કંકાસ ને ઉગ્ર મતભેદો ઉપસ્થિત કરનાર ઘટના આનંદકારદાયક (!) લેખાય છે! એટલે કે તેઓને જ્ઞાતિમાં લઇ લેવાનો નિર્ણય થાય છે. કોઇ અલભ્ય વસ્તુપ્રાપ્તિની આશાએ રાજકોટ મહાજનની આ ક્ષણે ક્ષણે બદલાતી નીતિમાં ઉંડા ભેદભરમો તો રહેલા નથી ને? એ વિકટ પ્રશ્ન લોકો અવનવી રીતે છેડી રહ્યા છે.

વાંચનાર ભાઇ! રાજકોટ મહાજનની ઉક્ત સભાની કાર્યપદ્ધતિનું અવલોકન કરીને હવે આપણે તે સભામાં ભાષણકર્તાઓની દલીલો તરફ નજર કરીએ:

પ્રથમ તો પ્રમુખસાહેબ કહે છે કે આજનો કેસ વિચારવા જેવો છે, માટે આપણા સદ્‌ભાગ્યે કોટક સાહેબની ગામમાં હાજરી છે તેમને બોલાવવા સૌ ભાઇઓની મરજી હોય તો ડેપ્યુટેશન મોકલીએ.

સભાનો પ્રમુખ એટલે તે સભાનો સ્વામી–સભાપતિ: અને સભાનો સામાન્ય નિયમ એવો છે કે પ્રમુખ સાહેબ છેવટ સુધી મૌનવ્રત ધારણ કરી સભામાં ચાલતા કામકાજને અવલોકે છે. અને જ્યાં સુધી તે નિયમસર ચાલતું હોય ત્યાં સુધી તે મૌનતા તોડે નહિ. અને કોઇપણ પક્ષકાર તરફનું પોતાનું વલણ જાહેર કરે નહિ. સભાના આ સામાન્ય નિયમનો તો મંગળાચરણમાં જ અહીં ભંગ થયેલો ગણાય.

પછી શ્રીયુત કોટક સાહેબ સભામાં પધારે છે, ત્યારે પણ પ્રમુખ સાહેબ પોતે મેઘજી કેશવજીની અરજી વાંચી સંભળાવ્યા પછી આગલા પ્રોસિડીંગ્સનો સાર કહીને જ શાન્ત ન રહ્યા; પણ જાણે મેઘજી કેશવજી તરફથી વકીલ હોય તેમ ગુણદોષનું વિવેચન કરી 'લોહાણાજ્ઞાતિથી હલકી જ્ઞાતિના પેટે ઉત્પન્ન થયેલા નથી માટે લોહાણા સિવાય તેને બીજી કોઇ જ્ઞાતિ પાવન કરે નહિ: એવો પોતાનો અભિપ્રાય પણ સાથે સાથે જણાવી દે છે.

અને રૂા. ૧૦૦૦૦) પાછા અપાવવાના બાળખેલ થાય છે, ત્યારે પણ પ્રમુખશ્રી પોતેજ દરખાસ્ત મૂકે છે અને છેવટમાં કોઇએ ઠરાવ ન મૂકેલો હોવા છતાં પાવન કરવાની તરફેણમાં મત લેવાનું જાહેર કરે છે.

આગલા પ્રોસિડીંગ્સનો સાર કહેવાને શું સેક્રેટરી સાહેબ સીક પડી ગયા હતા કે સુઇ રહ્યા હતા?

પ્રમુખના આવા વલણથી દેખીતી રીતે આ સભામાં થયેલું કામ નિયમસરં તો આથી નથી ગણાતું.

પ્રમુખસાહેબ શ્રીયુત ગોરધનદાસ લાધાભાઈ

રાજકોટ મહાજનના પ્રમુખ સાહેબ શ્રીયુત ગોરધનદાસભાઇની બાહોશ વકીલ તરીકે, સરદાર-ફોજદાર તરીકે, મૂળી સ્ટેટના કારભારી તરીકે, હિતવર્ધક સભા તથા કાઠિયાવાડ રાજકીય પરિષદની મેનેજીંગ કમિટિના સભ્ય તરીકે, વ્યાખ્યાનકાર તરીકે, લો. બોર્ડીંગના પ્રમુખ તરીકે, રાજકોટ પ્રજામંડળ તથા સ્થાનિક સ્વરાજ્યના પ્રમુખ તરીકેની કારકીર્દી કેટલી સફળ નીવડી છે તે અમે જાણતા નથી; પણ રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ તરીકેની કારકીર્દી તો એઓએ તેવી ફતેહમંદ નથી નીવડી એમ 'લોહાણાહિતેચ્છુમાં અવાર-નવાર પ્રગટ થયેલાં ચર્ચાપત્રોથી જાણી શકાય છે, તેમાં એક ચર્ચાપત્ર જે એઓ શ્રીમાનને ખુલ્લો પત્ર શ્રીયુત ઓધવજી રવજી આયાએ લખેલ છે તે અહીં આપીએ છીએ, કે જેનાથી સ્થાલીપુલાક ન્યાયાનુસાર વાંચનારના જાણવામાં આવી જશે.*

રાજકોટ જ્ઞાતિના પ્રમુખ શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇને ખુલ્લો પત્ર:

આજ દોઢ દોઢ વરસ થયાં આપણી જ્ઞાતિમાં અંધેર ચાલી રહ્યું છે, જ્ઞાતિના કરેલા ધારા તો પળાતા નથી અને ગરીબ લોકોને પુરું ત્રાસદાયક થઇ પડયું છે. આ કરતાં ધારા ન ઘડયા હોત તો સારૂં હતું. વળી ધારા ઘડતાની સાથે તેમાં આજુબાજુના પ્રસંગ આવી નડતાં પાંચ તડાં ભેગાં થયાં નહી અને ઉલટો કંકાસ વધી પડયો. ૬૧ જણાની નીમાએલી કમીટી ફેંસલા આપવા બહાર પડી, યોગ્ય ફેંસલા અપાણા, પાછળથી મતભેદ થતાં પક્ષાપક્ષી ચાલી, દંડ થયલાનો દંડ આપવા દીધો નહીં, એક કેસની મુદત ઉપર મુદત અપાતી ચાલી, છેવટ સુધી પુનર્લગ્ન કરેલી કન્યાને બે વરસ થઈ ગયા છતાં મુળ ધણીને ઘરેણાં પાછાં મલ્યાં નહિ. પણ તમારી એકજ વાત છે કે ઠામ વાસણ ભેગાં કરો, ઝટ ઠામ વાસણ ભેગાં કરો. તે એકજ વાત લઈ બેસતાં બધા ધારાધોરણ ઉપર છીણી મુકો છો, તો હજુ મારી એકજ વિનંતી છે; છતાં ને એ છે કે, ધારાની પહેલી કલમમાં સુધારો કરી નીચે મુજબ ઠરાવ લાવવા સુચના કરૂં છું. હાલ વખતને માટે લોકોના હીત અને સગવડની ખાતર પાંચે તડાં કાયમ રાખી બીજા દરેક ઠરાવો અમલમાં લેવા.

ઉપરના ઠરાવને માટે આપ જરૂર એક જનરલ સભા બોલાવશો અને જ્ઞાતિનું ભેગ જરૂર કરશો. કારણ હવે તો જ્ઞાતિમાં અંધેર વધતું જાય છે. જુઓ કે ગામની ભરી કોરટમાં કાકીયાણી તથા વેસ્યાઓ સાથેના વ્યવહાર કબુલ થાય છે. ઉપરાંત એકેક આદમી ત્રણ ત્રણ સ્ત્રીઓ કરે છે છતાં કોઇ પુછતું નથી. માટે મે. કરી એક પહેલા ધારાના તમારા મતભેદથી બધા ધારા ઉપર છીણી ન મુકો એવી નમ્ર વીનંતી છે.

લી. જ્ઞાતિ દાઝમાં બળેલો
ઓધવજી રવજી આયા.
('લોહાણા હિતેચ્છુ' તા. ૩૧મી મે, ૧૯૨૩)

આ ઉપરથી જાણી શકાય છે કે રાજકોટમાં ૧૫૦૦થી વધુ લોહાણાભાઇઓના ઘરો છે. સર્વ લોહાણાભાઇઓને આવી પરવશતા નથી રૂચતી, પરંતુ તેમાં એક શબ્દ બોલવામાંય જોખમ છે એમ તેઓ સમજવાનું અનુમાન થઈ શકે છે.

*આમાં રાજકોટ લોહાણા મહાજનમાં ચાલતા અંધેરની બાબત ઉપર પણ કંઇક પ્રકાશ પડે છે.

એક પતિની હયાતીમાં પુનર્લગ્ન કરવાના કાર્યને અતિ તિરસ્કારયુક્ત માનનાર, એટલુંજ નહિ પણ અપરાધયુક્ત, અનીતિથી ભરપુર માનનાર, તેવા નિંદ્ય કર્મનો અટકાવ કરવાને મજબુત હાથે બાથ ભીડવાનું કહેનાર,* અને એવાં ઘૃણિત કાર્યોને જ્ઞાતિને અધોગતિની સ્થિતિએ પહોંચાડવાનું માનનાર, અને તે બાબતમાં સખ્ત ધારાધોરણ કરી અપરાધીને શિક્ષા આપવાનો ઉંચ ઉદ્દેશ, નીતિમાન આદર્શ રજુ કરનાર, શ્રીમાન નથુરામ શર્માના શિષ્ય શ્રીયુત ગોરધનદાસભાઇ, એક ભાટિયાણીબાઇ પોતાના ગરીબ ભાટિયા ધણીને જીવતો રખડતો મુકી કચ્છી લોહાણાની રખાત તરીકે રહી બાળકો પેદા કર્યાં કે જેને મનુ આદિ સ્મૃતિમાં 'જારજ' સંતાનો કહ્યાં છે, તેને લોહાણા ઠરાવવાનું કાર્ય નીતિયુક્ત માને છે, એથી વધુ દીલગીરી ભર્યું બીજું શું હોઇ શકે ? આપસઆપસના કલહ કંકાસોમાં સપડાયલા પાંચ તડના બનેલા રાજકોટ મહાજને આ કાર્ય વ્યાજબી કર્યું છે ?

શ્રીયુત ગોરધનદાસ લાધાભાઇ સન ૧૯૧૩ માં રાજકોટમાં મળેલી બીજી લોહાણા પરિષદના સ્વાગતકારિણી સભાના પ્રમુખ હતા અને તે અધ્યક્ષસ્થાનેથી તેઓના શ્રીમુખે ઉચ્ચારાયલા એક ગામના મહાજને બીજા ગામના મહાજનોના ઠરાવો માન્ય રાખવા બાબતના શબ્દો આજે પણ લોહાણા ભાઇઓના કાનોમાં ગુંજી રહ્યા છે અને તે આ પ્રમાણેઃ

" મહાજનના ઠરાવ "

<u>૩૪. એક ગામના મહાજને કરેલો ઠરાવ બીજા ગામના મહાજને માન્ય રાખવા બાબત અને મહત્વના સાંસારિક સવાલોની બાબત</u> અમુક સ્થળના મહાજનના કે વિદ્વાનમંડળના સંયુક્ત વિચારથી કામ લેવાની યોજના ઘણી જ આવકદાયક થશે એવો મારો નમ્ર મત છે. ઠેકઠેકાણેના મહાજનના ઉદ્‌ગારો અને લોકો તરફથી બતાવવામાં આવતી ઈચ્છાને જેટલે સુધી હું સમજી શક્યો છું, તેટલે સુધી મને લાગે છે કે આ સૂચના સર્વમાન્ય થશે; અને જો આ બાબત કાંઈ યોજના થશે તો તે ઘણીજ આશીર્વાદદાયક થશે. જો કે એક ગામના મહાજને કરેલો ઠરાવ બીજા ગામનું મહાજન માન્ય રાખે છે, અમાન્ય રાખવાના દાખલા જવલ્લે જ મળી આવે છે; તો પણ એકમતથી એ ઠરાવ પસાર થવો એ બહુ ઇષ્ટ છે. વિશેષ મહત્વની બાબત તો એ છે કે કેટલાએક સવાલો જ્યારે ઉગ્ર મતમતાંતરનું રૂપ પકડે, ત્યારે તે બાબત અમુક સ્થળના મહાજનના નિર્ણય માટે રાખવી, કે

---

*જુઓ, શ્રી રાજકોટ દ્વિતીય લોહાણા પરિષદનો રિપોર્ટઃ સ્વાગત કમિટીના પ્રમુખસ્થાનેથી અપાયલું એઓશ્રીનું ભાષણ પાને ૪૩.

" પુનર્લગ્નનો વ્યવહાર અંકુશિત કરવા યોગ્ય છે "

૩૧ 'એકપતિની હયાતીમાં કોઈપણ સ્ત્રીએ પુનર્લગ્ન કરવાં એ અતિ તિરસ્કારયુક્ત છે; એટલુંજ નહિ પણ અપરાધયુક્ત, નિંદિત અને અનીતિથી ભરપુર છે. તેનો અટકાવ કરવાને મજબુત રીતે બાથ ભીડવી જોઇએ. આવાં કાર્ય જ્ઞાતિને અધોગતિની સ્થિતિએ પહોંચાડે છે. અને અતિ ક્લેશ ઉત્પન્ન કરી ભારી કડવાં પરિણામ આણે છે. જેનો પતિ હયાત હોય તે કન્યાનું ગ્રહણ કરવાથી દુર રહેવા દરેક વ્યક્તિએ પોતાનું મન મક્કમ કરવું જોઇએ, અને તેમ થયે તેવી સ્ત્રીને બીજો પતિ કરવા ભાગ્યે જ અવકાશ મળશે. આ બાબત સખત ધારાધોરણ થવાની અને અપરાધીને દાખલા પડતી શિક્ષા થવાની જરૂર છે. આશા રાખવામાં આવે છે કે આગેવાન શેઠીઆઓ આવી એબ લગાડનારી બાબતનો અટકાવ કરવાનું મજબુત રીતે મન ઉપર લેશે અને આ બાબત આપણા તરફ આંગળી ચીંધવાનું બંધ થાય એવા ઉપાયો કરશે. આપણા કરતાં બીજી જ્ઞાતિઓ મોટી છતાં તેમાં આ બદી કેમ પ્રવેશ કરી શકતી નથી,' અને આપણામાં શા માટે પ્રવેશ કરે છે તેનો જવાબ એટલો જ મળી શકે તેમ છે કે આપણે એકમતથી તેમાં અટકાવ કરવાને શક્તિમાન થઈ શક્યા નથી.

કે એ સવાલનો નિર્ણય નિઃસ્પૃહ રીતે કરી શકે, અને એમ નહિ તો અન્યના ખટલા સુંબઈ ન્યાય કચેરીઓ જેમાં આપણી જ્ઞાતિમાં હરતી ધરાવે છે, અને જેના ઠરાવને માટે ઈતર જ્ઞાતિવાળા પૂર્ણ સંતોષથી જુએ છે તેવા વિદ્વાન, નિષ્પક્ષપાત અને ન્યાયની પૂરી સમજ ધરાવનારાઓની મુનસફી ઉપર એવા વિવાદીત સવાલો સોંપી દેવા, કે જે ન્યાતના રીતરીવાજ ધ્યાનમાં લઈ ન્યાય અને નીતિપૂર્વક કેમ થવુ જોઈએ, તેનો દુરંદેશી વિચાર કરી ઇન્સાફ કરશે. હરેક શહેર અને ગામને આ વિચાર અનુકૂળ પડતો થવો જોઈએ. આ વિચારનો અમલ ત્યારે જ કરવાનો છે કે જ્યારે અમુક ગામ કે શહેરનું મહાજન તેમ કરવાનું યોગ્ય ધારે. જ્યારે કોઈ સવાલ કલેશનું ગંભીરરૂપ ધારણ કરે, મતમતાંતરને પરિણામે મનમાનતો ચુકાદો નહિ થઈ શકે એમ મહાજનને લાગે, અને મહાજન પોતે જ જ્યારે એ બાબતનો નિકાલ પોતાથી ન કરે, ત્યારે જ એ બાબત તેમની ઈચ્છાનુસાર તેવાં વિદ્વાનમંડળને ન્યાયને માટે સોંપવી ઇષ્ટ છે. આનું પરિણામ બહુ સારૂંજ આવશે. વળી તેથી મહાજન ઉપરનો કેટલોક ભાર ઓછો થશે, અને જેઓ પોતાના ધંધાના વ્યવસાયને લઇને જ્ઞાતિ-હિતમાં ધ્યાન આપી શકતા નથી તેઓને ધ્યાન આપવાની ફરજ પડશે. જેથી હું સૌ ભાઇઓને એવી સૂચના કરૂં છું કે જ્યાં જ્યાં કોઇ નાત રૂબરૂના સવાલની બાબતમાં મતભેદ થાય, અથવા બહુમતે ફેંસલા કરવાનું ન બની શકે ત્યાં ત્યાં તેવા સવાલો અમુક વિદ્વદ્વર્ગના નિર્ણય માટે રજુ કરવાનું ધોરણ દરેક ગામના મહાજનને યોગ્ય લાગે સો દાખલ કરવું."

(શ્રી રાજકોટ દ્વિતિય લોહાણા પરિષદનો રિપોર્ટ
શ્રીયુત ગોરધનદાસભાઇનું ભાષણઃ પાનું ૪૭)

આ ભાષણ પ્રમાણે વિચારીએ તો રાજકોટ મહાજનનું આ પગલું કેટલું અઘટિત છે અને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના ગૌરવને હીણું લગાડનારૂં છે, તે સ્પષ્ટ થાય છે. જે શ્રીમાન ગોરધનદાસભાઇ સ્વાગતકારિણી સભાના પ્રમુખસ્થાનેથી લોહાણા પરિષદમાં આવા વિચારો જાહેર કરે તે જ શ્રીમાન ગોરધનદાસભાઇ, મુંબાઇના શ્રી કચ્છી લોહાણા મહાજનથી બહિષ્કૃત થયેલા કચ્છી લોહાણાની રખાત બાઇના પુત્રોને, મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તરફથી કાગળ અને તાર મળ્યા હોવા છતાં, પાવન કરવા માટે સામાન્ય સભાના નિયમોને બાજુપર રાખી વિચિત્ર વલણ પકડે તેનાં કારણો માટે લોહાણા-ભાઇઓ અનેક અવનવાં અનુમાનો કરે તો તેને કોઈ અટકાવી શકશે ?

એ વાત સ્પષ્ટ કરવાની હવે જરૂર રહે છે કે રાજકોટ મહાજનના પ્રમુખ શ્રીમાન ગોરધનદાસભાઈએ સન ૧૯૧૩માં પરિષદ સમક્ષ ઉચ્ચારેલાં પોતાનાં વચનોપર આથી પાણી ફેર્યું નથી ?

પરિષદનું બંધારણ

સન ૧૯૧૩માં રાજકોટ મુકામે લોહાણાભાઇઓની સંયુકત પરિષદ સ્વ. શ્રીમાન ખીમજીભાઈ દયાળના પ્રમુખપદે મળી હતી. તેમાં પરિષદનું બંધારણ મંજુર થયું. આ બંધારણમાં "પરિષદના પ્રતિનિધિઓ" સંબંધે કલમ ૫ ની પેટા કલમ "જ" માં નીચે મુજબ નિયમ છે.

"પરિષદમાં આવનાર કોઈપણ પ્રતિનિધિની ઉમર વર્ષ ૨૧થી કમી હોવી જોઇએ નહિ, તેમજ કોઇ મહાજને કોઈ શખ્સ સાથે કોઇ કારણથી વ્યવહાર બંધ કર્યો હોય તો તે શખ્સ પ્રતિનિધિ તરીકે આવી શકશે નહિ."

વાંચનાર ભાઇ! બંધારણની આ કલમમાં જ્ઞાતિના મહાજનોનું–પછી ભલે તે એક ગામમાં પાંચ ઘરનું બનેલું મહાજન હોય (ઘણી વખત આવા નાના મહાજનથી કોઇ

ભાઇને અન્યાય થઇ જાય છે!) તોપણ તેનું માન જાળવવાને આ નિયમ રચાયલો છે. કારણ કે તેવા નાના મહાજને કોઇ ભાઇ સાથે વ્યવહાર બંધ કર્યો હોય (પછી ભલે તે વ્યાજબી કે ગેરવ્યાજબી રીતે) તો તેવો કોઇ ભાઇ જો પ્રતિનિધિ તરીકે પરિષદમાં આવે તો પેલા મહાજનની લાગણી દુઃખાય અને તેનું સ્વમાન ભંગ થયેલું સમજાય. અને તેમ ન થવા દેવા માટે જ આ બંધારણમાં નિયમ તરીકે આ કલમ નાખવામાં આવી છેઃ તે સિવાય બીજો કોઈ હેતુ નથી. અને એ જ બંધારણ કમિટીમાં શ્રીમાન શેઠ ગોરધનદાસ લાધાભાઇ તથા મે૦ કોટક સાહેબ પણ સભ્ય હતા. અને તેની જ મંજુરીએ રચાયેલ બંધારણના નિયમનું ઉલ્લંઘન પણ તે જ શ્રીમાનોના હાથે આ ઘૃણિત કાર્યથી થએલું જણાઇ આવે છે.

શું સન ૧૯૧૩ ના ધર્મો સન ૧૯૨૩ માં બદલાઇ ગયા? અને વળી અજાયબી તો એ છે કે જે ગામે પરિષદનું બંધારણ મંજુર થાય છે તે જ ગામમાંથી તેની અવગણના કરવાનું કાર્ય પણ શરૂ થાય છે!

ભાઈ ઓધવજી રવજી આયા

રાજકોટ મહાજનની આ સભામાં બીજા બોલનાર ભાઇ ઓધવજી રવજી આયા છે. તેઓશ્રી ગોવા નાગજીના તડમાંના છે. રાજકોટનાં પાંચે તડ ભેગાં કરવાના પ્રયાસમાં પણ તેઓ હતા. પણ 'આવી એકતરફી આપખુદી જોઇ તેને શરણે જવા ન માગનાર' પણ ભાઇ આયા હતા. અને એ જ ભાઇ આયા આ કાર્યમાં જે ભાગ ભજવે છે એ જોઇ અમને અજાયબી થાય છે. [illegible]ના 'સચોટ વિવેચન'માં પ્રાચીન ક્ષત્રિયકુળના દાખલાઓનો સ્ફોટ 'હિતેચ્છુકારે' કર્યો નથીઃ પ્રાચીન સમયમાં ગુણ, કર્મ સ્વભાવે જાતિ હતીઃ આજની સામ્યવાદના ધોરણે રચાયલી જ્ઞાતિ સંસ્થાઓ નહોતી. એટલે એવાં ઉદાહરણો અહીં અસંબંધ છે; છતાંય કોઇ ક્ષત્રિય બચ્ચો પારકું, ગરીબનું ઘર ભંગાવી પોતાની વિષયવાસનાની તૃપ્તિ અર્થે તેની બાઇડીને રાખે ને બાળકો પેદા કરે તો તે ક્ષત્રિય નહિ પણ હીચકારો જ ગણાય. અને એવી સ્ત્રીનું નામ પણ સ્ત્રી–ગૃહિણીના લીસ્ટમાંથી છેકી નાખવામાં જ હિંદુ સમાજનું ગૌરવ છે.

બીજી બાબત શુદ્ધિની છે. તે તો બીલકુલ હસવા સરખીજ છે. આ 'જારજ સંતાનો' કોઇ અન્ય ધર્મમાં વટલાઇ જવાની અણી ઉપર નહોતાં. તેમ હોય તોપણ તેને વટલાવતાં અટકાવી શુદ્ધ કરનારી સંસ્થાઓ આર્યસમાજ અને હિંદુશુદ્ધિસભાઓ હસ્તિ ધરાવે છે; તેનું તે કામ છે અને તેની આગળ તે અપીલ લઈ જવાની હોય. પણ જ્ઞાતિને તો તેની સાથે કશુંય લાગતું વળગતું ન હોય કે જ્યાંસુધી જ્ઞાતિની સંયુક્ત પરિષદે તેવા 'શુદ્ધિ'ના ઠરાવો પસાર કર્યા ન હોય! એટલા માટે એવા દાખલાઓ અહીં આ જ્ઞાતિમહાજનોના અરસપરસના સંબંધમાં નિષ્પ્રયોજન છે. અને તેથી રાજકોટ મહાજનને એક કચ્છી લોહાણાની ભાટિયાણી રખાતનાં બાળકોને પાવન કરીને લોહાણા ઠરાવવાની કોઇપણ સત્તા નથી.

ત્યારપછી બે ગૃહસ્થોએ ટુંકમાં વિવેચન કર્યું, પણ તેનાં નામો 'હિતેચ્છુકારે' નથી જણાવ્યાં.

હજી તો સાંભળ્યું જ !

બાઇ ભાણુજી કોઠારીના તો હજી સાંભળવામાં જ આવ્યું હતું કે રૂા. ૧૦૦૦૦) ની મોટી રકમ બાઇ ભાટિયાણી પાસેથી અમુક ગૃહસ્થોના નામે મૂકાવવામાં આવી છે. આ રૂપીઆની રકમ કેમ મૂકાણી ? શા હેતુએ ? તેની તો કાંઇ ખબર જ પડી નથી, આમાં કાંઇ પોલ તો નહોતું ને ?

ભાઈ વાલજી પીતામ્બરદાસઃ

શ્રીમાન વાલજીભાઇ ધારવા મુજબ વકીલ છે.તેઓશ્રી 'હિંદુ લૉ" પ્રમાણે તથા મનુ-સ્મૃતિ પ્રમાણે આ છોકરાઓને લોહાણા કહેવરાવવાનો હકક છેઃ તેમ જણાવે છે.

કાયદાશાસ્ત્રી અમે નથી, છતાં અમારી સામાન્ય બુદ્ધિ એમ કહે છે કેઃ એક લોહાણો બીજી નાતની સ્ત્રીને તેના જીવતા ધણીએ રાખે ને તે રખાતથી બાળકો ઉત્પન્ન થાય, તે બાળકોને લોહાણાની નાતે લોહાણા તરીકે સ્વીકારવાની ફરજ પાડનારો ' હિંદુ લૉ ' હોઇ શકે નહિ. આમાંતો દરેક ન્યાતોના સ્વતંત્ર કાયદાઓ પ્રમાણે વર્તાય છે અને મનુસ્મૃતિ પ્રમાણે તો એક સ્ત્રીના વિવાહિત પતિના જીવનકાળમાં તેના જારના વીર્યથી ઉત્પન્ન થયેલ પુત્રને 'કુંડ' સંજ્ઞા આપેલી છે. તે 'ગોલક' અને 'કુંડ' એ બન્ને 'જારજાત' સંતાનો છે. એ ઉભય પ્રકારના જારજ પુત્રોને કોઇ પણ પ્રકારના ધર્મ કાર્ય તથા પિંડ દાન આદિનો અધિ-કાર નથી આપ્યો.

બાકી રાજકોટના મહાજનના આ કલહ-કંકાસને જ્ઞાતિમાં રોપનાર કાર્યના સમર્થન માટે મનુ મહારાજે કોઇ જુદી સ્મૃતિ રાજકોટ માટે રચી કાઢી હોય તો તે અમે જાણતા નથી !

શ્રીયુત કોટક સાહેબનો અભિપ્રાય !

શ્રીમાન કોટક સાહેબ આ કેસના ગુણદોષ ઉપર નિર્ણય થવાનું કહી ખરે કર્તવ્ય બજાવતાં એવો મત આપે છે કેઃ બાટિયા ચંદ્રવંશી—યદુવંશી અને આપણે સૂર્યવંશી હોવાથી, ક્ષત્રિય-બાપ ને ક્ષત્રિયાણી માતાથી ઉત્પન્ન થયેલાં બાળકો લોહાણા કહેવરાવી શકે.

એમ તો આજના યુગમાં ભાટિયા, લોહાણા, મારવાડી, વાણિયા, આ બધી વ્યાપાર કરનારી જાતિઓ છે. તે વ્યાપારી જાતિઓના ગુણ, કર્મ, સ્વભાવ પણ લગભગ સરખા વાણિજ્યવૃત્તિના છે. એ બધી જાતિઓનું સંગઠ્ઠન થાય ને બધી જાતિઓ સાથે મળી જાય ને ઠરાવ કરે કે આ ચાર જાતિઓમાં રોટી બેટી વ્યવહાર શરૂ કરવો ને બધી જાતિઓ તે પ્રમાણે કબુલ કરે તો એવું અમે પણ ઇચ્છીએ છીએ. પણ એવું તો જ્ઞાતિઓ કરે ત્યારે થાય; પણ અંહીં તો લગ્ન કે પુનર્લગ્ન જેવો કોઇ સંબંધ જ નથી. આ તો રખાત ભાટિયા-ણીનાં સંતાનો છે, તેને લોહાણા ઠરાવવાં હોય તો પણ જે મહાજને તે લોહાણાને બહિસ્કૃત કર્યો હતો તે જ મહાજનની મુન્સફી ઉપર જ્ઞાતિના નિયમો પ્રમાણે આ વાત રહે છે. અને એ નિર્દોષ બાળકોની અધોગતિ થતી હોય તો સમસ્ત જ્ઞાતિભાઇઓની સંયુક્ત પરિષદમાં આ પ્રશ્ન લાવી એમની અધોગતિ થતી અટકાવવાનો પ્રયાસ કરવો જોઇએ. પણ રાજકોટ મહાજનને સ્વેચ્છાચારિતાથી જ્ઞાતિમાં ઉગ્ર મતભેદો ઉપસ્થિત કરી અસંતોષ ફેલાવનારૂં પગલું ભરવાની સત્તા પરિષદે કે કોઇએ એમને આપી નથી.

પછી રૂા. ૧૦૦૦૦) મૂકાવેલા તેને શ્રીમાન કોટક સાહેબ સારૂં માનતા નથી ને વગર શરતે પાછા આપી દેવા જણાવે છે ને તે સંબંધે જે લીલા બતાવાણી તે વાંચનાર અગાઉ જોઇ ગયા છે.

મે. કોટક સાહેબ પણ પરિષદના બંધારણ ઘડનારી કમિટિમાં સભ્ય હતા.

સમગ્ર લોહાણા ભાઇઓ મે. કોટક સાહેબ તરફ અનન્યશ્રદ્ધા ધરાવે છે. અને તેથી આ ઘટનામાં મે. કોટક સાહેબના આવા અભિપ્રાયથી લોહાણા જનતાના હૃદયમાં અજબ પ્રકારનો વસવસો થયા કરે છે ને તેઓ માને છે કે શ્રીયુત કોટક સાહેબને આ ઘટનાની આગલીપાછલીથી અનભિજ્ઞ રાખવામાં આવ્યા છે. મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજને કરેલા તાર તથા કાગળની માહિતી એમને આપવામાં આવી ન હોય એવો સંભવ છે. નહિ તો આવી વાંધાભરી બાબતો કે જેનાથી જ્ઞાતિમાં કુસંપનાં બીજ રોપાય, કચ્છી લોહાણા ભાઇઓનું અપમાન થાય, તેવું નામોશી ભરેલું પગલું ભરવાની સલાહ આપે જ નહિ.

અમને પણ શ્રીયુત કોટક સાહેબનો થોડોઘણો અંગત પરિચય છે. તેની નિરાભિમાનિતા, સરળતા માટે અમે માન ધરાવીએ છીએ અને તેથી અમે પણ એ જ વિચારના છીએ. જ્ઞાતિભાઇઓનો આ વસવસો ટાળી સ્થિતિ સ્પષ્ટ કરવા માટે ભાઇ નારાયણ ઠક્કુરના પ્રતિવાદાત્મક નિબંધમાં જ્યારે સમગ્ર હાલાઇ લોહાણા વિભાગપર દોષારોપણ કરવામાં આવ્યું, તે અરસામાં અમે મે. કોટક સાહેબને એક પત્ર રજીસ્ટર કરીને તા. ૧૪–૧૨–૧૯૨૪ ના મુબઇના શીરનામે લખ્યો હતો. પણ તે રજીસ્ટર પત્ર મે. કોટક સાહેબની અહીં હાજરી ન હોવાના સબબે પોસ્ટમાંથી પાછો ફર્યો. અને ત્યારપછી તે જ પત્રની નકલ તા. ૨૫–૧–૧૯૨૫ના સાધારણ પોસ્ટથી Posting Certificate લઇને મોકલાવેલ છે જે નીચે પ્રમાણે :—

'શ્રીમાન માન્યવર જ્ઞાતિ શિરોમણિ

રા. બ. હરજીવનદાસ ભવાનભાઇ કોટકની માનવંત સેવામાં:

મુંબઇ.

સવિનય નિવેદન: રા. ઠક્કુરનો પ્રતિવાદાત્મક નિબંધ બહાર પડયા પછી કચ્છનિવાસી સદ્દગત કેશવજીની રખાત ભાટિયાણીના પેટે ઉત્પન્ન થયેલાં સંતાનોને પાવન કરી રાજકોટના મહાજને કચ્છી લોહાણા મહાજનના નિર્ણયને નેવે મૂકયો છે. કોન્ફરન્સના બંધારણનો ભંગ કર્યો છે. આ પ્રશ્ન તરૂણ અને વિચારશીલ કચ્છી બંધુઓમાં આમ અવનવી રીતે ચર્ચાઈ રહ્યો છે: એ આપની જાણબહાર નહિ હોય.

અમારી અંગત માન્યતા મુજબ તેમાં કંઇક ગેરસમજુતી પણ ફેલાયલી દિસે છે.

આપના પરિચયમાં આવી જેઓ આપની દીર્ઘદષ્ટિ અને પૃથ્થકરણ શક્તિને પિછાની શકયા છે તેઓ એવું અનુમાન કરે છે કે રાજકોટ જ્ઞાતિના સભાપતિ ઈ. સંચાલકોએ આ એક અઘટિત કાર્યનું દોષારોપણ પોતાના ઉપર ન થાય તે માટેજ આપશ્રીને અકસ્માતિક રીતે તે સભામાં બોલાવવાની યુક્તિ રચી હતી. અને પેપરમાં છપાયલા રિપોર્ટ મુજબ વિચારતાં આ ભાટિયાણીબાઇની આગલીપાછલી કારકીર્દીની હકીકતો આપશ્રીને જણાવવામાં આવી નહોતી. તે બાઇ પોતાના જીવતા ધણીએ સદ્દગત કેશવજીની રખાત તરીકે રહી હતી. લગ્ન કે પુનર્લગ્નનો આમાં સવાલ જ પેદા થતો નથી, વગેરે બધી હકીકતો આપને જણાવવામાં આવી હોત તો નથી માની શકાતું કે આવા એક ચર્ચાત્મક. ગંભીર કેસનો તાત્કાલિક નિર્ણય આપે આપ્યો હોત.

અમને પોતાને પણ ઉપરનું અનુમાન કંઈક વાસ્તવિક લાગે છે.- છતાંય આ સંબંધે લોકોમાં ઘણી ગેરસમજુતી ફેલાયલી છે અને કદાચ સંભવ છે કે આ સવાલ આસ્તે આસ્તે ગંભીર સ્વરૂપ પકડે તો કચ્છી હાલાઇ વિભાગોની એકતામાં ફૂટ પડે.

આશા છે, આપ શ્રી સમસ્ત જ્ઞાતિના ભલા અર્થે આ બાબતનો સત્ય ખુલાસો અમને લખી મોકલી ઉપકારી કરશોઃ એ અમારી નમ્ર વિનતિ છે. એજ

લી૦ સેવક

નારાયણજી ગોકળદાસ ડોસાણી

તંત્રીઃ 'સમાજજીવન'

માન્યવર કોટક સાહેબે અમારી ઉપરોક્ત વિનતિનો અમલ કરવાનું વ્યાજબી નહિ ધાર્યું હશે કે કેમ પણ અમને એમના તરફથી કશોય જવાબ મળ્યો નહિ. જો અમને ખુલાસો મળ્યો હતે તો ખુશીથી મે. કોટક સાહેબનો ખુલાસો અમે જાહેરમાં મૂકી અમારા ભાઇઓનો વસવસો દૂર કરી શકત. પણ તેમ નથી બન્યું તો ફરી પણ અમે મે. કોટક સાહેબને આ સંબંધે ખુલાસો કરવા વિનતિ કરીશું અને તે માટે તેઓ અમને માફ કરશે એવી આશા છે.

વ્હાલા વાંચનાર ભાઇ ! રાજકોટ મહાજનના હેવાલની સમાલોચનાથી તમારાં જાણ-વામાં આવી ગયું હશે કે માત્ર 'અહોરૂપમ્ અહોધ્વની' જેવો પ્રસંગ ઉજવાયો છે. બસ! બધું પાવન ! પાવન !! ભલા! હર્ષનાદના પોકારો તે ઉંડા અંતઃકરણમાંના વ્હેતાં દયાઝરણાં હતાં -કે કોઇ અકલ્પ્ય વસ્તુપ્રાપ્તિના આનંદનાં હતા ? ઇશ્વર જાણે !

વિચારવાની વાતોઃ

કોઇપણ કામની સાર્થકતા તેના ઉદ્દેશે અંકાવી જોઇએ. આ 'જારજ' બાળકોને પાવન કરી તેને લોહાણા ઠરાવવાનું રાજકોટ મહાજનનું પગલું બીલકુલ ગેરકાયદેસર છે. કોઇ નઠોર પારધી તેના શીકારની છાતીમાં શર ભોંકે તેમ મુંબઇના કચ્છી લોહાણા મહાજનને જ નહિ પણ આખા કચ્છી લોહાણા વિભાગને આવી શર ભોંકાયાં છે. આ નીતિભ્રષ્ટતા વિચારતાં જે ભાવ થાય છે તે વાણીમાં ઉતારી શકાય તેમ નથી. આજે જ્ઞાતિના કેટલાક હેતના કટકા ફરિયાદ કરે છે કે 'પરિષદ મળતી નથી.' શું કામ એ ફરિયાદ કરે છે? તમારા-માંના એક પાંચતડાનું બનેલું મહાજન, જેના પ્રમુખ, સેક્રેટરીને પણ બીજી બાબતોમાં ત્યાંના ચર્ચાપત્રીઓએ 'નામના' કહ્યા છે, તે જ પ્રમુખ અને બીજાઓનું કહેવાતું મહાજન, આવાં અઘટિત કાર્યથી કચ્છી ભાઇઓના અંતરમાં છુરી ભોંકે, તેનું છડેચોક અપમાન કરી મૂર્ખા બનાવે, અને એટલું છતાં તમે એમ માનો છો કે એ સંસ્કૃતિના ચાહક કચ્છીભાઇઓ આ બધી તમારી ઢાકમઢોલ નજરે નીહાળવા છતાં બધું અપમાન ગળી જાય અને તમને માથાના મુગટ તરીકે સ્થાપે ? યાદ રાખવું કે કાલે આ અસંતોષીઓનું વર્તુલ વધશે તો કોણ જાણે એની સર્વગ્રાહી જ્વાળાઓ કેટલી સળગશે તે સમયને માટે એ મનોદશા ઉત્પન્ન કરનારા જવાબદાર રહેશે.

રાજકોટના મહાજને આ સંતાનોને સ્વેચ્છાચારથી પાવન ન કર્યાં હોત તો લોહાણા કોમ ક્યાં ભસ્મીભૂત થઇ જવાની હતી ?

રાજકોટની કઈ આંતરડી આને પાવન કરવામાં ન આવે તો દુભાઈ જાય એમ હતું? એણે શામાટે અને શા સ્વાર્થે આમાં રસ લીધો છે? શામાટે ન માનવું કે આમાં કંઇક પરોપકારના પડદા આડે કંઇક ભેદ છુપાયલો છે?

શા આધારે માનવું કે રાજકોટ મહાજનનું આ પગલું પ્રમાણિક છે? શામાટે ન માનવું કે આની વચ્ચે ઘણા ઘનિષ્ટ અને મિષ્ટ હાથોનો સંબંધ હતો? એવું કહેવાય છે કે કોઇ અલભ્ય વસ્તુ પ્રાપ્ત થતાં માણસ 'હર્ષઘેલો બની જાય છે અને તેની વાણી પણ બંધ થઇ જાય છે, એમ તો આમાં નથી બન્યું ને? મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના ઠરાવ, તેનો તાર તથા કાગળને એક પાંચ તડનું બનેલું મહાજન ઠોકરે મારે એ કુસંપનું પગલું નથી કે? જ્ઞાતિના શ્રેયની કઇ ઉદાર ભાવના આમાં રહેલી હતી? લોહાણા સમુદાયને ઉન્નતિના શિખરે લઇ જવાનું આ પગલું છે કે? આમાં જ્ઞાતિનું કયું શ્રેય છે? આના જવાબો તેમની પાસે શા છે?

જ્ઞાતિમાં કુસંપને આમંત્રણ કરનાર આ અનિષ્ઠ કામમાં બધા દલાલોની નીતિરીતિઓ અજવાળામાં આણે છે, અને પોકાર મારીને સંભળાવે છે કે આ પગલું ગેરકાયદેસર, અને અત્યંત વાંધા પડતું છે ને જ્ઞાતિમાં કુસંપનાં બીજ વાવનાર હોવાથી તત્કાળ તે રદ થવું જોઇએ.

રાજકોટ મહાજનનું આ સ્વેચ્છાચારી કાર્ય દરેક સાચા લોહાણાને શરમાવનાર, કરુણ અને ગાઢતિમિરથી છવાયલું છે. સીધી કે આડકતરી રીતે કચ્છી લોહાણા ભાઇઓનો અવરોધ કરવા માટે જ આ પ્રયાસ કરવામાં આવ્યો છે. એવા આક્ષેપ અત્યારે ચોમેર થઇ રહ્યા છે. રાજકોટ મહાજનનું આ નામોશી ભરેલું પગલું આખા હાલાઇ લોહાણા વિભાગને ઝાંખપ લગાડનારૂં છે અને આ કલંકથી દૂર થવા માટે, જ્ઞાતિમાં પડતી ફાટફૂટને અટકાવવા, હાલાઇ લોહાણા ભાઇઓએ ચોખ્ખું જાહેર કરી દેવું જોઇએ કે રાજકોટ મહાજનના આ કાર્ય સાથે અમોને કશો સંબંધ નથી.

કોઇ પણ સુધરેલી કોમ પોતાનામાં સંકર લોહી આમેજ કરવાનું કબુલ કરે નહિ. પારસી જેવી કોમમાં પણ સન ૧૯૧૩માં રંગુનના એક શ્રીમંત પારસી ગૃહસ્થે એક બર્મીઝ સ્ત્રી સાથે કાયદેસર લગ્ન કરેલું, તેના પેટની પુત્રીને પારસણ તરીકે સ્વીકારવા તે જ્ઞાતિના પુરોહિતોએ ના પાડી હતી અને તે ઉપરથી ભારે ઝઘડાઓ ઉપસ્થિત થયા હતા; છતાં. આખરે તે શ્રીમંત પારસી ગૃહસ્થનું કશું વળ્યું નહોતું. તો પછી આતો એક રખાત. સ્ત્રીનાં છોકરાંઓ છે ને જ્યાં સુધી સમસ્ત લોહાણા જ્ઞાતિ પોતાના ધારાધોરણમાં ફેરફાર કરે નહિ ત્યાં સુધી કોઇ પણ મહાજનને પોતાનામાં આવાં બાળકોને લઈ લેવાની સત્તાજ હોઇ ન શકે. આ પ્રશ્ન બાજુપર મુકીએ તો પણ સદરહુ લોહાણો તે કચ્છી લોહાણો હતો અને તે બાબતનો વિચાર કરવાનું કામ કચ્છી લોહાણા મહાજનનું હતું, કોઇદાખલો એવો અત્યાર સુધીમાં બતાવી શકાશે કે કોઇ મહાજનથી બહિષ્કૃત થયેલા હાલાઇ લોહાણા ભાઇને કચ્છી લોહાણા મહાજને સ્વેચ્છાથી પાવન કર્યો હોય?

પુત્રીનો પિતા :

લોહાણાઓના ચારે વિભાગોમાં કન્યાઓની જોઇએ તેટલી છત હોવાથી પોતપોતાના વિભાગની બહાર કન્યા મેળવવા માટે ભાગ્યે જ જરૂર પડે છે. સિવાય કે તે પોતાના વિભાગમાં અપ્રતિષ્ઠિત હોય અગર તો કોઇ બીજાં એવાં કારણો હોય કે જેથી પોતાના વિભાગમાં કન્યા મેળવવી તેને મુશ્કેલ થઇ પડે : આ ભાટિયાણીબાઇ રાજકોટમાં આવી પોતાની હકીકત છુપાવે છે ને દલાલોની ખટપટથી સગપણ થાય છે. ત્યારે તે પુત્રીનો બાપ કે જે સગપણ કરવા અગાઉ આપણામાં તેનું કુળ, કુખ, મામા, મોસાળ, વંશાદિની સઘળી માહિતીઓ મેળવ્યા પછી જ સગપણ કરે છે : તેણે આમાંની કશી તપાસ નહોતી કરી ? અગર જો તે અંધારામાં રહી થાપ ખાઇ ગયો હોય તો બાઇ ભાટિયાણી છે એવું જાહેર થાય છે ને ન્યાત સગપણ રદ ઠરાવે છે છતાંય નાતનો ઠરાવ ભલે પાછો ફેરવાયો, પણ સાચો લોહાણો આવું જાણ્યા પછી પોતાની પુત્રીને આવાં બાળકને આપવાનું કબુલ જ કેમ કરે ? આ ધોરાજીના રહીશ વસનજી ઠક્કરના વલણ સંબંધે આપણે કશું વધુ જાણતા નથી, પણ જે લોહીની પવિત્રતા રક્ષવા માટે લોહાણાઓના પૂર્વજોએ પોતાના પ્રાણોનાં બલિદાન આપ્યાં છે, જે લોહીની પવિત્રતા માટે અનેક સંકટો સહન કરી જનની-જન્મભૂમિનો ત્યાગ કરતાં પણ પાછું વાળી જોયું નથી, તેના જ સંતાનો આજે ક્ષુલ્લક સ્વાર્થવશ થઇ, સંસ્કૃતિને સંકેલી, પવિત્રતાને પધરાવી, સંકર લોહીથી ઉત્પન્ન થયેલ બાળકોને પોતાની દુહિતા આપી આખી હાલાઇ લોહાણા જ્ઞાતિને શરમાવનારી નામોશી વ્હોરી લે છે તે જોઈ કોને શોક નહિ થાય ?

ભાઇઓ! હવે રાજકોટ મહાજનના આ સ્વેચ્છાચારી કૃત્યથી જ્ઞાતિના વિભાગોમાં પ્રસરતો અસંતોષ અને પડતી ફાટને અટકાવવાં શું કરવું ? તેનો વિચાર કરીએ તે પહેલાં આ ઘટનામાં રાજકોટથી લોહાણાઓના હિતને માટેજ પ્રગટ થતા 'લોહાણા હિતેચ્છુ' પત્રના અધિપતિ ભાઇ લાલજીભાઇ નાગજી ગણાત્રાએ કેવી લીલા ભજવી છે તેનો પણ વિચાર કરી લેવાની જરૂર છે.

'લોહાણા હિતેચ્છુ' ના સ્વામી લાલજીભાઇની લીલા !

શ્રીયુત લાલજીભાઇ નાગજી ગણાત્રા 'લોહાણા હિતેચ્છુ' નામક અઠવાડિક પત્રના અધિપતિ અને માલિક છે. જ્ઞાતિમાં ભાંડુપ્રેમ એકતા અને સેવાના શુભ અંકુર સ્ફુરાવવાના નિરંતર પ્રયત્નો કરવાનો તેઓનો સંકલ્પ છે. આ ઘટનામાં પ્રથમથી જ તેઓશ્રીએ જે જે લીલા કરી બતાવી છે અને પોતાના સંકલ્પને કેટલે દરજ્જે સિદ્ધ કર્યો છે તે હવે જોઇએ.

૧ 'લોહાણાહિતેચ્છુ'નાં તા. ૫મી જુલાઇ ૧૯૨૭ના અંકમાં સ્થાનિક ખબરો નીચે આ ભાટિયાણી બાઇ કુંવરબાઇના બાળકનું સગપણ થયું તેની ખબર પ્રગટ થઇ. તેમાં જ્ઞાતિનો દાદ જેરામ થાનાકી હસ્તક કાનજી ભગતના તડ માટે વસુલ થયો. ને આ સગપણની ખુશાલીમાં બાઇએ મહાજનની વંડીમાં, બોર્ડીંગમાં, પાંજરાપોળમાં, નદીના કાંઠાની જગ્યામાં, અનાથાશ્રમમાં, બાળાશ્રમમાં, લોહાણા ભગતોની ચાલતી પેઢીઓમાં, સેવાસમાજમાં સખાવતો

કરી ને બીજી પણ સંભાવતો ચોઠીક કરી. પણ લાલજીભાઇ તે નથી આપતા. ને સગપણમાં દલાલ ખટાઉ હરિભાઇએ મહેનત લીધી ને પાછા જ્ઞાતિના કેટલાંક સંભાવિત ગૃહસ્થોની પણ હાજરી હોવાનું જાહેર કરે છે.

'લોહાણા હિતેચ્છુ' ના અધિપતિ ભાઇ લાલજીભાઇને અમે પૂછીએ છીએ કે રાજકોટ જેવા ગામમાં તમે પોતે રહો છો, તેમાં ૧૫૦૦ થી ૨૦૦૦ લોહાણાભાઇઓનાં ઘરો છે. તેમાં અઠવાડિયે કે પખવાડિયે આવાં સગપણોના બનાવો બનતાય હશે, તેમાંનો કોઇ બનાવ આજ સુધીમાં આટલી ચોકસીપર્યંત તમે આપ્યો છે? અને આ સગપણમાં તો ફલાણાએ મહેનત કરી, જ્ઞાતિના સંભાવિત ગૃહસ્થોની હાજરી વગેરે આપવાનો હેતુ શો હતો?

વાંચનારને આથી જણાશે કે આ ભાટિયાણીબાઇની કારકીર્દીથી 'હિતેચ્છુ' ના સ્વામી લાલજીભાઇ વાકેફ હતા, પણ ઇરાદાપૂર્વક તે બાઇ તરફના પક્ષપાતના કારણે યા કોઇ અન્ય કારણે તે વાત જાહેર કરતા નથી એમ ન માની શકાય?

૨ જ્યારે આ સગપણની હકીકત મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના જાણવામાં આવી, ત્યારે જેમ રાજકોટ મહાજનના પ્રમુખ ઉપર તાર તથા કાગળ શ્રી કચ્છી લો. મહાજન તરફથી લખવામાં આવ્યા. તેમજ 'લોહાણા હિતેચ્છુ' ના સ્વામી ભાઇ લાલજી નાગજી ગણાત્રા ઉપર પણ તેજ દહાડે તાર તથા કાગળ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તરફથી લખવામાં આવેલ છે. આ રહી તે કાગળની નકલઃ

"શ્રી દરિયાસ્થાનઃ મુંબઇ

બી. જે. વી. ૧૦ રવેઉ સંવત ૧૯૭૯. તા. ૮-૭-૧૯૨૩.

ઠક્કર લાલજી નાગજી જોગ

શ્રી રાજકોટ

જત લખવાનું કે આજરોજ તમોને અત્રેથી મરનાર ઠક્કર કેશવજી દેવકરણ ચોથાણી અંજારવાળાની રખાતના પુત્ર મેઘજીના સગપણ વીશે તાર કરેલ છે. આ બાબતમાં વિગતવાર પત્ર ભાઇશ્રી ગોવર્ધનદાસ લાધાભાઈને લખવામાં આવેલ છે. તે પરથી આપ તમારી તરફના મહાજનશ્રીજીમાં લાગવગ વાપરી આ લગ્ન થતો ન અટકાવવા માટે બનતા દરેક ઇલાજ કરશોઃ નહિ તો જ્ઞાતિમાં એક ઘણુંજ ગંભીર કુકૃત્ય થઈ જશે. એજ લી૦

શ્રી ક. લો. મા. ની ફરમાસથી

શિવદાસ ચાંપસિંહ

જોડીઆ માનદ મંત્રીના ઘટીત."

"તા. ક-મરનાર કેશવજી દેવકરણને, એજ રાખેલી રાંડનાં છોકરાંનું જ્ઞાતિમાં સગપણ ન થવા પામે તે કારણે જ્ઞાતિથી બહાર કરવામાં આવેલ ને તે તેની હૈયાતી સુધી જ્ઞાતિ બહારજ રહેલ. તેના મરણ બાદ આ કહેવાતા છોકરાની માએ અત્રે ન ફાવતાં તમારી તરફ અણજાણ ભૂમીમાં આવી આ પ્રપંચ આદર્યો છે. આશા છે તેના ભોગ તમો થશો નહિ. જે માટે ફરીથી લખવાનું કે આ માટે બનતા ઈલાજ કરી તુરત પુરતો બંદોબસ્ત કરશોજી."

"લોહાણા હિતેચ્છુ "ના અધિપતિ ભાઇ લાલજીભાઇની ઉપરનો કાગળ તથા તાર મુંબાઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તરફથી મળ્યા છતાં આ તાર કે કાગળની હકીકત તેઓશ્રીએ ક્યાંય જણાવી હોય એવું બહાર આવ્યું નથી, તેનું કારણ શું? આવી તેમની ફરજ શું હતી? તેઓ ભાઇએ જો આ આવેલો કાગળ તથા તાર 'લોહાણા હિતેચ્છુમાં' છાપીને રાજકોટવાસી જ્ઞાતિભાઇઓનું તથા પબ્લીકનું ધ્યાન ખેચ્યું હોત અને ઐક્ય તથા બાંધુપ્રેમના સંકલ્પને સિદ્ધ કરવા પોતાના વિચારો તે સંબંધી દર્શાવ્યા હોત તો આવી કલહકંકાસને જન્મ આપનારી અઘટિત ઘટના કદિપણ બનવા પામત નહિ, એ તો સાફ સમજી જવાય તેમ છે; પણ શ્રીયુત લાલજીભાઇએ પોતાની ફરજ શા માટે વિચારી નથી તે તેઓ જાણે.

૩ શ્રીમાન શેઠ ગોરધનદાસ કરમશીના પ્રમુખપણા નીચે મળેલ રાજકોટ મહાજનની સભામાં બાઇ ભાટિયાણી છે ને મુંબઇના કચ્છી મહાજનની પંક્તિ બહાર છે, તેથી સગપણનો દાદ પાછો અપાવી સગપણ રદ કરે છે ને રૂ. ૫૧) દલાલનો દંડ કરે છે ત્યારે 'લો. હિતેચ્છુ'ના અધિપતિ, 'બાઇ ભાટિયાણી છે એવું સગાઇ થયા પહેલાં ઘણા જાણતા હતા' તેમ જાહેર કરે છે. આમ જાહેર કરવામાં એમની મતલબ મળેલા મહાજને સગપણ રદ કરવાનું ને પંક્તિ બહાર મુકવાનું પગલું વ્યાજબી નથી ભર્યું એ કંઇક જણાવવાની હોવી જોઇએ. આ વખતે પણ તેઓશ્રી બાઇ ભાટિયાણી છે એ ખરૂં પણ તેનું લગ્ન કે પુનર્લગ્ન જ્ઞાતિ નિયમ મુજબ મરહુમ લોહાણા કેશવજી દેવકરણ સાથે થયેલ નથી. તે સંબંધે કચ્છી લોહાણા મહાજનનો પત્ર મળ્યા છતાં પોતાના પેપરદ્વારા ખરી હકીકત જાહેર કરી જ્ઞાતિ ભાઇઓને ચેતાવતા નથી, તેનાં કારણો સમજાતાં નથી.

ખરી રીતે શ્રીયુત લાલજીભાઇએ રાજકોટ મહાજનની આ સભામાં ઠરાવ કરનારાઓ ઉપર ગંભીર આરોપ મૂકવા જેવું કર્યું છે કે તેઓમાંના ઘણા બાઇ ભાટિયાણી છે તેવું જાણતા હતા પણ અહીં નહોતા જાણતા તેવો ઢોંગ કરીને આ સગપણ રદ કરી દાદ પાછો અપાવ્યો છેઃ એટલે શ્રીમાન શેઠ ગોરધનદાસ કરમસીનઃ પ્રમુખપણા નીચે મળેલ મહાજનની સભામાં હાજર થયેલ ભાઇઓએ પણ 'લોહાણા હિતેચ્છુ'ની આ યુક્તિ વિચારવા જેવી છે.

૪ તા. ૧૭-૭-૨૩ ની રાજકોટ મહાજનની સભામાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને મેઘજીને જ્ઞાતિમાં લેવા ભલામણ પત્ર લખવામાં 'લો. હિતેચ્છુ'ના અધિપતિ ભાઇ લાલજી નાગજીની પણ નીમણુંક થઇ, પણ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને કોઇપણ પત્ર મળ્યો નથી એવી અમારી તપાસમાં જણાયું છે; અને તે સંબંધમાં પછીથી કંઇ પણ હકીકત રાજકોટ મહાજનની સભામાં કે 'લો. હિતેચ્છુ'માં પ્રગટ થઇ નથી.

સમગ્ર લોહાણાઓનું હિત કરવાના સંકલ્પવાળા જ્ઞાતિપત્રના અધિપતિ શરૂઆતથીજ આ ઘટનામાં કેવી સંતાકુકડીની રમત રમી રહ્યા છે, તે વાંચનારભાઇ! તમે વિચારી જુઓઃ

૫. પછી તા. ૧૪-૯-૧૯૨૩ ની રાજકોટ મહાજનની સભામાં અરસપરસ અસંતોષ અને ફાટ પડાવવા જેવાં થયેલાં કાર્યને આ 'બાંધુ પ્રેમ અને ઐક્ય ને સેવાના શુભ અંકુર ફેલાવવાના સંકલ્પવાળા 'લો. હિતેચ્છુ'ના સ્વામી લાલજીભાઇ 'આવકારદાયક' પગલું માને છે.

૬ સદરહુ તા. ૧૪–૯–૧૯૨૩ ની રાજકોટ મહાજનની સભા તે સમસ્ત જ્ઞાતિ મહાજનની સભા હતી, છતાં 'લો. હિતેચ્છુ' ના અધિપતિ લાલજીભાઇ, રાજકોટ મહાજનના બંધારણની ધારાની ૩૪ મી કલમ ટાંકે છે. તેમાં ૬૧ મેનેજીંગ કમિટિના મેમ્બરોમાંથી ૨૧ ની હાજરી હોય તો કોરમ પૂરૂં થયેલું ગણાય તેમ જણાવેલું છે. તેથી ૨૧ કરતાં વધુ મેમ્બરોની હાજરી આ સભામાં હતી અને બીજા બંધુઓની આશરે ૨૦૦ થી વધુની હાજરી હતી તેમ જણાવે છે. આ કાંઇ મેનેજીંગ કમિટિની સભા નહોતી, તો પછી કમિટિના મેમ્બરોની સંખ્યાને રાજકોટ મહાજનના બંધારણની ધારાની કલમ ટાંકવાની જરૂર નહોતી. છતાંય આમ કરવામાં 'લો. હિતેચ્છુ'ના સ્વામીનો એ આશય હોય કે રાજકોટમાં ૧૫૦૦ થી ૧૭૦૦ લોહાણા ભાઇઓનાં ઘર છે, તેમાં હું પ્રમાણે પણ ઓછામાં ઓછા ૫૦૦ ભાઇઓની હાજરી સમસ્ત જ્ઞાતિની સભામા હોવી જોઇએ. પણ અહીં તો 'હિતેચ્છુકાર' લાલજીભાઇનું લખવું ખરૂં માની લઇએ તો પણ ફક્ત ૨૦૦ ભાઇઓની હાજરી હતી તેથી કદાચ કોઇ આ મહાજનની બેઠકમાં થયેલા કાર્યને ગેરકાયદેસર ન ઠરાવી શકે તેથી અગાઉથીજ અગમચેતી વાપરીને ધારાની કલમ ૩૪ મી મુજબ કમિટિના મેમ્બરો માંથી ૨૧ થી વધુની હાજરી હતી તેવું જણાવી આ અઘટિત કાર્યને વાજબી મનાવવાના તેના ઉદ્દેશ સિવાય બીજો કોઇ હેતુ સમજાતો નથી.

૭. ભાઇ ઓધવજી રવજી આયાના 'સચોટ વિવેચન' પછી ટુંક વિવેચન બીજા બે ગૃહસ્થોએ કર્યાં. તેનાં નામો 'હિતેચ્છુકારે' શા ઇરાદાથી પ્રગટ કર્યાં નથી?

૮ ભાટિયાણીબાઇ કુંવરબાઇને 'લોહાણા હિતેચ્છુ'ના અધિપતિ શ્રીયુત લાલજીભાઇ ઠા. કેશવજી દેવકરણનાં 'વિધવા' × જણાવે છે. સમગ્ર લોહાણા જનતાને ખરી હકીકતથી અંધારામાં રાખવાનો આ પ્રયાસ નથી એમ કોણ કહેશે? અમે 'લોહાણા હિતેચ્છુ'-ના અધિપતિને માનપૂર્વક પૂછવાની રજા લઇએ છીએ કે શ્રીયુત લાલજીભાઇ! એક સ્રીનો પરણેતર ધણી મરી જાય તેની સ્ત્રી તે પરણેતર ધણીની વિધવા ગણાય કે એક રાખેલો 'આશક' મરી જાય, તેની રખાત માશૂક તે આશકની વિધવા ગણાય? એટલે આ ભાટિયાણી બાઇ તે તેના પરણેતર ભાટિયા ધણી હીરજી વીરજીની વિધવા ગણાય કે ઠા. કેશવજી દેવકરણની 'વિધવા' કહેવાય? તમે ઠક્કર કેશવજી દેવકરણની વિધવા તરીકે આ ભાટિયાણી બાઇને ઓળખાવી આખી લોહાણા આલમની આંખે પાટા બંધાવવાનો નિષ્ફળ પ્રયાસ નથી કર્યો? તે શામાટે? જુઓ! 'લોહાણા હિતેચ્છુ' ના અધિપતિની બુદ્ધિની સૂક્ષ્મતા, દૃષ્ટિની ગહનતા ને કલ્પનાની ભવ્યતા!

૯ રાજકોટ મહાજનની આ સભામાં, થયેલા મૂર્ખાઇ ભરેલા કાર્યના પ્રગટ થયેલા હેવાલમાં જોતાં 'લોહાણા હિતેચ્છુ' જેવા પત્રના વિદ્વાન અધિપતિ તો સાવ મુંગા જ રહ્યા લાગે છે. ફક્ત આવા આવકારદાયક (!) પગલા માટે મે. કોટક સાહેબ તથા પ્રમુખ સાબનો આભાર માનવાનો છેવટમાં ઠરાવ રજુ કરીને 'હિતેચ્છુકાર' કૃતકૃત્ય થાય છે!

નાતોની બેઠકોમાં આભાર માનવાની આવી પદ્ધતિ નોંધવા જેવી છે!

કોણ કહી શકે તેમ છે કે: એ તાળીઓના ગડગડાટમાં ન્યાયની હૃદયશાંતિ હતી કે એ તાળીઓના ગડગડાટમાં નામોશી, નબળાઇ, હલકાઇની કારમી કાલિમા હતી!

× ખુદ ઠા. કેશવજી દેવકરણનું વીલ, પ્રોબેટ તથા તેનો કરાંચી લખેલો પત્ર આ વાતનું જીતું જાગતું પુરવાર કરે છે. જુઓ આ પુસ્તકમાની લેખકની પ્રસ્તાવના:

કોઇપણ કાર્યની સાર્થકતા તેના ઉદ્દેશે અંકાય છે. 'લોહાણા હિતેચ્છુ'ના અધિપતિ ભાઇ લાલજીભાઇની મનોદશા આ કાર્યમાં કેવી હતી તે હવે ધોળા દિવસ જેવું સમજાઇ જવાય છે: અને તેથી અતિશય આતુરતાપૂર્વક કેટલાક પ્રશ્નો વિચારવા માટે ઉદ્‌ભવે છે:

થોડાક વિચારણીય પ્રશ્નો!

'લો. હિતેચ્છુ' પત્રના અધિપતિ રાજકોટ મહાજનની દરેક બેઠકમાં હાજરી આપે છે કે આ ઘટનાના વિચાર માટે મળેલી સભાઓમાં જ હાજર થયા હતા? મુંબઇની હાલાઇ લોહાણા જાતિની ૨૦–૨૨ વર્ષની કન્યાએ થોડા વખત પહેલાં સ્વચ્છંદી રીતે એક ભાટિયા જાતિના પુરૂષ સાથે પસંદગીનાલગ્ન Civil marriage કર્યાં તો તે બનાવને ચંદ્રવંશી, સૂર્યવંશી, સંબંધને સંતાડી લજ્જાસ્પદ ને આખી જ્ઞાતિને શરમાવનારૂં કૃત્ય 'લોહાણા હિતેચ્છુ' માને!

જીવતા ધણીએ ગમે તે કારણે કોઇ લોહાણી પતિના ઘરમાંથી ભાગી છુટી અન્યને ત્યાં આશ્રય શોધે તો તે કાયદાની દૃષ્ટિએ ભયંકર ગુન્હો ગણાય છે. તો તેમાં જ્ઞાતિની અધોગતિ માને: જ્ઞાતિનાં બંધનો ઢીલાં પડી જવા માટે. બળાપા 'લો. હિતેચ્છુ' કરે અને જ્ઞાતિનું અસ્તિત્વ ટકાવવા માટે આવા સ્વચ્છંદ વ્યવહારનો સમૂળો નાશ કરવાની બાંગ 'લો. હિતેચ્છુ' પોકારે અને રઘુવંશી લોહાણા જ્ઞાતિને ટાણો મારે કે 'આવી વર્ણસંકરતા તમને વ્હાલી છે'? એમ 'લો. હિતેચ્છુ' પૂછે: મહાજનોમાં ન્યાય નથી અપાતા તે માટે ઘણીવાર પોતાની કટારોમાં કટાક્ષ કરે. ડો. ગૌરના વર્ણાન્તર લગ્નના ખરડાની વિરૂદ્ધમાં પણ 'લો. હિતેચ્છુ' ઉપદેશ કરે, તે જ 'લો. હિતેચ્છુ'ને આ અતિ અનર્થકારક બનાવ કે જેનાથી અરસ્પરસ એકતામાં ફાટ પડવાનું, એક છોકરૂં પણ સમજી શકે તેમાં કંઇ ઓટલો વરી જવું કેમ ન જણાયું?

'લો. હિતેચ્છુ'ને તો ઉલટું રાજકોટ મહાજનનું આ પગલું આવકારદાયક (!) લાગ્યું. તેનું કારણ કોઇ અજબ મોહનમંત્રનો પ્રભાવ નથી ને? અને આવકારદાયક પગલું (!) આ કાર્યને પોતે માને છતાં 'લો. હિતેચ્છુ'માં અગ્રલેખ લખી મુબારકબાદી આપવાનું પણ તેઓને કેમ નથી સુઝ્યું? આમાં સીધી કે આડકતરી જોખમદારીને જમીનદોસ્ત કરી દેવાનો હેતુ શો? પત્રકાર એટલે 'લોકશિક્ષણનો આચાર્ય' આ આચાર્યનું આમાં તેણે કયું કામ કર્યું છે? 'લોહાણા હિતેચ્છુ'એ પ્રજાજીવનનો વિકાસ કરવામાં કેટલો પ્રયાસ કર્યો છે તે તો તે જાણે, પણ લોહાણા પ્રજાજીવનમાં ભારે વિક્ષેપ પડાવનારા આ અઘટિત કાર્યમાં તેઓશ્રીએ આમ ભાગ ભજવ્યો છે એમ આટલું જણ્યા છતાં પણ કોઇ ન માની શકે એ બની શકે એવું છે? રાજકોટ મહાજનના આ અઘટિત નિર્ણયમાં, કયા હાલાઇ લોહાણા મહાજનનો ટેકો હતો તે 'હિતેચ્છુકાર' બતાવી શકશે?

અંતઃકરણ જેવી ચીજ જો એમની છાતી તળે હયાત હોય તો તે અંતઃકરણ ઉપર હાથ મુકી 'લો. હિતેચ્છુ'ના સ્વામી લાલજીભાઇ ખુલ્લી રીતે જણાવે કે આ અઘટિત ઘટનાથી લોહાણાના હિતનું કયું સંરક્ષણ તેઓએ કર્યું છે? આવાં દુષ્ટ કાર્યથી સમાજના અમુક ભાગમાં છુપાઇ રહેલી દુરાચારી પ્રસરતી જતી આસુરી લાગણીને નિભાવવાની ખાસ કરવાની 'હિતેચ્છુકાર'ને હજી સુધી શા માટે જરૂર જણાઇ નહિ?

પરસ્પરની ગેરસમજણો ને ગફલતો ટાળવી, એ આપણા ઉજ્વળ ભાવી માટેની જરૂર 'હિતેચ્છુકાર'ને શા માટે લાગતી નથી ? જ્ઞાતિહિતની કયી ભાવના રાજકોટ મહાજનનાં આ કાર્યમાં રહેલી હતી ? ઐક્યનો મહીમા અવનીમાં નિર્વિવાદ છે. આમાં કયું એક્ય સધાયું તે તેઓશ્રી બતાવશે ? જે સમાજના હિતનો દાવો કરનાર પત્ર તરૂણવર્ગની આકાંક્ષાઓ, આદર્શો ને ભાવનાઓનાં દ્વેષ બુદ્ધિથી ખૂન કરવામાં ફરજ સમજે અને કેટલીક અનિષ્ટ બાબતો તરફ જાણવા છતાં ક્ષુદ્ર સ્વાર્થને લઇને આંખમીચામણાં કરવાની ભેદરૂપી ચાલુ રાખે તે પત્ર શું શું સુધારો કરી શકે? એટલું જ નહિ પણ તેના હોવાથી પણ જ્ઞાતિને લાભ શું ? અને એટલા જ ખાતર આવાં પત્રોમાં આવતી બાબતો લોહાણા જનતામાં જરાય અસર કરતી નથી. જ્ઞાતિનું હિત કરવાની ધગશ 'હિતેચ્છુ'એ, આમાં કેટલી બતાવી છે તે હવે અજાણ્યું નથી રહ્યું. 'લો. હિતેચ્છુ'ના સ્વામી એમ કહી શકશે કે આમાં તેણે સત્યનો ઘાત નથી કર્યો ?

શું એ ખરૂં છે કે આ કેશવજી દેવકરણના કહેવાતા દીકરા મેઘજીના લગ્નમાં વ્યવસ્થાનો ભાર ઉપાડનારાઓમાં 'હિતેચ્છુ'ના અધિપતિ પણ હતા અને મુંબઇના તેમના મોરગેજ મૂકેલા ઇસ્ટેટના વ્યાજની ચોખવટ કરવા અત્રેની એક જાણીતી પેઢીમાં પણ એ જ 'લોહાણા હિતેચ્છુ'ના સ્વામી લાલજીભાઇ તેની વતી ગયા હતા ?

આ સાંભળેલી વાત સાચી હોય તો 'લો. હિતેચ્છુ'ની પામર મનોદશા માટે સૌને ભારે ખેદ થશે. લોહાણા જ્ઞાતિના ઇતિહાસમાં આજદિન સુધી 'જારજ' પુત્રોને પોતાનામાં છડેચોક ભેળવી, લોહીનો બીગાડ થવા દેવાનું, સંકરતા પ્રવેશવા દેવાનું એક પણ ઉદાહરણ 'હિતેચ્છુ'ના અધિપતિ લાલજીભાઇ બતાવી શકશે કે ? અને પોતાના વિભાગથી બહિષ્કૃત થયેલા કોઇ પણ હાલાઇ કે ઘોઘારી લોહાણાભાઇને કચ્છી લોહાણા મહાજને સ્વેચ્છાચારિતાથી પોતાનામાં ભેળવવાનું એક પણ અનુચિત પગલું ભર્યું હોય તેવો એક પણ દાખલો 'હિતેચ્છુકાર' દેખાડશે કે ? નાતોની બેઠકોમાં 'સર્વાનુમતે' શબ્દનો અર્થ દેશી રાજ્યોના તુમારોમાં 'ઘટતા' અને 'ધોરણસર' શબ્દના અર્થથી વિશેષ કંઇ નથી. માત્ર એક લખવાની તે રીત જ છે. દૈત્યને પણ પોતાના દૈત્યપણાનો બચાવ કરવાની દલીલો હોય છે. અન્યાયને પણ ન્યાયના અનેક પોશાકો પહેરાવી શકાય છે. ઘણા ડાહ્યા ગણાતા માણસો પણ સંજોગોને વશ થઇ ભૂલો કરે છે. તેવી જ રાજકોટ લો. મહાજનની આ એક મૂર્ખાઇભરેલી ભૂલ થઇ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પણ 'હિતેચ્છુકાર'ને હજી તે ભૂલ 'ભૂલ' જણાઇ નથી.

'લોહાણા હિતેચ્છુ'ના અધિપતિ શ્રીયુત લાલજીભાઇએ પોતાનો 'ઐક્ય ને બાંધુપ્રેમ' જ્ઞાતિમાં સ્થાપવાનો સંકલ્પ આમાં કેટલે દરજ્જે સિદ્ધ કરી બતાવ્યો છે તે વાંચનાર, આમાંથી સમજે. જે હિતનો જ્ઞાતિના ભલા માટે ઉપયોગ નથી કરવામાં આવતો તે હિત હવે લોહાણા જ્ઞાતિને ધરમે પણ નથી ખપતું.

'લો. હિતેચ્છુ'ની હગધડા વગરની નીતિરીતિ માટે બહુ લખી શકાય; પરંતુ તે સર્વ બોજો અમારા મિત્ર ભાઈ નારાયણ ઠક્કુર સ્વતંત્ર પુસ્તક લખવાના હોવાથી એમના ઉપર રાખી અમે તો અહીં માત્ર આ અઘટિત ઘટનામાં તેઓશ્રીએ કેટલા સેવાના શુભ અંકુરો

સુચવ્યા છે અને ભાવીને પવિત્ર કરશું. તાત્પર્ય કે બીજી બાબતોમાં ગમે તેમ હોય પણ આ વિષય પરત્વે તો "હિતેચ્છુ"એ ભાઇ નારાયણ ઠક્કરે આપેલાં "વેરણ્ણું" નામને જ સાર્થક કર્યું છે, એમ સાફ દેખાઇ આવે છે.

મુંબઇનું શ્રી કચ્છી લોહાણા મહાજન.

પાંચ તડાનું—આપસઆપસમાં ઠામ વાસણ માટે કલહ કરતું રાજકોટ ગામનું મહાજન પોતાના પત્ર તથા તાર ઉપર લક્ષ ન આપતાં, પરિષદના બંધારણની કલમને ન ગણકારતાં, જ્ઞાતિના કાયદા વિરૂદ્ધ પોતાનું ધાર્યું કરે અને એવું અપમાન થાય છતાં, કચ્છી ભાઇઓના પૈસે ચાલતી જ્ઞાતિની વિદ્યા સંસ્થાઓ×એ આ ભાટિયાણી બાઇના વરસનું કશું દાન ન સ્વીકારવું; એટલી માત્ર શુભ આજ્ઞાઓ પાઠવીને પોતાની દુભાયલી લાગણી વ્યક્ત કરીને, પોતાના ઉપર થયેલા એ પાપમય હુમલાનું પરિણામ શું આવે છે તે બેઠું બેઠું જોયા કરે છે એ તેની સહિષ્ણુતા અને પ્રાચીન ખાનદાની ખમીર ઓછું ધન્યવાદને પાત્ર છે?

હવે શું કરવું ?

વાંચનાર ભાઇઓ ! તમે કચ્છી, હાલાઇ, ઘોઘારી, ગુજરાતી ગમે તે વિભાગના હો, પણ આ બધી આગળ પાછળની હકીકત જાણ્યા પછી તમને જરૂર લાગશે કે બે ત્રણ વકીલોએ રાજકોટ મહાજનને ઉંધે રસ્તે દોરવી તેના પાસે સ્વેચ્છાચારિતાનું, આ જ્ઞાતિમાં કુસંપ કરાવવાનું અઘટિત આચરણ કરાવ્યું છે. રાજકોટ મહાજનની આ કાર્યમાં, શ્રીમુંબઇના કચ્છી લોહાણા મહાજનની પરવાનગી વગર હાથ ઘાલવાની કોઇ નીતિની નજરે પણ સત્તા નહોતી. લોહાણા જ્ઞાતિના ઇતિહાસમાં આવું નિંદિત કાર્ય હજી સુધી થયાનું જાણમાં નથી. આવું અઘટિત કાર્ય કરી રાજકોટ મહાજને એક ભારે કલંક વહોરી લીધું છેઃ પણ ભલભલાઓ એમજ ભુલાવો ખાતા આવ્યા છે ને ભૂલ તો દેવથી પણ થાય; પણ હવે સૌથી સરળ અને સ્હેલો રસ્તો તો એ છે કે રાજકોટ મહાજન પોતાની ભુલ સમજે અને પોતાની મૂર્ખાઇનો પશ્ચાતાપ કરી જ્ઞાતિમાં કલહ પેસતો અટકાવવા પોતે તા. ૧૪—૯—૧૯૨૩ ની મહાજનની સભામાં કરેલો ઠરાવ રદ કરી, શેઠ ગોરધનદાસ કરમશીના પ્રમુખપણા નીચે મળેલા મહાજનમાં કરેલો ઠરાવ કાયમ રાખે. અને એકતાની તૂટું તૂટું થયેલ ગાંઠને સાંધી લઇ પોતાનો દૈવી ગુણ દુનિયાને બતાવી આપે. જેમ એક માણસ ગુન્હો કરીને પકડાવામાં પાપ માને તેમ રાજકોટ મહાજન પોતાની ભૂલ ન સુધારે તો લોહાણા જ્ઞાતિના સંસ્કૃતિચાહક યુવકબંધુઓએ આગ્રહપૂર્વક બહાર આવીને રાજકોટ મહાજનના આ અનુચિત કાર્યથી સમગ્ર લોહાણા આલમને વાકેફ કરવી. અને રાજકોટ મહાજનને પોતાનો આ નિર્દય નિર્ણય ફેરવવાની ફરજ પડે તેવા સબળા અવિરતશ્વાસના પ્રયાસો ચાલુ રાખવા. રાજકોટના મહાજને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મ-

× અમારા સાંભળવા મુજબ આ બાઇનું દાન જેમ કચ્છી લોહાણાભાઇઓના પૈસેથી ચાલતી સંસ્થાઓએ નથી સ્વીકાર્યું તેમ મુંબઇની સુપારીવાળા અને બનાતવાળા નામે ચાલતી પોપારી શેઠની સંસ્થાએ પણ નહિ સ્વીકારી આવા કાર્ય પ્રત્યે પોતાની અણગમાની લાગણી વ્યક્ત કરી છે.

હાજનના ઠરાવ, તાર, [illegible] તેમજ [illegible] લોહાણા રખાતં ભાઇના બાળકોને લોહાણા ઠરાવવાથી આખી હાલાઇ લોહાણા [illegible] છે અને રાજકોટ મહાજનના આ અઘટિત કાર્યથી ભાઇ નારાયણ ઠક્કર, [illegible] આખી હાલાઇ લોહાણા કોમ ઉપર દોષારોપણ કરે છે તેમાંથી [illegible] માટે, તેમજ [illegible] કચ્છીભાઇઓને ખાત્રી કરી આપવા માટે કેઃ ' ભાઇઓ, તમારી દુભાયલી લાગણી પ્રત્યે અમારી સહાનુભુતિ છે. રાજકોટ મહાજનના આ અનુચિત કાર્યમાં અમારો કોઇ જાતનો સંબંધ નથી અને રાજકોટ મહાજને પોતાની ભૂલ સુધારી લેવાની મતલબના ઠરાવો પસાર કર્યા. અને આ લોકમત જાગ્રત કરવાના કાર્યમાં અમારાથી બની શકતી સહાય આપવા અમે નિરંતર તૈયાર રહીશું.

ભાઇઓ ! તમને તમારી પૂર્વ સંસ્કૃતિનું જરા પણ અભિમાન હોય, તમારા પૂર્વજોની પ્રતિષ્ઠા અને કીર્તિને નિષ્કલંક રાખવાની તમને કાળજી હોય, તમે કચ્છી, હાલાઇ, ઘોઘારી ને ગુજરાતી વિભાગોમાં અરસપરસ એકતાની ગાંઠ મજબુત સખવાને ઉત્સુક હો તો આ લોકમત જાગ્રત કરવાની, ગામેગામ મહાજનોની સભા મેળવી, ઠરાવો પસાર કરી તે ઠરાવોની નકલો મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તરફ તથા રાજકોટના મહાજન તરફ તથા પબ્લીક પત્રોમાં મોકલી આપવાની તમારી ફરજ સ્પષ્ટ છે, તે અદા કરો ! અમે ઇચ્છીએ છીએ કે આ વિનતિને અમારા સૌ ભાઇઓ સત્કારી કર્તવ્યયજ્ઞમાં લાગી જાય:

આટલું કામ થયા પછી રાજકોટ મહાજન પોતાનો આ અઘટિત નિર્ણય નહિ જ ફેરવે તો પછી તેના માટે શું કરવું ? તે વિચારવાનું પાછળ રાખી અહીં અંતમાં **तमसो मा ज्योतिर्गमय** હે પરમાત્મા ! તું અમારી જ્ઞાતિને અંધકારમાંથી પ્રકાશમાં લઇ જા ; એ પ્રાર્થના સાથે અમારૂં ધર્મકર્તવ્ય-આ સમયે પૂરૂં થયું સમજી વીરમીએ છીએ. **इत्योम्ः**

આ પુસ્તકનું સાધંત લક્ષપૂર્વક અવલોકન કરી તે સંબંધમાં પોતાના અભિપ્રાયો, લેખકને મોકલી આપવાની સર્વ, વાંચનાર ભાઇ બ્હેનોને વિનતિ કરવામાં આવે છે,

સેવાસમિતિ પુસ્તકાલય

— સૂચિપત્ર —

(પુસ્તકો પ્રગટ કરનાર તથા વેચનાર)
૧૨૩, ગુલાલવાડી, મુંબઇ ૪

જો તમારે હિન્દુસમાજના ઉદ્ધારની ચાવી જોઇતી હોય, સંસારમાં સ્વર્ગ અનુભવવું હોય તો આબાળવૃદ્ધ સ્ત્રીપુરૂષ સર્વને ઉપયોગી નીચેની રસપુર્ણ સામાજિક નવલકથાઓ તુરત મંગાવી લો.

—(-:o:-)—

બહાર પડી ચૂકી! જલદી મંગાવી લો!

મહીલાઓની મહાકથાઓ

(લેખિકા:- બ્હેન લક્ષ્મીબાઇ ગો. ડોસાણી, તંત્રી: સમાજજીવન)

સરળ ભાષા અને સ્વતંત્ર રચના માટે બ્હેન લક્ષ્મી ક્યારનાં પ્રસિદ્ધ થઇ ચૂક્યાં છે. આ પુસ્તકમાં ૨૩ નાની મોટી વાર્તાઓ છે. તેમાંની એકેએક વાર્તા આજે હિંદુસંસાર –રંગભૂમિપર ભજવાતા જુદા જુદા હૃદયવિદારણ પ્રસંગો છે. એ કલ્પનાના તરંગો નથી, પણ આજના હિંદુસમાજની રાક્ષસી રુઢીની ચક્કીમાં પીસાઇ પાયમાલ થએલી, હિંદુસમાજને શાપ આપતી જુદી જુદી બ્હેનોનાં અંતરનાં દ્વારો ઉઘડાવી આલેખેલી મહાકથાઓ છે. તેમાંની એક જ વાર્તા વાંચવાથી તમારાં ખરચેલાં નાણાં વસુલ થઇ જશે. સમાજમાં આ પુસ્તક ક્રાન્તિ કરાવનાર થઇ પડશે. ગુજરાતી ટુંકી વાર્તાઓના સાહિત્યમાં આવું પુસ્તક કદી પ્રગટ થયું નથી. કોઇ પણ ઘર આ પુસ્તક વગર સૂનું રહેવું ન જોઇએ. કલામય છપાઇ, એન્ટીક પેપર, પાકું સોનેરી પુઠું નયનરંજક ચિત્રો: કિ. રા. ૩-૮-૦

શારીરિક, માનસિક કજોડાં-લગ્નનાં ભયંકર પરિણામો, વાસના, દંભ અને ધર્મના ઇજારદારોની પોલ; કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્નની વરઝોળા, મંદિરોના ગોટાળા, વિધવાઓની હાલત, ન્યાતના નખ્ખોદીયા પટેલોનું ન્યાયને નામે ફારસ, અસહિષ્ણુતા, સ્વાર્થાન્ધ નરપશુઓના સ્વપત્ની સાથે વ્યભિચાર, મહિલાશ્રમોનું પોકળ આદિ અનેક વિષયો દરેક વાર્તામાં એવી રીતે ચર્ચવામાં આવ્યા છે કે વાંચનારને જાણે તે આંખ સામે અત્યારે જ બનતો બનાવ હોય તેમ લાગે છે. વાર્તાઓ નીચે મુજબ છેઃ—

૧ **સવિતાની આત્મકથાઃ** રૂપિયાની થેલીઓ ગણી ગણીને બાપે બાળવયમાં, એક પત્ની જીવતી છે; એવા નરપિશાચને પરણાવતાં સવિતાનો નીચ માલીક કેવી દુર્ગતિ કરે છે અને આખરે સવિતા કેવી બંડખોર થાય છે તે આમાં જોશો.

૨ **વીરબાઇની વિતક વાતઃ** એક વિષયી નરપિશાચના ફંદમાં ફસાઇ પડેલી આ ભાટિયાણી કેમ પાયમાલ થાય છે, પશ્ચાતાપની ભઠ્ઠીમાં શેકાવા છતાં ન્યાતે તેનો બહિષ્કાર કરતાં તેનું જીવન કેમ ધુળધાણી થાય છે ? તે તો આ વીરબાઈ પોતે જ તમને કહેશે.

૩ **કાન્તાની કથનીઃ** રૂઢીના યજ્ઞમાં પોતાનું બળીદાન આપતી આ કાન્તાબાઇની આત્મકથા જાણતાં તમારાં કાળજાં કકળી ઉઠશે.

૪ **દુઃખી કમળાઃ** કન્યાવિક્રયી બાપના પેટે પડેલી આ કમળાની કરૂણ કથનીથી જો તમારૂં કલેજું કંપે તો જરૂર તેમને મદદ કરજો.

૫ **અવલની આપવીતિઃ** નગરશેઠના મિથ્યાભિમાની છોકરાને પનારે પડેલી, અનેક સામાજિક અત્યાચારો સહન કરતી અવલ કેમ ત્યજાય છે, તે જાણતાં તમે દુઃખનાં બે આંસુ પાડશો જ.

૬ **સુરબાળાઃ** દંભી સુધારકની જાળમાં સપડાયલી આ પ્રારબ્ધ ફુટેલ વિધવા હરિણી અંતે નિરાશાના અંધકારમાં ગોથાં ખાતી આસલેટ છાંટી આ પૈશાચિક જગતથી કેમ છુટી થાય છે, તે નહિ વાંચશો તો જરૂર પસ્તાશો.

૭ **અતિલક્ષ્મીની આત્મકથાઃ** મિથ્યા કુળાભિમાની જાલીમ પંતુજી ધણીના પૈશાચિક કર્મથી બિચારીનો કેમ અકાળે અંત આવે છે તે ચિત્ર કમકમાટી ઉપજાવશે.

૮ **પરાણે વૈધવ્યઃ** બ્રાહ્મણધર્મનું દેવાળું ન નીકળી જવા દેવા માટે બળાત્કારે વૈધવ્ય આ બાળા પાસે કેમ પળાવાય છે ? બાળલગ્ન, વૃદ્ધલગ્નની વેદીપર કેમ હોમાય છે ? કહેવાતાં મહિલાશ્રમોમાં કેવી પોલ ચાલે છે ? આ બધા સામાજિક અત્યાચારો વાંચતાં તમારૂં હૈયું હચમચી જશે.

૯ **અનિલાની આત્મકથાઃ** એક નાલાયક—નામર્દ શંકાશીલ પતિ બિચારી અનિલાને કેવી હાલતમાં મૂકે છે, ને આખરે અનિલા કેમ બંડખોર બને છે ? તે તમને અનિલા પોતે કહેશે.

૧૦ **ઓત્તમની આપવીતિઃ** અજ્ઞાનતાની સાક્ષાત પ્રતિમા ઓત્તમ જીવનનાટકના અનેક પ્રવેશો ભજવી અંતે કેમ ખાનાખરાબ થઈ જાય છે તે તમે પ્રત્યક્ષ જોઇ શકશો.

૧૧ **જડીની જીવનકથાઃ** એક ભવમાંથી પાંચસાત ભવ કરીને પણ સુખી ન થનાર આ જડીબાઇની જીવનકથા તમને કંઇક નવું જ બતાવશે.

૧૨ શારદાની જીવનસંધ્યાઃ વિદુષી શારદાનો નબળું માલિક અવિશ્વાસે અને શંકાની નજરે જોય છે, અને અનેક પ્રકારની માનસિક યાતના સહેતી શારદાના જીવનની સંધ્યા કેમ થાય છે, તે વાંચતાં તમને આવી હીજડા મારીડો ઉપર ધિક્કાર વરસશે.

૧૩ જમનાની જીવનકહાણીઃ ભગત પતિની વિધવા થએલી જમના મસ્તાના મહારાજોના પંજામાં કેમ જઈ પડે છે? ખાસાસેવકીઓનું શું રહસ્ય છે? ધર્મની પોલ છતાં હિંદુ-સમાજ કેમ આંધળો બને છે એ જોવું હોય તો સાંભળો જમના કહે છે તે.

૧૪ મણીગૌરીની આત્મકથાઃ પ્રબળ વાસનાના પ્રભાવે પતિત થયેલી બ્રહ્મ બાળા બ્રાહ્મણી આ કથામાં વૃદ્ધલગ્નના વરજોળા, કામાંધ ટ્રસ્ટીઓનાં કાળાં કર્મો, ગરીબને ગોળીથી વીંધનાર હિંદુસમાજની હલકી માન્યતાનું ચિત્ર જોતાં હતાશ થઈ જશો.

૧૫ એક વૃદ્ધાની આત્મકથાઃ વેશ્યાઓ કેમ બને છે? સમાજમાં પારકી સ્ત્રીને વેચવાનો વ્યાપાર કરનારો વર્ગ અદેખોક કેવા ગુલામી વ્યાપાર ચલાવે છે? વગેરે દીલને ચોંકાવનારી અનુભવી હકીકતો આ વૃદ્ધા તમને જણાવશે.

૧૬ રામબાઈની રામકહાણીઃ "શાક સારું નથી કર્યું" ના મહા(!) અપરાધસર રામબાઈને રખડતી મૂકનાર રામજી ઠાકરની લાયકાતનું પ્રદર્શન, નાતના પટેલોની પંચાત, જેઠાણીની નીચતા તમને આ રામકહાણી કહેશે ને સમાજમાં ચાલતા અત્યાચારથી તમે થરથરી ઉઠશો.

૧૭ એક વનિતાનાં વિતકઃ એક જ ભૂલનો ભોગ થઈ પડેલી આ વનિતાની વિતક વાત તમને હિંદુસંસારના અજબ રંગઢંગ દર્શાવશે.

૧૮ જીવકોરની જીવનકથાઃ વિષયી પતિથી સાતસાત સંતાનની માતા થએલી માયકાંકલી જીવકોર આખરે સાવકા પુત્રની દયા ઉપર મૂકાઈ ફાંસો ખાઈ જીવનનો કેમ અંત આણે છે તે જાણવું હોય તો જરૂર તમારે આ વાંચવી પડશે.

૧૯ કુંદન અને હું: આ એક જ વાર્તા તમારા ખરચેલા પૈસા વસુલ કરી દેશે. આમાં કામાંધ પતિનો સ્વપત્નીપર અભિચાર, 'ઘર વિના તડ નથી' ની મીમાંસાઃ સત્યનારાયણની કથા ને પારાયણની પોથીને પવિત્ર કરતો ભટજી, મનુષ્ય મટી પશુ થતાં દંપતીશય્યાને દુર્ગંધથી કેવી ભરી મૂકે છે? તે જુઓ!

૨૦ સાચી સ્વયંસેવિકાઃ આ વાર્તા ઈર્ષા–દ્વેષના આતસમાં સળગી રહેલી સ્ત્રીઓની પરોપકારી (!) સંસ્થાઓમાં ચાલતા દંભનો પડદો ખોલે છે. આંખ હોય તો જુઓ!

૨૧ શાન્તાની જીવનસંધ્યાઃ સાટાની સગપણમાં આવેલી શાન્તાની નિષ્ઠુર સાસુ સુવાવડમાં કેમ તેનો જીવ લે છે? તે કરુણ કથા વાંચતાં તમે કંપી ઉઠશો.

૨૨ રમાની રામકહાણીઃ પતનને પગથીએ ઉતરતાં જીવન કેવું અધમ બને છે? શ્રીમંતોની પિશાચલીલા જેવી હોય તો જરૂર આ કથા તમારે વાંચવી પડશે.

૨૩ [illegible] સંકલ્પઃ આ [illegible] ભાવના–વિચારો તમારે મનન કરવા પડશે.

[illegible] વાત તમને આનંદ સાથે જ્ઞાન આપી હાલના હિંદુસમાજમાં ચાલતી ભયંકર [illegible] ચિત્રો તો તમે પળેપળે જોશો. આવી [illegible] વાર્તાઓ જીવનસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાનો સુગમ માર્ગ શોધી શકાશે.

લોહીનો વેપાર.

(સચિત્ર સામાજિક નવલકથા.)

ગુજરાતી ભાષામાં આજ સુધી કદિ બહાર ન પડેલી શૈલી, હિંદુસમાજના [illegible] પ્રશ્નની તદન સ્વતંત્ર અને નિર્ભયપણે ચર્ચા કરનારી આ એકજ સ્વતંત્ર નવલકથા છે. તમે ભલભલી વાર્તાઓ વાંચી હશે પણ આનંદમાં ગરકાવ કરી દેવા સાથે ગુજરાતના હિન્દુસમાજના ઉદ્ધારની ચાવી તો તમને આ નવલકથા જ બતાવશે.

તમે ' લોહીનો વેપાર ' જોયો તો હશે પણ એ વેપાર નીચે કેવો ભયંકર જ્વાળામુખી ધગધગી રહ્યો છે તે જાણો છો ? તમે કદિ હિન્દુબાલિકાને લગ્નમંડપમાં મંગળ ફેરા ફરવાનો ઇનકાર કરતી જોઇ છે ? રિવાજ પ્રમાણે પતિ થઇ બેઠેલા પત્થરને લોખંડના ચણા ચવાડનાર દ્રૌપદી કદિ નજરે નિહાળી છે ? લગ્નમંડપમાં ઘોડેસ્વાર થઇ આવેલા વરરાજાને ભર્યા મહાજનમાં ' ભાઇ ' કહી પુકારનારી સિંહણ સમી આર્યપુત્રી જોઇ છે ? અણીવાર તોરણેથી વર પાછો વાળનારી કુસુમકળીની અજબ સ્વતંત્રતાનો પ્રભાવ કદિ તમે અનુભવ્યો છે ? આ બધા ચમત્કારો તમને ' લોહીનો વેપાર ' બતાવશે ! આજેજ ' લોહીનો વેપાર ' તમારી લાયબ્રેરી માટે વસાવી લો.

તેમાં સામાજિક બંડ છે, નવું સમાજમંદિર રચવા માટેનાં વિધાન છે, દમ્ભી સમાજ સુધારકો ને દમ્ભી ધર્મના પોકળના પ્રકાશ છે, ને બીજું કંઇ એવું એવું છે કે જે તમે આજદિન સુધી ન જોયું હોય; આઠ આઠ મનોમુગ્ધકાર ચિત્રો, અપ-ટુ-ડેટ બાઇન્ડીંગ; એન્ટીક પેપરપર કળામય છપાઇ; આ દળદાર ગ્રંથની કિમ્મત ફક્ત રૂ. સાડાચાર.

અભિપ્રાયોમાંથી થોડાકનો ટુંક સાર :

(સાહિત્ય: ડીસેમ્બર, ૧૯૨૪)

" હમણાં બહાર પડેલી કોઇપણ નવલકથા કરતાં " લોહીનો વેપાર " સહેજે ચડી જાય તેમ છે. આપણા સાહિત્યમાં એ તદન નવા પ્રકારની છે ને જ્યાં સુધી એ સાહિત્ય જીવશે ત્યાં સુધી આ નવલકથા સૌ હોંશે હોંશે વાંચશે.........આની અંદર પુરૂષનાં બીજી વારનાં લગ્ન, હાલનાં સંમતિ વગરનાં લગ્ન, સ્ત્રીઓની પરતંત્રતા, વૈષ્ણવ મંદિરોની અપવિત્રતા, દીકરીઓનું વેચાણ–તેમના લોહીના વેપાર વગેરે દુષ્ટ રિવાજોની ઠીક ઝાટકણી કાઢી છે...વગેરે.

(સાંજ વર્તમાન તા. ૩–૧–૨૫)

લોહીનો વેપારજ જાણે હિંદુ સમાજમાં ચાલી રહ્યો છે તેનું હૃદયદ્રાવક બ્યાન આ નવલકથા કરાવે છે......મી. ડોસાણીએ સેવાસમિતિ ગ્રંથમાળામાં એ મનોવેધક નવલકથાનો ઉમેરો કર્યો છે....આ વાર્તા માત્ર નવલકથાના શોખીનોનેજ નહિ પણ સાહિત્યના રસિકોને પણ વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

(ગુજરાતી પંચ: તા. ૧૦–૧૧–૧૯૨૪)

સામાજિક કુધારાઓ સામે બંડ કરવાનો માર્ગ લેખકે બતાવ્યો છે......વિધવાઓના છુપા વ્યભિચારનાં પોગળ લેખકે લલિતાના પાત્રદ્વારા રજુ કરીને સમાજને ચેતવણી આપી છે કે તેમને દુરથી પરણાવો. કેટલાક વિદ્વાનોમાં ખપતાં પણ અંદરખાનેથી અનાચારવૃત્તિ સેવનાં દંભીઓનાં ચરિત્રો પણ લેખકે આ પુસ્તકમાં સમાવ્યાં છે. એકંદર આ નવલકથા આપણા હિંદુસમાજનું સિદ્ધચિત્ર બતાવે છે.

([illegible]: તા. [illegible])

આ એક સામાજિક નવલકથા છે. હિંદુસમાજમાં રૂઢી-વિવશતાથી જે ઘોર અત્યાચાર થાય છે તેનું આબેહુબ ચિત્ર આલેખવામાં લેખકે સારી નિપુણતા દર્શાવી છે......જયા અને કુસુમ જેવી સંસ્કારી બાળાઓ સામાજિક અત્યાચારો સામે બંડ ઉઠાવે અને લલિતા જેવી અર્ધદગ્ધ વિધવાઓ [illegible] જેના ધર્મકર્મોના ફંદમાં ફસાઇને વેશ્યાવાડે વેચાય તેમાં હાલની હિંદુસમાજની સ્થિતિ જોતાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. અને જ્યાંસુધી આપણી ન્યાતો તથા સમાજ જાગૃત નહિ થાય ત્યાંસુધી સમય જતાં અનર્થોની સંખ્યા વધતી જવાનો સંભવ છે. સ્થળે સ્થળે લેખકે ખોટી રૂઢીઓપર પ્રહાર કરવામાં ખામી રાખી નથી.

(રંગુન સમાચાર: તા. ૧૩-૧-૨૫)

વાર્તાનાં દરેક પાત્રો એવા તો સચોટપણે આલેખવામાં આવ્યાં છે કે વાંચતી વખતે નાટક સામે જ ભજવાઇ રહ્યો હોયની એવો ખ્યાલ આવી જાય છે. અમે આ વાર્તા દરેક ગુર્જર ભાઇબ્હેનોને વાંચવા ખાસ ભલામણ કરીએ છીએ.

(ગુજરાતી કેસરી: તા. ૨૨-૧-૨૫)

આધુનિક સમયમાં આપણો સમાજ બાળલગ્ન, ફરજીઆત વૈધવ્ય, ખોટાં બંધન, ધર્મના ઢોંગ વગેરે અનેક અત્યાચાર અને અનાચારોનો ભોગ થઇ પડયો છે. જેનાં ભયંકર ચિત્રોનું વર્ણન હોઇ...આપણી અવદશાનું ભાન થઇ શકે તે રીતે આ પુસ્તકમાં વિવિધ પ્રસંગો ગુંથીને આબેહુબ ચિત્રો દોરવામાં આવ્યાં છે.

(હિંદુસ્થાન: તા. ૨૮-૧૨-૨૪)

સમાજ રચનાનું પુનરવિધાન એ આ નવલકથાનો હેતુ છે......આ વાત કથાકારે ગુજરાત સમક્ષ નવલકથાના રૂપમાં મુકી છે અને સમાજને એ રીતે જાગ્રત કરવાને પ્રયાસ કર્યો છે તે આવકારપાત્ર છે.

(કર્મભૂમિ: તા. ૨૬-૧૨-૨૪)

સમાજના સુધારક સામે 'લોહીનો વેપાર' નવનવી વિચારમૂર્ત્તિઓ ખડી કરી શકે છે. શ્રી. ડોસાણીએ આ પુસ્તક પ્રકાશનથી નવલકથાના સાહિત્યમાં સરસ ઉમેરો કર્યો છે.

વનિતાની વાતો

સંસારના સંગ્રામમાં સળગી રહેલી સુન્દરીઓની આ કરુણાજનક કહાણીઓ તમારી આંખ આગળ રૂઢીને નામે ચાલતા દંભ તથા અપંચ ખુલ્લા કરી તમારા હૈયાને હચમચાવી મૂકશે. જુઓ:

વાર્તા ૧ લી—બાળલગ્નની બલી સામે પોકાર કરી જીંદગીના વમળમાં પડેલી એ સ્ત્રીઓ કમકમાટી ઉપજાવે તેવી પોતાની જીવનકથાઓ રજુ કરે છે અને તેમાં ગરીબ સંસારની હાડમારીઓ, બાળમરણનાં ભયંકર કારણો અને ધર્મનીતિ વિનાની કેળવણી લઇ ફેશનમાં ફસાઇ પડેલી એક સુધરેલીનો ઇતિહાસ એવી અસરકારક ભાષામાં ગુંથવામાં આવ્યો છે કે જે વાંચતાં તમારૂં દિલ કંપી ઉઠશે.

વાર્તા ૨જી:—સ્ત્રીઓમાં રમાતા જુગારથી કેવું માઠું પરિણામ આવે છે અને સંસારની કેવી દુર્દશા થાય છે તે એક વણીક કોમની સ્ત્રીને મોઢેથી તેનાં અવળાંકર્મની કહાણી જાણી તમે આશ્ચર્યચકિત થઇ જશો.

વાર્તા ૩જી:—આ દેશમાં સાધુ બાવાઓ ભોળી બાયડીઓને ભમાવી કેવી પોપલીલાઓ કરે છે, ધર્મ, ઇશ્વર, અને ભક્તિને નામે જુવાન વિધવાઓમાં કેવો અનાચાર ફેલાવે છે, ભગવી ચીંદરી ધરનારાઓ —સાધુના રૂપમાં શયતાનો સમાજની આંખમાં ધોળે દહાડે કેવી ધૂળ નાંખે છે, તે વાંચતાં આ એક જ વાર્તા તમને આખા પુસ્તકનું મૂલ્ય વસુલ કરાવી દેશે.

વાર્તા ૪ થી—રૂઢીના જુલમ તળે કચડાએલી એક પ્રેમયોગિની રૂઢીના અનેક ત્રાસો સહન કરીને છેવટે પોતાના જીવનને પ્રકાશને પગલે શી રીતે વાળી શકે છે, તેનો ચિતાર:

વાર્તા ૫ મી—એક દીનહીન શિક્ષકની સ્ત્રી પોતાના માંદા પતિને લઇ મુંબઇમાં જતાં ત્યાં કેવી અવદશા ભોગવે છે અને આખરે આપઘાત કરીને જીવનનો કેવી રીતે અંત આણે છે, તે વાંચી શહેરના સડેલા જીવન ઉપર તમને જરૂર તિરસ્કાર આવશે.

વાર્તા ૬ ઠ્ઠી—ગરાસીઆની કોમમાં દત્તક લેવાના નિંદ્ય રિવાજથી એક સ્ત્રીનું બીજી સ્ત્રી સાથે લગ્ન થયાની કમકમાટી ભરેલી વાર્તા વાંચીને એ કરૂણ પ્રસંગ ઉપર, તમારા હૃદયમાં પ્રશ્ન ઉઠશે કે આ તે કુમારિકા કે વિધવા?

વાર્તા ૭ મી—રૂઢીના જુલમથી ત્રાસ પામી હિંદુ સ્ત્રીઓ ખ્રિસ્તીધર્મમાં કેવી રીતે ઘસડાઇ જાય છે, તેનો ચિતાર સ્ત્રીઓને મોઢેથી રજુ થએલો હેવાલ આ [illegible] અને સંતાપ નામક વાર્તામાં જોઇ શકશો.

વાર્તા ૮ મી—હિન્દુ અભિમાની કુટુંબોમાં ધર્મ, રૂઢી અને રિવાજને નામે કેવા દંભ તથા ગોટાળા ચાલે છે અને તેને પરિણામે જુવાન વિધવાઓનાં જીવન અંધકારને

કારણે કેવી રીતે [illegible] છે, કે [illegible] નો [illegible] વિધવાને સમાજમાં સ્થાન નહિ મળવાથી, આવતાં માઠાં પરિણામ [illegible] તમને જરૂર દયાની લાગણી થઇ આવશે.

વાર્તા ૯ મી—ઇતિહાસનાં પાનાં અમર બનાવનારી ગુજરાત [illegible] અત્યારે કેવો અને કેટલેક [illegible] થયો છે, તે વાંચીને [illegible] દયા [illegible] ઉપર તમારી આંખમાં આંસુ આવશે.

વાર્તા ૧૦ મી—તીર્થસ્થાનોમાં થતી બાળહત્યાઓ અને અત્યાચારોનો ભયંકર ચિતાર રજુ કરતી એક સેવાશ્રમની નોંધપોથીમાં અનાથ વિધવાઓને માટે આશ્રમોની કેટલી જરૂર છે તે સિદ્ધ કરે છે. આ વાર્તામાં ત્રણ સ્ત્રીઓનાં જીવનની નોંધ છે અને દરેક નોંધમાં સમાજનો સડાનું તાદૃશ ચિત્ર છે.

ગુજરાતી નવલકથાના ક્ષેત્રમાં આજ સુધી આવું પુસ્તક કદી બહાર પડ્યું નથી, વ્હાલા-વ્હાલીના ટાયલાંથી તદ્દન નિરાળું અને સંસારના સડાઓ સામે ભયંકર પોકાર ઉઠાવી તે દૂર કરવાના ઉપાયો સુચવનારૂં આ સચિત્ર પુસ્તક દરેકે જરૂર વાંચવું જ જોઇએ. ઉંચા એન્ટિક પેપરો, નયનરંજક ચિત્રો, સુન્દર છપાઇ અને સોનેરી નામનું મજબુત પુંઠું છતાં કિમ્મત માત્ર રૂ. ૩-૦-૦.

અભિપ્રાયોમાંના થોડાકઃ

(હિંદુસ્થાનઃ તા. ૨-૩-૧૯૨૫)

હિંદુ સંસારના કેટલાક ત્રાસદાયક જુલમો અને કુરિવાજોથી કોણ અજાણ છે? તેવી જીંદગીના ચિત્રો સહેલી અને વેગવાળી ભાષામાં લખવા માટે લેખક જાણીતા છે, તેમણે આ સંગ્રહમાં પણ એજ જીવનનાં ચિત્રો દસ વાર્તાઓમાં આપ્યાં છે. દરેક વાર્તા સમાજજીવનનો જુદો જુદો પ્રશ્ન છેડતો હોઇને ઉપયોગી તથા વાંચવાલાયક છે.

(ગુજરાતી કેસરીઃ તા. ૫-૩-૧૯૨૫)

આ પુસ્તક ૧૦ સામાજીક ટુંકી વાર્તાઓનો સમુહ છે. સામાજીક બદીઓ દૂર કરવાના વ્રતધારી એવા સમાજજીવન માસિકના તંત્રી શ્રી. નારાયણજી ગોકળદાસ ડોસાણીના આ શ્રમ માટે તેમને [illegible] છે. હિંદુ સંસારના અનેક કરૂણાજનક પ્રસંગોના ચિત્રો ઠીક રીતે રજુ કરવામાં આવ્યાં છે.

(ગુજરાતી પંચઃ તા. ૨૬-૪-૧૯૨૫)

આમાં ૧૦ ટુંકી વાર્તાઓ જુદી જુદી સ્ત્રીઓદ્વારા આપવીતિ કહેવરાવીછે. એમાંથી હિંદુઓની સામાજિક કુરૂઢીઓનો ભય કરવાનો ખ્યાલ આવે છે. દરિદ્રતા, સાંસારિક બંધન, હિંદુ સંસારમાં કેટલીક અવિચારી ભયાવી રીત રિવાજની રૂઢીઓ—વગેરેને લીધે હિંદુ સંસારમાં સ્ત્રીજાતિને કેવી અધોગતિમાં [illegible] પડે છે એનો ખ્યાલ અનુભવ લોકોને અને કલ્પિત કરવે આ પુસ્તકની વાતો વાંચતાં આવી શકે છે. કહેવું જોઇએ કે પુરૂષવર્ગ જો હિંદુસમાજની સ્ત્રીવર્ગની દુખદ અને ભયંકર સ્થિતિ નિવારવા યત્નો નહિ કરે, તો આ પુસ્તકમાંની ભયંકર વાતો કરતાં પણ વધુ ભયંકર હાલત હિંદુ સમાજની [illegible] [illegible] આ પુસ્તકને આપણા પુરૂષ વર્ગની આંખો ખોલનારૂં અને તેમાં બારીક મનનો ખોરાક પુરો પાડનારૂં [illegible] [illegible] કહેવાય હિંદુ કહેવડાવનાર દરેક સ્ત્રી પુરૂષ આ પુસ્તક બારીકાઇથી વાંચીને તેમાંના રહસ્યો ઉપર મનન કરશે.

અબળાની આત્મકથાઓ

(૧૬ સાંસારિક ચિત્રો)

સ્રીજાતિ ઉપર હિન્દુસમાજ કેટલી હદ સુધી 'ડાયરીઝમ' ચલાવે છે? ત્રાસ, જુલમ અને આપખુદી સહન કરવી આર્ય—બાળાઓનાં જીવન કેવાં અધમ થઇ જાય છે તેનો હૃદયભેદક ચિતાર આ પુસ્તક વાંચતાં આંખ સામે ખડો થાય છે. ૧૬ સંપૂર્ણ વાર્તાઓ છે. તેમાં થોડીક તો જુઓ:—

૧ લી વાર્તા: કન્યાવિક્રયી માબાપોનાં દુષ્કૃત્યથી દીકરીઓનો સંસાર કેવો સડેલો થઇ જાય છે, તે આ એક જૈન કુમારિકાની કરૂણ કથની વાંચતાં સમજાશે.

૨ જી વાર્તા: સાસુ નણંદનાં જુલમથી ત્રાસેલી રહવા કૂટવાના દુષ્ટ રિવાજે રામશરણ થનારી આ બ્રાહ્મણ કુમારિકાની આત્મકથા તમારી આંખમાં આંસુઓ લાવશે.

૩ જી વાર્તા: પરદેશ ગયેલા પતિની પત્ની યમુના પર કેવા કેવા કારમા કેર વર્તાય છે, તેનો બરકોર્ટમાં ચાલેલો કેસ, અને મેજીસ્ટ્રેટ સમક્ષ તેણે કહેલી જીવનકથા વાંચતાં સડી ગએલા હિન્દુસંસારનું તમને ભાન થશે.

૪ થી વાર્તા: વ્યભિચારી પતિના પનારે પડેલી, સાસુ નણંદના જુલમ સહતી શોક્યના સાલથી દુ:ખી થતી આ ઔદિચ્ય બ્રાહ્મણકન્યા ઉષાની આત્મકથા રૂઢીની ભીષણતા અને સ્રીવર્ગની પરાધીનતાનું ભાન કરાવશે.

૫ મી વાર્તા: હિન્દુસ્થાનમાં વેશ્યાઓ કેમ વધે છે ? તે આ નાગરજાતિની મોઢે ચઢાવેલી કન્યા વિમળાકુમારીની જીવનકથાથી તમે જાણી શકશો.

૬ ઠ્ઠી વાર્તા: કણબીની ન્યાતની આશાબાઇની આત્મકથા તમને કેળવણી ખાતાના ઇન્સ્પેક્ટરો મહેતીજીઓને કેવી રીતે શીશામાં ઉતારે છે તે સમજાવશે.

૭ મી વાર્તા: શ્યામાની આ આત્મકથા હિંદુસંસારમાં કજોડાંથી થતી પાયમાલીનાં દર્શન કરાવશે.

૮ મી વાર્તા: પુરોહિતની દીકરી ઇન્દીરા વેશ્યા બનવા જેટલી સ્થિતિએ કેવી રીતે પહોંચી, તેનું બ્યાન તમારા હૃદયને કમકમાવી નાખશે.

૯ મી વાર્તા: વિનોદિનીની આત્મકથા તમને આર્ય અબળાની અજબ સહનશક્તિ તથા ઉચ્ચ આત્મભોગનો ખ્યાલ આપશે.

૧૦ મી વાર્તા: નણંદના કુકર્મે ભાભી રૂપાળીને ભોગવવી પડેલી અસહ્ય યંત્રણા નો તમે રૂપાળીનું વૃત્તાંત વાંચીને જાણી શકશો.

૧૧ મી વાર્તા: એક કચ્છી બાઇની આ આત્મકથા તમને હિન્દુ શિક્ષિકાઓમાં, ધર્મમંદિરો, ધર્મગુરૂઓ, તથા સંસ્થાઓમાં ચાલતા ભવાડાઓનો ભેદ ખુલ્લો પાડશે.

૧૨ મી વાર્તા: લોહાણાની પુત્રી સુશીલા કેવી રીતે દુ:શીલા બને છે તેનો ઉલ્લેખ શબ્દોમાં કરી શકાય તેમ નથી.

૧૩ મી વાર્તા: કોકીલાની આ કર્મકથા તમને હિન્દુસમાજની નીચતા—નઠોરતાનું અનુમાન કરાવશે.

આથી પણ હિંદુસંસારની નીષ્ઠુરતાનું વધુ દર્શન તો તમને ૧૪, ૧૫, ૧૬ મી વાર્તા કરાવશે. આમાંની એકજ વાર્તા વાંચવાથી તમારા ખરચેલાં નાણાં વસુલ થઇ જશે.

જલદી મંગાવી લો. પાકું પૂંઠું, સોનેરી નામ, કિંમત રૂ. ૨—૮—૦

અંધકારપર પ્રકાશ.

(અતિરસિક સચિત્ર નવલકથા)

હિંદુસમાજની પુનર્રચના કરી સંસારમાં સ્વર્ગ ઉતારવાને માટે સતત પ્રયાસ કરતા તનમન અને લલિત–નાયક નાયિકાના અજબ પ્રેમાકર્ષણનો પ્રભાવ તમે જાણ્યો નહિ તો જીવનનો એક મોંઘો લ્હાવો ગુમાવી દેશો.

એમાં સામાજિક બંડ નથી પણ બંડખોરો કેમ પેદા થાય છે તેની એક કરૂણ અને રમ્ય કથા છે: પ્રેમ એટલે સંપૂર્ણ સ્વાર્પણ, પ્રેમ એટલે ઢીંગલા ઢીંગલીના ખેલથી કોઇ તદ્દન જ જુદી પડતી સ્વર્ગીય વસ્તુ—આ વ્યાખ્યાપર લોહીના વેપારના જ લેખકે પોતાની ભાવભરી ભાષામાં તનમન અને લલિતના સંસારની સ્વર્ગીય સૃષ્ટિ ખડી કરી છે. તે ઉપરાંત હિંદુસમાજના બળતા પ્રશ્નો: વિધવાવિવાહ, પતિતોદ્ધાર, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, વર્ણાશ્રમધર્મ વગેરેનો રસિક રીતે ઉકેલ કર્યો છે.

જીવનને દિવ્ય વીણાના સંગીત જેવું બનાવવું હોય તો આ પુસ્તક તમારે મંગાવ્યે છુટકો છે. નયનરંજક ચિત્રો, પાકું પૂઠું, સોનેરી નામ, કિમ્મત રૂ. ૨–૮–૦

વિશ્વલીલા

(અતિ રસિક નવલકથા)

એક શ્રીમંત કુટુંબના ઘરમાં ચાલતા વિચિત્ર ગોટાળાનું ભેદભર્યું ચિત્ર: વિધવા ચંચળાને મુનીમ ભોગીલાલ કેવી રીતે પ્રપંચ રચી ફસાવે છે, અને આખરે તે અનીતિના આચરનાર બન્નેનો કેવો અંજામ આવે છે, તે જાણવું હોય તો આ પુસ્તક સત્વર મંગાવી લો.

પ્રેમરસથી ઉભરાતી આ સુંદર રસમય નવલકથા વાંચતાં તમે બે ઘડી સાનભાન ભૂલી જશો. પ્રેમાળ મુલાયમ હાથોવાળી વિશ્વેશની જાદુગરી લીલા તમને સંસારની સ્નેહવાટિકામાં સહેલ કરાવી પ્રેમસૃષ્ટિના રસિક વિહારી બનાવી દેશે. તેમાંના ચિત્રો તમારી આંખો ઠારશે. પાકું પૂઠું, રૂપેરી નામ, કિમ્ત ફકત રૂ. ૨–૦–૦

ત્રણ આના સિરીઝ.

૧. બાઇડીઓની વાતમાં તમે શું જાણો ? ૨. હરામી હરિકથાવાળો ને બીજી વાતો

અચાટી આ ત્રણ આના સિરીઝ તો તમને સ્નેહસરિતામાં સ્નાન કરાવશે. દરેકની કિમ્મત ત્રણ આના.

આ સિરિઝ સામટી સસ્તે ભાવે વેચી નાખવાની છે. ખરીદનારે તુરતજ લખવું.

આદર્શ ચરિત્રાવલિ

જનસેવા અને દેશભકિતની અનેરી ભાવના પ્રગટાવતું, પૃથ્વી પરના ૧૬ મહાપુરુષોના જીવનચરિત્રોનું, આ પુસ્તક મનનીય છે. તમારા બાળકોને સદાચારી ને રાષ્ટ્રીય ચેતનાથી ભરપુર જોવા માગતા હો તો અવસ્ય આ પુસ્તક મંગાવો. કિમ્મત રૂ. ૨-૪-૦

સ્વર્ગમાં સેશન્સ યાને પાખંડી પુરોહીતનું પોકળ.

(થોડીજ સીલકે છે. હશે ત્યાં સુધી મળી શકશે.)

કળજુગના ગુરૂઓ પોતાના અધમ સ્વાર્થને પોષવા યજમાનોના અંધ વિશ્વાસનો લાભ લઇ કેટલી હદે તેના સંતાનોના જીવનનું સત્યાનાશ વાળે છે, તેનો વિષ્ણુ ભગવાનની કોર્ટમાં ચાલેલો કેસ, અને પોગળ પ્રકાશ અવસ્ય જાણવા જેવાં છે. કિમ્મત રૂ. ૩-૦-૦

લોહાણા જ્ઞાતિનો અમર ઐતિહાસિક ગ્રંથ !

લોહાણા રત્નમાળા

પુન્યશાળી બંધુઓનાં પવિત્ર દર્શન ! વિધવિધ ચરિત્રોનો જ્ઞાનભંડાર ! !

મણકે મણકે લોહાણા જ્ઞાતિનું રત્ન છે. પાને પાને જ્ઞાતિનો પ્રકાશ છે. શબ્દે શબ્દે લોહાણા જ્ઞાતિનું ગૌરવ છે.

સૂર્યવંશી-રઘુવંશી લોહાણા-ક્ષત્રિય પ્રજાની ઉત્પતિ, રીતરીવાજો, ખાસીયતોને લગતી સંપૂર્ણ અને ઉપયોગી હકીકતોનો ઇતિહાસ તથા પૂર્વજોનાં જીવનચરિત્રો વાંચતાં તમારી પૂર્વસ્થિતિનું અભિમાન ઉત્પન્ન થશે.

સૂર્યવંશીના સંતાનો !

તમારી ઉગતી પ્રજાને બંડવીર બનાવવી હોય, તમને જ્ઞાતિનું સ્હેજ પણ અભિમાન હોય, તો તુરત આ ચીરંજીવ ગ્રન્થ મંગાવી લો !

સોનેરી નામથી સુશોભિત મનરંજન ઇમ્પીરિયલ ક્લોથનું પાકું પૂઠું. ઉંચા કાગળપર સુંદર કળામય છપાઇ; આરટીસ્ટીક રીતે તૈયાર કરાવેલા ૧૨૫ થી ૧૫૦ મહાપુરુષોના ફોટાઓ. કિમ્મત રૂ. ૧૦) પો. જુદું થોડીકજ નકલો સીલક રહેલી છે.

લોહાણા ભાઇઓને વધામણી ! **બહાર પડી ચૂકયો !**

લોહાણા પ્રજાનો ઈતિહાસ અને અવલોકન.

(ત્રણે નિબંધો તથા રાજકોટમાં બનેલી ઘૃણિત ઘટનાની સમાલોચના સાથે)

લોહાણા ક્ષત્રિય પ્રજાનો આ ઇતિહાસ દરેક દરેક લોહાણા ભાઇઓના ઘરમાં હોવો જોઇએ. તેની અંદર એવી એવી મનનીય ઐતિહાસિક બાબતો છે કે જે વાંચવાથીજ જાણી શકશો. ટુંકમાં સેંકડો રૂપિયા ખરચતાં જે હકીકતો ન મળે, તે તમને માત્ર રૂપિયા દોઢમાં મળશે. કોઈ પણ લોહાણાભાઇનું ઘર આ ઇતિહાસના પુસ્તક વગર સુનું ન રહેવું જોઇએ.

સદરહુ પુસ્તકની અંદર ઇતિહાસ અને હમણાં હમણાં લોહાણા જ્ઞાતિમાં બનેલી અનિચ્છિત ઘટનાઓની સમાલોચના એ બે વિભાગો પાડવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે—

ઇતિહાસ વિભાગ.

આપણી ઇતિહાસ વિષયક માન્યતા.
પુરોહિત પદવી
સારસ્વત
જ્ઞાતિનાં ગોત્ર તથા અવટંક
સૂર્યવંશી ક્ષત્રિયો
ભ.શ્રીરામચંદ્રજીથી કનકસેન સુધી વંશાવળી
સમુદ્ર પૂજન—દરિયાસ્થાન
રામનામનો ઉચ્ચાર
લગ્ન સંબંધ
યજ્ઞોપવિત
લગ્નપત્રિકા
સાંગ
દાદા જશરાજનું શોકચિન્હ
કવિ ચંદ
ઠકકુર, ઠક્કર, ઠાકોર
ભારતમાં અવ્યવસ્થાનો આરંભકાળ
સારસ્વતોપાખ્યાન અને ક્ષત્રિય ઉત્પતિ
લોહાણા ક્ષત્રિયોનો ઇતિહાસ
લો. ક્ષ.ની ઉત્પત્તિ અને ઇતિહાસ
સદગુણી વીર શ્રુતસેન
વિશેષ વિચાર
કચ્છમાં પ્રવેશ
ઉત્પત્તિ સ્થાન-નામાભિધાન
ખોજાઓ
વિભાગ
ઉપસંહાર
વ્યવહારધર્મ વર્ણવ્યવસ્થા
સારસ્વત પ્રદેશ અને સારસ્વતો
ગોત્ર—અવટંક (અટક)
સારસ્વત બ્રાહ્મણોનાં ગોત્ર, અવટંક, વેદ, શાખા.
ભગવાન શ્રી નારાયણથી રામચંદ્ર સુધી વંશાવળી
રન્નાદેવી માતાનું સંસ્મરણ
અનન્ય ભક્તિભાવ
રામની ટેક
વિવાહ પ્રકાર અને વિધિ
સૂતક
શ્રી સૌભાગ્ય-ખોળો
છઠ્ઠી
શરણાંગતને સહાય
બાંવડાનો અર્થ
મૂળ સ્વભાવ
જ્ઞાતિઓનો ઉદ્દભવ
ગાંગજી બારોટનો અભિપ્રાય
લોહાણા ક્ષત્રિયોની ઉત્પતિ
હિંગુલાદિ ખંડ
વાસ્તવિકતા
વ્યાપાર તરફ વલણ
કાઠિયાવાડ ગુજરાતમાં પ્રવેશ.
લોહાણા, અરોરા, ખત્રીઓ.
મેમણ
સારસ્વત મુદ્દાઓ

સમાલોચના વિભાગ

વાતાવરણ	આપણે રઘુવંશી કે ખાંવડા ?
ઇનામી નિબંધ પ્રકાશનું પ્રયોજન	કારણો
પરિક્ષક કમિટી	અમારો હેતુ
ઓળખાણ	લોહાણા હિતેચ્છુનું વલણ
લોહાણા મૂળ રઘુવંશી છે, ખાંવડા નથી.	ખાંવડા એટલે રઘુવંશી
બીજી અઘટિત ઘટના	એક ભાટિયા ભરથારની ફરિયાદ
મેજીસ્ટ્રેટ સાહેબનો ચુકાદો	સાંજ વર્તમાનની ટીકા
કચ્છી લોહાણા મહાજનનો ઠરાવ	કચ્છી લો. મહાજનનો કાગળ
રાજકોટ મહાજનની સભાનો હેવાલ	મહાજનની કાર્યવાહી મીમાંસા
પરિષદનું બંધારણ	વિચારવાની વાતો
થોડાક વિચારણીય પ્રશ્નો.	નાતના કહેવાતા આગેવાનોની ફરજ
હવે કરવું શું ?	લોહાણા હિતેચ્છુના સ્વામી લાલજીભાઇની લીલા
મુંબઇનું શ્રી કચ્છી લોહાણા મહાજન	વિગેરે વિગેરે.

બીજી નવલકથાઓ:

સચિત્ર નવી નવલકથા ! **પ્રગટ થઇ ચુકી!**

-ઉષા અને અરૂણ આવશે ત્યારેજ સૂર્યોદય થશે-

સુપ્રસિદ્ધ લેખક રા. ભાનુના હાથે લખાયલી આ સામાજિક નવલકથામાં નિઃસ્વાર્થ પ્રેમ, પતિતોદ્ધાર, શ્રીમંતોના દંભ-પ્રપંચ, મૂડી મજુરી આદિ હિન્દુસમાજના અતિ ગુંચવણભર્યા પ્રશ્નોનો બહુ રસભરી રીતે ઉકેલ કરવામાં આવ્યો છે. તે વાંચતાં તમને નવા યુગની ઝાંખી થશે. સુંદર નયનરંજક ચિત્રો સાથે, સોનેરી નામ. પાકું પૂઠું, કિમ્મત રૂા. ૩-૦-૦,

જી, રોજી :

સુપ્રસિદ્ધ પારસી લેખક મી. કાબરાજીના હાથે લખાયલી આ કલમકસ નવલકથા સૌએ વાંચવા જેવી છે. કિ. રૂા. ૧-૮-૦.

ઘણા વખતથી અપ્રસિધ્ધ રહેલી લોકપ્રિય નવલકથા.

પ્રમાદધનની પ્રભુતા

અથવા

સરસ્વતીચંદ્રનો ઉપસંહાર.

આજકાલ પ્રસિદ્ધ થતી ઘણી નવલકથાઓ વાંચી કંટાળી ગયા હો, પુષ્કળ પૈસા ખરચી નિરાશ થયા હો તો આ અદ્વિતીય સર્વોત્કૃષ્ટ નવલકથા ફક્ત રૂપીઆ સાડાચાર ખરચી જરૂર મંગાવો; જેથી તમારો સઘળો કંટાળો દૂર થઇ જશે અને તમારી લાયબ્રેરીમાં એક અમુલ્ય રત્ન વધશે.

વિશ્વવિખ્યાત કવિવર રવિન્દ્રનાથ ટાગોરની મધુરી અંસરોનું દીવ્ય સંગિત

મધુરાણી

નામક નવલકથા ભારતીઓના તત્વપ્રિય હૃદયને હચમચાવી મુકશે. લોહીના વેપારના સુપ્રસિદ્ધ લેખક રા. સાકરલાલ કાપડિયાએ આ કવિશ્રાણુનાં 'ઘરે બાહિરે'નો અનુવાદ સરળ રીતે કરી તેમાં પ્રભુના ભવ્ય સંદેશ સુણાવ્યા છે. મધુરાણીમાં કાવ્ય છે, મસ્તી છે, નિર્મળ દેશાભિમાન અને બીજુંય કંઇ કંઇ છે, આ પુસ્તક સર્વને વાંચવા જેવું છે. કિ. રૂ. ૬–૮–૦ ઘટાડેલી કિમ્મત રૂા. ૬–૦–૦.

સમાજજીવનના વાંચનાર જો રૂા. ૩–૦–૦ મનીઓર્ડરથી મોકલી આપશે તો પોસ્ટેજ માફ થશે.

લીલા અને જ્ઞાતિતંત્ર.

જ્ઞાતિના પટેલોનાં પોકળ ખોલવી આ એક અદ્ભુત સામાજિક નવલકથા છે, દરેક સ્ત્રી પુરૂષને ખાસ વાંચવા લાયક. પાકું પુઠું સોનેરી નામ

કિ. રૂ ૨—૮—૦

નવી નવલ

વસંત વીણા અને પ્રેમ પરિણામ

(૧૨, સુંદર ચિત્રો સાથેની સુંદર સોનેરી બાઇન્ડીંગવાળી સચિત્ર નવલકથા)

દંપતિ પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપ દર્શાવતી આ નવલકથા વાંચતાં તમે રસમાં તરબોળ થઇ જશો, પ્રાણેશ્વર પ્રબોધની વ્હાલસોઇ વીણા તમને શુદ્ધ પ્રેમનો મંત્ર શીખવશે. પાશ્ચાત્ય સંસારના પાર્થીવ પ્રેમનું ચિત્ર તમારી નજર આગળ ખડું થશે. થોડીજ નકલો બાકી છે. કિમ્મત રૂ. ૨—૦—૦.

સેવાસમિતિ ગ્રંથમાળાના ગ્રાહક થવાથી આ બધાં પુસ્તકો પોણી કિંમતે મળશે.

નીચેનાં પુસ્તકોની થોડીજ નકલો સીલકે રહેલી છે.

ભારતીય સ્વરાજ્ય	કિ. રૂા. ૪–૮–૦	વસંત વીણા	કિ. રૂા. ૨–૦–૦
સતીધર્મ પતિસેવા ભા. ૧–૨	,, ૫–૮–૦	આત્મનિવેદન સ્વ. વિભાકર કૃત	,, ૩–૮–૦
લીલા અને જ્ઞાતિતંત્ર	,, ૨–૮–૦	મહોબત કે મુશીબત	,, ૫–૦–૦
ગુલીસ્તાનનું ગુલ	,, ૫–૦–૦	સંસારી કે સંન્યાસી	,, ૨–૦–૦
બોરતાનનું બુલબુલ	,, ૫–૦–૦.	[illegible]	,, ૨–૮–૦

આ સિવાય બીજાં સર્વ જાતનાં ઐતિહાસિક, સામાજિક પુસ્તકો અમારે ત્યાંથી મળી શકશે. ભાવમાં કિફાયત, એકવાર ઓર્ડર આપી ખાત્રી કરો. લી.

નારાયણજી ગોકળદાસ ડોસાણી.
વ્યવસ્થાપક: સેવાસમિતિ પુસ્તકાલય
૧૨૭, કુંભારવાડી, મુંબાઈ નં. ૪.

[illegible] ૧

સેવાસમિતિ, પુસ્તકાલય

ચુંટી કાઢેલાં પુસ્તકો

મધુરાણી (કવિ દામોદરકૃત) ...	૩-૦-૦	અજરબી સફીનું ફ્રાન્સ ...	૩-૦-૦
સ્વર્ગીય સેવાન્સ ...	૩-૦-૦	વિલક્ષણ વેર ...	[illegible]-૦-૦
લીલા યાને શાંતિતંત્ર ...	૨-૪-૦	કર્પૂર મંજરી ...	૦-૮-૦
સ્વરાજ્યને પથે ...	૨-૮-૦	શહેનશાહી દિલ્હી દરબાર ...	૩-૦-૦
પ્રેમાદ્યનની મહત્તા ...	૪-૮-૦	ગુલીસ્તાનનું ગુલ ...	૫-૨-૦
ગુલામી વેપાર: ભાગ ૧-૨ ...	૪-૦-૦	શ્રીમતિ વિજયા ...	૩-૦-૦
સ્વ. સમુજતરામના નિબંધો ...	૧-૮-૦	શોરઠનું સ્વાર્પણ ...	૨-૪-૦
રાજા રામકૃષ્ણ ...	૩-૦-૦	બે બેદી (ડિટેક્ટીવ) ...	૧-૮-૦
ગોકું વિલાયતઃ ...	૫-૦-૦	વસંત વીણા ...	૨-૦-૦
માઝી ચરિત્રી ...	૪-૦-૦	ધર્મનો જય ...	૧-૪-૦
મહીલાઓની મહાકથાઓ ...	૩-૮-૦	દુઃખી સંસાર (મણીશંકર ભટ્ટ) ...	૧-૪-૦
વિશ્વલીલા ...	૨-૦-૦	કાળું ગુલાબ ...	૧-૮-૦
લોહીનો વેપાર ...	૪-૮-૦	અકુલ ...	૦-૬-૦
વનિતાની વાતો ...	૩-૦-૦	કલકત્તાનો કારાયુગ ...	૧-૪-૦
અબળાની આત્મકથાઓ ...	૨-૮-૦	બાળ વિહાર ...	૦-૧૨-૦
અંધકારપર પ્રકાશ ...	૨-૮-૦	સુશીલાના પત્રો ...	૧-૪-૦
સૈનિકની સુંદરી ...	૪-૦-૦	મુક્તધારા ...	૦-૮-૦
વિશ્વમોહિની ભા. ૧ થી ૮ ...	૧૬-૦-૦	યૌવનનાં સ્મરણો ...	૧-૦-૦
વસંતવિજય ભા. ૧ થી ૪ ...	૧૨-૮-૦	સ્વદેશ ગીતો ...	૦-૧૨-૦
જીવન શિક્ષા ...	૧-૮-૦	આદર્શ ચરિત્રાવલિ ...	૧-૪-૦
બાદશાહ ઉહાવગીર ભાગ ૧-૨ ...	૪-૪-૦	લોહાણા મૂળ રઘુવંશી છે (નિબંધ)	૦-૪-૦
ટોલસ્ટોયની વાર્તાઓ ...	૦-૪-૦	એન્ડ્રુ કાર્નેગીના લેખો ને ભાષણો ...	૦-૮-૦
પંજાબનું પ્રચંડ કાવતરૂં ...	૦-૬-૦	હનુમાનની મૂર્તિ ...	૧-૮-૦
હાય આસામ! ...	૧-૦-૦	સુભદ્રા ...	૦-૧૨-૦
બોમ્બગર્ભનું બંગાળ ...	૧-૦-૦	નાશિક પંચવટી વર્ણન ...	૦-૧૨-૦
આસામપર હલ્લો ...	૧-૪-૦	લોહાણા રત્નમાળા ...	૧૦-૦-૦
મુંબાઇનો વેપારી અનુભવ ...	૩-૮-૦	પંચીકરણ ...	૧-૮-૦
સાહિત્યાદર્શ ...	૨-૮-૦	અસહકાર ...	૦-૮-૦
શ્રી—રોઝી (કાબરાજીકૃત) ...	૨-૮-૦	સાચાં મોતી ...	૨-૦-૦
સંસારી કે સન્યાસી ...	૨-૦-૦	તપસ્વીની ...	૦-૧૨-૦
બંસરી બોલી ...	૩-૦-૦	ધર્મ, અર્થ, કામ, મોક્ષ ...	૧-૦-૦
મોરસ્તાનનું શુલબુલ ...	૫-૦-૦	ભારત નાટક (ઉરદુ જબાન) ...	૦-૧૨-૦
ચારો બળિયા ...	૧-૮-૦	રાષ્ટ્ર કિર્તન ...	૦-૩-૦
[illegible] ...	૨-૮-૦	[illegible] ...	૪-૦-૦

સેવાસમિતિ પુસ્તકાલય

ા અટપટા પ્રશ્નોને ઉકેલતી, પ્રેમરસથી ઉભરાતી,
લ્હાદજનક નવલકથાઓ વાંચો, વંચાવો અને તમારા
સંસારમાં સ્વર્ગ ઉતારો !

હિંદુસમાજની પુનર્રચના કરી પૃથ્વીપર સ્વર્ગ ઉતારવા માટે મથતાં
નાયક નાયિકાને તમે જાણો નહિ; તો જીવનને
મકારો: ગુમાવી દેશો. રસિક નવલકથા. સચિત્ર: કિંમત

હાલના હિન્દુસમાજની ડાયરશાહી દેખાડનાર આ એકે અવાજે
વાંચવાથી જીવનમાં તમને તદન નવું જ તત્વ
હીના વેપાર: રા. કાપડિયાની કલમે આમાં કમાલ કરી છે. સચિત્ર
કિમ્મત રૂા. ૪–૮

રા. ધીરજની કસાયલી કલમે લખાયલી આ જુદી જુદી જ્ઞાતિઓનં ૧૬
અબળાની આત્મકથાઓ: કહેલી કરૂણ કથાઓ વાંચતાં તમારાં રોમાંચ
સચિત્ર: કિમ્મત

એજ લેખકના હાથે લખાયલી હિન્દુસંસારના જુલમો અને
થયેલી પ્રમદાઓની આ હૃદયદ્રાવક ટુંકી
વનિતાની વાતો: હેલે ચડાવશે. સચિત્ર: કિ.

બ્હેન લક્ષ્મીએ હિન્દુસમાજની 'બાપડીઓ'નાં અંતરનાં દ્વાર ખોલાવ
આ ૨૩, સત્યઘટનાત્મક ટુંકી વાર્તાઓ નહિ
...લાઓની મહાકથાઓ: પરતાશો: મનરંજક ચિત્રો: સુંદર ગેટ-અપ
કિમ્મત રૂા.

શ્રીમંત કુટુમ્બના ઘરમાં ચાલતા ગોટાળાનો સત્ય ઘટનાત્મક ચિતાર
વિશ્વલીલા: ઉકેલાતી આ નવલકથા તમારે જરૂર વાંચવી જોઈએ.
કિમ્મત રૂા.

અડગ ધર્મશ્રદ્ધાનાં, અનુપમ સ્વદેશસેવાનાં અનેક દૃષ્ટાન્તોરૂપ પુરુષોનાં
ચરિત્રાવલિ: મહાન પુરુષોનાં જીવનચરિત્રોના સંગ્રહ. કિ. રૂા.

ઉત્તમ સામાજિક વાર્તાઓ, લેખો ને મનનીય વાંચનથી ભરપુર
...જીવનની ફાઇલો: ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા વર્ષની પાકી બાંધેલી: દરેક
ફાઇલના રૂા. ૬–૦–૦ અને બધી સાથે મંગાવ
રૂા. ૨૦–૦–૦ માં મળશે. વી. પી. કરવામાં આવશે નહિ

સેવાસમિતિ ગ્રંથમાળાના ગ્રાહક થવાથી આ બધાં પુસ્તકો નિયમ મુ
પોણી કિમ્મતે મળશે.

સર્વ જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી મળી શકશે.

પાસ હાલ: લખો:—
ચમનજી ગોકળદાસ ડોસાણી

realpatidar.com